સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી

લેખ સંગ્રહ

ભાગ ૨ જો

: પ્રકાશક :

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ-મુંબઈ.

સન્મિત્ર સદ્ગુણાનુરાગી

મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી

લેખ સંગ્રહ

ભાગ ૨ જો

સૂક્તમુક્તાવળી અને ઉપદેશક

વાક્યામૃત સંગ્રહ

卐

પ્રકાશક,

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ

મુંબઈ

વીર સંવત ૨૪૬૬ : : વિક્રમ સં. ૧૯૯૬

કિંમત પાંચ આના

કપડાના પુંઠાવાળીના ૭ આના

પ્રકાશકઃ-
શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ
મંત્રી-નરોત્તમદાસ ભગવાનદાસ શાહ
ગોપાળ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ

પ્રત ૧૦૦૦

મુદ્રકઃ-
શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ,
દાણાપીઠ-ભાવનગર



સ્વ-સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

જન્મ સં. ૧૯૨૫. દીક્ષા સં. ૧૯૪૭ વૈશાક, શુદ ૬.

સ્વર્ગગમન સં. ૧૯૯૩ ના આસો, વદ ૮.

સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજનું સંક્ષિપ્ત

જીવનચરિત્ર.

मालिनीवृत्तम्

मनसि वचसि काये, पुण्यपियूषपूर्णा-
स्त्रिभुवनमुपगार-श्रेणिभिः प्रीणयंतः ॥
परगुणपरमाणून् , पर्वतीकृत्य नित्यम् ।
निजहृदि विकसन्तः, सन्ति संतः कियन्तः ॥ १ ॥

ભૂમિકા—

સન્તોના જીવનચરિત્રો એ સામાન્ય જનસમૂહને અણમૂલા બોધપાઠની ગરજ સારે છે, એટલું જ નહિ પણ સાથોસાથ એવી પ્રબળ પ્રેરણા થાય છે કે સંતપણું એ કોઇના વંશનો ઇજારો નથી તેમ નથી કોઇ રાજા-મહારાજા કે અધિકારીના હાથની વસ્તુ! પ્રત્યેક વ્યક્તિ ધર્મ, જાતિ કે ગોત્રના ભેદ વિના આત્મશક્તિ ફોરવી, સ્વજીવન ઉન્નત બનાવવા કટિબદ્ધ થાય તો સાધુતા એની સામે દોડી આવે છે. અલબત્ત, એ સાધુતા કે સન્તપણું ટકાવવા સારુ અહર્નિશ એના હૃદયમાં Plain living and high thinking અર્થાત્ '**સાદું જીવન અને ઉચ્ચ ચિંતન**' રૂપ ઉદ્‌ગાર સતત પ્રજ્વલિત હોવો ઘટે. દુન્યવી કહેવત 'નરમાંથી નારાયણ' થવાય છે એ અર્થશૂન્ય નથી જ. જૈન દર્શન તો બાપોકાર જાહેર કરે છે કે-**આત્મા પુરુષાર્થ ફોરવે તો પરમાત્મા થઇ શકે છે.** ત્યાં પછી

નાની મોટી પદવીના કે અન્ય કોઇ જાતની મર્યાદાના બંધન હોય જ શેના ? પ્રાકૃત જનતાને ભૂતકાળના બનાવો કરતાં પોતાના સમયના ઉદાહરણો વધુ ઉત્તેજના અર્પે છે એ હેતુ ધ્યાનમાં રાખી સદ્ગત મહાત્મા શાંતમૂર્તિ મુનિશ્રી કર્પૂરવિજયજીના જીવન પરત્વે જે કંઇ સામગ્રી જુદી જુદી વ્યક્તિઓદ્વારા પ્રાપ્ત થઇ છે એ પરથી અકોડા મેળવી અત્રે સંક્ષિપ્ત વૃતાન્તરૂપે આલેખવાનો પ્રયાસ સેવ્યો છે. બાકી તો યોગીઓના જીવનની અન્ય બાબતો કરતાં તેમના આચરણમાં રહેલી નિર્લેપતા રૂપ સૌરભ જ સચોટ ઉદાહરણરૂપ છે. એની તેજસ્વિતા એટલી જ્વલંત હોય છે કે એને નથી અગત્ય રહેતી રંગબેરંગી વાઘાની કે અલંકારિક ઓપની.

‘ વ ’ રૂપ ત્રિવેણી—

‘ વળા ’ જેવા નાનકડા ગામમાં શા. વાલજી નાગજીનું ઘર ખાનદાન ગણાતું. વાલજી શાહને હીરૂમા નામની ઘરરખુ પત્ની હતા. વ્યાપારી જિંદગી છતાં વૈદકનું જ્ઞાન ને નાડી–પરીક્ષા વાલજીભાઇ ધરાવતા. એ કાળે આજના જેવો ધનલોભ નહોતો તેમ ડૉકટરો કે તેમના વિવિધ પ્રકારી ઓજારો ગ્રામ્યજનતાથી ઘણા ઘણા દૂર હતાં. નાડીપરીક્ષા એ દર્દ પારખવાનું મુખ્ય સાધન મનાતું. વૈદકનો ધંધો એટલે પરમાર્થદૃષ્ટિભર્યો વ્યવસાય–એ દ્વારા ધનકમાણી નામની જ ગણાય. આમ છતાં વૈદકીય ઉપચારમાં વાલજી શાહ એવા નિષ્ણાત કે એમની દવા આજારી લેવા માંડે કે રોગ પલાયન થઇ જાય. એથી તો વાલજી શાહ ‘ **વાલા વૈદ્ય** ’ તરિકે સુવિખ્યાત થયા હતા. તેમને અમીચંદ તથા ઠાકરશી નામે બે પુત્ર થયા. ચરિત્રનાયક કુંવરજી (મુનિશ્રી કર્પૂરવિજયજીનું સંસારીપણાનું નામ) પિતા

અમીચંદ અને માતા લક્ષ્મીબાઇના બીજા સંતાન. પુત્રી પછી પુત્રનો જન્મ એ નારીવૃંદમાં મોંઘેરો મનાય છે. બાળક કુંવરજીનું ભાવી અને હસ્તની રેખાઓ જ એના ઉજ્જવળ ભાવિની સાક્ષી પૂરતાં હતાં. હીરૂમા તથા વાલજી દાદાના લાડકોડમાં કુંવરજી છ વર્ષનો થયો. ત્રણ 'વ' માંના બેની ઓથ તો કુંવરજીને જન્મતાં જ પ્રાપ્ત થઇ હતી. 'વળા' ગામ પાછળ વલ્લભીપુરનો જે ઇતિહાસ દટાયેલો પડ્યો છે એનાથી આજે પણ નાનકડું 'વળા' ઇતિહાસના પાને ચઢયું છે અને જીવંત બન્યું છે. 'વાલા' વૈદનો હાથ અડકયો કે દરદીને આરામ થયો એ સૌભાગ્ય જેવું તેવું ન ગણાય. ભાવિ કર્પૂરવિજયજીના જીવનમાં આમ જન્મભૂમિ ને જનકની યશરેખાઓના છુપા ચમકારા પથરાયા હતા. એમાં શાંતમૂર્તિ વૃદ્ધિચંદ્રજી મહારાજનો સમાગમ થયો. દૂધમાં સાકર ભળ્યા જેવું થયું. એ ત્રીજા 'વ'કારે કુંવરજીભાઇના જીવનમાં એવો પલ્ટો આણ્યો કે જેથી સંસારી મટી એ સાધુ થયા. કર્પૂરવિજય નામ સારાયે ભારતવર્ષમાં ચારે ખૂણે કપૂર સમ સુવાસ ફેલાવી સાર્થક્ય કર્યું. એ કેમ બન્યું તે પ્રતિ નજર કરીએ.

અભ્યાસ અને દીક્ષા—

સ્મરણશક્તિની સતેજતાથી એક પણ વર્ષ નકામું ગુમાવ્યા વિના કુંવરજીએ ગુજરાતી છ ધોરણ તેમજ અંગ્રેજી ચાર ધોરણ 'વળા'માં પસાર કર્યા. આગળ ભણવાની જિજ્ઞાસા હોવાથી તેમ જ અભ્યાસનું ધોરણ ઉચ્ચ પ્રકારનું હોવાથી પિતાએ પણ ભાવનગરમાં ઓરડી રાખી, લક્ષ્મીબાઇની દેખરેખ હેઠળ શિક્ષણ ચાલુ રખાવ્યું. કુંવરજીએ ચાર વર્ષમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી.

દરમિયાન માતા લક્ષ્મીબાઇની પ્રેરણાથી પર્વ દિવસે મુનિ શ્રી વૃદ્ધિચંદ્રજીમહારાજના વ્યાખ્યાનમાં તે જવા લાગ્યા. ધીમેધીમે પરિચય વધ્યો ને કુંવરજીભાઇને જૈન ધર્મના તત્ત્વની પિછાન કરવાનો રંગ લાગ્યો. તિથિ આશ્રયી વ્રત-નિયમ કરવા માંડ્યા અને રાત્રિના, સમય મેળવી ગુરુચરણ સેવામાં ઉપસ્થિત થવાનુ શરૂ કર્યું. ગુરુદેવે સામાન્ય પરિચયથી જ આવા ઉત્તમ પાત્રની પરીક્ષા કરી લીધી; એટલે જિજ્ઞાસુ આત્માને સંતોષ થાય તેવી ઢબે કુંવરજી જોડે ધર્મચર્ચા કરવા માંડી, એમાં અમરચંદ વોરા તથા કુંવરજીભાઇનો સાથ મળ્યો. આ ગોષ્ઠીનુ એક પરિણામ એ આવ્યું કે કુંવરજીનું હૃદય વધુ પ્રમાણમાં ત્યાગીજીવન પ્રતિ ઢળતું ગયું. ઇંગ્લીશ શિક્ષણની કોઇ બૂરી અસર ન થતાં જ્ઞાનપિપાસા બેહદ વધી ગઇ. એવામાં એક બનાવ એવો બન્યો કે જેનાથી કુંવરજીની સંસારવાસના નિર્મૂળ છેદાઇ ગઇ.

' જનનીની જોડ સખી નવી જડે રે ' એ સ્વર્ગસ્થ કવિશ્રી બોટાદકરના કથનથી જેનું અંતર વાસિત હતું એવા કુંવરજી મૂળથી માતૃભક્ત હતા. એમાં ભાવનગરના વસવાટે પ્રગાઢતા આણી. આવી પૂજ્ય માતાની પ્રસૂતિ સમયની તીવ્ર વેદના અને મૃત્યુ જોઇ સંસારી જિંદગી પર ત્રાસ છૂટ્યો. ત્યારથી જ મનમાં ગાંઠ વાળી દીધેલી કે આ ઝેરી જીવન મને ન ખપે.

એક તરફ મેટ્રિકની પરીક્ષા પાસ કરવાની તૈયારી ચાલુ હતી. બીજી તરફ વિગયત્યાગ–ઉકાળેલું પાણી પીવું. સચિત્ત–ત્યાગ સમી ધર્મક્રિયાઓ પણ અમલમાં આવી રહી હતી. ઉપરના બનાવ પછી તો કુંવરજીએ ચોથા વ્રતના પણ પચ્ચ-

ખ્ખાણુ લઇ લીધા. ભાવનગરમાં ચાલી રહેલ આ પ્રવૃત્તિથી ‘વળા’માં વસનાર પિતા અમીચંદ તદ્દન અજાણુ હતા; છતાં તેમના બંધુ ઠાકરશીભાઇને કાને ઉપરની વાત શ્રી કુંવરજીભાઇ દ્વારા પહોંચી ચૂકેલી. ઠાકરશીભાઇ પણુ વૃદ્ધિચંદ્રજીમહારાજના ચુસ્ત ઉપાસકોમાંના એક હતા. ગુરુદેવ, જબરા હીરાપારખુ હતા એવી તેમને પાકી ખાતરી હોવાથી, તેઓશ્રીની કારવાઇમાં તે પૂર્ણપણે સાથ આપતા. કુંવરજીએ મેટ્રિક પાસ કરી ‘વળા’માં પગ મૂકયો ત્યારે વળા દરબારે તેમ જ દિવાન-સાહેબે શીરસ્તેદારની નોકરી આપવાનું કહ્યું, પણુ જેના જીવન-નું વહેણુ જયાં જુદી દિશા પ્રતિ વહેતું હતું તે કેમ એનો સ્વીકાર કરે ? જો કે આવી તક જતી કરવાથી પિતાજીને દુઃખ લાગેલું. એકાંતમાં એ સંબંધી વાતચિત ચાલતાં કુંવરજીનું વલણુ દીક્ષા તરફ છે એમ જણાઇ આવ્યું. એ સંબંધી ખુલાસા-વાર વાત દુકાને આવી કરવાની આજ્ઞા થઈ. કુંવરજીએ પણુ બધી વાતનો ઘટસ્ફોટ દુકાને જઇ કરી વાળવાનું નક્કી કર્યું.

ગ્રીષ્મઋતુનો સમય, મધ્યાહ્ન કાળ, ધરતી ધોમ તાપે ધખી રહેલી–એ વેળા અન્ય કંઈ કાર્ય ન હોવાથી તકીએ અઢેલી આડા પડેલા અમીચંદશાહે વાત ઉખેળી. કુંવરજીએ પણુ વિનીતપણે અથથી ઇતિ સુધી બ્યાન કરી પોતાને ભાગવતી દીક્ષા લેવી જ છે એવો સ્પષ્ટ વિચાર રજૂ કર્યો.

ખેલ ખલાસ. પિતાજી ઉશ્કેરાઇ ગયા. લાંબા સમયની તેમની ધારણા ધૂળ મળતી જાણી ગુસ્સામાં ત્રાડ પાડી બોલ્યા–“ આટ-આટલા કષ્ટો વેઠી, પૈસા ખરચી, મેં આ સારુ તને ભણાવ્યો ? હવે રળી ખવરાવવાનો વખત આવ્યો ત્યારે તું દીક્ષાની વાત

કરે છે ? તારી માતુશ્રીના અવસાન પછી નાના ભાંડરડા ઉછેરવા–વેપાર કરવો–ખર્ચો ચલાવવો–એમાં મારા લોહીનું કેવું પાણી થાય છે એનો તો વિચાર કર. તરંગી વિચારો છોડી દે અને કંઈ કામે વળગ.”

કુંવરજીએ સામો ઉત્તર ન વાળ્યો છતાં અંતરમાં જે લગની લાગી હતી એમાં ઊણપ ન આવવા દીધી. સંસાર પર જેને સાચો નિર્વેદ પ્રગટેલો તેને વ્યવસાયના કાર્યોમાં ક્યાંથી રસ પડે! એના કામમાં બરકત પણ ક્યાંથી આવે! પિતાજીને આ દશા જબરો પરિતાપ ઉપજાવતી. વાત ઠપકાના કડવા વેણથી વધીને લાકડી ઉછળવા સુધી પહોંચી. હીરૂમા કે જેના હાથમાં ઘરની વ્યવસ્થા હતી તેમને આ ન રુચ્યું. ઠાકરશીભાઈને પણ મોટાભાઇની પદ્ધતિ યોગ્ય ન જણાઈ. તે આવી કુંવરજીને પોતાના ઘેર તેડી ગયા. પરિતાપનું કારણ ટળવાથી ને જોઇતી અનુકૂળતા મળવાથી દીક્ષાના આ ઉમેદવાર પોતાના ધ્યેય પ્રતિ વધુ આગળ વધ્યા. પરિગ્રહ નહિંવત્ કરી નાંખી વારંવાર એકાસણા કરવા લાગ્યા. લગભગ મહિના ઉપરાંતનો સમય આ રીતે વીત્યો. કાકાએ ભત્રીજાના હૃદયને માપી લીધું. મોટાભાઇના કાને સાચી પરિસ્થિતિ પહોંચાડી છતાં પિતાનું હૃદય ન પલટાયું. ભાવનગરમાં–સમવસરણની રચનાના ઉત્સવમાં કુટુંબના નાનામોટા સૌ જોવા ગયા છતાં ઈરાદાપૂર્વક કુંવરજીને ન લઈ ગયા. કાકીની દેખરેખમાં કુંવરજીને રાખી ગયા. આ તકનો લાભ લેવાની વૃત્તિ કુંવરજીને થઇ આવી. કાકીને આજીજી કરી રજા મેળવી, આવા પવિત્ર પ્રસંગના દર્શન સારુ માત્ર ઉકાળેલા પાણીના કળશીયા સાથે બપોરના ત્રણ વાગે વળાથી પગે ચાલતાં ઉપડયા. નવ ગાઉનો પંથ કાપી રાત વરતેજ

રહ્યા. બીજા દિવસે ભાવનગર પહોંચ્યા. ગુરુજીને સર્વ વ્યતિકર જણાવ્યો. પ્રવ્રજ્યા માટે તીવ્ર આકાંક્ષા જાહેર કરી. મહારાજશ્રીએ પિતાની આજ્ઞા પ્રાપ્ત થતાં સુધી થોભવા જણાવ્યું. ભાવનગરના કુંવરજીભાઇ તથા અમરચંદભાઇ આદિ ગૃહસ્થોને બોલાવી મહારાજશ્રીએ સમજુતીથી માર્ગ કાઢવા સૂચવ્યું. તેઓએ પણ ઠાકરશીભાઈ ઉપર રૂંવા ખડા કરે તેવો પત્ર લખ્યો અને અમીચંદભાઈને કોઇપણ રીતે સમજાવવા આગ્રહ કર્યો.

ઉત્સવમાંથી પાછા ફરી વળામાં આવતાં પિતાએ જાણ્યું કે પોતાની ધારણા ધૂળ મળી છે અને પંખી પાંજરામાંથી ઊડી ગયું છે! સૌ એ વેળા આશ્ચર્ય પામ્યા. ખુદ અમીચંદભાઈને પણ લાગ્યું કે કુંવરજીને સંસારમાં પરાણે રાખવાનો પ્રયાસ નકામો છે. દરમિયાન ભાવનગરથી શેઠ કુંવરજીભાઇનો પત્ર મળ્યો એ વાંચી ઠાકરશીભાઇ દોડતાં આવ્યા અને વડિલ ભ્રાતાને રાજીખુશીથી સ્વહસ્તે દીક્ષા આપવાનો અણમૂલો લ્હાવો લેવા આગ્રહ કર્યો. તેમણે હા ભણી. મુહૂર્ત જોવરાવવામાં આવ્યું અને અમીચંદભાઇએ સહકુટુંબ ભાવનગર જઇ સ્વહસ્તે કુંવરજીને ભાગવતી દીક્ષા અપાવી. આમ ચિરકાળના મનોરથધારી કુંવરજી આખરે શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના આઠમા ચરણોપાસક **કર્પૂરવિજયજી** નામથી સ્થપાયા અને અષ્ટમીના ચંદ્ર સમ તપાગચ્છરૂપ ગગનમાં પોતાનો અભ્યાસ, સત્ચારિત્ર અને અમાપ શાંતિથી શોભવા લાગ્યા.

વિહારની સામાન્ય રૂપરેખા—

મુનિ શ્રી કર્પૂરવિજયજીને પિતા અને ગુરુરૂપી શિરછત્ર દીક્ષા સમય પછી માત્ર બે વર્ષ જ રહ્યું અર્થાત્ ઉભય બે

વર્ષમાં કાળધર્મ પામ્યા. ગુરુજીના વિરહ પછી વડિલ ગુરુભાઇની પરવાનગીથી મુનિ શ્રી કર્પૂરવિજયજી વિહાર કરતાં ' વળા 'ના પાદર પર થઈ બારોબાર ' પછેગામ ' ગયા. નદી પર સવારમાં ન્હાવા આવેલા બ્રાહ્મણોએ મુનિશ્રીને દીઠા અને એમાંના ઘણા-ખરા અમીચંદની દુકાને જતાં આવતાં હોવાથી તેમને ઓળખી કાઢ્યા. ગામમાં આ વાત તેમના દ્વારા કર્ણોપકર્ણ સર્વત્ર ફેલાઇ ગઇ અને સંઘના મુખીએ ખેપીયો પછેગામ દોડાવ્યો. વાત સાચી જણાતાં વળાના શ્રાવકો સારી સંખ્યામાં પછેગામ પહોંચ્યા. વંદન કરી વળા પધારવા વિનંતિ કરી. મુનિશ્રી ' વળા ' પધાર્યા ત્યારે ભક્તિપૂર્વક સામૈયું કરી મહારાજશ્રીને ત્રણ દિવસ વળામાં રોકયા. એ ત્રણે દિન આંગી, પૂજા, વ્યાખ્યાન અને નવકારશી આદિ ધર્મકરણીમાં પસાર થયા. વિદ્વાન્ મુનિરાજની ઉપદેશ–શૈલીથી આકર્ષાઇ વ્યાખ્યાનમાં જૈનેતરો પણ આવતા. નામદાર ઠાકોર સાહેબ વખતસિંહજી તથા દિવાન સાહેબ લીલાધરભાઇ પણ પધારેલા અને તેમના સચોટ ઉપદેશથી છક થઇ ગયેલા. તે વખતે હર્ષભેર બોલેલા કે આવું રત્ન ' વળા 'માં પાકયું તેથી માત્ર તેમના માત–પિતા કે જૈન સંઘ જ નહિં પણ સારું ' વળા ' ગામ ગૌરવવંતું બન્યું છે.

તેઓશ્રીનો વિહાર કાઠિયાવાડ, ગુજરાત ઉપરાંત કચ્છ, કાશી અને ઉત્તર હિંદમાં પણ થયો છે. તેમનામાં રહેલ ત્યાગ-વૃત્તિ, ચારિત્રપાલનમાં એકતારતા અને અમાપ શાંતવૃત્તિ એટલા પ્રબળ હતાં કે સૌ કોઇને તે પ્રિય થઇ પડતા. તેમના ચરણમાં સ્હેજે આગંતુકનું મસ્તક નમતું. ખટપટનું નામ સરખું પણ જેમને અકારું લાગતું, તો પછી તેમના ચોમાસામાં કોઇ સ્થળે કુસંપની ચીનગારી ઊઠ્યાનું સંભળાય જ કયાંથી ? તેઓ જયાં

જ્યાં વિચર્યા છે ત્યાં ત્યાં ધર્મકરણી ને આત્મકલ્યાણ સિવાય ભાગ્યે જ બીજી વાત ઉદ્ભવી છે. પોતાનામાં રહેલ બોધ દેવાની વિધાનાત્મક પદ્ધતિવડે તેઓએ પ્રભુશ્રી મહાવીર દેવના ઉમદા ને ઉદાર તત્ત્વોનું જનતાને પાન કરાવ્યું છે. તે સાથે હાનિકારક રૂઢિયોને તિલાંજલી આપવાનું અને જીવોની જેનાથી જયણા પળાય તેમ જ જેના પાલણથી શરીરસ્વાસ્થ્યની રક્ષા થાય એવા નિયમો આપવાનું કાર્ય પરમાર્થવૃત્તિએ બજાવ્યું છે. **परोपकाराय सतां विभूतयः** એ વાકય જીવનમાં ઉતારી બતાવ્યું છે.

કાશી જેવા દૂરના સ્થળમાં સ્થાપવામાં આવેલી જૈન પાઠશાળામાં તેમના સરખા ચારિત્રસંપન્ન મહાત્માની અગત્ય જણાતાં સંસ્થાના સ્થાપક ગુરુભાઇ શ્રી વિજયધર્મસૂરિજીના ઉપરાઉપરી પત્રો આવવાથી તેમજ પાઠશાળાના ટ્રસ્ટી શેઠ વીરચંદભાઈ દીપચંદ. સી. આઇ. ઇ.ના આગ્રહથી સ્ત્રી–પુરુષના નાનકડા સંઘ સાથે વિચરતા તેઓ કાશી પહોંચ્યા. બહુમાનપૂર્વક સામૈયું કરી પાઠશાળાના મકાનમાં પ્રવેશ કરાવવામાં આવ્યો. એ સ્થાનમાં કેટલોક સમય વીતાવ્યા બાદ સાધુનો ધર્મ ઉપદેશ કરવાનો છે પણ આદેશ કરવાનો નથી એ મંતવ્યના સંબંધમાં ગુરુભાઈ સાથે મતભેદ થતાં ત્યાંથી તેઓ શ્રી સમેતશિખરજી તરફ વિહાર કરી ગયા. દીક્ષા લીધા પછીની તેમની સંસારવિરક્તિ નિહાળી શ્રી કેવળવિજયજી દાદા તથા પં. ગંભીરવિજયજી તો તેમને ' અદ્ભુત જોગી ' તરીકે બોલાવતા, પણ સમેતશિખરના પહાડમાં પોતાની જેવા જ વિરક્ત શિષ્યયુગલ સહ કાયોત્સર્ગ મુદ્રામાં રહેલા ત્યારથી તેઓ ' યોગી ' તરિકે વધારે પ્રસિદ્ધ થયા. પૂર્વે થઇ ગયેલા શ્રીમદ્ આનંદઘનજી અને શ્રી ચિદાનંદજી મહારાજની તેઓશ્રીને જોતાં સ્મૃતિ તાજી થવા લાગી.

વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિ તરીકેનું અનુપમ માન જેને પ્રાપ્ત થયું છે એવા પવિત્ર તીર્થ શ્રી શિખરજીની યાત્રામાંથી પાછા ફરી વિહરતાં તેઓ મ્હેસાણા આવ્યા. શેઠ વેણીચંદભાઇ સુરચંદ મુનિશ્રીના ચુસ્ત ભક્ત હતા. જૈન શ્રેયસ્કર મંડળની સ્થાપના તેમજ તેના દ્વારા 'જૈનહિતબોધ' નામના પુસ્તકના ત્રણ ભાગ પ્રગટ કરવામાં મુનિશ્રીની પ્રેરણા જ કાર્ય કરી રહી હતી. વળી સાગરના પાટીયાવાળા સાથે શેઠ વેણીચંદભાઇ આદિને વ્યાખ્યાનસ્થાન માટે મતભેદ થતાં ક્લેશ ઉગ્ર સ્વરૂપ લે તેવું લાગતાં જ મુનિશ્રીએ વિહાર કરી જવાની તૈયારી કરી અને સ્પષ્ટ સંભળાવી દીધું કે મારા નિમિત્તે તમે આવી રીતે ઝઘડો કરો એ હું પસંદ કરતો જ નથી. મુનિશ્રીના આ હૃદયસ્પર્શી ઉદ્‌ગારો સાંભળતાં જ ઉભય પક્ષ નરમ પડ્યા અને એકમત થઇને નિયત (સાગરની પાટે) સ્થળે જ વ્યાખ્યાન ગોઠવ્યું.

શ્રી શંખેશ્વરજી, શ્રી કેશરીયાજી, શ્રી તારંગાજી, શ્રી આબુજી અને દૂરના શ્રી ભદ્રેશ્વરતીર્થની મહારાજશ્રીએ યાત્રાઓ કરેલી. એ વેળા જેઓ સાથે હતા તેઓ જાણી શકયા કે તીર્થયાત્રા કેવી રીતે કરવી, કેવા ભાવથી કરવી, અને એ દ્વારા આત્મ-જાગ્રતિ કેવા પ્રકારે સાધવી. એમાં શ્રી કર્પૂરવિજયજી મહારાજ કેટલી હદે આગળ વધ્યા હતા એ ભિન્ન ભિન્ન સમયે થયેલા જુદા જુદા અનુભવો અને કરેલી વિવિધ વિચારણાઓના દોહનરૂપે 'શત્રુંજય મહાતીર્થાદિ યાત્રાવિચાર' નામની તેમની લઘુ પુસ્તિકા વાંચવાથી માલૂમ પડી આવે છે. તેઓશ્રીના જીવનનો પાછલો સમય તીર્થાધિરાજ શ્રી શત્રું-જયની શીતલ છાયામાં–શ્રી યુગાદિજિનેશની સાનિધ્યમાં–મોટા પ્રમાણમાં વ્યતીત થયો છે. જ્યારે સિદ્ધાચળજીની યાત્રા એ

વર્ષ બંધ રહી ત્યારે પણ મુનિશ્રીએ સિદ્ધક્ષેત્રની નિશ્રા ન છોડવા માટે એ મહાતીર્થના જ એક કૂટરૂપ ગણાતા શ્રી તાલધ્વજગિરિનો આશ્રય સ્વીકાર્યો અને તળાજાની ધર્મશાળામાં વસવા છતાં અહર્નિશ ટેકરી પર જવાનું અને સિદ્ધાચળની દિશામાં એકતાન બની ધ્યાનારૂઢ થવાનું ચાલુ રાખ્યું. ચોમાસામાં તીર્થયાત્રા બંધ થતી ત્યારે કોઇ વાર ભાવનગર તો કોઇ વાર તળાજા આદિ સ્થળે ચોમાસુ કરવા જતા. તેઓશ્રીના દીક્ષા પર્યાય પ્રતિ મીંટ માંડતાં લગભગ ૪૭ ચોમાસાનો આંક નીકળે છે એની ગણત્રી આ પ્રમાણે—

૧ ભાવનગર	૩	૮ ગોધાવી	૧	૧૫ નવસારી	૧
૨ તાલધ્વજ	૧	૯ સમૌ	૨	૧૬ કાશી	૨
૩ વળા	૧	૧૦ માણુસા	૧	૧૭ આગ્રા	૨
૪ વઢવાણકેમ્પ	૧	૧૧ રાજપુર	૧	૧૮ કચ્છ—વાગડ	૩
૫ ધોરાજી	૧	૧૨ મ્હેસાણા	૨	૧૯ કચ્છ—માંડવી	૨
૬ વીરમગામ	૧	૧૩ પાટણ	૧	૨૦ સાદડી	૧
૭ સાણંદ	૨	૧૪ ખંભાત	૧	૨૧ પાલીતાણાલગભગ	૧૭

શિષ્યપરિવાર—

જ્યારથી પોતાના વિષયમાં ગુરુદેવ શ્રી વૃદ્ધિચંદ્રજીમહારાજને પિતાની સંમતિ વિના દીક્ષા ન દેવાના નિરધારવાળા જોયેલા ત્યારથી જ પોતે પણ કોઇ શિષ્ય થવા આવે તેને માટે એ નિયમ સૂચવવાનું નક્કી જ કરેલું. નસાડી—ભગાડીને કે ચોરી—છુપીથી દીક્ષા આપવી એ તેમને ગમતું જ નહીં. વળી જેનો જીવનરાહ અધ્યાત્મમય ને નિઃસ્પૃહ દશાવાળો હોય તેમને શિષ્યની વાસના કેમ સંભવે ? ખાસ જિજ્ઞાસુ આવે ને સાચી લાલસા દાખવે

તો જ તેને શિષ્ય તરિકે સ્વીકારે. એમાં પણ ચેલો એટલે 'પોતાની દરેક પ્રકારની ખીજમત કરનાર સેવક' એવું તે માનતા જ નહીં. ગુરુ તરીકે એના જીવનમાં પ્રકાશ ફેંકી, એનામાં પ્રભુ શ્રી મહાવીરદેવના માર્ગ પ્રતિ સાચી ભક્તિ પ્રગટાવી, પોતે બાજુ પર રહી એની પ્રગતિ નિરખતા. ન તો જાતે પરાશ્રયી બનતા કે શિષ્યને પરાવલંબી બનાવતા. તેઓના શિષ્ય પ્રશિષ્યમાં નીચેના નામ પ્રાપ્ત થાય છે.

૧ શ્રી પુન્યવિજયજી	૩ શ્રી યત્નવિજયજી
૨ શ્રી ધનવિજયજી	૪ શ્રી લલિતવિજયજી

શ્રી પુન્યવિજયજી કાળધર્મ પામ્યા છે. તેમના બે શિષ્યો છે જેમના નામ શ્રી મનોહરવિજય અને શ્રી પ્રધાનવિજય છે.

મુનિશ્રીના ભકતોમાં કેટલાક તો એવા વ્રતધારી હતા કે મહારાજ જે ચીજો વહોરે તેટલી જ પોતે વાપરતા. એ સંબંધમાં એક કચ્છી બાઈ જેને 'ગોરમા' તરિકે મહારાજશ્રી સંબોધતા તે યાદ આવે છે. મહારાજશ્રીને વાંદવા આવનાર વ્યક્તિને તેમના (ગોરમાનાં) આતિથ્યમાં આવ્યા સિવાય ચાલતું જ નહીં. મુનિશ્રી પણ આચારાંગ સૂત્રમાં યતિ માટેના જે નિયમો દર્શાવ્યા છે તેને અનુરૂપ થવા ખાસ ઉદ્યમવંત રહેતા. ઘણી વખત બાર વાગ્યા પછી જ એકાદિ તરપણી લઇ ગોચરી અર્થે નીકળતા, નીચી દૃષ્ટિએ જયણાપૂર્વક બે ચાર ઘર ફરતા અને જે કંઇ ભિક્ષા પ્રાપ્ત થતી તે લાવી પાણી સાથે ચોળી નાંખી વાપરતા. આ સંબંધે એકાદ વાર પ્રશ્ન કરતાં જવાબ મળ્યો હતો કે—'હોજરી માત્ર ભાડું માંગે છે, સ્વાદ માગતી નથી અને એ ભાડું પણ શરીરદ્વારા ધર્મકરણી થાય

એટલા ખાતર આપવું પડે છે '–ઇંદ્રિયો પર કાબૂ અને નિઃસ્પૃહતા ઊડીને આંખે વળગે તેવા. મધ્યાન્હે ગોચરી જઇ રહેલા એ વાંકા વળેલા દેહવાળા મુનિજીને જોતાં ' અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશજી ' વાળી સજ્ઝાય સહજ યાદ આવતી.

કેટલાક ચિરસ્મરણીય પ્રસંગો—

ખંભાતમાં પધારેલા ત્યારે જિનાલયે દર્શનાર્થે જતાં તેમના જોવામાં આવ્યું કે મરનાર વ્યક્તિ પાછળ શ્રાવિકાઓ હદ બહારની રડારોળ કરે છે, છાતી–માથા કૂટે છે, પછાડો ખાય છે, છેડા વાળી ચકલા સુધી જાય છે એટલું જ નહિ પણ એ રોકકળમાં નથી જોવાતી મોડી રાત કે વહેલી પ્રભાત, આત્માની અમરતામાં શ્રદ્ધા ધરાવનાર શ્રી વીરના ઉપાસકો માટે આ વર્તાવ શોભાભર્યો નથી, એમ લાગતાં જ એ વાત ધ્યાનમાં રાખી તિથિના દિવસે જ્યારે ઉપાશ્રય ખીચોખીચ ભરાયેલો ત્યારે એ બનાવનો ઉલ્લેખ કરી, આત્માની અમરતા, દેહની નશ્વરતા સાદી ભાષામાં પણ અસરકારક શૈલીમાં સમજાવી અને એ માટે સગર ચક્રીના અને સુલસાના પુત્રોનો મૃત્યુ–પ્રસંગ ટાંકી બતાવી એવું વાતાવરણ જમાવ્યું કે સંખ્યાબંધ નારીઓએ વ્યવહાર તરિકે મરણ પાછળ એક દિન કરતાં વધુ રોકકળ કરવી નહીં એવા પચ્ચખ્ખાણ લીધા. તે દિવસથી અગાઉ ચાલતી હતી એ પ્રથાઓ જડમૂળથી ઉખડી ગઇ. બીજા એક પ્રસંગે એક જ પાણીના ઠામમાંથી માત્ર એકના એક પ્યાલાથી પાણી પીવાતું જોઇ એ કેવું ખરાબ છે? એથી ધર્મ દૃષ્ટિએ કેવી હાનિ છે? તે દર્શાવી પાણી પીવાના તેમ જ પાણી લેવાના જુદા પાત્ર રાખવાના નિયમ આપ્યા. આ તો સામાન્ય પ્રકારનો સ્મૃતિમાં રમતો

ઉલ્લેખ છે. બાકી તેમના લખાણોમાં જે વિવિધતા દૃષ્ટિગોચર થાય છે અને જે ભિન્ન ભિન્ન વિષયો પ્રતિ કલમ ચલાવેલી જોવામાં આવે છે તેના મૂળીયાં જુદા જુદા પ્રદેશમાંના વિહાર અને ત્યાં પ્રવર્તી રહેલી રસમોનું બારિકાઈથી કરેલ નિરીક્ષણ અને એ ઉપરથી તારવેલ રહસ્યમાંથી જડી આવે છે.

તેઓશ્રીની દૃષ્ટિમાં કેંદ્રસ્થાને 'ધર્મ' હોવા છતાં સામાજિક અને નૈતિક બાબતો કિંવા તંદુરસ્તી, સ્વચ્છતા કે સુઘડતા અથવા તો સાદાઇ જેવા વિષયો તદ્દન દુર્લક્ષ્ય નહોતા પામ્યા. જૈન સમાજ કેમ ઉન્નત થાય? જૈન સંતાનો કેમ જ્ઞાનસામગ્રીથી ભરપૂર બને? અને આત્મકલ્યાણના પંથે પળી માનવભવ પામ્યાનું સાર્થકય કેમ કરે? એ તેમના અંતરમાં અહોનિશ રમતી ભાવનાઓ હતી.

પાછલી જિંદગીનો મોટો ભાગ તેમણે શાશ્વત તીર્થની છાયામાં વ્યતીત કર્યો છે એટલે ત્યાંના જીવન પ્રતિ જરા આંખ ફેરવીએ.

ઘણીએ વખત તેઓ શત્રુંજય પહાડ પરથી ઉતરતાં સામા મળે. તાપ વધવા માંડ્યો હોય છતાં એઓ તો સમતાથી ઉપર ચડવા માટે ડગલાં ભરી રહ્યા હોય. દાદાના મંદિરમાં કે રાયણ પગલા હેઠળ ધ્યાનમાં લીન બન્યા હોય. મોડા ઉતરે ત્યારે તો ઉપવાસ કરી લે. એમની એકાંતપ્રિયતા અને ધ્યાનમગ્નતાનો એ પરથી ખ્યાલ આવે છે.

या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी । એ વાકય તેમના જીવનનો વિચાર કરતાં ડગલે પગલે યાદ આવે છે. દેવાલયમાં મૂર્તિ સામે એકતારતા સધાઇ હોય તો કલાકો વ્યતીત થઇ જાય. ઊંચી નજરે ભાગ્યે જ જોયું હશે અને

પાટીયાનું ઓઠીંગણુ જવલ્લે જ લીધું હશે ! શરીરયષ્ટિ વાંકી વળી ગઇ છતાં લખવા–વાંચવાની પ્રવૃત્તિ તો પૂર્વવત્ ચાલુ રાખેલી હતી. પ્રમાદ તો શોધ્યો ન જડે. જ્યારે નજર કરો ત્યારે કેવળ જોવાનું મળે પરમાર્થદૃષ્ટિભર્યું પ્રવૃત્તિમય જીવન. બાઇબલની માફક સંખ્યાબંધ ભાષામાં પરમાત્મા શ્રી મહાવીરદેવનો સંદેશ ઉતારી, પ્રત્યેક ઘરોમાં અને ધરતીના ચારે ખૂણામાં વિનામૂલ્યે પહોંચતો કરવાની તમન્ના હોવાથી નાના ટ્રેકટરૂપે સંખ્યાબંધ મણકા શ્રી જૈન ધર્મ પ્રસારક સભા દ્વારા તેમના ઉપદેશથી પ્રગટ થયેલા જોવાય છે. ધર્મની વાત સિવાય તેમની સમિપ અન્ય કોઇ વિષય ચાલતો હોય જ નહીં, કદાચ કોઇ કાઢવા જાય તો જાણે ઠપકારૂપે કહેતા હોય તેમ કહી દે કે—

'ભલા માણસ ! તું તારું સંભાળ ને, શા સારુ પોતાનો સાબુ લગાડી પારકાનો મેલ ધૂએ છે ?' કદાચ પોતાથી ભૂલ થઇ હોય તો ખમાવતાં રંચ માત્ર વિલંબ ન કરતા. એ પોતાનો શિષ્ય છે અથવા તો સામાન્ય શ્રાવક છે એ જોવાપણું તેમને નહોતું. તેમનું તો એક જ ધ્યેય—'**ખમીએ ને ખમાવીએ સા૦ એહિ જ ધર્મનો સાર તો;**'

એકાદ પ્રસંગે યોગ વહન કરી પદવી ગ્રહણ કરવાની વાત નીકળતાં તેઓ બોલ્યા હતા કે—

ભલા માણસ ! મારામાં હજી સાધુપદના સતાવીશ ગુણની તો બરાબર જમાવટ થઇ નથી ત્યાં બીજી વાત કેવી ? હું તો ગુણી પુરુષોનો રાગી છું અને સર્વનો મિત્ર છું. મુનિનો વેશ છે, ક્રિયા છે, પણ બધા ગુણો તો નથી, જેનામાં હોય તેને ધન્ય છે.

મહાત્મા ગાંધીજી સાથે તેમનો મેળાપ ધર્મશાળામાં થયો હતો. જૈનધર્મની કેટલીક ચર્ચા પછી ગાંધીજીએ કહ્યું હતું કે 'સાધુ-સાધ્વીઓ અવકાશના સમયમાં રેંટીયો કાંતે તો એમાં શું ખોટું છે ? શ્રાવકના રોટલા ખાઈને કેટલાકને મજા કે આનંદ કરતાં અથવા તો કલાકોના કલાકો કામના અભાવમાં નકામા ગપ્પામાં કે નિદ્રામાં વ્યતીત કરતા દેખું છું તેથી આ પ્રશ્ન મને ઉદ્ભવે છે.'

મુનિશ્રીએ શાંતિથી એ વેળા સાધુધર્મની વ્યાખ્યા ષટ્ પ્રકારના જીવોની રક્ષા અને મુનિઓને કરવાની કરણી એવી સુંદર રીતે સમજાવી કે જેથી ગાંધીજીને આનંદ થયો. એ વેળા તેમને લાગ્યું કે સાધુ સમુદાયમાં આવા રત્નો પણ પડ્યા છે. ચારિત્રસંપન્ન આવા શ્રમણો ત્યાગ-વૈરાગ્ય-અહિંસા અને સત્યનો સંદેશ પ્રચારવાનું કાર્ય કરે એ જ ઉચિત છે. એ દિવસથી મુનિશ્રીના હૃદયમાં ખાદીની પવિત્રતાએ અચળ સ્થાન જમાવ્યું. જીવનના અંત સુધી એનું પરિધાન મુનિશ્રીએ ચાલુ રાખ્યું.

ઉપસંહાર—

લેખસંગ્રહ ભાગ પહેલામાં મુનિશ્રીના યોગીજીવન સંબંધી યથાર્થ ઉલ્લેખ કરાયો હોવાથી અત્રે વધુ વિસ્તારનું કે પુનઃ એ વાત આલેખવાનું પ્રયોજન નથી. ટૂંકામાં એટલું જ કહેવું પર્યાપ્ત છે કે સંતોના જીવન લંબાણથી ઉકેલવાના કે-લાંબે સૂરે ગાવાને-બદલે એમના કોઈ કોઈ પ્રસંગો જાતે આચરણમાં ઉતારવાની ખાસ આવશ્યકતા છે.

મુનિશ્રીના જીવન પરત્વે જે સામગ્રી ઉપલબ્ધ થઈ એ પરથી ભક્તિભાવે મેં તો માત્ર શબ્દરચનારૂપ ફૂલગુંથણી કરી છે.

એમાં રહેલી ક્ષતિ માટે ક્ષમા ચાહી સમાપ્તિમાં એક આંગ્લ કવિનું નિમ્ન વચન આ આદર્શ મુનિશ્રીની સ્મૃતિમાં તાજું રાખવાનું કહી વિરમું છું. ૐ શાંતિ.

The heights by great-men were reached & kept,
Were not attained by sudden flight;
But they while their companions slept,
Were toiling upward in the night.

'મોટા મનુષ્યોએ જે મહત્તા પ્રાપ્ત કરી છે અને એને ટકાવી રાખી છે તે કાંઇ એકાએક કૂદકો મારીને પ્રાપ્ત નથી કરી હોતી; પણ જ્યારે તેમના સાથીઓ ઊંઘતા હોય છે કિંવા આળસમાં ઝોકા ખાતાં હોય છે ત્યારે તેઓએ એ સમયનો સખત મહેનત કરવામાં ઉપયોગ કરી આગળ કૂચ ચાલુ રાખીને મેળવેલી હોય છે.'

મોહનલાલ દીપચંદ ચોકસી.

પ્રસ્તાવના

મુંબઈમાં નીમાયેલી **શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ** તરફથી પ્રગટ થતા મુનિરાજશ્રી કર્પૂરવિજયજીએ **"શ્રી જૈન ધર્મ પ્રકાશ"** વિગેરેમાં લખેલા લેખોના સંગ્રહનો આ બીજો ભાગ છે. આ ભાગના પ્રારંભના ૨૧૧ પૃષ્ઠ તો **શ્રી સૂક્તમુક્તાવળી**એ જ રોકયા છે. તેમાં ધર્મ, અર્થ, કામ ને મોક્ષ—એ ચાર પુરુષાર્થનું બહુ જ અસરકારક વર્ણન આવેલું છે. સૂક્તમુક્તાવળી પદ્યબંધ—બહોળે ભાગે માલિનીવૃત્તમાં, ગુજરાતી ભાષામાં સં. ૧૭૫૪ માં **પંડિત શ્રી કેશરવિમળજી**એ બનાવેલ છે. તેનો **અર્થ**-વિસ્તાર લેખકમહાશય સ્વ૦ સદ્‌૦ શ્રી કર્પૂરવિજયજીએ સવિશેષપણે કર્યો છે. પ્રથમ **ધર્મ** વર્ગમાં દેવ, ગુરુ, ધર્મ વિગેરે ૩૬ અધિકારો છે. દરેક અધિકારોમાં બે બે માલિનીવૃત્ત છે. તેના અર્થવિસ્તારને લઈને એ વર્ગે પૃષ્ઠ ૧૧૦ રોકેલા છે. બીજા **અર્થ** વર્ગમાં સોળ જુદા જુદા અધિકારો છે. સાત વ્યસન—ત્યાગનો વિષય તેમાં સમાવેલો છે. એ વર્ગે ૪૦ પૃષ્ઠ (૧૧૧ થી ૧૫૦) રોકયા છે. ત્રીજા **કામ** વર્ગમાં સાત અધિકારો છે. તેણે માત્ર ૧૮ પૃષ્ઠ જ (૧૫૧ થી ૧૬૮) રોકયા છે. ચોથા **મોક્ષ** વર્ગમાં દશ અધિકાર છે. પેટા વિભાગ ગણતાં વધારે અધિકારો છે. એ વર્ગે કુલ ૪૩ પૃષ્ઠ (૧૬૯ થી ૨૧૧) રોકયા છે. આમાં ચોથો વર્ગ ને પહેલો વર્ગ ખાસ વાંચવા ને સમજવા લાયક છે. એમાં કવિશ્રીએ કવિત્વશક્તિ બતાવવા સાથે તે તે વિષયનું વિજ્ઞાન પરિસ્ફુટ કરી બતાવ્યું છે. વિવેચનકારે પણ મૂળકર્ત્તાના કથનને સારી પુષ્ટિ આપી છે.

પૃષ્ઠ ૨૧૨ થી ૩૨૮ સુધીમાં **ઉપદેશક વાકયામૃત સંગ્રહ**ના મથાળા નીચે જુદા જુદા (૬૦) લેખો આપેલા છે. આ લેખોમાંના દરેક વાકયો આત્માને અમૃત સમાન હિત કરે તેવા છે. તેનો ખરો અનુભવ વાંચનારને જ થાય તેમ છે.

પ્રારંભમાં આપેલ **સૂક્તમુક્તાવળી** એક ગ્રંથ સમાન છે. તે વિષયમાં આવું વિસ્તૃત વિવેચન લેખકમહાશયે જ લખ્યું છે. વાંચવાથી આહ્લાદ થવા સાથે આત્માને અસર કરે તેવો ઉલ્લેખ છે. આ ગ્રંથ તેની અંતર્ગત દર્શાવાયેલી કથાઓ સાથે પણ છપાયેલો છે.

પ્રસ્તુત લેખસંગ્રહના લેખવિધાતા માટે જે લખવું ઘટે તે આ સાથે આપેલા ભાઇશ્રી ચોકસીએ લખેલા મહારાજશ્રીના ટૂંકા જીવનચરિત્રમાં લખ્યું છે, જેથી તેમને માટે વધારે લખવા જેવું રહ્યું નથી; છતાં એ મહાપુરુષના સંસારીપણાથી હું સંબંધમાં આવેલો હોવાથી એમના સંબંધમાં મને કેટલોક અનુભવ થયેલો હોવાથી તેને અંગે કાંઇક લખ્યા વગર રહી શકું નહિં. સંસારીપણામાં જ એમની ચારિત્ર ગ્રહણ કરવાની આકાંક્ષા એટલી બળવાન હતી કે તેના પ્રવાહને કોઇ રોકી શકે તેમ નહોતું. શાંતમૂર્તિ, સ્વપરહિતપરાયણ, કાર્યદક્ષ **મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી** મહારાજના અમે શ્રાવકપણામાં પણ યથાયોગ્ય ભક્તિ કરવાની જિજ્ઞાસાવાળા હતા તેથી **સુસ્થિત રાજાની** સુદૃષ્ટિ થવાથી **ધર્મબોધકર મંત્રીએ ભવ્ય પુરુષને** જેમ ત્રણ ઔષધો તેના રોગનિવારણ માટે આપ્યા તેમ ચારિત્રધર્મ રાજાના સેવક ગુરુમહારાજની તેમના પર સુદૃષ્ટિ થવાથી અમે એ સંસારી બંધુ **કુંવરજી** નામધારકને ચારિત્ર સંપાદન કરવા માટે યથાશક્તિ સહાય કરી હતી અને તેમના પિતાશ્રી વિગેરે કુટુંબીઓને અનુકૂળ કરવામાં બનતો પ્રયાસ કર્યો હતો.

ચારિત્ર ગ્રહણ કર્યા પછી તેઓ ગુરુમહારાજની યથાયોગ્ય સેવા-ભક્તિ કર્યા કરતા હતા. પછી જ્ઞાનાભ્યાસ કરીને જ્યારે તેમની વૃત્તિ પ્રાપ્ત થયેલા જ્ઞાનના નિઝરણારૂપે લેખો લખીને પરોપકાર કરવાની થઇ ત્યારે હું **શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો** એક કાર્યવાહક હોવાથી તે મહાત્માના લેખોને **શ્રી જૈન ધર્મ પ્રકાશમાં** દાખલ કરવાની શરૂઆત કરી દીધી. જો કે પ્રથમ શ્રી મેસાણામાં **શ્રી જૈન શ્રેયસ્કર મંડળના** કાર્યવાહક પરમ શ્રાવક **વેણીચંદભાઇએ** તેમના લેખોને જૈન હિતબોધ

અને જૈનહિતોપદેશ ભાગ ૧-૨ માં સ્થાન આપીને બુકરૂપે બહાર પાડવાનું કાર્ય કર્યું હતું.

લેખો લખતાં લખતાં તેમની ઇચ્છા નાના નાના ટ્રેકટો બહાર પાડવાની થતાં અમે તે વિચારને ઉત્તેજન આપ્યું એટલે તેને પરિણામે **શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળા**ના મણકા બહાર પડવાની શરૂઆત શ્રી જૈન ધર્મ પ્રસારક સભાદ્વારા જ કરવામાં આવી. એ માળાનાં કુલ ૩૪ મણકાઓ બહાર પડ્યા છે. તેનું લિસ્ટ **સુભાષિત રત્નખંડ** નામના છેલ્લા મણકામાં આપેલું છે. એ મણકાઓમાં કેટલાક મણકાઓ તો ખાસ એમના પોતાના સ્વતંત્ર લખેલા જ છે; કેટલાક ભાષાંતરરૂપે તેમના જ લખેલા છે અને કેટલાક તેમના જ કરેલા સંગ્રહરૂપે છે. બાકી કેટલાક મણકા અન્ય લેખકોના છે. આ મણકાઓ વાંચતા એટલો આનંદ થાય તેમ છે કે તે અહીં શબ્દદ્વારા વર્ણવી શકાય તેમ નથી તેથી તે મેળવો, વાંચો ને વિચારો એટલી ભલામણ કરીને જ વિરમવું યોગ્ય લાગે છે. એમાંથી અત્યારે માત્ર ૧૧ મણકાઓ જ મળી શકે છે, તે શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી માત્ર પોસ્ટેજના નવ આના મોકલવાથી ભેટ મળી શકે છે. થોડા વખત પછી તેટલા મણકા પણ મળવા સંભવ નથી.

આ મહાપુરુષનો અંગત પરિચય તેમણે ચારિત્ર ગ્રહણ કર્યા પછી જ્યારે જ્યારે ભાવનગર પધારતા ત્યારે ત્યારે થયો છે, તેમ જ શ્રી પાલીતાણાના છેવટના નિવાસ વખતે જ્યારે જ્યારે મારે યાત્રાનિમિત્તે ત્યાં જવું થતું ત્યારે ત્યારે થયેલો છે. તે વખતે અનેક પ્રકારની ધર્મચર્ચાઓ થતી, જેમાં મુખ્ય સાધ્યબિંદુ તો 'આત્મા કેમ ઊંચો આવે?' તેની વિચારણાનું જ રહેતું. હું કલાક, બે કલાક કે ત્રણ ત્રણ કલાક પણ તેમની પાસે બેસી એમના પરિચયનો લાભ લેતો.

આવા ત્યાગી, વૈરાગી, ચારિત્રના ખપી, આત્મનિંદા ને ગુણીની પ્રશંસા કરનારા, સદ્‌ગુણના પરમરાગી મુનિઓની સંખ્યા અત્યારે બહુ અલ્પ જોવામાં આવે છે. એમનો કાળધર્મ થયો ત્યારે હું કમભાગ્યે તેમની સમીપે જઇ

શકયો નહોતો, પરંતુ તેમનો કાળધર્મ થવાથી મને એક પરમપ્રિય પરમોપકારી ધર્મદાતાનો અભાવ થતાં જેટલી દિલગીરી થવી જોઇએ તેટલી દિલગીરી થઇ હતી.

એમની વૃત્તિ સામાજિક સુધારા કરવાની પણ હતી, કારણ કે એઓ માનતા હતા કે અજ્ઞાનજન્ય રૂઢીઓ–મિથ્યાત્વી જનોના પરિચયાદિકથી જૈનવર્ગમાં એટલી બધી પેસી ગઇ છે કે બનતા પ્રયાસે જો તેનું નિવારણ કરવામાં આવશે તો જ જૈનબંધુઓ સમ્યક્ત્વવાસિત રહી શકશે, નહીં તો ઓછેવત્તે અંશે મિથ્યાત્વની વાસના વધતી જશે. આ સંબંધમાં તેમણે કેટલાક લેખો પણ લખ્યા છે તે આ ભાગમાં પ્રસિદ્ધ થયેલા છે.

સદ્‌ગુણાનુરાગીની ગુરુભક્તિ પણ બહુ સુંદર હતી. તેમણે ગુરુમહારાજની અને પંન્યાસજી ગંભીરવિજયજી મહારાજની એવી સારી ભક્તિ કરી છે કે તેમણે મેળવેલું જ્ઞાન જે સચ્ચારિત્રરૂપે પરિણામ પામ્યું છે તે ગુરુભક્તિનો જ પ્રભાવ છે એમ હું માનું છું. ગુરુભક્તિ એ અપૂર્વ રસાયણ છે.

ઉપદેશશૈલી પણ એમની રોચક હતી. તેઓ મિષ્ટ શબ્દોમાં એવી રીતે ઉપદેશ આપતા હતા કે વ્યક્તિપરત્વે જે પ્રકારનો ત્યાગ કરાવવાની તેમને જરૂર લાગતી તે જરૂર કરાવી શકતા હતા. મારાથી થયેલ યત્‌કિંચિત્ પૌદ્‌ગલિક વસ્તુનો ત્યાગ પણ એમણે વચનદ્વારા અને મૂકપણે આપેલા ઉપદેશનું જ પરિણામ છે એમ હું માનું છું.

સદાચરણ એ એવી વસ્તુ છે કે તે ફોટોગ્રાફની જેમ તેની અન્ય યોગ્ય વ્યક્તિ પર આબાદ છાપ પાડે છે. અયોગ્યને બાદ કરવાનું કારણ એ જ છે કે તેમને શબ્દદ્વારા આપેલો ઉપદેશ પણ સફળ થતો નથી.

જેમણે જેનો સ્વાદ લીધો હોય–જેનું ફળ મેળવ્યું હોય તે તેના વારંવાર વખાણ કરે તેમ એ મહાત્મા બ્રહ્મચર્યની વારંવાર પુષ્ટિ કરતા હતા અને સન્માર્ગમાં આગળ વધવા ઇચ્છનારે જરૂર એ માર્ગને અનુસરવું

એવી ખાસ ભલામણ કરતા હતા. બ્રહ્મચર્ય એ આત્માનો અપૂર્વ ગુણ છે. દરેક આગળ વધેલા આત્માઓએ એનું પાલન કરેલું હોય છે અને તેને પરિણામે તેઓ અતિ મહત્ત્વના કાર્યો કરી શક્યાં છે.

પહેલા ભાગમાં આપેલા ઉપોદ્ઘાતમાં ને આમુખમાં કેટલીક એમના લેખો વિગેરેને અંગે ખાસ વિવેચના કરવામાં આવી છે તે વાંચવાની જ ભલામણ કરવી યોગ્ય લાગે છે. તેનું અહીં પુનરાવર્તન કરવામાં આવતું નથી.

આ વિભાગની ને પ્રથમ વિભાગની અનુક્રમણિકા વાંચવાથી તેમના મગજનું સમતોલપણું અને તેમાં વાસ કરી રહેલા આત્મબોધનું વિશાળપણું જણાઈ આવે તેમ છે. જુદા જુદા પ્રસંગે લખાયેલા છતાં બનતા સુધી તેમણે પોતાનાં લેખોમાં પુનરુક્તિ દોષ આવવા દીધો નથી.

હજુ તેમના લેખો એટલા બાકીમાં છે કે તેને માટે બીજા બે ભાગ તો જરૂર કરવા પડશે. પ્રશમરતિ પ્રકરણને અંગે તેમણે ઘણું લખ્યું છે. એ ગ્રંથ એમને બહુ જ પ્રિય હતો, કારણ કે તેમાં શાંતરસ ઠાંસી-ઠાંસીને ભર્યો છે. તેઓશ્રી વારંવાર તેમાં આવેલ હકીકતો બોધરૂપે કહેતા હતા.

આટલું જણાવી આ ટૂંકી પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે. એમના ગુણાનુવાદને અંગે જેટલું લખીએ તેટલું થોડું છે. ઇત્યલં વિસ્તરેણ.

કાર્તિક કૃષ્ણા પંચમી	કુંવરજી આણંદજી
સં. ૧૯૯૬	ભાવનગર

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ

સન્મિત્ર, સદ્‌ગુણાનુરાગી પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી જેઓ સં. ૧૯૯૩ ના આસો વદિ ૮ મે દેહમુક્ત થયા તેમની પહેલા વર્ષની પુણ્યતિથિ ઉજવવાને મુંબઇમાં શ્રી જૈન બાળ મિત્રમંડલ તથા ખંભાત વીશા પોરવાડ જૈન યુવક મંડળના આશ્રય નીચે ગોડીજીના ઉપાશ્રયમાં અનુયોગાચાર્ય પંન્યાસજી શ્રી પ્રીતિવિજયજી ગણિવરના પ્રમુખપણા નીચે એક સભા સં. ૧૯૯૪ ના આસો વદિ ૮ ના રોજ મળી હતી. તે વખતે શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી તરફથી એમનું નામ કાયમ રાખવાની સૂચના થતાં એમ નિશ્ચય થયો કે 'એ પુણ્યપુરુષનું નામ કોઇ સંગીન યોજના કરીને ચિરસ્થાયી કરવું.' પછી શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીએ એને માટે જો ફંડ થાય તો રૂા. ૧૦૧) ભરવા ઇચ્છા દર્શાવી. તે વાતને પુણ્યાત્મા પૂજ્ય કર્પૂરવિજયજીના ગુણોથી અતિશય આકર્ષાયેલ ચિત્તવાળા પંન્યાસજી પ્રીતિવિજયજીએ ટેકો આપ્યો અને પોતાથી બની શકતી દરેક જાતની સહાય આપવા તત્પરતા બતાવી. તે મીટિંગમાં શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, મોહનલાલ દીપચંદ ચોકસી, રાજપાળ મગનલાલ વહોરા, નરોત્તમદાસ ભગવાનદાસ શાહ તથા વાડીલાલ જેઠાલાલ શાહે સમયોચિત ભાષણો કર્યાં; તેથી પંન્યાસજી બહુ પ્રસન્ન થયા અને પોતાથી બની શકે તે રીતે શ્રાવકો પર આગ્રહપૂર્વક લાગવગ ચલાવી, એને પરિણામે સારી રકમો ભરાઇ.

સમિતિનું કામ નાણા ભરનારા સભ્યોની મીટિંગમાં નીમાએલી વ્યવસ્થાપક સમિતિ કરે છે. તેમાં નીચેના ગૃહસ્થો છે.

૧ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.	૪ વાડીલાલ જેઠાલાલ શાહ.
૨ વાડીલાલ ચતુર્ભુજ ગાંધી.	૫ હીરાભાઇ રામચંદ મલબારી.
૩ મોહનલાલ દીપચંદ ચોકસી.	૬ નરોત્તમદાસ ભગવાનદાસ શાહ

૭ રાજપાળ મગનલાલ વહોરા

વ્યવસ્થાપક સમિતિએ નરોત્તમદાસ ભગવાનદાસ શાહની માનદ મંત્રી તરીકે નિમણૂક કરી છે અને બેંક ઑફ ઇંડિયામાં પૈસા રાખવાની ગોઠવણ કરી છે. શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, મોહનલાલ દીપચંદ ચોકસી અને વાડીલાલ ચતુર્ભુજ ગાંધી એ ચાર નામથી બેંકમાં ખાતું ખોલ્યું છે.

શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહનું પ્રેસકોપી અને સંશોધનનું કામ માસ્તર લક્ષ્મીચંદ સુખલાલ શાહ વેતનસહિત કરે છે.

સમિતિએ ઠરાવ કર્યો છે કે મુનિ કર્પૂરવિજયજી મહારાજના જે લેખો 'શ્રી જૈનધર્મપ્રકાશ' માં, 'શ્રી આત્માનંદપ્રકાશ'માં, 'જૈન' પત્રમાં અથવા બીજા પત્રોમાં આવ્યા હોય તે સર્વનો સંગ્રહ કરીને એક લેખસંગ્રહ બહાર પાડવો. તે પ્રમાણે ભાદરવા શુદિ ૧૦ મે પહેલો ભાગ બહાર પડી ગયો છે. તે પછી બીજો ભાગ આ બહાર પડે છે. અને સમિતિએ ત્રીજો ભાગ બહાર પાડવાનો પણ નિર્ણય કર્યો છે.

સમિતિએ ઠરાવ્યું છે કે રૂા. ૫૦૧) ભરનારને પાંચ નકલ મફત આપવી, રૂા. ૨૫૧) ભરનારને ત્રણ નકલ મફત આપવી. રૂા. ૧૦૧) ભરનારને એક નકલ મફત આપવી અને તેથી ઓછું ભરનારને અર્ધી કિંમતે એટલે પડતર કરતાં પા કિંમતે આપવી. સામાન્ય જૈન ભાઇ, જેણે કંઇ ભર્યું ન હોય, તેને અર્ધી કિંમતે આપવી. આ ઉપરથી જોઇ શકાશે કે આ સમિતિનો ઉદ્દેશ પૂજ્ય મુનિરાજના પુણ્યરૂપ જ્ઞાનકાર્યમાં બની શકતી રીતે વધારો કરવાનો છે.

આ લેખસંગ્રહના ભાગો **મેઘજી હીરજી બુકસેલર, પાયધુની, મુંબઇ**ને ત્યાંથી તથા **શ્રી જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર** અને **શ્રી આત્માનંદ સભા, ભાવનગર** પાસેથી મળી શકશે.

જે મુનિરાજો, સાધ્વીજીઓ તથા જૈન સંસ્થાઓને આ

પુસ્તક મેળવવા ઇચ્છા હોય તેમણે પોસ્ટેજના ચાર આના મોકલવાથી વિના મૂલ્યે મળી શકશે.

પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીના પ્રશંસકો, ગુણાનુરાગીઓ અને સર્વ જૈન બંધુઓને આ સમિતિ સંબંધી જે કાંઇ જાણવા ઇચ્છા હોય તેમણે

શાહ નરોત્તમદાસ ભગવાનદાસ—ગોપાલભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ.**

એ શિરનામે પત્ર લખવો, જેથી બધી માહિતી મળી શકશે.

મુનિ-કર્પૂરવિજય સ્તુતિ

(રાગ—જાઓ જાઓ અય મેરે સાધુ.)

રાખો હૈયે છબી નિર્મળ જ્ઞાની કર્પૂર ગુરૂવરની-ટેક

ગુરૂ દર્શન ને ગુરૂના ગીતો, સર્વે સુખનો સાર;
ગુરૂ વાણીથી દુ:ખમય સઘળો, તરાય છે સંસાર. **રાખો૦ ૧**
ગુરૂ બતાવે માર્ગ મોક્ષનો, શિખવે સાર અસાર;
ભવથી તારે જે પ્રેમેથી, તે ગુરૂ મુજ આધાર. **રાખો૦ ૨**
શાંત વદન છે જેનું રૂડું, મુખપર દિવ્ય પ્રતાપ;
ભવિને તારે જાતે તરતા, બોધિ વીરનો જાપ. **રાખો૦ ૩**
જિન પ્રભુ જે ભવ ઉદ્ધારક, ગુરૂ આપે તે રાહ;
સાચા મોક્ષ તણા ગુરૂ દાતા, ગુરૂ ટાળે ઉર દાહ. **રાખો૦ ૪**
ગુરૂ છે દર્શક **અજિત** પદના, ગુરૂ વિણુ જગ અંધાર;
મુનિ **હેમેન્દ્ર** ધરી શુચિ **બુદ્ધિ,** નમતો વારંવાર. **રાખો૦ ૫**

મુનિ. હેમેન્દ્રસાગરજી

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિના ફંડમાં નાણા આપનારનાં મુબારક નામો.

વર્ગ પહેલો—પેટ્રન

૧	શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.	રૂ. ૫૦૧)
૨	રાવસાહેબ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી.	૫૦૧)
૩	સંઘવી જીવરાજ કમળશીની વતી ભાઇ કસળચંદ કમળશી	૫૦૧)
૪	શેઠ વાડીલાલ ચતુર્ભુજ ગાંધી	૫૦૧)
૫	,, મોહનલાલ વસનજી હ. હરકીસનદાસ	૫૦૧)

વર્ગ ત્રીજો

૧	શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી	૧૦૧)
૨	,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ	૧૦૧)
૩	,, શાંતિલાલ દયાળજી	૧૦૧)
૪	,, માણેકચંદ જેચંદ જાપાન	૧૦૧)
૫	,, સકરચંદ મોતીલાલ મૂળજી	૧૦૧)
૬	,, વાડીલાલ પુનમચંદ	૧૦૧)
૭	સેન્ડહર્સ્ટરોડના ઉપાશ્રય તરફથી હા. શેઠ મંગળદાસ	૧૦૧)
૮	શેઠ કરમચંદ ચુનીલાલ	૧૦૧)
૯	,, ગિરધરલાલ ત્રિકમલાલ	૧૦૧)

વર્ગ ચોથો

૧	શેઠ નાનાલાલ હરિચંદ	૫૧)

વર્ગ પાંચમો

૧	શેઠ જીવરાજ ભીખાભાઇ	૨૫)
૨	,, માણેકચંદ કુંવરજી કુંડલાવાળા	૨૫)

૩ શેઠ ગોવિંદજી વિઠલદાસ વાળુકડવાળા	૨૫)
૪ ,, છોટાલાલ મગનલાલ–ભાવનગરવાળા	૨૫)
૫ શાહ નરોત્તમદાસ ભગવાનદાસ	૨૧)
૬ શેઠ અમરચંદ ઘેલાભાઇ ગાંધી	૨૧)
૭ ,, જાદવજી ઝવેરભાઇ ભાઇચંદ	૧૫)
૮ ,, મોહનલાલ મગનલાલ	૧૫)
૯ ,, હરખચંદ કપુરચંદ	૧૫)
૧૦ ,, ફતેચંદ ઝવેરભાઇ ભાઇચંદ	૧૧)
૧૧ ,, વાડીલાલ સાંકળચંદ વોરા	૧૧)
૧૨ ,, હરખચંદ રતનચંદ–ચાંદવડ	૧૧)
૧૩ ,, ખૂમચંદ ગુલાબચંદ–શીશોદરા	૧૧)
૧૪ ,, દલીચંદ ગુમાનચંદ	૧૧)
૧૫ ,, ભોગીલાલ પુરૂષોત્તમદાસ–અમદાવાદ	૧૧)
૧૬ ,, હીરાભાઇ રામચંદ મલબારી	૧૧)
૧૭ ,, શાંતિલાલ ઓધવજી	૧૧)
૧૮ ,, દુર્લભજી મૂળચંદ–ભાવનગરવાળા	૧૧)
૧૯ ,, કાળીદાસ નેમચંદ–મોરવાડા	૫)
૨૦ ,, મોહનલાલ દીપચંદ ચોકસી	૫)
૨૧ ,, મણિલાલ કુંવરજી–રાધનપુર	૫)
૨૨ ,, ગુલાબચંદ ડાહ્યાભાઇ	૫)
૨૩ ,, નટવરલાલ હરકીસનદાસ	૫)
૨૪ ,, છોટુભાઇ ભિખાભાઇ	૫)
૨૫ ,, રતિલાલ ફૂલચંદ	૨)

શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભાગ ૨ જા ના વિષયોની

લેખાનુક્રમણિકા.

પ્રાથમિક ક્રમ	પૃષ્ઠાંક
મુખપૃષ્ઠ.	૧
સ્વ. શાંતમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજનું જીવનચરિત્ર. (મોહનલાલ દીપચંદ ચોકસી)	૩
પ્રસ્તાવના. (શેઠ કુંવરજી આણંદજી)	૨૦
શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ	૨૪
,, ,, ,, ના ફંડમાં નાણા ભરનારના મુબારક નામો	૨૮
શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભાગ ૨ જાની લેખાનુક્રમણિકા	૩૦

સૂક્ત મુક્તાવલી

ક્રમાંક		પૃષ્ઠાંક
૧	**ધર્મ વર્ગ અધિકારો.**	૨
૨	ધર્મ વર્ગ.	૩
૩	દેવતત્ત્વ.	૩
૪	ગુરુતત્ત્વ.	૬
૫	ધર્મતત્ત્વ.	૯
૬	સાધુ ધર્મ.	૧૬
૭	શ્રાવક ધર્મ.	૧૭
૮	સમ્યગ્ જ્ઞાન.	૨૪
૯	મનુષ્ય જન્મ.	૨૮
૧૦	સજ્જનતા.	૩૧
૧૧	ગુણરાગી.	૩૪

ક્રમાંક	પૃષ્ઠાંક
૧૨ ન્યાયસંપન્નવિભવ.	૩૮
૧૩ પ્રતિજ્ઞાપાલન.	૪૨
૧૪ ઉપશમ.	૫૦
૧૫ ત્રિકરણ શુદ્ધિ.	૫૯
૧૬ ઉત્તમ કુળ.	૬૧
૧૭ વિનય.	૬૩
૧૮ વિવેક.	૬૪
૧૯ વિદ્યા.	૬૬
૨૦ ઉપકાર.	૬૭
૨૧ ઉદ્યમ.	૬૯
૨૨ દાનધર્મ.	૭૧
૨૩ શીલધર્મ.	૭૪
૨૪ અઢાર હજાર શીલાંગ રથની સમજ.	૭૫
૨૫ તપ ધર્મ.	૭૬
૨૬ ભાવ ધર્મ.	૭૮
૨૭ ક્રોધ ત્યાગ.	૮૦
૨૮ માન ત્યાગ.	૮૨
૨૯ માયા–કપટ ત્યાગ.	૮૪
૩૦ લોભ ત્યાગ.	૮૬
૩૧ દયા–અહિંસા ધર્મ.	૮૮
૩૨ સત્ય વાણી.	૯૦
૩૩ અસ્તેય.	૯૨
૩૪ શીલ વ્રત.	૯૪
૩૫ પરિગ્રહ–મમતા ત્યાગ.	૯૬
૩૬ સંતોષ.	૯૮
૩૭ વિષયતૃષ્ણા.	૧૦૦

ક્રમાંક	પૃષ્ઠાંક
૩૮ ઇંદ્રિયપરાજય.	૧૦૨
૩૯ પ્રમાદ.	૧૦૪
૪૦ સાધુ ધર્મ.	૧૦૬
૪૧ શ્રાવક ધર્મ.	૧૦૮
૪૨ ધર્મ વર્ગ સમાપ્ત.	૧૧૦
૪૩ અર્થ વર્ગ અધિકારો.	**૧૧૧**
૪૪ અર્થ–દ્રવ્ય વિષે.	૧૧૨
૪૫ હિતચિતન (પરહિતચિતન)	૧૧૪
૪૬ લક્ષ્મી વિષે.	૧૧૫
૪૭ કૃપણુતા ત્યાગ.	૧૧૯
૪૮ પારકી આશા.	૧૨૧
૪૯ સદુપાયથી દ્રવ્યપ્રાપ્તિ.	૧૨૩
૫૦ રાજસેવા.	૧૨૫
૫૧ દુર્જનતા.	૧૨૭
૫૨ અવિશ્વાસ.	૧૩૦
૫૩ મિત્રતા.	૧૩૪
૫૪ સપ્ત વ્યસન.	૧૩૭
૫૫ સાત વ્યસન પર ઉદાહરણો.	૧૪૦
૫૬ યશ–કીર્તિ.	૧૪૨
૫૭ મુખ્ય પ્રધાન.	૧૪૩
૫૮ કળા	૧૪૫
૫૯ મૂર્ખતા	૧૪૬
૬૦ લજ્જા.	૧૪૮
૬૧ અર્થ વર્ગ સમાપ્ત.	૧૫૦
૬૨ કામવર્ગ અધિકારો.	**૧૫૧**
૬૩ કામ વિષે.	૧૫૨

ક્રમાંક	પૃષ્ઠાંક
૬૪ પુરુષ-સ્ત્રીના ગુણદોષ.	૧૫૫
૬૫ પુરુષ ગુણ વર્ણન.	૧૫૫
૬૬ પુરુષ દોષ વર્ણન.	૧૫૬
૬૭ સ્ત્રીગુણ વર્ણન.	૧૫૭
૬૮ સ્ત્રીદોષ વર્ણન.	૧૫૮
૬૯ સુલક્ષણી સ્ત્રી વર્ણન.	૧૫૯
૭૦ સંયોગ વિયોગ વિષે.	૧૬૧
૭૧ માતા પ્રત્યે કર્તવ્ય.	૧૬૩
૭૨ પિતા-વાત્સલ્યતા.	૧૬૫
૭૩ સુપુત્ર વર્ણન.	૧૬૭
૭૪ કામવર્ગ સમાપ્ત	૧૬૮
૭૫ મોક્ષવર્ગ અધિકારો.	**૧૬૯**
૭૬ મોક્ષાર્થ વિષે.	૧૭૧
૭૭ કર્મ વિષે.	૧૭૩
૭૮ ક્ષમા વિષે.	૧૭૪
૭૯ સંયમ વિષે.	૧૭૬
૮૦ દ્વાદશ-ભાવના વિષે.	૧૭૮
૮૧ અનિત્ય ભાવના.	૧૭૮
૮૨ અશરણ ભાવના	૧૭૯
૮૩ સંસાર ભાવના.	૧૮૧
૮૪ એકત્વ ભાવના.	૧૮૨
૮૫ અન્યત્વ ભાવના.	૧૮૪
૮૬ અશુચિ ભાવના.	૧૮૬
૮૭ આશ્રવ ભાવના,	૧૮૭
૮૮ સંવર ભાવના.	૧૮૯
૮૯ નિર્જરા ભાવના.	૧૯૦

ક્રમાંક		પૃષ્ઠાંક
૯૦	લોકસ્વરૂપ ભાવના.	૧૯૨
૯૧	બોધિદુર્લભ ભાવના.	૧૯૩
૯૨	ધર્મ ભાવના.	૧૯૪
૯૩	રાગ-દ્વેષ વિષે.	૧૯૬
૯૪	સંતોષ વિષે.	૧૯૭
૯૫	વિવેક વિષે.	૧૯૯
૯૬	વૈરાગ્ય વિષે.	૨૦૧
૯૭	આત્મબોધ વિષે.	૨૦૩
૯૮	મોક્ષવર્ગ સમાપ્ત.	૨૦૪
૯૯	ધર્માદિક ચાર પુરુષાર્થનું સંક્ષિપ્ત સ્વરૂપ	૨૦૫
૧૦૦	ધર્મ વર્ગ.	૨૦૫
૧૦૧	અર્થ વર્ગ.	૨૦૬
૧૦૨	કામ વર્ગ.	૨૦૮
૧૦૩	મોક્ષ વર્ગ.	૨૦૮
૧૦૪	અંતિમ વચન.	૨૦૯
૧૦૫	ગ્રંથકારની ગુરુપરંપરા પ્રશસ્તિ.	૨૧૦
૧૦૬	સૂક્તમુક્તાવળી ગ્રંથ સમાપ્ત.	૨૧૧
૧૦૭	**ઉપદેશક વાક્યામૃત સંગ્રહ.**	**૨૧૨**
૧૦૮	જૈન યુવકોને ઉદ્દેશીને ઉપદેશ.	૨૧૩
૧૦૯	ઉત્સાહી જૈન યુવકો પ્રત્યે પ્રેરક વચન.	૨૧૬
૧૧૦	આપણી આધુનિક સ્થિતિપરત્વે સજ્જનોને બે બોલ	૨૧૮
૧૧૧	જીવનને સરળ અને સફળ કરવા યોગ્ય દિશાસૂચન.	૨૨૦
૧૧૨	અભણ બંધુઓ પ્રત્યે કર્તવ્ય ભાવના.	૨૨૨
૧૧૩	થોડાંએક વચનામૃતો.	૨૨૪
૧૧૪	બોધવચનો.	૨૨૮
૧૧૫	સૂક્ત-વચનો.	૨૩૦

ક્રમાંક	પૃષ્ઠાંક
૧૧૬ સુભાષિત વચનામૃતો.	૨૩૩
૧૧૭ સુભાષિતો.	૨૩૬
૧૧૮ હાલની આપણી સામાજિક સ્થિતિનું નિરાકરણ.	૨૩૮
૧૧૯ ઉત્સાહી જૈન જનોનું હિત કર્તવ્ય.	૨૩૯
૧૨૦ હિત બોધવચનો.	૨૪૧
૧૨૧ કલ્યાણાર્થીને ભવિષ્યના સ્થાયી મકાન માટે.	૨૪૪
૧૨૨ આદર્શ જીવન.	૨૪૪
૧૨૩ સુપુત્રીને કરિયાવરરૂપ દશ હિતશિક્ષા.	૨૪૫
૧૨૪ પ્રશ્નોત્તરરૂપે સદ્બોધ.	૨૪૬
૧૨૫ શાસ્ત્ર શબ્દનો અર્થ.	૨૪૯
૧૨૬ આરાધક ભાવની દશા.	૨૫૦
૧૨૭ ખરું સુખ.	૨૫૧
૧૨૮ ચાર પ્રકારના કર્મચંડાળ કોને કહે છે?	૨૫૨
૧૨૯ સંતોષ.	૨૫૩
૧૩૦ પ્રકીર્ણ બોધ	૨૫૪
૧૩૧ અમૂલ્ય બોધવચનો.	૨૫૭
૧૩૨ મૂંગુ સમર્પણ–ધર્મ અથવા શાંત આત્માર્પણ.	૨૫૮
૧૩૩ સ્વાર્થ–અંધતા તજી, સ્વપરહિતકારી માર્ગજ આદરવો.	૨૫૮
૧૩૪ બોધવચનો.	૨૫૯
૧૩૫ વ્યવહારશુદ્ધિ સાચવવા સુજ્ઞ જનોએ રાખવું જોઈતું લક્ષ્ય.	૨૬૦
૧૩૬ ગુણગ્રાહી સજ્જનો પ્રત્યે થોડીએક સમયોચિત સૂચના.	૨૬૨
૧૩૭ શ્રાવક યોગ્ય વ્યવહારુ શિક્ષા.	૨૬૩
૧૩૮ આત્માર્થી સજ્જનોને હિતશિક્ષા.	૨૭૫
૧૩૯ કલ્યાણાર્થી જીવોને બોધવચનો.	૨૭૭
૧૪૦ જીભને તમે શું સમજો છો?	૨૭૯
૧૪૧ અંતરથી બોધ લેવા જેવું.	૨૮૦

ક્રમાંક	પૃષ્ઠાંક
૧૪૨ શુદ્ધ બ્રહ્મચર્યના અદ્‌ભૂત લાભો.	૨૮૧
૧૪૩ પ્રસ્તાવિક સદ્‌બોધ.	૨૮૧
૧૪૪ થોડાં હિતવચનો.	૨૮૨
૧૪૫ થોડાં સૂક્તવચનો.	૨૮૩
૧૪૬ સદ્ધર્મ–સાધન માર્ગમાં આદર કરવો.	૨૮૪
૧૪૭ ખરું તત્ત્વ શોધી લેવાથી સાચું સુખ સાંપડશે.	૨૮૫
૧૪૮ 'હું' અને 'મારુ" અથવા 'અહંતા' અને 'મમતા' આશ્રી વિવેક.	૨૮૮
૧૪૯ વખતની કિમત.	૨૯૦
૧૫૦ એક ભલા સમ્રાટે ફરમાવેલી આજ્ઞામાંથી લેવાનો બોધ.	૨૯૨
૧૫૧ સારા બોધદાયક ગ્રંથોનો પ્રભાવ.	૨૯૩
૧૫૨ પૈસા વિના પણ શ્રીમંત થઈ શકાય છે,	૨૯૪
૧૫૩ ત્રેવડ ત્રીજો ભાઇ અથવા ખરી કરકસર.	૨૯૬
૧૫૪ સંગ્રહિત હિતવચનો.	૨૯૮
૧૫૫ ગૃહસ્થ શ્રાવકને પાળવા યોગ્ય પવિત્ર નિયમોની યાદી.	૨૯૯
૧૫૬ સદુપદેશક વાકયો.	૩૦૧
૧૫૭ બ્રહ્મચર્ય.	૬૦૩
૧૫૮ આરોગ્ય વધારનાર પરિમિત ભોજન.	૩૦૫
૧૫૯ મનન કરવા યોગ્ય નિઃસ્વાર્થ પ્રેમીના અંતર ઉદ્‌ગાર.	૩૦૭
૧૬૦ સદ્‌બોધ મંત્રી.	૩૦૯
૧૬૧ છૂટક મહાવાકયસંગ્રહ.	૩૧૧
૨૬૨ વીર્યોત્કર્ષ.	૩૨૫
૧૬૩ સર્વ ધર્મ સમભાવ.	૩૨૬
૧૬૪ ઇશ્વરભક્તિ.	૩૨૭
૧૬૫ પ્રાર્થના.	૩૨૮
૧૬૬ અકારાદિ અનુક્રમણિકા.	૧ થી ૭
૧૩૭ મુનિ શ્રી કર્પૂરવિજયજી સ્તુતિ.	૮

સદ્દગુણાનુરાગી સન્મિત્ર મુનિ મહારાજ
શ્રી કર્પૂરવિજયજી

લેખ સંગ્રહ

ભાગ ૨ જો

સૂક્ત મુક્તાવળી

ધર્મવર્ગ

(અધિકારો)

(શાર્દૂલ વિક્રીડિત)

तत्त्वज्ञानमनुष्यसज्जनगुणा न्यायप्रतिज्ञाक्षमा,
चित्ताद्यं च कुलं विवेकविनयौ विद्योपकारोद्यमाः ।
दानक्रोधदयादितोषविषयास्त्याज्यप्रमादस्तथा,
साधुश्रावकधर्मवर्गविषये ज्ञेयाः प्रसंगा ह्यमी ॥ १ ॥

" દેવ, ગુરુ, ધર્મ—એ ત્રણ તત્ત્વ, જ્ઞાન, મનુષ્યજન્મ, સજ્જન, ગુણ, ન્યાય, પ્રતિજ્ઞા, ક્ષમા(ઉપશમ), ત્રિકરણ શુદ્ધિ, કુળ, વિવેક, વિનય, વિદ્યા, ઉપકાર, ઉદ્યમ, દાન, શિયળ, તપ, ભાવ, ક્રોધ, માન, માયા, લોભ, દયા, સત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહ, સંતોષ, ઇંદ્રિયોના વિષય, તેની ત્યાજ્યતા, પ્રમાદ, સાધુધર્મ ને શ્રાવક ધર્મ—એમ કુલ ૩૬ અધિકારો છે.

સૂકત મુકતાવળી

પહેલો પુરુષાર્થ-ધર્મ વર્ગ

૧ દેવતત્ત્વ

દેવાધિદેવ અરિહંત ભગવાન્ કેવા હોય તે બતાવે છે.

(માલિની વૃત્ત)

સકળ કરમવારી, મોક્ષ-માર્ગાધિકારી,
ત્રિભુવન ઉપગારી, કેવળજ્ઞાનધારી;
ભવિજન નિત સેવો, દેવ એ ભક્તિભાવે,
ઇહ જ જિન ભજંતા, સર્વ સંપત્તિ આવે. ૧

જિનવર પદ સેવા, સર્વ સંપત્તિદાઈ,
નિશિદિન સુખદાઇ, કલ્પવલ્લી સહાઈ;
નમિ વિનમિ લહીજે, સર્વ વિદ્યા વડાઈ,
ઋષભ જિનહ સેવા, સાધતાં તેહ પાઈ. ૨

સ્વ. સદ્‌ગુણાનુરાગી પૂજ્ય મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજના સ્મરણાર્થે સ્થપાયેલી " શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ "ની યોજના અનુસારે " શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહ ભાગ પહેલો " બહાર પાડ્યો છે. તેમાં "શ્રી જૈનધર્મ પ્રકાશ"ના જુદા જુદા વર્ષના પુસ્તકોમાંથી જુદા જુદા વિષયો પરત્વે લખેલા લેખો દાખલ કર્યા છે. આ બીજા ભાગના પ્રારંભમાં " શ્રી જૈનધર્મ પ્રકાશ "ના જુદા જુદા અંકોમાં આવેલા " **સૂક્ત મુક્તાવળી** " નામના ઘણા જ બોધદાયક ગ્રંથનું તથા શાન્ત-રસોત્પાદક **પ્રશમરતિ પ્રકરણનું** વિવેચન દાખલ કરવામાં આવશે.

જે સઘળાં કર્મ નિવારીને **તીર્થંકર** પદવી પમાય છે તે આવી રીતે—

જ્ઞાનાવરણીય[૧] ક્ષય કરી, દર્શનાવરણી[૨] કર્મ,
વેદની[૩] કર્મ દૂરે કરી, ટાળ્યું મોહની[૪] કર્મ;
નામકર્મ[૫] અને આયુકર્મ,[૬] ગોત્ર[૭] અને અંતરાય[૮],
અષ્ટ કર્મ તે એણીપરે, દૂર કર્યાં મહારાય.

શ્રી તીર્થંકર પરમાત્માના લક્ષણ તથા તેમના ગુણ વિગેરે દૃષ્ટાન્તથી સમજાવે છે.

રાગ-દ્વેષાદિક સઘળા દોષો સર્વથા દૂર કરી નાંખવાથી જેમને અનંતા ગુણો પ્રગટ થયા છે અને ત્રિભુવન એટલે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળવાસી પ્રાણીઓ ઉપર જે સદા ય ઉપકાર કરી રહ્યા છે, વળી જગત્માત્રની સર્વ વાત સંપૂર્ણ રીતે જાણી શકાય એવું નિર્મળ કેવળજ્ઞાન જેમને પ્રાપ્ત થયેલું છે એવા દેવાધિદેવ **શ્રી અરિહંત ભગવાન**ની હે ભવિજનો! તમે પૂર્ણ પ્રેમથી નિરંતર સેવા-ભક્તિ કરો. પૂર્ણ પ્રેમથી પ્રભુની સેવા-ભક્તિ કરવાથી તમે સઘળી સુખ-સંપદા સહેજે પામી શકશો.

સકળ દોષ રહિત શ્રી જિનેશ્વર ભગવાનની સેવા-ભક્તિ સર્વ સંપત્તિને આપવાવાળી છે અને સદા ય સુખ-સમાધિને કરનારી છે, તેથી તે (પ્રભુની ભક્તિ) કલ્પવેલી જેવી ભવિજીવોને વાંછિત ફળ આપનારી કહી છે. જુઓ શ્રી **ઋષભદેવ** ભગવાનની **ખરા** ભાવથી સેવા-ભક્તિ કરવાથી **નમિ** અને **વિનમિ** સર્વ વિદ્યા સહિત વિદ્યાધરની ઋદ્ધિ પામ્યા છે. તેનું દૃષ્ટાંત નીચે પ્રમાણે—

પ્રથમ ભગવાને ગૃહસ્થાવસ્થામાં કચ્છમહાકચ્છના પુત્ર **નમિ** અને **વિનમિને** પુત્ર તરીકે પાળ્યા હતા. જ્યારે ભગવાને દીક્ષા

લીધી ત્યારે તે બન્ને પરદેશ ગયેલા હતા. પરદેશથી જ્યારે પાછા આવ્યા ત્યારે તેમને લાયક રાજ્યભાગ **ભરત**ચક્રીએ આપવા માંડ્યો, પરંતુ તેમણે આપવા માંડેલો રાજ્યભાગ તેમણે લીધો નહિ અને તેઓ બન્ને ઋષભદેવ ભગવાન્ પાસેથી જ તે ભાગ લેવાનો નિશ્ચય કરીને, પ્રભુ પાસે આવી ઉચિત સેવા–ભક્તિ કરી રાજ્ય-ભાગ માગવા લાગ્યા. પ્રભુ તો કાઉસગ્ગ (કાયોત્સર્ગ) ધ્યાને મૌનપણે જ રહેતા હતા, તો પણ બન્ને ભાઇઓનો પ્રભુ પ્રત્યે ગાઢ ભક્તિભાવ જોઈને પ્રસન્ન થએલા પ્રભુને વંદન કરવા આવેલા ધરણેંદ્રે તેમને ૪૮૦૦૦ પાઠસિદ્ધ વિદ્યાઓ આપી અને વૈતાઢ્ય પર્વત ઉપર જઇ વિદ્યાધરયોગ્ય નગરો વસાવીને રહેવાને કહ્યું. આવી રીતે જિનેશ્વર ભગવાનની સાચા ભાવથી ભક્તિ કરવાવડે અનેક જીવો સુખી થયા છે એમ સમજી આપણે પણ પ્રભુસેવાના રસિક થવું અને આપણાં કુટુંબી–સંબંધીઓને પણ પ્રભુભક્તિના રસિક કરવા.

સારાં ધોયેલાં વસ્ત્ર (સ્વચ્છ કપડાં) પહેરીને પ્રભુના દર્શન કરવા માટે પ્રભાતે, બપોરે અને સાંજે એમ ત્રણ વખત નિયમસર જવું. નિસીહિ કહી દેરાસરના દ્વારમાં પ્રવેશીને ઘર સંબંધી વાતચીત કરવી નહીં કે કોઈ જાતનો કલેશ–કંકાસ કોઈ સાથે કરવો નહિ. પ્રભુ સન્મુખ સારા અખંડ **ચોખા**વડે સ્વસ્તિક કરીને તેની ઉપર બદામ, સોપારી, શ્રીફળ વિગેરે **સરસ ફળ** અને શુદ્ધ સ્વદેશી સાકર પ્રમુખથી બનાવેલા પકવાન્નરૂપ **નૈવેદ્ય** ધરવું. પછી પ્રાર્થના કરવી કે:—

" હે દેવાધિદેવ પ્રભુ ! આપ મારા જન્મ, જરા અને મરણનાં દુઃખ નિવારો. મને નિર્મળ જ્ઞાન, નિર્મળ શ્રદ્ધા અને

સદ્‌વર્તન મને પ્રાપ્ત થાય એવી સુબુદ્ધિ આપો. મારાથી કંઇ પણ લોકવિરુદ્ધ કાર્ય ન થાય, હું સદા ય ન્યાયમાર્ગે જ ચાલતો રહું, મારા વડીલોની સદા ય પ્રેમથી સેવાભક્તિ કરું, પરોપકારનાં કામ કરું અને સદ્‌ગુરુનો જોગ પામી જીવતાં સુધી તેમની આજ્ઞાનું અખંડ પાલન કરું. મને આપની કૃપાથી આ પ્રમાણેના ઇષ્ટફળની પ્રાપ્તિ થાય એમ હું ઈચ્છું છું. વળી હે પ્રભુ ! ભવોભવ મુજને આપના ચરણકમળની સેવના પ્રાપ્ત થાઓ, તેમજ સમાધિયુક્ત મારું આયુષ્ય પ્રસાર થાઓ, ભવાંતર–(બીજા ભવ)માં પણ મને આપના પવિત્ર ધર્મનું જ શરણ હો ! પરમપવિત્ર દેવ, ગુરુ અને ધર્મમાં જ મારી બુદ્ધિ સદા ય સ્થપાયેલી બની રહો ! ”

---

૨ ગુરુતત્ત્વ

સ્વપર સમય જાણે, ધર્મ વાણી વખાણે,
પરમ ગુરુ કહ્યાથી, તત્ત્વ નિઃશંક માણે;
ભવિક કજ વિકાસે, ભાનુજ્યું તેજ ભાસે,
ઇહ જ ગુરુ ભજો જે, શુદ્ધ માર્ગ પ્રકાસે. ૩

સુગુરુ વચનસંગે, નિસ્તરે જીવ રંગે,
નિરમળ નર થાયે, જેમ ગંગા પ્રસંગે;
સુણીય સુગુરુ કેસી, વાણી રાય પ્રદેસી,
લહી સુરભવ વાસી, જે થશે મોક્ષવાસી. ૪

જે સ્વસંપ્રદાયના શાસ્ત્ર–સિદ્ધાન્તમાં તેમજ પરસંપ્રદાયમાં નિપુણ હોય, તેમાં રહેલું રહસ્ય સારી રીતે જાણતા હોય અને નિષ્પક્ષપાતપણે (મધ્યસ્થપણે) ભવિજનોને ધર્મમાર્ગમાં જોડવા

માટે શાસ્ત્રવાણી સંભળાવતા હોય, જેમને રાજા અને રંક ઉપર સમાન ભાવ હોય એટલે સહુની યોગ્યતા પ્રમાણે જે નિઃસ્પૃહપણે (પરોપકાર બુદ્ધિથી) ધર્મમાર્ગ બતાવતા હોય, પરમ ગુરુ–વીતરાગ પરમાત્માના પવિત્ર વચનાનુસારે વસ્તુ-તત્ત્વનો નિર્ણય કરીને જે પ્રવર્તતા હોય, જેમણે પર ઉપાધિનો વિવેકથી ત્યાગ કરી સકળ ઉપાધિ રહિત મોક્ષમાર્ગ જ આદર્યો હોય, એટલે જે *આત્મ–સાધન કરી લેવામાં સદા ય ઉજમાળ* રહેતા હોય અને જેમ સૂર્ય પોતાના કિરણોવડે કમળોને વિકસ્વર કરે છે તેમ જે શાસ્ત્રવાણીના પ્રકાશવડે ભવિજનોને પ્રતિબોધતા હોય, એવી રીતે જે શુદ્ધ–નિર્દોષ–મોક્ષમાર્ગનું જ પોતે અવલંબન લેવા ઉપદેશ કરતા હોય–એવા ત્યાગી વૈરાગી મહાત્માઓને હે ભવ્ય જનો ! તમે સુગુરુ તરીકે આદરો.

જેમ ગંગા નદીના સમાગમથી ગમે તેવું અને ગમે ત્યાંથી આવી મળેલું જળ નિર્મળ અને મહિમાવાળું બને છે; પારસ-મણિના સંગથી જેમ લોઢું હોય તે સુવર્ણરૂપ બની જાય છે; અને મલયાચળના પવનનો સ્પર્શ થવાથી અન્ય વૃક્ષો પણ ચંદનરૂપ થઇ જાય છે તેમ સુગુરુનાં અમૃતવચનની ઊંડી અસરથી જીવની પણ દશા સુધરી જાય છે. જીવના અનાદિ દોષો, જેવા કે–મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ પ્રમુખ સુગુરુના ઉપદેશવડે ઓળખીને દૂર કરી શકાય છે અને આપણા આત્મામાં જ ગુપ્તપણે ઢંકાઈ રહેલા રત્નના નિધાન જેવા નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રમુખ ઉત્તમ ગુણો સમજીને આદરી શકાય છે, એ બધો પ્રભાવ સુગુરુનો જ સમજવો.

જુઓ ! પ્રથમ અત્યંત નાસ્તિક મતિવાળો એવો **પ્રદેશી-**

રાજા પણ **કેશી ગણધર** મહારાજની અમૃત સમાન અત્યંત હિતકારી વાણી સાંભળીને, હલાહલ વિષ સમાન મિથ્યાત્વનો ત્યાગ કરી શુદ્ધ તત્ત્વશ્રદ્ધારૂપ સમકિત સહિત ગૃહસ્થ યોગ્ય શ્રાવકોનાં બાર વ્રત પામ્યો અને તેને અત્યંત આદર સહિત આરાધીને પોતે પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ સમકિતની ઉત્તમ કરણી કરીને હવે પછી ઉત્તમ માનવદેહ પામી મોક્ષપદ પામશે. તેની વિસ્તારથી હકીકત "**શ્રી રાયપસેણીસૂત્ર**" પ્રમુખમાં જણાવેલી છે. ઘણું કરીને જીવ સુગુરુની ઉત્તમ સહાયવડે જ નિસ્તાર પામે છે, માટે સુગુરુનું આલંબન (આશ્રય) લેવાની પ્રથમ જરૂર છે.

વિનયગુણ એ એક અજબ વશીકરણ મંત્રરૂપ છે, તેથી બીજા તો શું? પણ પરમત્યાગી–નિઃસ્પૃહી મહાત્મા પુરુષો પણ વશ થઈ જાય છે; પરંતુ તે સુગુરુ પ્રત્યે આચરવાનો વિનય સાચા દિલનો–નિષ્કપટ ભાવનો જ હોવો જોઇએ. સુવિનીત શિષ્યોએ સુગુરુને સર્વજ્ઞ ભગવાન્ સમાન જ લેખી તેમનો સર્વ પ્રકારે વિનય સાચવવો. ખરેખરા વિનયયોગે આત્મા સકળ કર્મમળથી મુક્ત થઇ શકે છે. ઉત્તમ પ્રકારે ગુરુ–વિનય સાચવવા ઉપર **ઉપદેશમાળા** પ્રમુખમાં શ્રી **ગૌતમ ગણધર, મૃગાવતી, સુનક્ષત્ર** અને **સર્વાનુભૂતિ** મુનિ તેમજ **પાંથક** પ્રમુખ ઉત્તમ મનુષ્યોનાં દૃષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે. સુવિનીત થવા માટે હરેક આત્માર્થી જને ઉક્ત દૃષ્ટાન્તો આદર્શરૂપ કરી રાખવાં.

વિનયના પાંચ પ્રકાર પણ ખાસ લક્ષમાં રાખવા લાયક છે. ૧ બાહ્ય સેવા–ભક્તિ, ૨ હૃદયપ્રેમ–બહુમાન, ૩ ગુણસ્તુતિ, ૪ અવગુણ–આચ્છાદન, અને ૫ આશાતનાત્યાગ. વળી વિનય ગુણથી

સદ્વિદ્યા પ્રાપ્ત થતાં અનુક્રમે સમકિત (નિર્મળ શ્રદ્ધા) અને ચારિત્ર-(નિર્દોષ વર્તન)વડે અવિચળ મોક્ષ પદવીની પ્રાપ્તિ થઇ શકે છે.

---

૩ ધર્મતત્ત્વ.

જળનિધિ જળવેળા, ચન્દ્રથી જેમ વાધે,
સકળ વિભવ લીલા, ધર્મથી તેમ સાધે;
મનુજ જનમકેરો, સાર તે ધર્મ જાણી,
ભજ ભજ ભવિ ! ભાવે, ધર્મ તે સૌખ્યખાણી. ૫

ઇહ ધરમ પસાયે, વિક્રમે સત્ય સાધ્યો,
ઈહ ધરમ પસાયે, શાલિનો શક વાધ્યો;
જસ નર ગજ વાજી, મૃત્તિકાનાં જિ કેઈ,
રણસમય થયા તે, જીવ સાચા તિ કેઈ. ૬

દુર્ગતિથી પડતા પ્રાણીને બચાવી જે સદ્ગતિ પમાડે તે **ધર્મ** કહેવાય છે. તે ધર્મ—દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો તેમજ **ગૃહસ્થધર્મ** અને **સાધુધર્મ**રૂપ વ્યવહારથી બે પ્રકારનો પણ કહ્યો છે. **સાધુધર્મ** સર્વથા અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અકિંચનતારૂપ—પાંચ મહાવ્રતરૂપ (રાત્રિભોજનના સર્વથા ત્યાગ સહિત) કહેલો છે, અને **ગૃહસ્થધર્મ** (શ્રાવક ધર્મ) સ્થૂલ અહિંસાદિક પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો કહ્યો છે.

અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, કીર્ત્તિદાન અને ઉચિત-દાન—એવી રીતે **દાન** પાંચ પ્રકારનું છે. તેમાં અભયદાન અને સુપાત્રદાન શ્રેષ્ઠ ફળદાયી છે. દીન—અનાથને દુઃખી દેખી તેનું દુઃખ ઓછું કરવા જે કંઇ આપવું તે અનુકંપાદાન કહેવાય છે.

ભાટ-ચારણાદિકને દેવું તે કીર્ત્તિદાન અને સ્વજન કુટુંબી પ્રમુખને અવસરે આપવું તે ઉચિતદાન કહેવાય છે.

શીલ નામ સદાચારનું છે. સદાચારને સારી રીતે સદા સેવનાર **સુશીલ** કહેવાય છે. પોતાની જ સ્ત્રીમાં સંતોષ રાખી, પરાઈ સ્ત્રી વેશ્યા પ્રમુખ સાથે ખોટો વ્યવહાર ન જોડવો તે પણ **શીલ** જ કહેવાય છે. સમજ પામીને અધિક સંતોષવડે પોતાની કે પરાઈ કોઇ પણ સ્ત્રી સાથે વિષયક્રીડા ન જ કરવી તે **શીલ** અતિ ઉત્તમ છે. શીલવ્રતને શુદ્ધ મન, વચન અને કાયાથી પાળનાર ઘણી રીતે સુખી થાય છે. શીલવ્રત સારી રીતે પાળનારની કાયા પવિત્ર અને નિરોગી રહે છે. પવિત્ર શીલવંત સ્ત્રીપુરુષોને કવચિત કષ્ટ વખતે દેવ પણ સહાયભૂત થાય છે. ઉત્તમ પ્રકારનું શીલ પાળવું એ સ્ત્રીપુરુષોનો શ્રેષ્ઠ શણગાર (શોભારૂપ) છે. સુશીલ સ્ત્રીપુરુષો જયાં ત્યાં યશકીર્ત્તિ પામે છે. શીલ વગરના સ્ત્રીપુરુષો આવળના ફૂલ જેવાં ફુટડાં હોય તો પણ તે જયાં ત્યાં તિરસ્કાર પામે છે, એમ સમજી સહુ કોઇએ શીલરૂપ શણગાર સજવાની ભારે જરૂર છે.

જેમ અગ્નિવડે સુવર્ણ શુદ્ધ થઇ શકે છે-તેને લાગેલો બધો મેલ બળી જાય છે તેમ **તપ**વડે આત્મા સાથે અનાદિ કાળથી લાગી રહેલા કર્મ--મળ બળી જવાથી આત્મા શુદ્ધ-નિર્મળ થઇ શકે છે. તે તપ બે પ્રકારનો કહેલો છે: **બાહ્ય તપ** અને **અભ્યંતર તપ.** તેમાં બાહ્ય તપ છ પ્રકારનો કહ્યો છે.-

૧ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, પ્રમુખ કરવા, ૨ જરૂર કરતાં ઓછું-અલ્પ ભોજન કરવું, ૩ જે તે ચીજો મરજી મુજબ નહિ ખાતાં થોડી-જરૂર જેટલી ચીજથી જ ચલાવી લેવું, ૪ રસલો-

લુપી થઇ ગમે તે રસકસવાળી વસ્તુ ગમે તેટલી નહિં ખાતાં પ્રમાણમાં જ તેનું સેવન કરવું, ૫ શરીરને સારી રીતે કસતા રહેવું, વિનાકારણ તેનું હદ બહાર લાલનપાલન ન કરવું, અને ૬ નકામી દોડધામ તજી સ્થિર આસન સેવવું-એવી રીતે **બાહ્ય તપ** છ પ્રકારનો કહ્યો છે.

બીજો **અભ્યંતર** તપ પણ છ પ્રકારનો છે.-૧ જાણતાં કે અજાણતાં કરેલી ભૂલ ગુરુમહારાજ પાસે કપટ રહિત જાહેર કરી તે બદલ ગુરુએ આપેલી વ્યાજબી શિક્ષા માન્ય રાખીને પોતાની ભૂલ સુધારી લેવી, તેમજ તેવી ભૂલ વારંવાર નહિ કરવા પૂરતું લક્ષ રાખતાં રહેવું, ૨ આપણાં વડીલ-માતા, પિતા, વિદ્યાગુરુ તેમજ ધર્મગુરુ સાથે અતિ નમ્રતાથી આદર-મર્યાદા રાખી વર્તવું. ૩ બાળ, ગ્લાન (રોગી), વૃદ્ધ અને તપસ્વી સાધુ, આચાર્ય, ઉપાધ્યાય તથા સંઘ-સાધર્મી ભાઇબહેનોની યથોચિત સેવા-ભક્તિ બજાવવી. ૪ આત્મકલ્યાણાર્થે ધર્મ-શાસ્ત્રનું પઠન પાઠન કરવું, ૫ સ્થિર ચિત્તથી **અરિહંતાદિક નવપદના** ઉત્તમ ગુણો વિચારવા અને તેવા શ્રેષ્ઠ ગુણો આપણામાં કેમ આવે ? એવી ધારણા-ભાવના કરવી અને ૬ આપણા દેહ ઉપરની મમતા તજીને પરમાત્માના સ્વરૂપમાં તલ્લીન થવું. આવી રીતે વર્ણવેલા અભ્યંતર તપને પુષ્ટિ મળે તેવી રીતે જ પ્રથમ વર્ણવેલો બાહ્ય તપ ભાઇબહેનોએ અતિ આદર સહિત સેવવો હિતકારી છે

બાહ્ય તપથી અનેક ફાયદા થાય છે. પ્રથમ તો શરીર-શુદ્ધિ થાય છે, અજીર્ણાદિક દોષ દૂર થઇ જાય છે, એટલે શરીર સમધાત બન્યું રહે છે-નિરોગી રહે છે, તેથી મન

ઉપર બહુ સારી અસર થાય છે, મનમાં ખોટા વિચારો–કુવિ-કલ્પો પેસતા નથી અને સારા વિચારો સહેજે આવે છે. આમ થવાથી અભ્યંતર તપને પણ સારી પુષ્ટિ મળી શકે છે, તેમજ તેથી શુભ ભાવના પણ સહેજે પ્રગટ થાય છે.

શાસ્ત્રમાં ચાર પ્રકારની ભાવના કહેલી છે. ૧ મૈત્રી ભાવના, ૨ મુદિતા (પ્રમોદ) ભાવના, ૩ કારુણ્ય (કરુણા) ભાવના, અને ૪ માધ્યસ્થ ભાવનારૂપ ચાર ભાવનાઓ બતાવેલી છે.

૧ સહુ કોઇ જીવ સદાય સુખી થાઓ ! કોઇ કદાપિ દુઃખી ન થાઓ ! સહુ કોઇ સન્માર્ગે (સુખદાયી–સાચા માર્ગે) ચાલો ! કોઇ કુમાર્ગે ન ચાલો ! એવા પ્રકારની અંતઃકરણની ભાવનાને **મૈત્રી ભાવના** કહે છે.

૨ કોઇપણ સદ્‌ગુણી જનને દેખીને કે તેના ઉત્તમ ગુણો જાણીને દિલમાં રાજી થવું. જેમ મેઘનો ગર્જારવ સાંભળીને મયૂર ખુશી થઇ કેકારવ કરે છે તેમ ગુણીજનોનું ગુણગાન સાંભળી મનમાં આનંદ ઉભરાઇ જાય અને આપણને પણ તેવા ગુણ પામવા પ્રેમ વછૂટે--અંતઃકરણમાં ઊંડી લાગણી પેદા થાય તે **પ્રમોદ ભાવના** છે.

૩ દીન–અનાથને દુઃખી દેખી તેનું દુઃખ ઓછું કરવા જે લાગણી પેદા થાય તે તેમજ આપણાથી ઓછા ગુણવાળા જીવ આપણી બરોબર થાય તો સારું એમ વિચારી તેમના તરફ તિરસ્કાર બુદ્ધિ નહિ લાવતાં અનુકંપા યા દયાભરેલી લાગણી પ્રગટે તેને જ્ઞાની પુરુષો **કરુણા ભાવના** કહે છે.

૪ ગમે તેવા પાપી, નિર્દય અને નિંદક નાદાન જીવ ઉપર

પણ દ્વેષભાવ નહિ રાખતાં તેનાથી અલગ રહેવું, તેની સાથે સ્નેહ પણ કરવો નહિ, તેને જ્ઞાની પુરુષો **માધ્યસ્થ ભાવના** કહે છે. દ્વેષ કરવાથી તેવા અઘોર કર્મ કરનારા સુધરતા નથી, એટલું જ નહિં પણ કલેશ કરવાથી આપણું તો અવશ્ય બગડે છે અને તેની સાથે સ્નેહ–સંબંધ કરવાથી તેમના કુકર્મને પુષ્ટિ મળે છે. વળી તેના પાપકર્મને અનુમોદન આપવા(મળવા)થી આપણે પણ પાપના ભાગી થઇએ છીએ, માટે તેમનાથી અલગ રહેવામાં જ એકાન્ત હિત છે.

ઉપર વર્ણવેલા દાન, શીલ, તપ અને ભાવનારૂપ ચાર પ્રકારના ધર્મમાં ભાવધર્મ મુખ્ય છે. ભાવવડે જ દીધેલું દાન, પાળેલું શીલ અને કરેલો તપ લેખે થાય છે. ભાવ વગરનાં દાન, શીલ અને તપ લેખે થતા નથી. અલૂણાં ધાન્ય (ભોજન)-ની જેમ ભાવ વગરની કરણી ફીકી લાગે છે અને ભાવ સહિત કરવામાં આવતી સઘળી શુભ કરણી બહુ લહેજત આપે છે. તે માટે શાસ્ત્રમાં ભાવધર્મને સહુ કરતાં વધારે વખાણ્યો છે. તેથી આપણે પણ ભાવ સહિત જ શુભ કરણી કરવી. દાનથી દારિદ્ર દૂર થાય છે, શીલથી સૌભાગ્ય વધે છે, તપથી કર્મનો ક્ષય થાય છે અને ભાવથી ભવનો અંત થઇ જાય છે.

ભાવ સહિત–ઉલ્લાસથી **સુપાત્ર**–સાધુને દોષ રહિત અન્ના-દિકનું દાન દેવાવડે **શાલિભદ્રની** પેઠે અન્ય ભવમાં અનર્ગલ ઋદ્ધિ મળે છે અને અનુક્રમે મોક્ષપદની પ્રાપ્તિ થઇ શકે છે; કેમકે તેવા સુપાત્ર દાનથી સાધુના જ્ઞાન, દર્શન અને ચારિત્રને પુષ્ટિ મળે છે અને તેનું અનુમોદન કરવાથી આપણામાં પણ તેવા ઉત્તમ ગુણોની યોગ્યતા આવે છે. વિવેકથી દાન દેવું,

દાન દેતા અચકાવું નહિ તેમજ ઉદારતાથી દાન દીધા બાદ મનમાં લગારે પશ્ચાત્તાપ કરવો નહિ; પરંતુ એમ વિચારવું કે મને આવું સુપાત્ર મળ્યું તેથી મારું અહોભાગ્ય માનું છું. ફરી એવો સુપાત્રનો યોગ કયારે મળશે ?

શુદ્ધ–નિર્મળ શીલ પાળવું એ જ ખરું ભૂષણ છે અને શીલ વગરનું જીવિત પશુની જેવું નકામું છે. શુદ્ધ શીલવડે પોતાના શુભ આચારવિચાર દીપે છે. શુદ્ધ શીલનો પ્રભાવ અચિન્ત્ય ચિંતામણિ રત્ન સમાન છે, એમ સમજી ઉત્તમ સ્ત્રીપુરુષો શીલ–રત્નને પોતાના પ્રાણથી અધિક સાચવે છે, ગફલતથી શીલ રત્નને ગુમાવી દેતા નથી. કોઇ પણ લુચ્ચાલફંગા(હલકટ કામ કરનારા)ની સંગતથી દૂર જ રહે છે. કષ્ટ વખતે પોતાના શીલ-રત્નનું રક્ષણ કરવા વધારે કાળજી રાખે છે. ખરી કસોટી તેમની ત્યાં જ થાય છે. **ભરહેસરની સજ્ઝાય**માં વર્ણવેલા અનેક **સતા** અને **સતીઓ** પોતાના **શીલરત્ન**થી પોતાનાં નામ **અમર** કરી ગયા છે. તેમનો ઉત્તમ યશ અદ્યાપિ પર્યન્ત ગવાય છે. આપણે પણ પવિત્ર શીલનો અદ્‌ભુત પ્રભાવ સમજીને નિર્મળ શીલ પાળવા સદા ય સાવધાન રહેવું જોઇએ.

જે તે ઠેકાણે ભટકતા મનને સમજાવી કબજે રાખવાથી અને દેહનું દમન કરવાથી **તપ**નો લાભ મળી શકે છે. જે ભવિજનો પોતાની છતી શક્તિને ગોપવ્યા વગર તેનો સારો ઉપયોગ કરી લે છે, તેમને પરભવમાં પરાધીનપણાના દુ:ખ ભોગવવાં પડતાં નથી; પરંતુ જે પોતાની છતી શક્તિનો સદુ-પયોગ કરતા નથી, કેવળ પ્રમાદમાં જ પોતાનો અમૂલ્ય વખત વીતાવે છે તે બાપડાને પરભવમાં પરાધીનપણે બહુ બહુ

દુઃખ સહેવાં પડે છે. નિર્મળ જ્ઞાન અને વૈરાગ્યવડે જેમને દેહ ઉપરની મમતા ઊઠી ગઇ છે તે **આદીશ્વર ભગવાન** કે **વીર પરમાત્માની** પેઠે દુષ્કર તપ કરી શકે છે. **ક્ષમા-સમતા** સહિત કરવામાં આવતો તપ કઠણ કર્મનો પણ ક્ષણવારમાં ક્ષય કરી નાખે છે અને ક્રોધથી કરેલો ગમે તેટલો દુષ્કર તપ પણ લેખે થઈ શકતો નથી-નિષ્ફળ જાય છે; માટે ક્ષમા રાખવા અને ક્રોધ તજવા તપસ્વી જનોએ ખાસ કાળજી રાખવાની છે. **દ્રઢપ્રહારી** જેવા અઘોર પાપી પ્રાણીઓ પણ દુષ્કર તપના પ્રભાવથી સકળ કર્મનો ક્ષય કરીને મોક્ષપદ પામી ગયા છે, એમ સમજી આપણે પણ યથાશક્તિ પૂર્વે વર્ણવેલા બન્ને પ્રકારના તપમાં સમતા સહિત સદા ય ઉદ્યમ કરવો ઉચિત છે.

ઉપર જણાવેલી **મૈત્રી, મુદિતા, કરુણા** અને **માધ્યસ્થા** ભાવના ભવિજનોએ સ્વપર ઉપગારી જાણી સદા ય સેવવી ઉચિત છે. તે ઉપરાંત **શાન્તસુધારસ** પ્રમુખ ગ્રન્થોમાં વર્ણવેલી અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ અને અન્યત્વ પ્રમુખ દ્વાદશ-બાર ભાવનાઓ પણ આત્માને અત્યંત ઉપકારી-વૈરાગ્ય રંગને વધારનારી સમજીને સદા ય આદરવા યોગ્ય છે. તેનું વિશેષ વર્ણન **પ્રશમરતિ, શાન્તસુધારસ** અને **અધ્યાત્મ-કલ્પદ્રુમ** પ્રમુખ ગ્રંથોમાંથી તેમજ તેની સજ્ઝાયોમાંથી ગ્રહણ કરી લેવું. "**જેવી ભાવના તેવી સિદ્ધિ**" એ ન્યાયે અંતઃકરણ શુભ ભાવનામય કરી દેવું ઉચિત છે. જડ વસ્તુ પણ શુભ ભાવનાથી સુધરે છે, તો ચૈતન્ય યુક્ત આત્માનું તો કહેવું જ શું ? સુગંધી ફૂલની ભાવના દેવાથી તેલ સુવાસિત થઇ ફુલેલ કહેવાય છે, તેવી જ રીતે અન્ય પદાર્થ આશ્રી સમજવું. વિષયરસની

ભાવનાથી જીવ વિષયી બની જાય છે અને શાંતરસ(વૈરાગ્ય)ની ભાવનાથી શાન્ત–વૈરાગ્યમય બની જાય છે. તેથી જ કહ્યું છે કે–

" નારીચિત્ર દેખતાં વિકાર વેદના,
જિનંદ ચંદ દેખતાં શાંતિ પાવના. "

એ વાકય બહુ મનન કરવા યોગ્ય છે અને તેનું મનન કરીને વિષયવાસના તજી વૈરાગ્યવાસના આદરવા યોગ્ય છે. **ઉપશમ, વિવેક** અને **સંવર** એ ત્રણ પદની સમજ સાથે વારંવાર ભાવના કરવાથી **ચિલાતિપુત્ર** જેવો નિર્દય જીવ પણ સદ્દગતિ પામેલો છે, એમ વિચારી આપણે સહુએ શુભ ભાવના સેવવી જ ઉચિત છે.

સાધુ ધર્મ

સાધુ ધર્મ તે રાત્રિભોજનના સર્વથા ત્યાગ સહિત **સંપૂર્ણ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય** અને **અકિંચનતા** યોગે **પાંચ મહાવ્રતો** રૂપ બતાવ્યો છે. કોઈ પણ **ત્રસ** કે **સ્થાવર** (હાલતા–ચાલતા કે સ્થિર રહેનારા) જીવને મનથી, વચનથી કે કાયાથી હણવો નહિં, હણાવવો નહિં, તેમજ હણનારને સારો જાણવો નહિં; પણ સહુ જીવને આત્મસમાન જાણી તેની સદા રક્ષા કરવી એ **અહિંસા મહાવ્રત** કહેવાય છે. ક્રોધ, માન, માયા, લોભ, ભય કે હાસ્યથી ઉપર મુજબ લગારે અસત્ય ન બોલવું, પણ શાસ્ત્ર અનુસારે રાગ-દ્વેષ રહિત જરૂરપૂરતું પ્રિય અને હિત વચન જ વદવું તેને શાસ્ત્રકાર બીજું **સત્ય** નામનું **મહાવ્રત** કહે છે. દેવ, ગુરુ કે શાસ્ત્રની આજ્ઞા વિરુદ્ધ કંઇ પણ વસ્તુ તેના સ્વામીની રજા સિવાય રાગ–દ્વેષથી સર્વથા ન જ લેવી તે ત્રીજું **અચૌર્ય**

નામનું **મહાવ્રત** કહેવાય છે. દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી વિષયભોગનો રાગથી કે દ્વેષથી સર્વથા ત્યાગ કરવો, દુર્ધર મન અને ઇંદ્રિયોને વશ નહિં થઇ જતાં તેમને પોતાને કબજે રાખવા તેને શાસ્ત્રકાર ચોથું **બ્રહ્મચર્ય મહાવ્રત** કહે છે. ધન, ધાન્ય પ્રમુખ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહનો અને મિથ્યાત્વ, કષાય અને હાસ્ય પ્રમુખ ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહનો રાગ–દ્વેષ રહિતપણે સર્વથા ત્યાગ કરવો તે પાંચમું **અકિંચનતા મહાવ્રત** કહેવાય છે.

એવી રીતે વર્ણવેલા પાંચ મહાવ્રતરૂપ સાધુ–ધર્મનું યથાર્થ આરાધન કરવાથી આત્મા જલદી મોક્ષપદનો અધિકારી થઇ શકે છે, તેથી આપણે પણ સારા ભાગ્યે સાધુ–ધર્મને લાયક થઇએ એમ સદા ય ઇચ્છવું અને તેટલા માટે પ્રથમ યથાશક્તિ ગૃહસ્થ ધર્મનું સેવન કરવું. ઉપર જણાવેલાં પાંચ મહાવ્રતો સંપૂર્ણ રીતે પાળવા અસમર્થ હોય તેને માટે શાસ્ત્રમાં તે અહિંસાદિક વ્રતોને યથાશક્તિ થોડા પ્રમાણમાં પણ પાળવા કહેલું છે.

શ્રાવક ધર્મ

એવી રીતે ઉપરના પાંચ મહાવ્રતો અલ્પ પ્રમાણમાં જ પાળવામાં આવતાં તે **અહિંસાદિક પાંચ અણુવ્રતો** કહેવાય છે. તે પાંચ અણુવ્રતો ઉપરાંત અહિંસાદિક વ્રતોની રક્ષા અને પુષ્ટિ નિમિત્તે બીજા ત્રણ **ગુણવ્રત** અને ચાર **શિક્ષાવ્રત** પણ કહેલાં છે. એમ સર્વે મળીને શ્રાવકના **બાર વ્રત** કહેવાય છે. જો ગૃહસ્થયોગ્ય તે વ્રતો અંગીકાર કરવાની ઇચ્છા હોય–

થાય તો જરૂર તેનું સ્વરૂપ સદ્ગુરુ સમીપે જઈ વિનય સહિત જાણી લેવું જોઇએ.

પરમાર્થ સમજીને આત્માના કલ્યાણ માટે જો ધર્મકરણી કરીએ તો તેથી સરલતા સાથે અધિક હિત થઇ શકે છે. ઉપર જણાવેલાં દ્વાદશ વ્રતનું વિસ્તારથી વર્ણન "**શ્રાવક કલ્પતરુ**" અથવા "**વ્રત ગાઇડ**" નામના પુસ્તકમાં અલાયદું આપવામાં આવ્યું છે. તેનું લક્ષપૂર્વક અવલોકન કરી, તેમાં રહી જતી શંકાનું સમાધાન ગુરુગમથી મેળવીને પ્રેમપૂર્વક અને પ્રમાદ રહિત યથાશક્તિ તે તે વ્રત સદ્ગુરુ પાસે અંગીકાર કરી પૂરતી કાળજીથી તેનું પાલન કરવું ઉચિત છે. એમ કરવાથી અનુક્રમે સાધુ–ધર્મની પણ પ્રાપ્તિ થઇ શકે છે.

જૈન શાસ્ત્રોમાં સઘળા વ્રતોનું મૂળ **શુદ્ધ શ્રદ્ધા** અથવા **સમકિત** કહેલું છે. જેમ એકડા વગરનાં મિંડા મિથ્યા છે અને એકડા સહિત કરેલાં સઘળાં મિંડા સાર્થક થાય છે, તેમ સમકિત વગરની કરણી મિથ્યા છે અને સમકિત સહિત કરેલી સઘળી કરણી સાર્થક થાય છે. સમકિતરુચિવંત જીવો આવી રીતે પ્રતિજ્ઞા અંગીકાર કરીને તેને પ્રેમપૂર્વક પાળે છે. **તે પ્રતિજ્ઞા** નીચે પ્રમાણે છે.

" રાગ–દ્વેષાદિક દોષ માત્રથી સર્વથા મુક્ત થયેલા અને અનંત જ્ઞાનાદિક ગુણોથી અલંકૃત થયેલા **અરિહંતભગવાન** મારા **દેવ** છે. ઉપર વર્ણવેલાં પાંચ મહાવ્રતોને સદ્ગુરુ સમીપે અંગીકાર કરી, ક્ષમાદિક દશ પ્રકારની ઉત્તમ શિક્ષાને સદા ય સેવનારા, ભવ્ય જનોને તેમની યોગ્યતા અનુસારે અમૃત ઉપદેશ આપનારા **સુસાધુ** મારા **ગુરુ** છે અને

જિનેશ્વર ભગવાને ભાખેલાં જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ **નવ તત્ત્વ** મારે પ્રમાણ છે. આવી રીતે શાસ્ત્રોક્ત સમકિત જીવતાં સુધી પાળવા હું બંધાઉં છું." સમકિતવડે થોડા વખતમાં ભવભ્રમણ મટી જાય છે, તેથી તેનો પ્રભાવ અચિંત્ય છે. સમકિતવંતનું મૂળ લક્ષ આત્મ-કલ્યાણ સાધવામાં હોય છે, પરંતુ તેને કુટુંબપ્રતિપાલન કરવા માટે વ્યવહારિક કામ કરવા પડે છે તે જેમ બને તેમ અંતરથી ન્યારો રહીને જ કરે છે. એ પ્રભાવ સમકિતરત્નનો જ સમજવો.

સમકિત સંબંધી સડસઠ બોલનું સવિસ્તર વર્ણન "**શ્રદ્ધા-શુદ્ધિ ઉપાય**" ગ્રંથમાં અલાયદું આપેલું છે. સમકિત (તત્ત્વશ્રદ્ધા), શ્રાવકના વ્રત કે સાધુના મહાવ્રત યોગ્યતા વગર પ્રાપ્ત થઈ શકતા નથી. જેમને સમકિત પ્રમુખ પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા હોય તેમને તેવી યોગ્યતા મેળવવાની પૂરી જરૂર છે. સામાન્ય રીતે **ધર્મરત્ન**ની યોગ્યતા મેળવવા ઇચ્છતા ભાઇ-બહેનોએ નીચે જણાવેલા એકવીશ ગુણોનો અભ્યાસ કરવાની બહુ જ જરૂર છે. તેની યાદી આ પ્રમાણે છેઃ—

૧ ગંભીરતા અથવા ઉદારદિલ.

૨ સુંદર નીરોગી શરીર.

૩ શાન્ત પ્રકૃતિ-સ્વભાવ.

૪ લોકપ્રિયતા (થાય તેવું સદ્વર્તન).

૫ હૃદયની કોમળતા-આર્દ્રતા.

૬ પાપનો, પરભવનો તથા વડીલનો ડર.

૭ નિષ્કપટપણે સરલ વર્તન.

૮ વ્યાજબી દાક્ષિણ્યતા રાખવી (કોઇએ કહેલાં ઉચિત વચનનો આદર.)

૯ લજ્જા–મર્યાદા–અદબ રાખવી.

૧૦ દયા–સહુને આત્મ સમાન લેખવા.

૧૧ રાગદ્વેષ રહિત નિષ્પક્ષપાતી વર્તન.

૧૨ સદ્‌ગુણ–ગુણી પ્રત્યે પવિત્ર પ્રેમ–રાગ.

૧૩ હિત–પ્રિય–સત્ય વચન કથન (વિકથાવર્જન અને શાસ્ત્ર-વચનસેવન).

૧૪ સ્વજન–મિત્ર કુટુંબીને ધર્મરસિક કરવા પ્રયત્ન.

૧૫ શુભાશુભ પરિણામ આશ્રી લાંબો વિચાર કર્યા બાદ કોઇ પણ કાર્યનો આરંભ કરવાની ટેવ.

૧૬ કોઇ પણ વસ્તુના ગુણદોષ સારી રીતે જાણવાની પદ્ધતિ.

૧૭ આચારવિચારમાં કુશળ–શિષ્ટ પુરુષોને અનુસરી ચાલવું. ઉત્તમ પુરુષો પાસે તાલીમ લેવી.

૧૮ વડીલોનો તથા ગુણી જનોનો ઉચિત આદર કરવો.

૧૯ ઉપગારી લોકો માતા–પિતા–સ્વામી વિગેરે તથા હિતોપદેશ દેવાવાળા ગુરુમહારાજનો ઉપગાર સદા ય સ્મરણમાં રાખવો.

૨૦ ત્રિભુવન હિતકારી તીર્થંકર મહારાજ જેવા મહાપુરુષોના પવિત્ર દૃષ્ટાન્ત દિલમાં ધારી આપણે પણ આપણું કર્તવ્ય સમજીને પરોપકારરસિક થવું.

૨૧ કોઇ પણ કાર્યમાં કુશળ, અલ્પ પ્રયાસે કાર્ય સાધી લેવાની ચંચળતા.

સંક્ષેપ માત્રથી ઉપર જણાવેલા ૨૧ ગુણો જ્યાંસુધી આપણામાં પૂર્ણ રીતે ખીલી નીકળે ત્યાંસુધી વારંવાર કાળજીથી તે ગુણોનું સેવન કર્યા કરવું જોઇએ. જેમ દુનિયામાં જીવે માની લીધેલી અનેક વ્હાલી વસ્તુઓ માટે અહોનિશ–રાત્રિ-દિવસ ઉદ્યમ કરવામાં આવે છે તેથી તે વસ્તુ વહેલી યા મોડી પણ મળે છે તેવી રીતે કમર કસીને જો ઉપર જણાવેલા ધર્મ માટે ખાસ જરૂરના ગુણો મેળવવા પ્રયાસ કરવામાં આવે તો તે ઉપયોગી ગુણોની પ્રાપ્તિ થતાં આત્મા જલદી **ધર્મરત્નને** યોગ્ય થાય છે અને કરેલો પ્રયાસ નકામો જતો જ નથી.

જેમ જેમ પ્રેમ સહિત જણાવેલા ગુણો ખાતર અધિક પ્રયત્ન કરવામાં આવે છે તેમ તેમ આપણે તે ગુણોનો લાભ વધારે જલદી મેળવી શકીએ છીએ. જો વસ્ત્રને ધોઇ સારી રીતે સાફ કરેલું હોય તો જ તેને રંગ યથાર્થ–સારી રીતે ચઢી શકે છે અને ભીંત વગેરેને પણ ઘઠારી–મઠારીને સારી રીતે આરીસા જેવી સાફ કરી હોય તો જ તેની ઉપર સારું ચિત્રામણ થઇ શકે છે, તેવી જ રીતે ઉપર જણાવેલા ઉત્તમ એકવીશ ગુણોવડે ચિત્તરૂપી વસ્ત્રને પ્રથમ સાફ–નિર્મળ કરવું જોઇએ, અથવા હૃદય–ભૂમિને યથાર્થ શુદ્ધ કરી લેવી જોઇએ, તો જ તેમાં ધર્મ રંગ–રાગ સારો જામે છે, અથવા ઉત્તમ વ્રતરૂપી ચિત્રામણ તેમાં સારી રીતે ખીલી નીકળે છે અને લાંબા વખત સુધી ટકી પણ શકે છે, એમ સમજી આપણે સહુએ આ અતિ અગત્યની વાત ઉપર પૂરતું લક્ષ રાખી જેમ તે એકવીશ ગુણોની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ બને તેમ અધિકાધિક પ્રયત્ન પ્રેમ સહિત કરવો ઉચિત છે. તેની પ્રાપ્તિથી જ આપણે

સમકિત પ્રમુખ ઉત્તમ ધર્મને લાયક બની, સદ્ગુરુની કૃપાથી આત્માને અત્યંત ઉપગારી **ધર્મ** અલ્પ પ્રયાસે પામી શકીશું.

જે ભાઈ–બ્હેનો માર્ગાનુસારીપણાના ગુણોનું સારી રીતે પાલન કરે છે તે જલ્દી પવિત્ર ધર્મને પાળી શકે છે. તે ગુણોમાં પ્રથમ ન્યાયનીતિથી પ્રમાણિકપણે વર્તીને દ્રવ્ય ઉપાર્જન કરવાનું કહેલું છે, તે સિવાય વિશેષે કરીને સુઘડતા રાખવી, સત્સંગ કરવો, પરનિંદાથી નિવર્તવું, સારા ધર્મિષ્ટ પાડોશમાં રહેવું, નિર્ભય સ્થાનમાં વાસ કરવો, માતાપિતાદિક વડીલ જનોની આજ્ઞામાં રહેવું, આવકના પ્રમાણમાં જ ખર્ચ કરવો, બુદ્ધિના આઠ ગુણ ધારવા (શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા, શાસ્ત્ર સાંભળવું, તેનો અર્થ સમજવો, સમજેલો અર્થ યાદ રાખવો, તર્ક–વિતર્કવડે ગુરુ પાસે શંકાનું સમાધાન કરી લેવું, એમ કરીને તત્ત્વજ્ઞાન એટલે સત્ય વાસ્તવિક પરમાર્થ યુક્ત જ્ઞાન મેળવવું,) અજીર્ણ એટલે પ્રથમ ખાધેલું પચ્યું ન હોય ત્યાં સુધી ભોજન નહિ કરવું, અકાળે ખાવુંપીવું નહિં, ધર્મ, અર્થ અને કામને પૂર્વાપર બાધા રહિતપણે–વિરોધ રહિત સેવવા, ગૃહસ્થ યોગ્ય આગતા–સ્વાગતા સાચવવી, હઠ કદાગ્રહ રહિત વર્તવું, લોકવિરુદ્ધ તથા રાજ્યવિરુદ્ધ કર્તવ્ય તજવું, ગ્રહણ કરેલાં વ્રત–નિયમ દૃઢ ટેકથી પાળવા, કામ–ક્રોધ–લોભ–મદ–માન અને હર્ષરૂપ અંતરંગ છ વૈરીને જીતવા, તેમજ ઈન્દ્રિયોના વિષયસુખમાં નહિ મુંઝાતાં ઈન્દ્રિયોને વશ કરવી–તેની શાસ્ત્રકારે ખાસ ભલામણ કરેલી છે.

અહીં જણાવેલા ઘણા ગુણોનો મોટે ભાગે પ્રથમ જણાવેલા એકવીશ ગુણોમાં સમાવેશ થઇ જાય છે. અહીં ટૂંકામાં

બતાવેલાં માર્ગાનુસારીપણાના પાંત્રીશ ગુણોનું કંઈક વિસ્તારથી વર્ણન **હિતોપદેશ** પ્રથમ ભાગમાં અને એકવીશ ગુણોનું વર્ણન **હિતોપદેશ** બીજા ભાગમાં આપેલું છે ત્યાંથી તે કાળજી રાખી જોઇ લેવું અને તેનો પરમાર્થ સમજી બનતાં સુધી પોતાનું વર્તન સુધારી લેવા સુજ્ઞ ભાઇ–બહેનોએ પ્રયત્ન કરવો. આપણા પોતાના હિત માટે જ્ઞાની પુરુષોએ આપેલી અમૂલ્ય શિખામણોનો આપણાથી બની શકે ત્યાં સુધી આદર કરવાથી જ આપણું શ્રેય સારી રીતે સધાય છે એ કદાપિ પણ ભૂલી જવું નહિં.

ઉપર જણાવેલા માર્ગાનુસારીપણાના પાંત્રીશ ગુણો અથવા ધર્મરત્નની યોગ્યતા માટે કહેલા એકવીશ ગુણોનો સારી રીતે અભ્યાસ–મહાવરો રાખવાથી અનુક્રમે સમકિત પ્રમુખ ધર્મરત્નની પ્રાપ્તિ થઇ શકે છે. તેનો પ્રભાવ અતિ અદ્‌ભુત છે.

જેમ ચન્દ્રમાની વધતી કળાના યોગે સમુદ્રની વેળા (ભરતી) વૃદ્ધિ પામે છે તેમ અધિક ધર્મ આચરણના યોગે સર્વ સુખસંપદા સહેજે સંપજે છે. પવિત્ર ધર્મ આચરણ પ્રમાદ રહિત કરી લેવું એ જ આ મનુષ્ય જન્મ પામ્યાનું મુખ્ય કર્તવ્ય સમજીને હે ભવિજનો! સકળ સુખના ભંડાર સમાન સર્વજ્ઞભાષિત ધર્મનું તમે અતિ આદરથી સેવન કરો!

જ્યાંસુધી જરા–વૃદ્ધાવસ્થા આવી પહોંચી નથી, વિવિધ વ્યાધિઓ પ્રગટ થઇ નથી અને ઇંદ્રિયબળ ઘટતું નથી, ત્યાંસુધી **ધર્મસાધન** જલદી કરી લ્યો! નહિ તો પછી પસ્તાશો અને કરી શકશો નહિ. આ શરીરનો કાંઈ ભરોંસો નથી. જોતજોતામાં પાણીના પરપોટાની જેમ તે હતું ન હતું થઈ જશે, માટે ચેતવું હોય તો જલદી ચેતી લ્યો, તત્ત્વાતત્ત્વ, હિતાહિત, કૃત્યાકૃત્ય

અને લાભાલાભનો વિવેકથી વિચાર કરી લેવો એ જ બુદ્ધિ પામ્યાનું ફળ છે. યથાશક્તિ શુભ વ્રત–નિયમ અંગીકાર કરી ટેકથી પાળવાં એ જ દેહ પામ્યાનું ફળ છે; વિવેકથી પાત્ર–સુપાત્રનું પોષણ કરવું એ જ લક્ષ્મી પામ્યાનું ફળ છે, એમ દિલમાં ખૂબ સમજી, સમય ઓળખી, સ્વકાર્ય સુધારી લ્યો અને બની શકે તો બીજાને પણ ઉચિત સહાય આપતા રહો.

એ પવિત્ર **ધર્મની** સહાયથી જ **વિક્રમાદિત્ય** અને **શાલિવાહન** સુપ્રસિદ્ધ થયા. શાલિવાહનને ધર્મની કૃપાથી જ માટીના બનાવેલ મનુષ્ય, હાથી અને ઘોડાં સંગ્રામસમયે સાચા–સચેતન થઇ કામ લાગ્યા, જેથી પોતાની આણ–દાણ સર્વત્ર પ્રસરાવી. એ પૂર્વે કરેલાં ધર્મ–પુન્યનો જ પ્રભાવ સમજવો.

---

૪ સમ્યગ્ જ્ઞાન

(અભ્યાસથી જ સાચી સમજ આવે છે.)

તન મન ઠકુરાઇ, સર્વ એ જીવને છે,
પણ ઇકજ દુહિલું, જ્ઞાન સંસારમાં છે;
ભવજળનિધિ તારે, સર્વ જે દુઃખ વારે,
નિજ પરહિત હેતે, જ્ઞાન તે કાં ન ધારે ? ૭

જવ ઋષિ ઇક ગાથા, બોધથી ભય નિવાર્યો,
ઇક પદથી ચિલાતિ–પુત્ર સંસાર વાર્યો;
શ્રુત ભણત સુજ્ઞાની, માસ–તુસાદિ થાવે,
શ્રુતથી અભય હાથે, રોહિણી ચોર નાવે. ૮

" જ્ઞાન એ અપૂર્વ રસાયણ, અમૃત અને ઐશ્વર્ય છે, એમ સમર્થ શાસ્ત્રકારો કહે છે. "

જીવને પૂર્વપુન્યજોગે સુંદર–મનોહર–મજબૂત–નિરોગી દેહ મળી શકે છે, જેને દેખી અન્ય જનો ચકિત થઇ જાય છે, તેમજ તેમાં મોહિત બની જાય છે; વળી પુન્યજોગે વિશાળ લક્ષ્મીનો સંજોગ થઇ શકે છે, જેને દેખી લોકો તેને કુબેર ભંડારી પ્રમુખનાં ઉપનામ આપે છે; તેમજ પુન્યજોગે જીવને મનમાનતી મ્હોટી ઠકુરાઈ, મ્હોટા માનવંતા હોદ્દા, ખિતાબ વિગેરે એનાયત થાય છે, જે દેખી લોકો તેની મુક્તકંઠે પ્રશંસા કરે છે. આ બધું પૂર્વપુન્યજોગે જીવને પ્રાપ્ત થવું સુલભ છે. દુર્લભ કેવળ જીવને સાચું–સમ્યગ્જ્ઞાન જ છે. વિનય–બહુમાન સહિત સદ્ગુરુની સેવાભક્તિ કરતાં ભવ્ય જીવને સાચું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. તેનાં ફળ અલૌકિક કહ્યાં છે અને તેથી જ એવા અમૂલ્ય જ્ઞાન માટે યત્ન કરવો જરૂરનો છે.

સદ્ગુરુની સાચા દિલથી વિનય–બહુમાન સહિત સેવા–ભક્તિ કરતાં તેમની કૃપાથી સહેજે સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે; એટલે જીવના ઉપર આવી રહેલાં કર્મનાં આવરણ ઓછાં થતાં જાય છે અને એથી અંતરમાં જ્ઞાન ઉજાશ–પ્રકાશ થતો જાય છે, જેથી જીવને સત્યાસત્ય, હિતાહિત, કૃત્યાકૃત્ય, લાભાલાભ, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય અને ગુણ–દોષનું ખરું ભાન થઇ શકે છે. આનું છેવટ પરિણામ એ આવે છે કે જીવને સત્ય–હિત માર્ગ તરફ રુચિ–પ્રીતિ વધતી જાય છે અને અસત્ય–અહિત માર્ગ તરફની રુચિ ઘટતી જાય છે. આ રીતે અનુક્રમે વધતા જતા વિવેક–અભ્યાસવડે જીવને ચિંતામણિ રત્ન સરખા અમૂલ્ય **સમકિત** રત્નની પ્રાપ્તિ થઇ શકે છે.

જેમ એકડા ઉપર કરેલાં સઘળા મીંડાં સાર્થક થાય છે

તેમ સમકિત સહિત કરવામાં આવતી સઘળી કરણી લેખે થાય છે, પ્રમાદ દોષ ઓછો થતો જાય છે અને ક્ષમા, મૃદુતા (નમ્રતા), સરલતા અને સંતોષાદિક સદ્‌ગુણો પ્રગટ-પેદા કરવા આત્મા જાગ્રત થતો જાય છે, એટલે વીર્યોલ્લાસ વધતો જાય છે અને શુદ્ધ આચાર-વિચારનો અભ્યાસ કરવા આત્મા સમર્થ થઇ શકે છે. એ રીતે વિનયપૂર્વક કરેલ સમ્યગ્‌જ્ઞાનનું આવું રૂડું પરિણામ આવે છે.

સમ્યગ્‌જ્ઞાન કહો કે આત્મજ્ઞાન કહો તે આત્માનું ખરું હિત-કલ્યાણ સાધી શકે એવી સાચી કરણી આત્મા સાથે એક રસ થાય છે, ત્યારે તે જલદી જીવને જન્મમરણના દુઃખમાંથી મુક્ત કરાવી શકે છે. જેમ જળમાં જળનો રસ સાથે જ મળી રહે છે તેમ સમ્યગ્‌જ્ઞાનમાં સાચી કરણી પણ સાથે જ મળી રહે છે-તે એક બીજાથી વિખૂટાં રહેતાં જ નથી. પછી તે કરણી બાહ્ય રૂપે હોય કે અભ્યંતર રૂપે. શુદ્ધ ઉપયોગ સહિત કરાતી કરણી-સાચી કરણી સઘળાં દુઃખનો અંત કરે છે અને વિશેષમાં તેથી અન્ય અનેક ભવ્ય જીવોનું પણ હિત સધાય છે. મતલબ કે આવા સરલસ્વભાવી જીવનું પોતાનું કલ્યાણ તો નિઃસંશય થાય છે પણ તેનું અનુમોદન કરનારનું તેમજ યથાશક્તિ તદ્‌વત્ વર્તન કરનારનું પણ સહેજે શ્રેય થઇ શકે છે. આ પ્રમાણે અનેક રીતે સ્વપરને ઉપકાર કરનારું સમ્યગ્‌જ્ઞાન છે એમ જો સમજવામાં આવે તો પછી એવું અખૂટ જ્ઞાન-ધન પેદા કરવા હે સુખના અર્થી ભાઇબહેનો ! તમે કેમ ઉદ્યમ કરતાં નથી !

પૂર્વે **જવ** નામના **ઋષિ**-મુનિએ એક ગાથાના બોધ

માત્રથી મરણનો ભય નિવાર્યો, એ વાત શાસ્ત્રપ્રસિદ્ધ છે. અને **ચિલાતિપુત્રે ઉપશમ, વિવેક** અને **સંવર**રૂપ પદના પરિચય માત્રથી ભવભ્રમણ નિવાર્યું. જ્યારે તેણે મહાત્મા-મુનિ પાસેથી એ પદનું શ્રવણ કર્યું ત્યારે તે પદનો રહસ્યાર્થ જાણવાની ઇચ્છા થઇ. તત્સંબંધી મનમાં ઊંડો આલોચ (વિચાર) કરતાં તેને તેનો યથાર્થ ભાવ સૂઝ્યો; એટલે તેણે ક્રોધાદિક કષાયને સમાવી દીધા અને હિતાહિત, કૃત્યાકૃત્ય, યાવત્ ત્યાજ્યાત્યાજ્યનો નિર્ણય કરી પોતાના એક હાથમાં રાખેલું ખડ્ગ અને બીજા હાથમાં રહેલું **સુસીમા** કન્યાનું મસ્તક તજી દીધું. પછી પોતે એક મહાત્મા મુનિની પેઠે કાયોત્સર્ગ ધ્યાનમાં નિશ્ચળપણે ઊભા રહ્યા. ત્યાં વજ્ર જેવા તીક્ષ્ણ મુખથી ડંખ મારતી અનેક કીડીઓ તેને વળગી, જેથી તેની કાયા ચાલણી જેવી થઇ ગઈ તો પણ પોતે નિશ્ચળ ધ્યાનથી ડગ્યા નહિ અને અઢી દિવસમાં આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી પોતે સદ્-ગતિના ભાગી થયા, એ સમ્યગ્જ્ઞાનનો પ્રભાવ સમજવો.

સમ્યગ્જ્ઞાનના પ્રભાવથી જીવનું કેટલું બધું શ્રેય થાય છે? તે શ્રુતજ્ઞાનના **'મા રૂષ મા તુષ'** એવા એકાદ અવિ-કારી પદના પ્રભાવથી માષતુષાદિક કઇક જીવો સુજ્ઞાની થઇ પરમ કલ્યાણ સાધી શકયા છે, તેવી જ રીતે શ્રુતજ્ઞાનના જે થોડાક બોલ **રોહિણીયા ચોરના** કાનમાં પડી ગયા હતા તેના પ્રભાવથી તે **અભયકુમાર** જેવા બુદ્ધિવંતના હાથમાં આવી શકયો ન હતો, અર્થાત્ **પ્રભુ શ્રીવીર**ના મુખથી નીકળેલાં થોડાંક વચન તેના કાનમાં વગર ઇચ્છાએ પડ્યાં હતાં, તો પણ તેથી તે બચી જવા પામ્યો હતો. તો પછી જે ભવ્યાત્માઓ ભાવ

સહિત સર્વજ્ઞભાષિત વચનોનો આદર કરે તેમનું તો કહેવું જ શું ? તેઓ તો અવશ્ય સ્વશ્રેય સાધી શકે જ, એમ સમજી સત્ય જ્ઞાનાભ્યાસ કરવા સહુ કોઇએ ચીવટ રાખવી યુક્ત છે. એ જ્ઞાન–ગુણવડે જ અનુક્રમે આત્મા અક્ષય સુખ પામી શકે છે.

---

૫ મનુષ્ય જન્મ

મનુષ્ય જન્મની દુર્લભતા અને તેની અસાધારણ ઉપયોગિતા.

ભવજળધિ ભમંતા, કોઇ વેળા વિશેષે,
મનુષ જનમ લાધો, દુલ્લહો રત્ન લેખે;
સફળ કર સુધર્મી, જન્મ તે ધર્મ યોગે,
પરભવ સુખ જેથી, મોક્ષલક્ષ્મી પ્રભોગે. ૯

મનુષ જનમ પામી, આળસે જે ગમે છે,
શશિ નૃપતિ પરે તે, શોચનાથી ભમે છે;
દુલ્લહ દશ કથા જ્યું, માનુષો જન્મ એ છે,
જિન ધરમ વિશેષે, જોડતાં સાર્થ તે છે. ૧૦

આ ચાર ગતિરૂપ સંસારસાગરમાં કર્મવશ અરહાપરહા અથડાતાં–પછડાતાં તથાપ્રકારની અકામનિર્જરાદિકના યોગે અનુકૂળ સમયને પામી જીવ ચિંતામણિ રત્ન સમાન અમૂલ્ય માનવ ભવ મેળવી શકે છે. એવો અમૂલ્ય–દુર્લભ માનવ ભવ પામીને સર્વજ્ઞ ભગવાને બતાવેલા **દાન, શીલ, તપ** અને **ભાવ**રૂપ ધર્મનું સેવન કરી તેને લેખે કરી લેવો યુક્ત છે.

અહિંસા, સંયમ અને તપલક્ષણ ધર્મ મહામંગલકારી કહ્યો છે. એ ધર્મમાં જેનું મન સદા ય વર્ત્યા કરે છે તેને મહાન્ દેવદાનવો પણ નમસ્કાર કરે છે. એ ધર્મનું યથાવિધ

અખંડ આરાધન કરનાર મુનીશ્વરો મોક્ષનાં અક્ષય સુખ મેળવી શકે છે અને મુનિયોગ્ય મહાવ્રતોને પાળવાને અશક્ત એવા જે ભવ્ય જીવો તેનું દેશથી (અંશથી પણ) આરાધન કરે છે તે પણ સ્વર્ગાદિક સદ્ગતિનાં ચઢીયાતાં સુખ સંપાદન કરી અંતે અક્ષય સુખ મેળવી શકે છે, એમ સમજી સાચા સુખના અર્થી ભાઇબહેનોએ પ્રમાદાચરણથી આ અમૂલ્ય માનવભવ વૃથા જવા દેવો નહિ. સ્વસ્વ સ્થિતિ-સંયોગાદિક અનુસારે સહુ કોઈએ યથાશક્તિ વ્રત-નિયમનું પાલન કરી આ નરભવને સાર્થક કરવો જોઈએ.

બુદ્ધિબળને પામી આપણે આપણું હિતાહિત સમજી હિત-માર્ગ જ આદરવા ઉજમાળ થવું જોઇએ. પુન્યયોગે લક્ષ્મી પામીને વિવેકસર તેનો જરૂર જેવા સ્થળમાં સદુપયોગ કરી લેવો જોઇએ અને વાક્પટુતા (વચન વદવામાં કુશળતા) પામીને પ્રાણીઓને પ્રીતિ ઉપજે એવાં નરમાશભરેલાં મીઠાશવાળાં અને હિતરૂપ થાય એવાં જ વચન વદવાં (બોલવાં) જોઈએ. આ વગેરે દુર્લભ સામગ્રી પૂર્વ પુન્યયોગે પામી જે ભવ્યાત્માઓ સ્વહિત કરી લેવા સાવધાન થાય છે તે પુન્યાત્માઓ અનુકૂળ પ્રસંગને પામી પરજીવોનું પણ હિત હૈડે ધરી કરી શકે છે અને એ રીતે સ્વમાનવભવને સફળ કરે છે.

આ માનવ ભવને ચિંતામણિ રત્ન સમાન એટલા માટે કહેલ છે કે એના વગર કોઈ જીવ કદાપિ પણ અક્ષય અનંત મોક્ષસુખ મેળવી શકતો નથી. આવા ઉદાર આશયથી શ્રી **ઉત્તરાધ્યયન સૂત્ર**માં આ માનવભવ દશ દૃષ્ટાન્તે દુર્લભ વખાણ્યો છે. તે સાથે આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, ઇંદ્રિયપટુતા, શરીરે સુખ,

ધર્મશ્રદ્ધા-રુચિ, સદ્ગુરુયોગ અને વ્રત-નિયમરૂપ વિરતિના પરિણામ એ સર્વ ઉત્તરોત્તર પુન્યવડે જ પ્રાપ્ત થઇ શકે છે. તેવી દુર્લભ શુભ સામગ્રી મહાપુન્યજોગે પામ્યા પછી સુજ્ઞ જનોએ સ્વપર હિત સાધી લેવા જરા પણ આળસ કરવું ન જોઇએ. એમ છતાં આળસ-પ્રમાદથી જે જનો આ શુભ સામગ્રીનો જોઈતો લાભ લેતા નથી, વાયદામાં ને વાયદામાં જ પોતાનો બધો વખત વીતાવી દે છે તે બાપડાને પાછળથી **શશિરાજા**ની પેઠે બહુ જ શોચવું--પસ્તાવું પડે છે.

પૂર્વે થઇ ગયેલા **શશિરાજાને** તેમના વડીલ બંધુએ બહુ સમજાવ્યા છતાં તેણે વિષયતૃષ્ણાદિકના પરવશપણાથી તેનું કહેવું માન્યું નહી જેથી માઠા પરિણામે મરીને તે નરકમાં ગયો. ત્યાં (નરકમાં) મહાકદર્થના સહન કરવી પડી, તેથી તેને પોતાના સ્વચ્છંદ આચરણ માટે બહુ જ ખેદ ઉપજવા લાગ્યો, પણ પછી વળે શું ? અંતે ઝુરી ઝુરીને પણ નરકની શિક્ષા-વેદના ભોગવવી તો પડી જ. એમાં કશું ચાલ્યું નહિ. આ વાત સહુ કોઇને એક સરખી રીતે લાગુ પડે એવી છે, તેથી પાણી પહેલાં જ પાળ બાંધવા જેવી અગમચેતી વાપરી સ્વપરહિતસાધનવડે શાસ્ત્રોક્ત દશ દૃષ્ટાંતે દુર્લભ માનવ ભવ સફળ કરી લેવા ચૂકવું નહિ, જેથી પાછળથી પસ્તાવો કરવો પડે નહિ

રાગ-દ્વેષ અને મોહાદિક સર્વ વિકારોથી સર્વથા રહિત વીતરાગ પરમાત્મા છે. તેમનાં પરમ હિતકર વચન એ જ આગમવચન છે. એ આગમવચન આપણને સત્ય માર્ગ બતાવે છે. એ મુજબ ચાલવાથી આપણો માનવ ભવ સફળ થાય છે.

૬ સજ્જનતા

સજ્જનોની બલિહારી

(સજ્જનોનાં લક્ષણ અને તેથી સધાતો સ્વપર ઉપકાર)

સદય મન સદાઇ, દુઃખિયાં જે સહાઇ,
પરહિત મતિ દાઇ, જાસ વાણી મિઠાઇ;
ગુણ કરી ગહરાઈ, મેરુ જયું ધીરતાઈ,
સુજન જન સદાઇ, તેહ આનંદદાઈ. ૧૧

જઈ દુરજન લોકે, દુહવ્યા દોષ દેઈ,
મન મલિન ન થાયે, સજ્જના તેહ તેઈ;
દ્રુપદ જનક પુત્રી, અંજના કષ્ટયોગે,
કનક જિમ કસોટી, તે તિસી શીલ અંગે ૧૨

" જેઓ સદા મન, વચન અને કાયામાં પુણ્ય અમૃતથી ભરેલા હોય છે, ઉપકારની અનેક કોટિયોવડે જેઓ ત્રિભુવનને સદા સંતોષ ઉપજાવે છે અને પરના પરમાણુ જેટલા (અલ્પ) ગુણને પણ પર્વત જેવા મહાન લેખી પોતાના મનમાં પ્રમોદ ધારે છે, તેવા વિરલ **સજ્જનો** જગતને પાવન કરી રહ્યાં છે. "

" જેમનું સદ્‌વર્તન જગતને હિતરૂપ હોવાથી અનુકરણ કરવા યોગ્ય હોય છે, જે સદા ય ગુણગ્રાહી હોય છે, પરના ગુણ માત્રને ગ્રહણ કરનારા હોય છે, વળી જે પરના દોષ તરફ દષ્ટિ દેતા નથી, પોતાનામાં ગમે તેવા સદ્‌ગુણો હોય છતાં તેનો લગારે ગર્વ કરતા નથી; પણ સદા ય લઘુતા ધારણ કરતા રહે છે, **તેવા સજ્જનો ખરેખર જગત માત્રને આશીર્વાદરૂપ જ ગણાય છે.** "

સજ્જનોનું દિલ સદા ય દયાર્દ્ર—પારકાં દુઃખ દેખી પીગળી જાય એવું હોય છે. દુઃખી જનોનાં દુઃખ નિવારવા સજ્જનો સદા ય બનતી સહાય આપવા તૈયાર રહે છે. જેમ તેમના દુઃખનો અંત આવે તેમ જોવા અને તે માટે બનતું કરવા તેઓ ઉત્કંઠિત હોય છે. તેમની વાણીમાં એવી તો મીઠાશ અને હિતબુદ્ધિ હોય છે કે એથી અન્ય જીવોનું અચૂક હિત થાય છે, તેમ જ તેઓ રાજી રાજી થઈ જાય છે. તેઓ સમુદ્રની જેવા ગંભીર આશયવાળા હોય છે, જેથી તેઓ અનેક ગુણ-રત્નોને અંતરમાં ધારણ કરતાં છતાં છલકાઈ જતા નથી. તેઓ એવી ઉત્તમ મર્યાદા જાળવે છે કે જેથી બીજા ચકિત થઇ જાય છે અને તેમના જેવી ઉત્તમ મર્યાદા—આચારવિચાર પાળવા સહેજે લલચાય છે. વળી સજ્જન પુરુષો સદા ય મેરુપર્વત જેવું નિશ્ચળ ધૈર્ય ધારણ કરી રહે છે, એટલે તેઓ ગમે તેવા અનુકૂળ—પ્રતિકૂળ સંયોગોમાં સમભાવ ધારી શકે છે. (સમ—વિષમ સમયે હર્ષ—ખેદ નહિં કરતાં તેમાં સમચિત્તે રહે છે). વિપત્તિ સમયે તેઓ દીનતા દાખવતા નથી. સજ્જન પુરુષોની વૃત્તિ સદા ય સિંહની જેવી પરાક્રમવાળી હોય છે. તેઓ દરેક પ્રસંગે ડહાપણથી કામ લે છે. સજ્જનતાની વાતો ઘણાં કરે છે, તેમાં કેટલાકને પ્રીતિ પણ હોય છે, પરંતુ સજ્જન પુરુ-ષોના પવિત્ર માર્ગે ચાલવાનું બહુ જ થોડાનાં ભાગ્યમાં હોય છે. સજ્જનતાથી વિરુદ્ધ વર્તન તે જ દુર્જનતા છે. તેવી દુર્જ-નતા દાખવનાર દુર્જનો તેમના જાતિસ્વભાવને લઈ સજ્જન પુરુષોને સંતાપે પણ છે, સજ્જન પુરુષોમાં જે ઉત્તમ અનુક-રણીય ગુણો હોય છે તે તેમને રુચતા નથી; તેથી કંઈક જાતના દોષ દઈ દુર્જનો સજ્જનોને વારંવાર દુહવ્યા કરે છે; પણ

એથી સજ્જનો તેમના ઉપર રોષ ધારતા નથી. સજ્જનો તો સ્વભાવે પોતાના વિહિત માર્ગે જ ચાલ્યા કરે છે.

घृष्टं घृष्टं पुनरपि पुनः चंदनं चारुगंधं ।
छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुकांडं ॥
दग्धं दग्धं पुनरपि पुनः काञ्चनं कान्तवर्णं ।
न प्राणान्ते प्रकृतिविकृतिर्जायते चोत्तमानाम् ॥

"ચંદનને જેમ જેમ ઘસવામાં (ઘસારો દેવામાં કે છેદવામાં) આવે છે તેમ તેમ તે સુગંધ જ આપે છે. શેલડીને જેમ જેમ છેદવામાં–કાપવામાં આવે તેમ તેમ તે સરસ–મીઠો રસ સમર્પે છે. જેમ જેમ કાંચન(સોના)ને અગ્નિવડે તપાવવામાં આવે છે તેમ તેમ તેનો વાન (વર્ણ) શોભતો થાય છે, એ રીતે ઉત્તમ સજ્જનોને પ્રાણાન્ત કષ્ટ આવી પડે તો પણ તેઓ પોતાની રૂડી પ્રકૃતિને બગડવા દેતા નથી."

તેઓ આપત્તિ સમયે ઘણી જ ધીરજ અને અભ્યુદય વખતે ઘણી જ ક્ષમા રાખે છે. તેઓ પોતાનાં કાર્ય બહુ જ પ્રમાણિક-પણે કરે છે, છતાં સ્વોત્કર્ષ એટલે આપબડાઈ યા આત્મ-શ્લાઘા કરતા નથી. તેઓ પારકા છતાં કે અછતાં દૂષણ (અપવાદ) બોલતા જ નથી, પણ પોતાનાથી બની શકે તેટલો પરોપકાર કંઈ પણ સ્પૃહા રાખ્યા વગર સદા ય કરતા રહે છે. તેઓ પોતાના મનને નિર્વિકારી રાખે છે. જુઓ ! **દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદી** સતી, **જનક રાજાની પુત્રી સીતા** સતી અને **અંજના** સતી ! એઓએ આપત્તિ સમયે કેવી ઉત્તમ ધીરજ રાખી પોતાનું પવિત્ર શીલ સાચવ્યું છે. સજ્જનોની ખરી

કસોટી–પરીક્ષા કટોકટીના વખતે જ થાય છે. ગમે તેટલું કષ્ટ આવી પડે તો પણ તેવા સજ્જનો પોતાનો સન્માર્ગ લોપતા નથી.

વળી કહ્યું છે કે—

" સજ્જનોને ક્રોધ–કષાય હોય નહિ, કદાચ બીજાના ભલા માટે તેવો દેખાવ કરવો પડે તો તે લાંબો વખત રહે નહિ અને કદી લાંબો વખત રાખવાની જરૂર જ પડે તો તેનું માઠું ફળ થવા પામે નહિ. "

આ વાત બહુ અજબ અને વખાણવા લાયક જ છે. સજ્જનોનાં વચન અમૃત જેવાં મીઠાં અને હિતકારી હોય છે, તેથી તે સહુને પ્રિય–આદેય થઇ પડે છે. આપણે પણ આપણા પોતાના, આપણા બાળબચ્ચાનાં, કુટુંબના, જ્ઞાતિના, દેશના તેમજ સમાજના ભલાને માટે અનિષ્ટ–દુર્જનતા દૂર કરી, શ્રેષ્ઠ સજ્જનતા આદરવા સદાય ઉદ્યમી થવું જોઇએ.

---

૭ ગુણરાગી

ગુણરાગી અને ગુણગ્રાહી થવાની જરૂર અને એથી ઉપજતા અનિવાર્ય ફાયદા

ગુણ ગ્રહી ગુણ જેમાં, તે બહુમાન પાવે,
નર સુરભિ ગુણે જ્યું, ફૂલ શિશે ચઢાવે;
ગુણ કરી બહુમાને, લોક જ્યું ચંદ્રમાને,
અતિ કૃશ જિમ માને, પૂર્ણને ત્યું ન માને. ૧૩

મલયગિરિ કડે જે, જંબુ લિંબાદિ સોહે,
મલય જ તરુ સંગે, ચંદના તેઈ હોહે;

પ્રેમ લહિય વડારશ્યું, કીજિયે સંગ રંગે,
ગજ શિર ચડી બેઠી, જ્યું અજા સિંહ સંગે. ૧૪

" આપ ગુણી ને વળી ગુણરાગી,
જગમાં તેહની કીરતિ ગાજી; લાલન કી. "
(શ્રી યશોવિજયજી)

જેઓનામાં ગુણરાગીપણાનો અને ગુણગ્રાહીપણાનો મહાન્ સદ્‌ગુણ વર્તે છે, તેઓની યશ-કીર્ત્તિ-પ્રતિષ્ઠામાં ઘણો વધારો થાય છે. એ મહાન્ સદ્‌ગુણ તેમનામાં જ આવી શકે છે કે જેઓ મદ-મત્સર-દ્વેષ-ઇર્ષ્યા-અદેખાઇ નામના મહાવિકારથી વેગળા હોય છે. જેમનું અંતર દ્વેષરૂપ અગ્નિથી સદા ય પ્રજ્વલિત રહે છે, તેમનામાં ઉપરના સદ્‌ગુણની યોગ્યતા જ હોતી નથી, ક્રોધ અને અભિમાન એ દ્વેષના જ અંગભૂત પરિણામ છે. તે જ્યાં સુધી ચેતનજીમાં વાસ કરે છે ત્યાં સુધી ચેતનજીથી સામામાં ગમે એવા ઉત્તમ સદ્‌ગુણો હોય તો પણ તે ગ્રહણ કરીને આદરી શકાતા નથી; એટલું જ નહિ, પણ ત્યાં સુધી ચેતનજીને એ સદ્‌ગુણ સંબંધી વાત પણ રુચતી નથી. એ તો જ્યારે ક્ષમા-સમતાદિક પ્રધાન સત્સંગયોગે દ્વેષાગ્નિ અથવા એના અંગભૂત ક્રોધાદિક પરિણામ શમી જાય છે અને ચેતનજીમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થપાતું જાય છે ત્યારે અને ત્યારે જ સદ્‌ગુણોની વાત રુચે છે.

સદ્‌ગુણ પ્રત્યે રાગબુદ્ધિ પ્રગટે છે અને સદ્‌ગુણોને ગ્રહણ કરી ચેતનજી પોતે પણ સદ્‌ગુણી બને છે. હવે જ્યારે ચેતનજી પોતે સદ્‌ગુણી, સદ્‌ગુણરાગી અને સદ્‌ગુણગ્રાહી બને છે ત્યારે તો તે દેવની પેઠે પૂજાય છે, મનાય છે અને તેનાં વચન પણ બહુમાન્ય થવા લાગે છે.

જુઓ ! સુગંધીપણાના ગુણને લીધે મ્હોટા ભૂપતિઓ પણ પુષ્પોને પોતાના મસ્તક ઉપર ચઢાવે છે, જ્યાં તે તાજ-(મુગટ)ની પેઠે બહુમાન પામે છે. કહ્યું છે કે:—

" गुणाः पूजास्थानं, गुणिषु न च लिंगं न च वयः । "

એટલે ગુણો જ–સદ્‌ગુણો જ પૂજાયોગ્ય છે. ગુણીજનો જે પૂજાય–મનાય છે તે તેમના સદ્‌ગુણોને લઈને જ. સદ્‌ગુણો વગરનું કેવળ લિંગ–વેશ કંઇ કામના નથી. સદ્‌ગુણો હોય તો જ તે બધાં લિંગ અને વય પ્રમુખ લેખે થાય છે. જ્યાં ત્યાં સદ્‌ગુણોની જ બલિહારી છે.

લઘુતાધારી–ઊગતા બીજના ચન્દ્રમાને લોકો જેમ બહુ-માને છે–જુએ છે, તેમ પૂર્ણ ગારવતા–ગૌરવ પામેલા પૂર્ણિમાના ચન્દ્રમાને લોકો બહુ માનતા નથી. શ્રીમાન્ **ચિદાનંદજી** મહારાજે એક લલિત પદમાં લઘુતા–નમ્રતાના ભારે વખાણ કર્યાં છે અને આઠ પ્રકારના મદની ભારે નિભ્રંછના પણ કરી છે, તે વાત યથાર્થ જ છે. (" લઘુતા મેરે મન માની " ઇત્યાદિ પદમાં) જે કોઈ ભવ્યાત્મા ગુણીજનોનું બહુમાન–વિનય–સત્કાર–સન્માન કરે છે તેથી સદ્‌ગુણોનું જ બહુમાન કર્યું લેખાય છે અને એવા સદ્‌ગુણોને લક્ષીને જ જ્યાં જ્યાં ઉચિત પ્રવૃતિ કરવામાં આવે છે ત્યાં ત્યાં તેવા સદ્‌ગુણોની પ્રાપ્તિ અથવા યોગ્યતા સહજ થાય છે.

ચેતનજી–ભવ્યાત્મા એ ભાવુક દ્રવ્ય હોવાથી ઉત્તમ સંગયોગે તેનામાં ઉત્તમતા સહેજે આવે છે. જે દુર્ભવ્ય કે અભવ્ય હોય છે તેને જ તેવો ઉત્તમ સંગ ઉપકારક થઇ

શકતો નથી. વિષહર-ઝેરને ટાળનાર મણિ વિષધરના મસ્તક ઉપર જ છતાં સર્પને તેની કશી શુભ અસર થતી નથી, ત્યારે તે જ મણિથી બીજા કઈક મનુષ્યાદિકનો ઉપગાર થઇ શકે છે, એ સહજ સમજાય તેવું છે. સહૃદય મનુષ્યોનું તો કહેવું જ શું ? પણ જડરૂપ દેખાતાં જંબુ, લિંબાદિક વૃક્ષો જે મલયગિરિની સાનિધ્યમાં આવી રહ્યાં છે તે પણ શુદ્ધ ચંદનવૃક્ષના સંગથી ચંદનરૂપ થઇ જાય છે, એમ સમજી સુજ્ઞ ભાઈબહેનોએ હર્ષ સહિત સદ્‌ગુણી એવા વડીલોનો સદા ય સમાગમ સેવવો જોઇએ.

નીતિશાસ્ત્રકાર કહે છે કે:—" **बालादपि हितं ग्राह्यं** " એટલે લઘુવયવાળા બાળક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરી લેવું જોઇએ. વયથી બાળક છતાં જો બુદ્ધિ વિશાળ હોય તો તેનું સમયોચિત વચન વયોવૃદ્ધને પણ ઉપયોગી થાય; છતાં જો તેને બાળરૂપ સમજી તેના વચનની અવગણના કરવામાં આવે છે તો તે પ્રાસંગિક લાભથી વંચિત જ રહેવાય છે. જે સાયરની જેવા ગંભીર હૃદયવાળા હોય છે તેઓ પોતે અનેક ગુણરત્નોના નિધાન હોવા છતાં ગુણાનુરાગીપણાથી અન્ય અનેક પદાર્થોમાંથી ગુણ ગ્રહણ કરી શકે છે, એમ છતાં તેઓ પોતાની યોગ્યતાનો કે પ્રાપ્તિનો બિલકુલ ગર્વ કરતા નથી. એ બધો પ્રભાવ સત્સંગથી પ્રગટતા ગુણાનુરાગનો અને ગુણ ગ્રહણ કરવાની કળાનો સમજવો

વળી જુઓ ! ડાભના અગ્રે રહેલું જળબિંદુ જે મોતીની આભા(પ્રભા)ને ધારણ કરે છે અને મેરુપર્વત ઉપર રહેલું તૃણ પણ સુવર્ણની શોભાને ધારણ કરે છે, એ આદિ કુદરતી બનાવો આપણને શુભ આશયથી-ચોખ્ખા દિલથી સત્સંગ કરવા પ્રેરે

છે અને સદ્‌ગુણના રાગી થવા તેમજ સદ્‌ગુણ ગ્રહણ કરવા શિખવે છે. એક બકરી જેવું ગરીબ જાનવર સિંહના સંગે હાથી જેવા માતબર પ્રાણીના માથે ચઢી બેસે છે, તેમાં શું આશ્ચર્ય?

---

૮ ન્યાયસંપન્ન વિભવઃ

માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો પૈકી પ્રથમ ગુણ

(ન્યાયાચરણ આદરવાની આવશ્યકતા.)

જગ સુજસ સુવાસે, ન્યાય લચ્છી ઉપાસે,
વ્યસન દુરિત નાસે, ન્યાયથી લોક વાસે;
ઈમ હૃદય વિમાસી, ન્યાય અંગીકરીજે,
અનય પરિહરીજે, વિશ્વને વશ્ય કીજે. ૧૫

પશુ પણ તસ સેવે, ન્યાયથી જે ન ચૂકે,
અનય પથ ચલે જે, ભાઈ તે તાસ મૂકે;
કપિ કુળ મિળિ સેવ્યા, રામને શિશ નામી,
અનય કરી તજ્યો જ્યું, ભાઇએ લંકસ્વામી. ૧૬

હય ગય ન સહાઈ, યુદ્ધ કીર્તિ સદાઈ,
રિપુવિજય વિધાઈ, ન્યાય તે ધર્મદાઈ;
ધરમ નયધરા જે, તે સુખે વૈરી જીપે,
ધરમ નયવિહુણા, તેહને વૈરી છીપે. ૧૭

ધરમ નય પસાયે, પાડવા પંચ તેઈ,
કરી યુદ્ધ જય પામ્યા, રાજ્યલીલા લહેઈ;
ધરમ નયવિહુણા, કૌરવા ગર્વ માતા,
રણસમય વિગૂતા, પાંડવા તેહ જીતા. ૧૮

ન્યાય–નીતિ–પ્રમાણિકતા એ સર્વે એકાર્થવાચક પર્યાય વચનો ગણાય છે, અને ન્યાય–નીતિનું અવલંબન કરીને જે વ્યવસાય કરવો તે **ન્યાયાચરણ** કહેવાય છે. દયાળુ દિલવાળા બુદ્ધિશાળી હોય તે **ન્યાયાચરણ** કરી શકે છે. કઠોર દિલવાળાથી બીજાને યથાર્થ ઇન્સાફ આપી શકાતો નથી, તેથી ઠીક જ કહ્યું છે કે ન્યાય સાથે દયાનું મિશ્રણ થવું જ જોઇએ. સમર્થ શાસ્ત્રકારો પણ કહે છે કે—“ **आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।** ” અર્થાત્ જે કંઇ આચરણ આપણને પોતાને પણ વિવેક–બુદ્ધિથી વિચારતાં પ્રતિકૂલ–વિરુદ્ધ જણાતું–સમજાતું હોય તેવું આચરણ–વર્તન આપણે બીજા પ્રત્યે અજમાવવું નહિ; કેમકે સુખ–દુઃખની, માન–અપમાનની, યાવત જીવિત–મરણની લાગણી સહુને સમાન હોય છે. જ્યારે આમ છે ત્યારે જે આપણને પોતાને જ ન ગમે-પ્રતિકૂળ લાગે તે બીજાને પણ કેમ જ ગમે કે અનુકૂળ પડે ? તેનો વિચાર પ્રથમ કરવો જોઇએ. એથી જ બીજા પણ દયાળુ લોકો આ વાતનું સમર્થન કરતાં કહે છે કે—“ Do unto others as you would be done by. ” એની મતલબ એવી છે કે—બીજા પાસેથી જેવા અદ્દલ ન્યાયની તમે ઇચ્છા રાખતા હો તેવો જ અદ્દલ ન્યાય તમે અન્યને આપો–આપતા રહો. તમને કોઇ અધિકારી અન્યાય આપે તે તમને રુચે ખરો ? નહિ જ રુચે. તો પછી તમે અન્યને ગેરઇન્સાફ આપો તે તેને પણ કેમ જ રુચે ? ન જ રુચે. બીજાના અન્યાય આચરણથી જેમ તમારી લાગણી દુભાય તેમ તમારાં અન્યાયાચરણથી સામાની લાગણી પણ દુભાયા વગર કેમ જ રહે ? આ વાતનો ખ્યાલ દયાળુ જનો દિલમાં લાવી પરને પ્રતિકૂળ થઇ પડે એવા અન્યાયાચ-

રણુ કરતાં સહેજે અટકે છે, અને સહુને આત્મ સમાન લેખી તેમના પ્રત્યે બહુ જ ભલમનસાઇ રાખી પ્રમાણિકપણે–ન્યાયાચરણથી જ વર્તે છે.

એવા જ ઉદાર આશયથી શાસ્ત્રકારે કહ્યું છે કે—

मातृवत् परदारेषु, परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत् सर्वभूतेषु, यः पश्यति स पण्डितः ॥ १ ॥

“ જે પરસ્ત્રીને માતા તુલ્ય લેખે છે, પરદ્રવ્યને પત્થર તુલ્ય લેખે છે, અને સર્વ પ્રાણીવર્ગને આત્મ તુલ્ય લેખે છે, એ જ ખરા જ્ઞાની–પંડિત છે.” આ રીતે ન્યાય–નીતિ–પ્રમાણિકતાના માર્ગે ચાલનાર ભવ્ય જનો જ **માર્ગાનુસારી** ગણાય છે.

ગમે તેવાના સંબંધમાં કશા સંકોચ વગર નિર્ભયપણે ન્યાય–નીતિના વિહિત માર્ગે ચાલવું એ માર્ગાનુસારીપણાનું પ્રથમ અંગ છે. ન્યાયાચરણથી જગતમાં આપણો સુજસ વિસ્તરે છે, લક્ષ્મીલીલા વધે છે અને સ્થિર થઇ રહે છે, પાપ–તાપ અને આપદા દૂર ટળે છે; તેમ જ વળી સહેજે લોકો વશવર્તી થાય છે, એમ સમજી હ્રદયમાં વિમાસણ કરીને, ન્યાય–નીતિનો માર્ગ મક્કમપણે આદરી અનીતિનો માર્ગ સર્વથા તજવો ઘટે છે. જગતને વશ કરવાનો–આપણા તરફ આકર્ષવાનો એ અદ્ભુત ઉપાય છે. ગમે તેવા સંયોગમાં પણ જે ન્યાયાચરણ તજતો નથી અર્થાત્ અનીતિના માર્ગને તિલાંજલિ દઇ દ્રઢપણે ન્યાયનો જ માર્ગ આદરે છે તેને સત્ય ન્યાયના પ્રભાવથી હિંસક પશુઓ (નિર્દય જાનવરો) પણ આવીને પગમાં પડે છે અને જે જાણી જોઇને અનીતિનો માર્ગ આદરે છે તેને તેનો સગો ભાઇ પણ સહાય કરતો નથી.

ન્યાયવંતમાં **રામચન્દ્ર** અને **યુધિષ્ઠિરાદિક** મહાપુરુષોના તેમજ **સીતા** તથા **સુભદ્રાદિક** મહાસતીઓનાં ચરિત્રો સુપ્રસિદ્ધ છે. જુઓ! ન્યાયમૂર્તિ એવા **રામચન્દ્રજીની** સેવામાં કપિકુળ-ગણ અતિ નમ્રતા સહિત હાજર થઈ રહ્યા અને અન્યાય-કારી **રાવણને** તેનો સગો સહોદર-બંધુ વિભીષણ પણ તજીને ચાલ્યો ગયો અને ન્યાયવંત રામચંદ્રજીનો જ આશ્રય લીધો. આથી સ્પષ્ટ થાય છે કે સત્ય-ન્યાય માર્ગને મક્કમ-પણે સેવનારનો શત્રુ પણ મિત્ર થઇ જાય છે; ત્યારે જાણી જોઈને અન્યાય આદરનારને તેના બંધુ-મિત્ર પણ છોડીને ચાલ્યા જાય છે. આ તો પ્રગટ ન્યાય-અન્યાયનું ઐહિક-આ લોક સંબંધી કિંચિત્ માત્ર ફળ કહ્યું. પરલોકમાં તો એથી અત્યંતગણું ફળ સ્વર્ગ-નરકાદિકમાં ભોગવવું પડે છે. આટલા પ્રેરક શબ્દો પણ અન્યાયાચરણ તજીને ન્યાયાચરણ આદરવા સુજ્ઞ જનો માટે તો બસ કહેવાય.

ન્યાયવંતની જગમાં જશ-કીર્ત્તિ વધે છે અને જયકમળા તેને વરે છે ત્યારે તેથી વિરુદ્ધ વર્તન સેવનાર સર્વ પ્રકારે હાનિ પામે છે, પરાભવ પામે છે અને અત્યંત દુ:ખી થઈ જાય છે.

વળી જુઓ! ન્યાય-નીતિ અને સત્યધર્મના પસાયે **પાંચે પાંડવો** યુદ્ધમાં જય પામ્યા, રાજ્યલીલા પામ્યા અને છેવટે સકળ કર્મનો અંત કરી તેઓ **અક્ષય-અવ્યાબાધ** એવું **મોક્ષ**સુખ પામ્યા, ત્યારે અન્યાય-અનીતિ અને અધર્મના માર્ગે જ ચાલનાર **દુર્યોધન** પ્રમુખ **કૌરવો** રણસંગ્રામમાં પરાભવ પામીને ભૂંડા હાલે મૃત્યુ પામ્યા અને મરીને મહા-દુ:ખદાયી ગતિ પામ્યા, એમ સમજી સહુ સુજ્ઞ ભાઈબહેનોએ

આ જ ક્ષણથી અન્યાયાચરણ તજી દઇને શિષ્ટ પુરુષોએ સેવિત ન્યાયાચરણનું જ દૃઢ આલંબન લેવા પ્રતિજ્ઞા કરવી ઉચિત છે. સ્વકર્ત્તવ્યકર્મને પ્રમાદ રહિત નિષ્કામપણે કરનાર ન્યાયીની પંક્તિમાં આવે છે.

---

૯ પ્રતિજ્ઞાપાલન

કુશળ પ્રતિજ્ઞા કરીને કુશળતાથી પાળવા હિતવચન

શુભ અશુભ જિ કાંઇ, આદર્યું તે નિવાહે,
રવિ પણ તસ જોવા, વ્યોમ જાણે વગાહે;
કર–ગહિત નિવાહે, તાસને સત્ત આપે,
મલિન તનુ પખાલે, સિંધુમાં સુર આપે. ૧૯

પુરુષ રયણ મોટા, તે ગણીજે ધરાએ,
જિણ જિમ પડિવજ્યું, તે ન છંડે પરાયે;
ગિરીશ વિષ ધર્યો જે, તે ન અદ્યાપિ નાખ્યો,
દુરગતિ નર લેઈ, વિક્રમાદિત્ય રાખ્યો. ૨૦

શુભ કે અશુભ જે કાંઇ આદર્યું–કબૂલ કર્યું તેને જે નિર્વહે છે તેને જોવા માટે જ જાણે સૂર્ય આકાશમાં અવગાહન કરે છે–ફરે છે. વળી તે જ સૂર્ય ગૃહિત–ગ્રહણ કરીને જે નિર્વહે છે તેને સત્ત્વ–બળ આપે છે, અને તેની મલિનતાને ગ્રહણ કરેલી પોતે જ સમુદ્રમાં ડૂબીને પખાળે છે–સ્વચ્છ કરે છે. આ ધરા જે પૃથ્વી તેમાં મોટા પુરુષરત્ન તો તેને જ ગણવા કે જે જેવી રીતે અંગીકાર કર્યું હોય તેને ત્યજે નહિ પણ નિર્વહે છે. જુઓ ! ગિરીશ જે શિવ તેણે વિષને અંગીકાર

કર્યું તો તે હજુ સુધી નાંખી દીધું નથી–તજી દીધું નથી. અને દુર્ગત કેતાં દુર્ભાગી નર જે પુરુષ તેને લઇને વિક્રમાદિત્યે પણ રાખ્યો છે–તજી દીધો નથી. આ બન્ને દૃષ્ટાન્તો લૌકિકના છે.

સુબુદ્ધિવંતનું એ કર્તવ્ય છે કે પ્રથમ તો જે કંઇ પ્રતિજ્ઞા કરવી તે દક્ષતાથી–ડહાપણથી–દુરંદેશી રાખીને, તેનું પરિણામ અને પોતાનું સામર્થ્ય–શક્તિ વિચારીને જ કરવી. જે કરવાને પોતે શક્તિમાન હોય, જે કરવું હિતરૂપ હોય અને જેનું પરિણામ સુંદર આવવા સંભવ હોય–આવું જ કાર્ય કરવા ડહાપણથી નિશ્ચય કરવો અને પછીથી તેવા કરેલા નિશ્ચયથી ગમે તેવા ભોગે પણ ડગવું નહિ.

દુનિયામાં ત્રણ પ્રકારના પ્રાણીઓ–જીવો મળી આવે છે. અધમ, મધ્યમ અને ઉત્તમ. તેમાં જે અધમ કોટિના જીવો છે તેઓ તો અજ્ઞાન અને મોહની પ્રબળતાથી કેવળ કાયરતા ધારીને ગમે તેવાં શકય કાર્ય–અનુષ્ઠાનને પણ આદરતા જ નથી. બીજા જે મધ્યમ કોટિના જીવો હોય છે તે જો કે કોઇ જ્ઞાની પુરુષોનાં મુખથી કોઇ કાર્ય–અનુષ્ઠાનનો પ્રભાવ–મહિમા સાંભળીને તેનો આદર કરે છે ખરા, પણ તે પ્રમાણે કરતાં કંઇ વિઘ્ન આવી પડતાં આદરેલાં કાર્યને તજી દે છે. અને જે ઉત્તમ કોટિના હોય છે તેઓ તો પૂર્વ મહાપુરુષોની પેઠે દીર્ઘદૃષ્ટિથી હિતકારી કાર્યને જ નિજ શક્તિ–સામર્થ્યનો પૂરતો ખ્યાલ રાખીને આદરે છે અને આદરેલાં કાર્યનો પ્રાણાંત કષ્ટ આવ્યે છતે પણ પૂર્ણોત્સાહથી નિર્વાહ કરે છે. તેઓ આદરેલાં કાર્યને ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં અધવચ્ચ લટકતું મૂકતા નથી. આવા ઉત્તમ પુરુષોની દૃઢ ટેક નિરખવાને માટે જ હોય તેમ સૂર્ય અને ચંદ્રાદિક આકાશમાં ફરતા રહે છે.

શાસ્ત્રકાર કહે છે કે સાત્ત્વિક પ્રકૃતિના જીવો જેનો સ્વીકાર કરે છે, જે કાર્ય કરવાનો નિશ્ચય કરે છે તે કાર્યને પૂર્ણ કરતા સુધી તેને નિર્વહે છે. તેમનું સંકલ્પબળ જ એવું સુદૃઢ હોય છે કે ગમે તેવાં વિઘ્ન–અંતરાય માર્ગમાં આવ્યા છતાં લગારે ડગ્યા વગર તેઓ પોતે આદરેલું કાર્ય પૂરું કરી શકે છે. તેમની આવી દૃઢ ધારણા અથવા ટેકથી તેમનું સત્ત્વ વધારે ને વધારે પ્રમાણમાં ખીલતું જાય છે. તેથી તેઓ ગમે તેવા દુષ્કર–કઠણ કામ કરવા હામ ભીડી શકે છે, અને તે પાર પણ પાડે છે. સાહસિકપણાથી તેઓ ઘણાં અગત્યનાં કામ આદરીને પાર ઉતારી શકે છે અને બીજા અનેક જીવોને તેમના જીવતા દાખલાથી બોધ આપતા રહે છે. જે જીવો પોતાની છતી શક્તિ છુપાવીને કાયરપણું ધારી બેસી રહે છે તેઓ કશું સ્વપર હિત-રૂપ કાર્ય કરી શકતા નથી; પણ જેઓ નિજ શકિતને ફેરવી તેનો જેમ જેમ સદુપયોગ કરતા રહે છે તેમ તેમ તેમને કાર્યની સફળતાની પ્રતીતિ આવતી જાય છે કે પોતે પોતાના વીર્ય–પુરુષાર્થવડે જે કંઇ કાર્ય કરવા ઇચ્છશે તે કાર્ય સુખેથી કરી શકશે.

શાસ્ત્રકાર આગળ વધીને કહે છે કે તેઓ દુનિઆમાં મ્હોટા પુરુષરત્નો ગણાય છે કે જેઓ પોતે સમજપૂર્વક આદરેલું–અંગીકાર કરેલું ગમે તે કાર્ય તજી દેતા નથી પણ તેને પાર પહોંચાડવા સંપૂર્ણ શ્રમ ઉઠાવે છે. ફક્ત જ્યારે લાભને બદલે ગેરલાભ અથવા હિતને બદલે અહિત થતું જણાય ત્યારે જ પોતાના કાર્યનો આગ્રહ શિથિલ કરી નાંખે છે. તે વગર તેઓ મક્કમપણે સ્વકર્તવ્ય કર્મને બજાવ્યા જ કરે છે, તે ઉપર શાસ્ત્રકારો અનેક દૃષ્ટાંત બતાવી આપી આપણને શક્યારંભમાં

ઉત્સાહિત થવા, હિતરૂપ કાર્ય આદરવાં અને તે કરતાં નડતાં વિઘ્નોથી ડર્યા વગર ઇચ્છિત કાર્યને પાર પાડવા ઉત્તમ પ્રકારનો બોધ આપે છે.

દેવગુરુની સાક્ષીએ વ્રત-નિયમાદિક સમજપૂર્વક આદરી લેવા માટેનો શાસ્ત્ર ઉપદેશ હિતબુદ્ધિથી જ યોજાયેલો છે. કેવળ આપણી મેળે આદરેલાં વ્રત-નિયમ પાળવામાં શિથિલતા થવા પામે અને તેને તજી દેવામાં આવે ત્યારે તેવો પ્રમાદ દૂર કરવાનું કહેનાર ભાગ્યે જ કોઈ મળે છે, પણ પંચ સાક્ષીએ આદરેલાં વ્રત-નિયમો પાળવામાં જ્યારે શિથિલ પરિણામ થયેલા જોવામાં આવે ત્યારે તેમાં થતી શિથિલતા દૂર કરવા પ્રેરણા કરનારા ગુરુ પ્રમુખ અનેક મળી આવે છે અને ફરી સાવધાન થઈ આદરેલાં વ્રત-નિયમો પ્રમાદ રહિત પાળવા શક્તિમાન થવાય છે. આવો લાભ પંચ સાક્ષીએ વ્રત-નિયમ આદરવામાં રહેલો છે. જ્યારે તીર્થંકર દેવ જેવા સમર્થ પુરુષો સિદ્ધ ભગવાનની સાક્ષીએ મહાવ્રત ઉચ્ચરે છે ત્યારે શું આપણું એ કર્તવ્ય નથી કે શુદ્ધ દેવગુરુની સાક્ષીએ આપણે પણ આદરવા યોગ્ય વ્રત-નિયમ આદરીને તે બધાં પ્રમાદ રહિત થઈ પાળવાં ?

કેટલાએક સત્પુરુષો સિંહની પેઠે શૂરવીરપણે વ્રત-નિયમો અંગીકાર કરીને સિંહની પેઠે જ શૂરવીરપણે તે બધા ય વ્રત-નિયમો નિર્દોષ રીતે પાળે છે. કેટલાએક શીયાળની પેરે શિથિલ પરિણામથી વ્રત-નિયમને આદર્યા છતાં પાછળથી સદ્ગુરુના અનુગ્રહથી નિર્મળ જ્ઞાન અને શ્રદ્ધાનું બળ મેળવી આદરેલાં વ્રત-નિયમોને સિંહની પેઠે શૂરવીરપણે પાળે છે.

કેટલાએક શરૂઆતમાં શુભ વૈરાગ્યાદિકના બળથી સિંહની પેઠે વ્રત-નિયમ આદરે છે પણ પાછળથી વિષયસુખની લાલચમાં લપટાઈને અથવા ક્રોધાદિક કષાયને વશ થઇને આદરેલાં વ્રત-નિયમ પાળવામાં શિયાળની પેઠે કેવળ શિથિલ પરિણામી બની જાય છે. ત્યારે કેટલાએક મંદપરિણામી જીવો પ્રથમથી જ શિયાળની પેરે વ્રત-નિયમ આદરીને છેવટ સુધી તેવી જ મંદતા અથવા શિથિલતા ધારે છે. છેલ્લો પ્રકાર બીલકુલ આદરવા યોગ્ય નથી. પહેલો અને બીજો પ્રકાર આદરવા લાયક છે, અને ત્રીજો પ્રકાર પણ જેઓ મંદ પરિણામથી વ્રત આદરતા જ નથી તે કરતાં ઘણો જ ચઢીઆતો છે, કેમકે શરૂઆતમાં શુભ વૈરાગ્ય યોગે વ્રત-નિયમ શૂરવીરપણે આદરતાં તે ઘણાંએક કર્મનો ક્ષય કરી શકે છે. આ બધી વાત લક્ષમાં લઇ સર્વ સાધુ તેમ જ શ્રાવક જનોએ નિજ નિજ અધિકાર ઉચિત વ્રત-નિયમ સિંહની પેઠે આદરી તેનો સિંહની પેઠે શૂરવીરપણે નિર્વાહ કરવા લક્ષ રાખવું.

પ્રતિજ્ઞા ઘણા પ્રકારની હોય છે, તેમ ઘણી રીતે તે પ્રતિજ્ઞા કરવામાં આવે છે. કોઇ પણ કાર્ય મનથી, વચનથી કે કાયાથી કરવાની કબૂલાત આપવી, સંકલ્પ કરવો, નિશ્ચય બાંધવો, એ તે કાર્ય સંબંધી પ્રતિજ્ઞા કરી કહેવાય છે. પ્રતિજ્ઞા કરી એટલે તે કાર્ય કરવું જ. પછી તે શરતથી જેટલા સમયે (કાળ-મર્યાદાથી) જેવી રીતે કરવું કબૂલ્યું હોય તેમ તે કાર્ય કરવું જ જોઇએ અને એથી જ કોઇ પણ કાર્ય કરવાની કબૂલાત આપ્યા પહેલાં આ કાર્ય કેવું છે? કરવું શકય છે કે અશકય છે? વળી આસપાસના સ્થિતિ સંયોગો કેવા છે? અનુકૂળ કે પ્રતિકૂળ? એ બધી વાત લક્ષમાં રાખવી જોઇએ. દીર્ઘદર્શી

વિચારશીલ અને શક્ય આરંભને કરનાર પોતાની આદરેલી પ્રતિજ્ઞા પૂરી કરી શકે છે અને એથી પણ આગળ વધી શકે છે. તીર્થંકર જેવા સમર્થ જ્ઞાની પુરુષોના ચરિત્રોમાં પ્રસ્તાવે કહેવામાં આવ્યું છે કે તેઓ " **दक्खे दक्खपइन्ने** " એટલે ડાહ્યા અને ડહાપણભરેલી પ્રતિજ્ઞાને કરનારા હતા. તેઓ જેમ તેમ જેવી તેવી (પાછળથી પોતાને ઘણી કફોડી સ્થિતિમાં લાવી મૂકે એવી ગાંડી) પ્રતિજ્ઞા કરતા નહિ અને ગ્રહણ કરેલી (નિપુણતાથી દીર્ઘદર્શીપણે શક્ય જાણીને આદરેલી) પ્રતિજ્ઞાને ગમે તેટલો આત્મભોગ આપીને પણ પૂર્ણ કરતા. ઉત્તમ પ્રતિજ્ઞા એવી હોવી જોઇએ. ચ્હાય તો મહા ભગીરથ પ્રાતજ્ઞા હોય કે અલ્પ પ્રતિજ્ઞા હોય. ગમે તેવી શુભ પ્રતિજ્ઞાથી લગારે ડગ્યા વગર આદરેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા પૂરતો પ્રયત્ન પ્રાણાંત સુધી કર્યા કરવો એ ઉત્તમ કોટિવાળાનું લક્ષણ છે. મધ્યમ કોટિવાળા કંઇ પણ કાર્ય વિશેષ લાભવાળું જાણી કરવા પ્રતિજ્ઞા લે છે, પણ ઉક્ત કાર્ય કરતાં આવી પડેલાં વિઘ્નોથી ડરી જઇ તે કાર્ય પડતું મૂકી દે છે. ત્યારે નિકૃષ્ટ-નિર્બળ કોટિના કાયરજનો હોય છે તે તો ગમે તેવાં લાભ-કારક કાર્ય સંબંધી પ્રતિજ્ઞા કરતાં પહેલાં જ કંપી ઊઠે છે. આવા કાયર-નિર્બળ મનનાં માણસો કંઇ મહત્ત્વની પ્રતિજ્ઞા કરવાને લાયક જ નથી. અન્યના આગ્રહથી કે દાક્ષિણ્યતાદિકથી કદાચ તે કંઇ શુભ કાર્ય કરવા પ્રતિજ્ઞા કરે છે તો તે બહુધા પૂરી કરી શકતા જ નથી. જો કે ગમે તે શુભ કાર્ય કરવા પ્રતિજ્ઞા કરીને તે પોતાને જ પાળવાની છે, પરંતુ ગ્રહણ કરા-યેલી પ્રતિજ્ઞાનું વિસ્મરણ ન થાય, કદાચ દૈવયોગે વિસ્મરણ થયું તો તેનું સંસ્મરણ કરાવી શકાય એ આદિ અનેક શુભ

હેતુથી **પંચસાક્ષિક** પ્રતિજ્ઞા કરવા-કરાવવાનો વ્યવહાર પ્રચલિત છે. લૌકિકમાં પણ મહત્ત્વના કામ **પંચસાક્ષિક** કરવાં પડે છે, તો લોકોત્તર શુભ કાર્યનું કહેવું જ શું? તેમાં તો “૧ **અરિહંત**, ૨ **સિદ્ધ**, ૩ **સાધુ**, ૪ **શાસનદેવતા** અને ૫ **પ્રતિજ્ઞા કરાવનાર આત્મા**” એ **પંચસાક્ષિક** પ્રતિજ્ઞા કરવામાં આવે છે. અને પ્રતિજ્ઞા કરનારને સાથે ગણતા **ષટ્ (૭) સાક્ષિક** પ્રતિજ્ઞા થાય છે. શાસ્ત્રવચનને માન આપી ઉક્ત સાક્ષીપૂર્વક જે શુભ પ્રતિજ્ઞા કરવામાં આવે છે તે પાળવામાં ઘણી સરળતા થઇ જાય છે અને જે કોઇ આપઇચ્છાથી કેવળ આત્મસાક્ષિક જ પ્રતિજ્ઞા કરે છે તેને જયારે કર્મયોગે પ્રતિજ્ઞાથી ચૂકી જવાનું આવે છે ત્યારે તેને ઉદ્ધરનાર એટલે યોગ્ય ટેકો આપી પાછો પ્રતિજ્ઞામાં જોડનાર કે સ્થિર કરનાર ભાગ્યે જ મળે છે. તેથી કઇક જીવો ગળડી પડે છે, એ દોષ વ્યવહાર માર્ગનો અનાદર—ઉપેક્ષા કરવાથી પ્રાપ્ત થાય છે, તેથી સુજ્ઞજનો વ્યવહાર માર્ગનો અનાદર કરતા--કરાવતા કે અનુમોદતા નથી; કેમકે એમ કરતાં તો વ્યવહારનો લોપ થઇ જાય છે અને એથી સર્વજ્ઞ-આજ્ઞાની પણ વિરાધના કરી કહેવાય છે. એમ હોવાથી જ જો કે સહુ આત્માઓ સત્તાએ સમાન છે તો પણ ગુરુ-શિષ્યાદિકનો તેમ જ વ્રતપચ્ચખ્ખાણાદિક લેવાદેવાનો પણ વ્યવહાર પ્રવર્ત્તે છે અને એ રીતે વ્યવહારધર્મનું સરલપણે સેવન કરતાં જ આત્મા અનુક્રમે અનાદિ વિષયવાસનાને તેમ જ મિથ્યાત્વ કષાયાદિક દોષજાળને છેદી શુદ્ધ સ્ફટિક સમાન નિજ શુદ્ધ સ્વભાવને પ્રગટ કરી શકે છે. માટે જ કહ્યું છે કે-

“ મારગ અનુસારી ક્રિયા, છેદે સો મતિહીન;
કપટ ક્રિયા બળ જગ ઠગે, સો ભી ભવજલ મીન.”

સમાધિતંત્રે.

તેમજ—

"નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પામે જે વ્યવહાર;
પુન્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર."
મનમોહન જિનજી !

એ આદિક પ્રમાણો નિર્દંભપણે શાસ્ત્રવચનાનુસારે શુદ્ધ લક્ષ-પૂર્વક શિષ્ટજનોએ, કહો કે શ્રી તીર્થંકર ગણધર પ્રમુખે આચરેલો અને પ્રરૂપેલો વ્યવહાર માર્ગ સ્વહિતરૂપ સમજી નિષ્કામ બુદ્ધિથી સેવવા યોગ્ય છે, એમ પૂરવાર કરે છે. આટલું પ્રસંગોપાત ઉપ-યોગી જાણીને વિશેષ વિવેચન કર્યું. હવે મૂળ મુદ્દા ઉપર આવીએ.

પ્રતિજ્ઞા ગ્રહણ કરવાના સંબંધમાં નીતિશાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે–"જે કાર્ય કરવું શકય ન હોય અથવા તો તે કરવા પૂરતું આપણું વીર્ય ઉત્થાન, કહો કે સામર્થ્ય પણ ન હોય, તો તેનો આરંભ જ ન કરવો, એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે. અને આરંભેલા કાર્યનો યથાર્થ નિર્વાહ કરવો એ બુદ્ધિનું બીજું લક્ષણ છે." મતલબ કે સહુએ યથાશક્તિ–સ્વશક્તિ ગોપવ્યા વગર સ્વ–સ્વોચિત કાર્ય કરવાં જ જોઈએ. કોઇ પણ કાર્ય ગજા ઉપરાંત કરવાથી મૂળતઃ ક્ષતિ ન આવે એટલા માટે ઉપકારી એવા જ્ઞાની પુરુષો આપણને સાવચેતપણે હિતકાર્ય કરવા શિખામણ આપે છે કે–જે કાર્ય પરમાર્થ સમજીને યોગ્ય વિધિથી કરવામાં આવે છે તે આપણને પરિણામે રસદાયી અને લાભદાયી નીવડે છે. જે સજ્જનો સ્વપ્રતિજ્ઞામાં સુદૃઢ રહે છે તેઓ મહાપુરુષની પંક્તિમાં લેખાય છે. તેમની પ્રસંગે કસોટી પણ થાય છે. તેવે પ્રસંગે જ પોતાની અટલ ટેકની

ખાત્રી થઇ શકે છે. ઉત્તમ કોટિના જનો તો પોતાની પ્રતિજ્ઞામાં બહુ જ અડગ રહે છે. ખરેખર એઓ પ્રશંસાપાત્ર જ છે.

આ પ્રસંગે કહેવું ઉચિત છે કે જે નીતિશાસ્ત્રમાં તેમ જ ધર્મશાસ્ત્રમાં કુશળ હોય છે તે સ્વોચિત પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં તથા તેનું કાળજીથી પાલન કરવામાં કુશળતા દાખવી શકે છે, અન્યથા ગ્રહણ કરેલી પ્રતિજ્ઞામાં સ્ખલના થઇ જવાનો ભય કાયમ રહે છે. પ્રતિજ્ઞા કરવામાં જેટલા પુરુષાર્થની જરૂર છે તેથી અધિક પુરુષાર્થની જરૂર પ્રતિજ્ઞાને કુશળતાથી પાળવામાં રહે છે, તેથી જે ભવ્યાત્માઓ પોતાના પુરુષાર્થનો ઉપયોગ ઉપકારી–જ્ઞાની ગુર્વાદિકની હિતશિક્ષા અનુસારે કરવા તત્પર રહે છે તે સ્વોચિત પ્રતિજ્ઞાને આદરી સુખે પાળી શકે છે. અને એમ કરીને અન્ય અનેક આત્માર્થી સજ્જનોને ઉત્તમ દૃષ્ટાન્તરૂપ પણ થઇ શકે છે. આપણ સહુ કોઇને એવી સદ્બુદ્ધિ અને એવું આત્મબળ પ્રાપ્ત થાઓ! છેવટે સત્ય–કુશળ પ્રતિજ્ઞા લઇને તેને કુશળતાથી પાળનારા પુરુષાર્થી[1] સજ્જનોને આપણો પુનઃ પુનઃ નમસ્કાર !!!

---

૧૦. ઉપશમ

ઉપશમ ગુણ આદરવા આશ્રી ઉપદેશ

ઉપશમ હિતકારી, સર્વદા લોકમાંહી,
ઉપશમ ધર પ્રાણી, એ સમો સૌખ્ય નાંહી;
તપ જપ સુરસેવા, સર્વ જે આદરે છે,
ઉપશમ વિણ તે તો, વારિ મંથા કરે છે. ૨૧

---

૧ સંયમધુરાને ધરનાર અને નિર્વહનાર મહાસત્ત્વશાળી સાધુ આદિ.

ઉપશમ રસ લીલા, જાસ ચિત્તે વિરાજી,
કિમ નરભવકેરી, ઋદ્ધિમાં તેહ રાજી?
ગજ[૧] મુનિવર જેહા, ધન્ય તે જ્ઞાન ગેહા,
તપ કરી કૃશ દેહા, શાન્તિ પિયૂષ મેહા. ૨૨

" उपसम सार खु सामन्नं "

ઉપશમપ્રધાન જ ચારિત્ર વખાણ્યું છે અથવા "ઉપશમ સાર છે પ્રવચને." જૈન શાસનમાં ઉપશમ–નિષ્કષાયતાને જ પ્રધાન ગુણ તરીકે વખાણેલ છે, તેથી એ ઉત્તમ ગુણની પ્રાપ્તિ કરવી, તેનું યત્નથી રક્ષણ કરવું, તેમ જ તેની પુષ્ટિ કરવી અગત્યની છે.

ઉપશમ આ લોકમાં સર્વદા હિતકારી છે તેથી હે પ્રાણી! તું ઉપશમને ધારણ કર. એ સમાન બીજું કોઇ સુખ નથી. ઉપશમ વિના તપ, જપ, સુરસેવા એટલે દેવભક્તિ એ સર્વ જે આદરે તે ફોગટ પાણી વલોવે છે. ઉપશમ રસની લ્હેજત જેના ચિત્તમાં વિરાજમાન થઇ હોય છે તે પ્રાણી નરભવની ઋદ્ધિમાં કેમ રાજી થાય? જુઓ, ગજસુકુમાલ મુનિ. ધન્ય છે જ્ઞાનના ઘર એવા તે મુનિને કે જેમણે તપે કરીને દેહને કુશ–દુર્બળ કરી નાખ્યો અને શાન્તિરૂપ પિયૂષ જે અમૃત તેનો મેઘ–વરસાદ પોતાના આત્મામાં વરસાવ્યો.

ક્રોધાદિક કષાયના કટુક વિપાક વિચારીને ક્રોધ, માન, માયા અને લોભ થવા પામે તેવાં નબળાં કારણોથી સમજીને દૂર રહેવું, તેવાં ખોટા કારણો જ ન સેવવાં અને તેમ છતાં કંઇ નિમિત્ત પામીને તે ક્રોધાદિ કષાય ઉદયમાં આવે તો

૧ ગજસુકુમાળ–પોતાના મસ્તક પર અગ્નિની સગડી મૂકનાર પર કૃપાભાવવાળા.

તેમને તરત દબાવી દેવા જેથી તેનાં માઠાં ફળ બેસવા પામે નહિ. **શ્રીમાન્ યશોવિજયજી** ઉપાધ્યાય ક્રોધ સંબંધી પાપસ્થાનકની સજ્ઝાયમાં કહે છે કે :—

"ન હોયે, હોય તો ચિર:નહિ, ચિર રહે તો ફળ છેહો રે;
સજ્જન ક્રોધ તે એહવો, જેહવો દુર્જન નેહો રે."

ઇત્યાદિ સૂકત વચનોમાં બહુ ઉત્તમ રહસ્ય રહેલું છે. તેઓશ્રી સ્પષ્ટ જણાવે છે કે સજ્જન પુરુષોને ક્રોધ (ઉપલક્ષણથી માન, માયા અને લોભ) હોય નહિ. કદાચ કંઇ પ્રશસ્ત કારણસર તેવો ક્રોધાદિકનો દેખાવ થવા પામે તો પણ તે વધારે વખત ટકે નહિ, તેમ છતાં તેવા જ કારણ વિશેષથી કંઇ વધારે વખત સુધી ટકવા પામે તો તેનાથી કશું માઠું ફળ તો બેસવા ન જ પામે, કેમ કે તે કોઈ પ્રશસ્ત કારણસર બહારના દેખાવરૂપે જ—અંતરમાં સાવધાનપણું સાચવીને સેવેલો હોવાથી તેનું અનિષ્ટ પરિણામ આવવા પામે નહિ. ફળ—પરિણામ આશ્રી દુર્જનના સ્નેહની તેને ઉપમા આપવામાં આવી છે તે ખરેખરી વાસ્તવિક છે, કેમકે દુર્જનને ખરો સ્નેહ—રાગ—પ્રેમ પ્રગટે જ નહિ—તેનો સ્નેહ સ્વાર્થપૂરતો જ હોય; કદી તેને સ્નેહ થાય તો તે અલ્પ કાળ જ ટકે, તેમ છતાં ખાસ તથા પ્રકારના સ્વાર્થને લઇને લાંબો વખત દેખાવરૂપે તેનો સ્નેહ જણાય તો પણ તેનું ફળ કંઇ શુભ પરિણામરૂપે થવા પામે જ નહિ. તેવી જ રીતે સજ્જનોને કૂડા ક્રોધાદિ કષાય થાય જ નહિ અને કદાચ કંઇ પ્રશસ્ત કારણસર થવા પામે તો તે જરૂર પૂરતો વખત રહી કંઇ પણ અનિષ્ટ ફળ—પરિણામ ઉપજાવ્યા વગર જેમના તેમ પાછા શમાઇ જાય.

કષાય વગરની શાન્તવૃત્તિ સદા–સર્વદા હિતકારી જ છે, એવી શાન્ત વૃત્તિનું સેવન કરવા સમાન બીજું સુખ નથી, એમ સમજી હે સુજ્ઞ જનો! તમે જરૂર શાન્તવૃત્તિ સેવો. એવી શાન્ત–ઉપશાન્ત–પ્રશાન્ત વૃત્તિ વગર જે કંઇ તપ, જપ, પ્રભુપૂજાદિક કરણી કરવામાં આવે છે તે બરાબર લેખે થતી નથી, પરંતુ જો તે સઘળી કરણી સમતા રાખીને સ્થિર ચિત્તથી કરવામાં આવે છે તો સફળ થઈ શકે છે. સ્થિર–શાન્ત ચિત્તથી કરવામાં આવતી કરણીમાં કોઇ અપૂર્વ રસ, લહેજત યા મીઠાશ હોય છે. સમતારસમાં લીન ચિત્તવાળાને કશું દુઃખ સ્પર્શી શકતું નથી. સમતા રસમાં નિમગ્ન ચિત્તવંતને સર્વત્ર ગામ અને અરણ્ય તેમ જ દિવસ અને રાત સમાન લાગે છે.

જ્યારે નાના પ્રકારના રાગ, દ્વેષ અને મોહવશ ઉપજતા વિકલ્પો શમી જાય છે અને સઘળો વિભાવ યા પરભાવ તજીને સહજ સ્વરૂપને અવલંબી રહેવાય છે–એવું પરિપકવ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે જ ચેતન ખરો શમવંત યા સમતાવંત થયેલો લેખાય છે. કર્મની વિચિત્રતાથી થતી અવસ્થાની વિચિત્રતા તરફ દુર્લક્ષ કરી શુદ્ધ સ્વરૂપના લક્ષથી સહુ પ્રાણી-વર્ગને સમાન લેખનાર સમતાવંતનું જ ખરેખર શ્રેય થાય છે.

ઉપશમજનિત આવી આત્મલીલા યા સહજ સુખસમૃદ્ધિ જે મહાનુભાવ મુનિજનોને પ્રાપ્ત થઇ છે તેમની પાસે સુરપતિ, અસુરપતિ કે નરપતિનું પૌદ્ગલિક સુખ શા હિસાબમાં છે ? તે સઘળાં સુખ કરતાં નિરાગી અને નિઃસ્પૃહી એવા શમસામ્રાજ્યવંત મહામુનિઓનું સુખ ખરેખર અલૌકિક જ છે; કેમકે એ બધાં ઉપર જણાવેલાં ઇન્દ્રાદિકનાં સુખ સંયોગિક હોવાથી અવશ્ય

વિયોગશીલ હોય છે; જ્યારે મુનિજનોને પ્રાપ્ત થયેલ શમ–ઉપશમ–પ્રશમજનિત સહજ સ્વાભાવિક સુખશાન્તિ અલૌકિક અને ચિરસ્થાયી હોય છે. તેથી જ શ્રીમાન્ ઉપાધ્યાયજીએ સમતાશતકમાં ઠીક જ કહ્યું છે કે—

" ક્ષમા સાર ચંદન રસે, સિંચો ચિત્ત પવિત્ત;
દયા વેલ મંડપ તલે, રહો લહો સુખ મિત્ત. "
" દેત ખેદ વર્જિત ક્ષમા, ખેદ રહિત સુખ રાજ;
તામેં નહિ અચરિજ કછુ, કારણ સરિખો કાજ. "

હે ભવ્ય જનો ! ક્ષમારૂપ શ્રેષ્ઠ ચંદન રસવડે તમારા પવિત્ર ચિત્તને સિંચો, તેમ જ દયારૂપ મનોહરલતામંડપ તળે જ રહો અને હે મિત્રો ! સ્વાભાવિક શાન્તિને અનુભવો. જે ભવ્યાત્મા કંઈ પણ કચવાટ વિના સ્વકર્તવ્ય સમજી સહનશીલતા રાખે છે તે અખંડ સુખશાંતિનો અદ્ભુત લાભ મેળવી શકે છે, તેમાં કંઇ પણ આશ્ચર્ય નથી.

સુજ્ઞ જનોએ જે જે કારણોથી ક્રોધાદિ કષાયનો ઉદય થાય તે તે કારણોથી અલગા રહેવું અને જે જે કારણોથી ક્રોધાદિ કષાય ઉપશાન્ત થાય તેવાં કારણોનું સેવન કરવું જરૂરનું છે. તેને માટે ગજસુકુમાળાદિક મહામુનિઓના દૃષ્ટાન્ત યોગ્ય જ છે.

જ્યાં ક્રોધ પ્રગટે છે ત્યાં તેનો સહચારી માન પણ પ્રગટે છે અને જ્યાં એ ક્રોધ–માનરૂપ દ્વંદ્વ પ્રગટ થાય છે ત્યાં માયા અને લોભ એ દ્વંદ્વ પણ સાથે જ પ્રગટે છે. ઉક્ત ચારે કષાયના તાપથી પરિતપ્ત જીવને કયાંય લગારે સુખ–શાન્તિની પ્રાપ્તિ થઇ શકતી નથી; એટલું જ નહિ પણ અનેક પ્રકારના

કુવિકલ્પોથી તેને ભારે અશાન્તિ રહ્યા કરે છે અને તેને વશ થઇને તે એવાં પાપકર્મ આચરે છે કે જેથી જીવને વારંવાર જન્મ–મરણના દુઃખ સહેવા પડે છે. આવાં અનંત અસહ્ય દુઃખ ઉક્ત કષાયને શાન્ત–ઉપશાન્ત–પ્રશાન્ત કરવાથી શમી જાય છે; તેથી દુઃખમાત્રનો અંત કરવા અને સુખમાત્રને સ્વાધીન કરવા ઇચ્છનારે અવશ્ય ઉકત કષાય ચતુષ્ટયને ઉપશમાવી દેવા જોઇએ. કષાય માત્ર શાન્ત થઇ જવાથી વિકલ્પ માત્રનો અંત આવશે અને સહજ નિર્વિકલ્પ સમાધિને પામી પરમ સમતારસમાં નિમગ્ન થઇ શકાશે, એવો મહાપુરુષોનો અનુભવ છે. તેવા સત્ય સ્વાભાવિક સુખના અર્થી જનોએ પૂર્વ મહાપુરુષોના વિહિત માર્ગે અવશ્ય પ્રયાણ કરવું જોઇએ કે જેથી નિર્વિકલ્પ સમાધિજનિત પરમ સમતારસની પ્રાપ્તિ થાય.

કદાચ કોઇ અજ્ઞાની પ્રાણી આપણને ગાળો આપે કે આપણા પ્રત્યે એવી જ બીજી ઉન્મત્ત પ્રાય ચેષ્ટા કરે તો તેથી લગારે ચિત્તને ખિન્ન થવા દેવું જોઇએ નહિ. એમ કરવાથી પેલો અજ્ઞાની પ્રાણી છેવટે થાકીને અટકી જશે. જો એવા પ્રસંગે ક્ષમા–શાન્તિ રાખવાને બદલે આકળાશ–અધીરજ–વ્યાકુળતા કે ક્રોધાદિક કષાયરૂપ અશાન્તિ આદરવામાં આવે તો એથી પ્રથમ આપણું જ બગડશે અને સામાને પણ કશો ફાયદો થવા પામશે નહિ. જ્ઞાની પુરુષો તો ત્યાં સુધી કહે છે કે—" ગાળ દે તેને આશિષ દઇએ " એક અગ્નિરૂપ થાય ત્યારે બીજાએ જળરૂપ થવું જોઇએ. સમતારૂપ જળના પ્રવાહથી ક્રોધાગ્નિ તરત શાન્ત થઇ જશે, પણ જો પ્રજ્વલિત થયેલા ક્રોધાગ્નિમાં અધિક ઇંધન હોમવામાં આવશે તો તેથી જોતજોતામાં મોટો ભડકો

થશે અને તે કોઇ રીતે શાન્ત થવાને બદલે અનેક જીવોને અપાર હાનિ કરે એવું મોટું રૂપ પકડશે. તેથી જ શાસ્ત્રકાર એ ક્રોધાગ્નિને ઉપશમાવી દેવાનો ઉપાય બતાવે કે—

" क्षमाखड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति ? ।
अतृणे पतितो वह्निः, स्वयमेवोपशाम्यति ॥ "

ક્ષમારૂપ સાચું અને બળવાન સાધન આત્મરક્ષાર્થે જેની પાસે છે તેને ક્રોધી દુર્જન શું કરી શકે ? કશું કરી શકે નહિ. તૃણાદિક રહિત ખાલી ભૂમિ ઉપર પડેલો અગ્નિ આપોઆપ જ બૂઝાઇ જાય છે, તેને બૂઝવવા માટે બીજી કશી જ મહેનત કરવી પડતી નથી. તેને કશી પુષ્ટિ નહિ મળવાથી તે સહેજે જ શાન્ત થઇ જાય છે. એવી જ રીતે ક્રોધાદિ પ્રસંગે અદ્ભુત શાન્તિ-સમતા રાખવાથી સામા ક્રોધી પ્રાણીને પણ ક્વચિત્ ભારે પશ્ચાત્તાપ પ્રગટે છે અને પોતે કરેલી મોટી ભૂલનો ખ્યાલ કરી વખતે શુભ માર્ગે ચઢી પણ જાય છે. આ રીતે સામા ક્રોધી જીવને પણ જે ક્વચિત્ લાભ થઇ શકે છે તે તેવે પ્રસંગે ધીરજ-શાન્તિ-સહનશીલતા રાખવામાં આવે છે તેનું રુડું પરિણામ જાણવું.

આપણા એકાન્ત હિતને માટે જ્ઞાની પુરુષો પોકારી પોકારીને કહે છે કેઃ—" **ખમીએ ને ખમાવીએ, સાહેલડી રે ! એ જિનશાસન રીત તો.** " એની મતલબ એવી છે કે આપણ છદ્મસ્થ જીવોથી કંઇ ને કંઇ કસૂર થઈ જાય, તેથી સામા જીવોની ગમે તે કારણે લાગણી દુઃખાય તો આપણી ફરજ છે કે તે વાતનો ખ્યાલ કરી પોતાની થયેલી કસૂર કબૂલ કરી લઈ નમ્રતા દાખવી, મીઠા વચનથી પોતે

કરેલી ભૂલ માટે માફી માગી લેવી અને ફરી ' એવી ભૂલ જાણી જોઈને નહિ કરું ' એમ કહી સામાનું મન શાન્ત કરવું,[૧] એ આપણે સામાને ખામણાં કર્યાં કહેવાય. તેવી જ રીતે સામા કોઈએ એવી જ કોઇ કસૂર કરી આપણી લાગણી દુભાવી હોય, પછી તેને કરેલી કસૂરનો ખ્યાલ આવવાથી તે આપણી પાસે ઉપર જણાવ્યા મુજબ માફી માગે ત્યારે બદલામાં આપણે પણ તેને માફી આપવી એ આપણી ફરજ છે. એમ કરવાથી આપણે પણ ખમ્યા કહેવાઇએ. એ રીતે કવચિત્, કર્મયોગે થયેલી કસૂર માટે અરસપરસ ખામણાં કરવાં એ જગજ્જયવંતા જિનશાસનની ખાસ રીત–મર્યાદા જ છે.

એ ઉત્તમ ખામણાં સફળ ત્યારે જ લેખાય છે કે જ્યારે નિખાલસ દિલથી નમ્રપણે પોતે કરેલી કસૂરનો પશ્ચાત્તાપ-પૂર્વક માફી માગી લઇ, ફરી તેવી કસૂર નહિ કરવાં પૂરતું લક્ષ રાખવામાં આવે છે. એમ કરવાથી સ્વપર ઉભયને લાભ થાય છે. અરસપરસ ખામણાં કરતાં શાસ્ત્રમર્યાદા લક્ષમાં રાખી લઘુવયવાળાએ મોટી વયવાળા–વડીલને પ્રથમ ખમાવવું જોઇએ. લઘુવયવાળાનું મન એમ કરવા સંકોચાતું હોય તો વડીલે લઘુવયવાળાને પ્રથમ ખમાવવા લક્ષ રાખવું. એથી લઘુવયવાળો શરમાઇને જલદી ખમાવશે. જે સરલપણે ખમે છે અને ખમાવે છે તે ઉભય (ખમનાર અને ખમાવનાર) આરાધક કહ્યા છે. જે જાણી જોઇને ખમતા કે ખમાવતા નથી તેને આરાધક કહ્યા નથી. સામો માણસ ક્ષમા કરે કે ન કરે પણ આરાધક થવા ઇચ્છનારે પોતે તો જરૂર માન મૂકીને

૧ મોક્ષમાર્ગના આરાધનના દશ પ્રકારો પૈકી એ ત્રીજો પ્રકાર છે.

નિખાલસપણે સામા જીવને ખમાવવું જ જોઈએ. જે આ રીતે ખમાવતાં ખમે છે (માફી આપે છે–પોતાનો રોષ તજી દે છે) તે આરાધક થઈ શકે છે, અને જે ખમતો નથી–રોષ રાખી રહે છે તે આરાધક થતો નથી. એથી જ સૂક્તિકારે કહ્યું છે કે "ઉપશમ ગુણ સેવનારનું સર્વત્ર હિત જ થાય છે. એ સમું બીજું શ્રેષ્ઠ સુખ નથી. એ ઉપશમ ગુણ વગર જે કંઇ તપ, જપ પ્રમુખ કઠિન કરણી કરવામાં આવે છે તે સર્વ નિષ્ફળપ્રાય થાય છે અને ઉપશમ ભાવપૂર્વક જે કંઇ ધર્મ-કરણી કરવામાં આવે છે તે સઘળી પરમ હિતકારી થાય છે." જેણે ઉપશમ રસ ચાખ્યો છે તેને બીજાં રાજઋદ્ધિ પ્રમુખનાં સુખ નિરસ લાગે છે અને તેથી જ મોટા ચક્રવર્ત્તી પ્રમુખ વિશાળ ઋદ્ધિવાળા પણ પોતાને પ્રાપ્ત થયેલાં રાજ્યાદિક સુખને તૃણવત્ તજી દઇ શમ–સમતા સામ્રાજ્યને આપનારું ચારિત્ર અંગીકાર કરી તેને સેવે છે.

જેમને પરમ ઉપશમભાવ પ્રગટ્યો છે તેવા **ગજસુકુમાળ, મેતાર્યમુનિ** અને **ખંધકમુનિ**ની પેઠે પ્રાણાન્ત કષ્ટ આવે છતે પણ પરમ શાન્તિ સાચવી રહ્યા છે, તેઓ દેહની કશી દરકાર નહિ કરતાં એક ઉત્કૃષ્ટ સમતાને જ સાર લેખી રહ્યા છે તે મુનિઓને ધન્ય છે!

પરમ ક્ષમાવંત શ્રી અરિહંતાદિકના પવિત્ર ચરિત્રને અનુસરી ઉત્તમ જનોએ નિર્મળ જ્ઞાનદૃષ્ટિથી ક્રોધાદિક દોષોને દૂર કરી, ઉપશમ પ્રમુખ ઉત્તમ ગુણનો આદર કરવા સદા ય ઉજમાળ રહેવું ઉચિત છે.

૧૧. ત્રિકરણ શુદ્ધિ

ત્રિકરણ શુદ્ધિ સાચવવા હિતોપદેશ

જગ જન સુખદાઇ, ચિત્ત એવું સદાઇ,
મુખ અતિ મધુરાઈ, સાચ વાચા સુહાઈ;
વપુ પરહિત હેતે, ત્રણ્ય એ શુદ્ધ જેને,
તપ જપ વ્રત સેવા, તીર્થ તે સર્વ તેને. ૨૩

મન વચ તનુ ત્રણ્યે, ગંગ જ્યું શુદ્ધ જેને,
નિજ ઘર નિવસંતાં, નિર્જરા ધર્મ તેને;
જિમ ત્રિકરણ શુદ્ધે, દ્રૌપદી અંબ વાવ્યો,
ઘર સફળ ફળંતો, શીલ ધર્મ સુહાવ્યો. ૨૪

આખી આલમને સુખરૂપ થાય તેવું ઉત્તમ ભાવનામય જેનું ચિત્ત સદા ય વર્તે છે, સહુને હિતરૂપ થાય એવી મિષ્ટ-મધુરી વાણી જેના મુખમાંથી નીકળે છે અને પરહિતકારી કાર્યોમાં જેની કાયા સદા ય પ્રવર્તે છે, એ રીતે જેનાં મન, વચન અને કાયા એ ત્રણે વાનાં શુદ્ધ-પવિત્રપણે પ્રવર્તે છે તેનાં સઘળાં તપ, જપ, વ્રત, પૂજા અને તીર્થસેવા સહેજે ફળે છે, અર્થાત્ એ બધા ય સુકૃતોનો લાભ તેને સહેજે-અનાયાસે મળી શકે છે. જેનાં ત્રિકરણ શુદ્ધ વર્તે છે તેને વગરકષ્ટે પુન્યના પોટલાં બંધાય છે અને તે ત્રણે વાનાં જેનાં મેલાં છે તેને ઉક્ત સઘળી ધર્મકરણી માત્ર કાયકષ્ટરૂપ થાય છે-સફળ થઈ શકતી નથી. જેનાં મન, વચન અને કાયા ત્રણે ગંગાના નીર જેવાં શુદ્ધ-નિર્મળ છે તેને પોતાના ઘરે બેઠા છતાં પણ કર્મક્ષય થવા પામે છે; કેમકે તે જે કર્તવ્ય કર્મ કરે છે તે નિષ્કામપણે-નિઃસ્વાર્થપણે નિર્લેપ વૃત્તિથી કરે છે, તેથી તેને કર્મથી

બંધાવાનું રહેતું નથી, પરંતુ ઉદય અનુસારે જે કંઇ કરવાનું પ્રાપ્ત થાય છે તે કેવળ સાક્ષીભાવે કરાતી હોવાથી ઉદિત કર્મનો અનાયાસે ક્ષય થવા પામે છે અને નવીન કર્મબંધ થવા પામતો નથી.

વળી ત્રિકરણશુદ્ધિથી–શુદ્ધ સંકલ્પબળથી બહુ ભારે મહત્વનાં કામ અલ્પ પ્રયાસે થઇ શકે છે. તે ઉપર **સીતા, દ્રૌપદી** અને **સુભદ્રાદિક** અનેક ઉત્તમ સતીઓનાં તેમજ **ભરતેશ્વર, બાહુબલી, જંબૂસ્વામી, સ્થૂલભદ્રજી, વજ્રસ્વામી** પ્રમુખ અનેક સત્વવંત મહાત્માઓના અને પરમ ક્ષમાવંત **શ્રી અરિહંત દેવોના, ગણધર મહારાજાઓના** તેમ જ **ગજસુકુમાળાદિક** પૂર્વ મહામુનિઓના જ્વલંત દૃષ્ટાન્તો સુપ્રસિદ્ધ છે. વળી વર્તમાન કાળે પણ પવિત્રપણે મન, વચન અને કાયાની શુદ્ધિને પાળનારા કઇક સજ્જનો પણ જગતમાં જયવંતા વર્તે છે. કહ્યું છે કે—

> " **मनसि वचसि काये पुण्यपीयूषपूर्णाः ।**
> **त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ॥**
> **परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं ।**
> **निजगुणविकसंतः संति संतः कियन्तः ॥** "

વિચારોમાં, વાણીમાં અને ક્રિયામાં પુન્યરૂપી અમૃતથી ભરેલા, ત્રણ ભુવનના પ્રાણીઓને કરોડોગમે ઉપકારોથી પ્રસન્ન કરતા અને સૂક્ષ્મદર્શક કાચ સમાન પોતાની સૂક્ષ્મદૃષ્ટિવડે પરના અલ્પમાત્ર ગુણને વિશાળરૂપે જોઇને પોતાના હૃદયમાં અતિ આનંદ પામતા એવા કેટલાએક સજ્જનો જગતિતળ ઉપર જયવંતા વર્તે છે.

ત્રિકરણ શુદ્ધિથી પવિત્ર ધર્મકરણી કરતાં અમૃત જેવી

મીઠાશ ઉપજે છે, રોમાંચ ખડા થાય છે, જેથી અનહદ આનંદ પ્રાપ્ત થાય છે અને અભિષ્ટ લાભ તત્કાળ મળે છે. ઉક્ત અમૃત ક્રિયાનો ખરો લાભ આપ્ત (સર્વજ્ઞ-વીતરાગ)-પુરુષોનાં પવિત્ર વચનાનુસારે સમજ સાથે શાસ્ત્રોક્ત ક્રિયા કરવાના સતત અભ્યાસવડે મળી શકે છે. જેવી રીતે મયણા-સુંદરીને સતત નવપદજીની સેવા-ભક્તિ સાથે ધ્યાનના અભ્યાસ-વડે અમૃતક્રિયાનો લાભ પ્રાપ્ત થયો હતો અને તેના પ્રભાવથી તત્કાળ પોતાના પ્રાણપ્રિય પતિનો મેળાપ થયો હતો. એવા અનેક દૃષ્ટાન્તથી સુજ્ઞ જનોએ પવિત્ર ધર્મકરણી સમજપૂર્વક કરવાના નિત્ય અભ્યાસવડે જેમ બને તેમ શીઘ્ર મન, વચન, કાયાની શુદ્ધ એકાગ્રતા સાધી લેવી ઉચિત છે.

---

૧૨. ઉત્તમ કુળ

ઉત્તમ કુળનો મહિમા-પ્રભાવ

સહજ ગુણ વસે જ્યું, શંખમાં શ્વેતતાઇ,
અમૃત મધુરતાઈ, ચંદ્રમાં શીતતાઈ;
[1]કુવલય સુરભાઇ, [2]ઇક્ષુમાં જ્યું મીઠાઇ,
[3]કુલજ મનુષ્યકેરી, ત્યું સુભાવે ભલાઇ. ૨૫

જિણ ઘર વર વિદ્યા, જો હુવે તો ન ઋદ્ધિ,
જિણ ઘર દુય[4] લાભે, તો ન સૌજન્ય વૃદ્ધિ;
સુકુળ જનમયોગે, તે ત્રણે જો લહીજે,
અભયકુમર જ્યું તો, જન્મસાફલ્ય કીજે. ૨૬

---

૧ કમળમાં સુગંધી. ૨ શેરડીમાં મીઠાશ. ૩ કુળમાં ઉત્પન્ન થયેલ. ૪ બન્ને વાના (વિદ્યા અને લક્ષ્મી).

જેમ સ્વાભાવિક રીતે શંખમાં શ્વેતતા-ઉજ્જવળતા હોય છે, અમૃતમાં મિષ્ટતા-મધુરતા હોય છે, ચંદ્રમાં શીતળતા હોય છે, કમળમાં ખુશબો-સુગંધ હોય છે અને શેલડીમાં મીઠાશ હોય છે, તેમ સુકુળમાં ઉત્પન્ન થયેલા કુલીન મનુષ્યોમાં સહજ સ્વભાવે જ ભલાઈ-હિતસ્વિતા યા ચિત્તની ઉદારતા હોય છે. કદાચ કોઇને શ્રેષ્ઠ વિદ્યા પ્રાપ્ત થઇ હોય છે તો તેને દ્રવ્યસંપત્તિ (લક્ષ્મી) હોતી નથી, અને કદાચ દૈવયોગે તે બન્ને મળ્યા હોય છે તો સજ્જનતાની ખામી હોય છે એટલે વિનયવિવેકાદિક ગુણ હોતા નથી; પરંતુ ઉત્તમ કુળયોગે જો એ ત્રણે વાનાં પ્રાપ્ત થઇ શકે તો **અભયકુમારની** પેઠે માનવ ભવની સાફલ્યતા થઈ શકે છે. મતલબ કે સદ્‌વિદ્યા, સંપત્તિ અને સજ્જનતા એ સહુ સારાં વાનાં ઉત્તમ કુળયોગે પ્રાયઃ સહેજે લાભી શકે છે. તેમાં પણ સજ્જનતા-ભલાઇ વગરની વિદ્યા અને લક્ષ્મી લગભગ નકામી છે, સ્વપરહિતરૂપ થતી નથી, પણ ઊલટી અનર્થકારી નીવડે છે. તે ભલાઈ યા સજ્જનતા મુખ્યપણે ઉત્તમ કુળમાં જ લાભે છે, કેમકે ઉત્તમ કુળનું એ ખાસ લક્ષણ લેખાય છે. સજ્જનતા એ જ ખરેખર સુકુળનું ભૂષણ ગણાય છે. અને સજ્જનતા યોગે જ ખરી કુલીનતા લેખી શકાય છે. સજ્જનતા યોગે જ વિનય-વિવેકાદિક ગુણો આવે છે અને તેના વડે જ પ્રાપ્ત થયેલી વિદ્યા અને લક્ષ્મીની સાર્થકતા થઈ શકે છે, માટે જ સજ્જનતાવાળું સુકુળ વધારે પ્રશંસનીય છે અને એના પ્રભાવથી અનેક પ્રકારનાં સ્વપરહિતનાં કાર્યો કરી શકાય છે.

૧૩. વિનય

વિનય ગુણનું સેવન કરવા વિષે હિતોપદેશ

નિશિ વિણ શશિ સોહે, જ્યું ન સોળે કળાઈ,
વિનય વિણ ન સોહે, ત્યું ન વિદ્યા વડાઈ;
વિનય વહી સદાઈ, જેહ વિદ્યા સહાઈ,
વિનય વિણ ન કાંઈ, લોકમાં ઉચ્ચતાઇ. ૨૭

વિનય ગુણ વહીજે, જેહથી [1]શ્રી વરીજે,
સુર નરપતિ [2]લીલા, જેહ [3]હેલા લહીજે;
[4]પરતણેય શરીરે, પેસવા જે સુવિદ્યા,
વિનય ગુણથી લાધી, વિક્રમે તેહ વિદ્યા. ૨૮

જેમ ચન્દ્ર સોળે કળાએ સંપૂર્ણ હોય તેમ છતાં પણ તે રાત્રિ વગર શોભે નહિ—શોભા પામે નહિ, તેમ ગમે તેવી અને ગમે તેટલી વિદ્યા આવડતી હોય પણ નમ્રતા ગુણ વગર તે શોભે નહિ. વિનય ગુણવડે મેળવેલી વિદ્યા સફળ અને સહાયરૂપ થાય છે અને વિનય વગર લોકમાં લાજ—પ્રતિષ્ઠા કે આબરૂ વધતી નથી. વિનય ગુણવડે આ લોક સંબંધી અને પરલોક સંબંધી લક્ષ્મી—લીલા પ્રાપ્ત થઇ શકે છે. વિનય ગુણથી નિઃસ્પૃહી મહાત્મા પુરુષો પણ પ્રસન્ન થઈ વિનીત—શિષ્ય ઉપર તુષ્ટમાન થાય છે. **વિક્રમાદિત્યે** જે **પરકાયપ્રવેશિની—પરશરીરપ્રવેશ** વિદ્યા પ્રાપ્ત કરી અને **નાગાર્જુને** જે **આકાશગામિની** વિદ્યા પ્રાપ્ત કરી તે વિનય ગુણનો જ પ્રભાવ જાણવો. વિનયગુણવડે ગમે તેવો કટ્ટો શત્રુ પણ વશ

૧ લક્ષ્મી. ૨ સંપત્તિ. ૩ ઉતાવળા. ૪ પરકાયપ્રવેશ વિદ્યા.

થઇ જાય છે. વિનય એ એક અપૂર્વ વશીકરણ લેખાય છે. તે માટે યોગ્ય જ કહ્યું છે કે—

" મૃદુતા કોમળ કમલસેં, વજ્રસાર અહંકાર;
છેદત હૈ એક પલકમેં, અચરિજ એહ અપાર. "

મૃદુતા–નમ્રતા–લઘુતા–વિનયગુણ કમળ જેવો કોમળ છે, અને અહંકાર–અભિમાન વજ્રવત્ કઠણ છે. તેમ છતાં એવા કઠણ અહંકારને પણ એક પલકમાં વિનયગુણ ગાળી નાંખે છે, એ અપાર આશ્ચર્યની વાત છે.

સઘળા ગુણોનું મૂળ વિનય છે, તેથી ધર્મ પણ વિનયમૂળ કહ્યો છે. વિનયયોગે જ વિદ્યા, વિવેક અને સમકિતરત્નની પ્રાપ્તિ થાય છે અને તેના પ્રભાવે જ ચારિત્રની અને છેવટ મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે. માતાપિતાદિક વડિલવર્ગનો, વિદ્યાગુરુનો, શુદ્ધ દેવગુરુનો અને શ્રી સંઘ–સ્વધર્મીબંધુ પ્રમુખનો યથાયોગ્ય વિનય–ભકિત બહુમાનાદિકવડે અવશ્ય સાચવવો જોઇએ.

---

૧૪. વિવેક

સદ્‌વિવેક પ્રાપ્ત કરવા હિતોપદેશ

હૃદયઘર વિવેકે, પ્રાણી જો દીપ વાસે;
સકળ ભવતણો તો, મોહ અંધાર નાસે,
પરમ ધરમ વસ્તુ, તત્ત્વ પ્રત્યક્ષ ભાસે;
કરમ ભર પતંગા, સ્વાંગ તેને વિધાસે[1] ૨૯

વિકળ નર કહીજે, જે: વિવેકે વિહીના;
સકળ ગુણ ભર્યા જે, તે વિવેકે વિલીના;

૧ કર્મરૂપ પતંગીયા ત્યાં પોતાના શરીરનો વિધ્વંસ–નાશ કરે.

જિન સુમતિ [1]પુરોધા, [2]ભૂમિગેહે વસંતે;
યુગતિ જુગતિ કીધી, તે વિવેકે ઊગંતે. ૩૦

જો હૃદયરૂપી ઘરમાં વિવેકરૂપી રત્નદીપક જગાવવામાં આવે તો ભવભ્રમણ કરાવનાર–સંસારઅટવીમાં આમતેમ ભટકાવનાર મોહ અંધકાર ટકી શકે નહિ અને જે કંઇ અલખ તથા અગોચર તત્ત્વ–વસ્તુ નરી આંખે જોઈ શકાતી નથી તે પરમતત્ત્વ પ્રત્યક્ષ જોઇ શકાય, તેમ જ સમસ્ત કર્મસમૂહ સમૂળગો નષ્ટ થઇ જવા પામે. સદ્‌વિવેકકળા વગર ગમે તેવા અને ગમે તેટલા ગુણવાળો જીવ વિકળ કહેવાય છે, અને જેનામાં સદ્‌વિવેકકળા ખીલી રહી છે તે સંપૂર્ણ ગુણવાન્ લેખાય છે. શાસ્ત્રકાર કહે છે કે—

"રવિ દૂજો ત્રીજો નયન, અંતર ભાવી પ્રકાશ;
કરો ધંધ સબ પરિહરી, એક વિવેક અભ્યાસ."

આ પદ્યનો એવો ભાવાર્થ છે કે સદ્‌વિવેક એ એક બીજો અપૂર્વ સૂર્ય અને ત્રીજું લોચન છે, કેમ કે એથી શુદ્ધ પ્રકાશ મેળવી તે વડે અંતર–ઘટમાં જે જે દિવ્ય વસ્તુઓ–સદ્‌ગુણ રત્નો વિદ્યમાન છે તેનું યથાર્થ ભાન થાય છે તેમજ તેની દૃઢ પ્રતીતિ આવે છે. પછી અજ્ઞાન ને મિથ્યાત્વરૂપ અંધકારજનિત ભ્રાન્તિ ટળી જાય છે અને નિર્મળ જ્ઞાન અને શ્રદ્ધારૂપ દિવ્ય નયનયુગલ પ્રગટ થાય છે. એવો અપૂર્વ લાભ સદ્‌-વિવેક જાગવાથી મળે છે, માટે શાસ્ત્રકાર કહે છે કે–હે ભવ્ય જનો! તમે અન્ય દિશામાં તમારા પુરુષાર્થનો જે ગેરઉપયોગ

૧ પુરોહિત. ૨ ભોંયરામાં.

કરી હેરાન થાઓ છો ત્યાંથી નિવર્ત્તીને—પાછા ફરીને સદ્‌વિવેક જાગે એવા વિહિત માર્ગે પુરુષાર્થ કરો, પરમતત્ત્વ પામેલા શુદ્ધ દેવગુરુનું શરણ ગ્રહો અને તેમાં એકનિષ્ઠ રહો, તેમની જ આજ્ઞા અંગીકાર કરો.

---

૧૫. વિદ્યા

વિદ્યા સંપાદન કરવા વિષે હિતોપદેશ.

અગમ મતિ પ્રયુંજે, વિદ્યયે કો ન ગંજે?
રિપુ દળ બળ ભંજે, વિદ્યયે વિશ્વ રંજે;
ધનથી અખય વિદ્યા, શીખ એણે તમાસે;
ગુરુમુખ ભણી વિદ્યા, દીપિકા જેમ ભાસે. ૩૧

સુરનર સુપ્રશંસે, વિદ્યયે વૈરી નાસે,
જગ સુજસ સુવાસે, જેહ વિદ્યા ઉપાસે;
જિણ કરી નૃપ રંજ્યો, ભોજ બાણે મયૂરે,
જિણ કરી કુમરિંદો, રીઝવ્યો હેમસૂરે. ૩૨

જો વિનય ગુણવડે ગુરુનું દિલ પ્રસન્ન કરીને વિદ્યા મેળવી હોય છે તો તે મેળવેલી વિદ્યા સફળ થાય છે, તે વડે મતિ નિર્મળ થાય છે અને તેથી અગમ વાત પણ સુખપૂર્વક સમજી શકાય એવી સુગમ થઇ પડે છે. સૂક્ષ્મ બુદ્ધિના પ્રભાવથી કોઈ પરાભવ કરી શકતું નથી. શત્રુની સેનાનું બળ તેના ઉપર ચાલતું નથી પણ તે ઊલટું નિર્બળ—નકામું થઇ જાય છે. વિદ્યાના બળથી સહુ કોઈ રંજિત થઇ પ્રસન્ન થાય છે. પૈસાનું બળ વિદ્યાબળ પાસે કંઇ બિસાતમાં નથી. વિદ્યાનું બળ અખૂટ છે, તેથી પૈસાનો લોભ તજી, મિથ્યા માયા—મમતા

તજીને અક્ષય વિદ્યા મેળવવા ઉદ્યમ કરો. જો વિદ્વાન ગુરુની પાસેથી વિનય સહિત અખૂટ વિદ્યા મેળવશો તો તે તમને ખરેખર માર્ગદર્શન કરાવશે અને અન્ય અનેક જીવોને પણ આલંબનરૂપ થઈ શકશે. વિદ્યાના બળથી દેવતાઓ તથા મનુષ્યો ખૂબ પ્રશંસા કરે છે. તેનાથી વૈરી લોકો દૂર ભાગે છે અને આખી આલમમાં તેનો યશ-ડંકો વાગે છે, એવો અતુલ પ્રભાવ વિદ્યાપ્રાપ્તિનો છે.

જુઓ! એ વિદ્યાના પ્રભાવથી જ **બાણ** અને **મયૂર** કવિએ **ભોજરાજાને** રંજિત કર્યો હતો અને **શ્રીહેમચંદ્ર-સૂરીશ્વરે કુમારપાળ ભૂપાળને** રીઝવ્યો હતો અને અનેક પરોપકારનાં કામ કર્યા-કરાવ્યા હતાં. તેથી જ શાસ્ત્રકારે વિદ્યાબળને ઘણું જ વખાણ્યું છે. સર્વ વિદ્યામાં આત્મવિદ્યા-અધ્યાત્મવિદ્યા શિરોમણિભૂત છે. એ વિદ્યાની ઉપાસનાથી અંતે દુઃખમાત્રનો અંત કરી, અક્ષય અવ્યાબાધ એવું મોક્ષસુખ મેળવી શકાય છે.

---

૧૬. ઉપકાર

પરોપકાર કરવા હિતોપદેશ

તન ધન તરુણાઇ, આયુ એ ચંચળા છે,
પરહિત કરી લેજે, તાહરો એ સગો છે;
જબ મરણ જરા જ્યાં, લાગશે કંઠ સાહી,
કહેને તિણ સમે તો, કોણ થાશે સાહાઇ? ૩૩

નહિ તરુ ફળ ખાવે, ના નદી નીર પીવે,
જસ ધન પરમાર્થે, સો ભલે જીવ જીવે;

નળ કરણ નરિંદા, વિક્રમા રામ જેવા,
પરહિત કરવા જે, ઉદ્યમી દક્ષ તેવા. ૩૪

હે ભવ્યાત્મા ! આ શરીર, લક્ષ્મી, યૌવન અને આયુષ્ય સઘળાં ક્ષણવિનાશી છે, જોતજોતામાં નાશ પામી જાય તેવાં છે, તેથી તેની ઉપર મોહ-મમતા કરી વિશ્વાસ રાખી બેસી રહેવાનું નથી. આ સમયે સઘળી અનુકૂળ સામગ્રી પામ્યો છું તેને સફળ કરી લેવાની છે, તેને એળે ગુમાવી દેવી જોઈતી નથી. તારાથી બની શકે તેટલું પરહિત-પરોપકાર કરી લેવા વિલંબ કરીશ નહિ. જયારે જરા-વૃદ્ધાવસ્થા આવી પહોંચશે અને જાલીમ જમનું તેડું આવશે તે વખતે હે ભોળા ! તારી સહાયે કોણ આવશે? વળી તે વખતે તું શું કરી શકીશ ? અથવા આગ લાગે ત્યારે કૂવો ખોદવો શા કામનો ? તે માટે શાસ્ત્રકારે ઠીક જ કહ્યું છે કે-" જયાંસુધીમાં જરા આવીને પીડે નહિ, વિવિધ વ્યાધિઓ વધીને ઘેરી લે નહિ, અને ઇન્દ્રિયો ક્ષીણશક્તિવાળી થઇ જાય નહિ ત્યાંસુધીમાં ઓ ભદ્રક ! તારું હિત-શ્રેય-કલ્યાણ થાય તેવું-તેટલું કરી લે-ભૂલીશ નહિ. "

જો ! આમ્રાદિ વૃક્ષો પોતાની શીતળ છાયા અને અમૃત જેવાં મીઠાં ફળ બીજાને આપી કેવો-કેટલો લોકોપકાર કરે છે ? પોતાના ફળ પોતે ખાતા નથી. તેમ જ ગંગા જેવી નદીઓ પોતાનાં નિર્મળ નીર અઢળક રીતે બીજાને આપી કેટલી પરોણાગત કરે છે ? પોતાના પાણી પોતે પીતી નથી. જેઓ આ માનવદેહાદિક રુડી સામગ્રી પામીને તન, મન અને ધનથી પરમાર્થ સાધે છે-નિઃસ્વાર્થપણે પરહિત કરે છે, તેઓ જ સ્વજીવન સાર્થક કરે છે.

પૂર્વકાળમાં જે **નળ, કર્ણ, વિક્રમ, રામ** અને **યુધિ-**

ષ્ઠિર જેવા સાત્ત્વિક પુરુષો થઈ ગયા છે અને વર્તમાનકાળમાં પણ જે જે પુરુષો સાત્ત્વિકપણે પ્રાપ્તસામગ્રીનો સદુપયોગ કરે છે, તેમનાં પવિત્ર ચરિત્રને લક્ષમાં રાખીને, જો તુચ્છ સ્વાર્થવૃત્તિને તજી નિઃસ્વાર્થપણે તન, મન અને ધનથી પરોપકાર કરવામાં આવે છે તો તેથી સ્વ માનવજીવન સાર્થક કરીને અલૌકિક સુખ–સમૃદ્ધિને સ્વાધીન કરી અંતે અક્ષય અનંત મોક્ષપદ પમાય છે.

---

૧૭. ઉદ્યમ

સદ્ઉદ્યમ–પુરુષાર્થ સેવવા માટે હિતોપદેશ

રયણનિહિ તરીને, ઉદ્યમે લચ્છી આણે,
ગુરુ ભગતે ભણીને, ઉદ્યમે શાસ્ત્ર જાણે;
દુઃખસમય સહાઈ, ઉદ્યમે છે ભલાઈ,
અતિ આળસ તજીને, ઉદ્યમે લાગ ભાઈ! ૩૫

નૃપશિર નિપતંતી, વીજ ઝાત્કારકારી,
ઉદ્યમ કરી સુબુદ્ધિ, મંત્રીએ તે નિવારી;
તિમ નિજસુતકેરી, આવતી દુર્દશાને,
ઉદ્યમ કરી નિવારી, જ્ઞાનગર્ભ પ્રધાને. ૩૬

ઉદ્યમવંત લોકો હિંમત ધરી, યોગ્ય સાધન મેળવી દરીઓ ખેડીને પુષ્કળ લક્ષ્મી કમાઈ લાવે છે. તેમ જ ઉદ્યમવંત શિષ્યો વિનય ગુણવડે ગુરુને ભક્તિવડે પ્રસન્ન કરીને અખૂટ શાસ્ત્ર (જ્ઞાન)–ધન પ્રાપ્ત કરી શકે છે. આપત્તિ સમયે ઉદ્યમ એ એક સારો સહાયકારી મિત્ર થાય છે અને ઉદ્યમવડે આવી પડેલી આપત્તિને ઉલ્લંઘી બીજાનું પણ ભલું કરી શકાય છે, એમ સમજી આપદા આપનારું આળસ દૂર કરી નાંખીને એક સુખદાયક

એવા ઉદ્યમનો જ આશ્રય લેવો જોઇએ. એ ઉદ્યમવડે જ આપણે ઉદય પામી શકશું. જેમ સુબુદ્ધિ મંત્રીએ બુદ્ધિબળથી વિચારપૂર્વક ઉદ્યમ કરીને પોતાના સ્વામી–રાજા ઉપર આવતી વીજળીની આપદા દૂર કરી હતી અને જ્ઞાનગર્ભ પ્રધાને પોતાના પુત્રની ઉપર આવતી દુર્દશાને યોગ્ય ઉદ્યમવડે નિવારી હતી. એથી સદ્ઉદ્યમની પ્રધાનતા સિદ્ધ થાય છે. વળી કહ્યું છે કે "**उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः**" ઉદ્યમ કરવાવડે જ ખરેખર કાર્ય સિદ્ધ થાય છે, કેવળ મનોરથ કરવા માત્રથી તે સિદ્ધ થતા નથી. કેટલાક આળસુ લોકો બોલે છે કે "ભાઇ ! નસીબમાં હશે તો જ અથવા ભાવીભાવ (ભવિતવ્યતા બળવાન્) હશે તો જ કાર્ય બનશે." તેનું સમાધાન એ છે કે ઉદ્યમ કર્યા છતાં ધારેલું ઇષ્ટ કાર્ય થઇ ન શકે તો પછી જ ભવિતવ્યતાને કે નસીબને દોષ દેવો યોગ્ય છે.

શાસ્ત્રકાર કહે છે કે–"યોગ્ય–પરિપકવ કાળ, સ્વભાવ, નિયતિ, ભવિતવ્યતા, પૂર્વકૃત કર્મ અને ઉદ્યમ એ સઘળાં કારણો મળતાં કાર્યની સિદ્ધિ થાય છે." તો પણ તેમાં ઉદ્યમ કરવો આપણે આધીન છે અને બીજાં કારણો જ્ઞાનીગમ્ય છે. ઉદ્યમ કરવાથી બીજાં બધા ય કારણો મળ્યાં છે કે કેમ તેની ખાત્રી થઇ શકે છે, તેથી જ આપણ છદ્મસ્થને વિશેષે ઉદ્યમ આદરવો યોગ્ય છે. વળી કહ્યું છે કે "Try, try and try" એટલે ઉદ્યમ કરો, ઉદ્યમ કરો, ઉદ્યમ કરો. અને "As you will sow so you will reap" એટલે તમે જેવું વાવશો એવું જ લણશો.

卐

૧૮. દાન ધર્મ

દાન ધર્મનો પ્રભાવ

થિર નહીં ધન રાખ્યો, તેમ નાંખ્યો ન જાએ,
ઇણિ પરે ધન જોતાં, એક ગત્યા જણાએ;
ઈહ સુગુણ સુપાત્રે, જેહ દે ભક્તિભાવે,
નિધિ જિમ ધન આગે, સાથ તેહી જ આવે. ૩૭

નળ બળિ હરિચંદા, ભોજ જે જે ગવાયે,
પ્રહસમય સદા તે, દાનકેરે પસાયે;
ઈમ હૃદય વિમાસી, સર્વથા દાન દીજે,
ધન સફળ કરી જે, જન્મનો લાહ[1] લીજે. ૩૮

લક્ષ્મીનો એવો ચપળ સ્વભાવ છે કે તે એક જ સ્થળે લાંબો વખત ટકી રહે નહિ, તેમ છતાં લક્ષ્મી ઉપરનો મોહ પણ એટલો બધો ભારે જીવને લાગેલો હોય છે કે તેને હાથે કરી છોડાય પણ નહિ, એટલે કે જ્યાંસુધી લક્ષ્મી દેવી સુપ્રસન્ન હોય ત્યાંસુધી સમજીને તેનો મોહ તજી તેને સત્પાત્રે ખર્ચી પણ શકે નહિ. એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે. જો કે કૃપણતા દોષથી લક્ષ્મીનો સદુપયોગ કરી શકાતો નથી પણ તેનો સંબંધ તો સરજાયો હોય એટલો જ વખત રહે છે, પછી તો તેનો વિયોગ થાય જ છે. ત્હાય તો કૃપણદાસ પરલોક સધાવે ત્યારે કે તેના પુન્યનો ક્ષય થાય ત્યારે લક્ષ્મીનો સંબંધ તૂટે છે જ, આમ સમજીને જે સુજ્ઞ જનો ઉદાર દિલથી મળેલી લક્ષ્મીને સુપાત્રે આપી તેનો લ્હાવો લે

---

૧ લાહો–લાભ.

છે તેમને તેથી અનેકગુણી લક્ષ્મી અન્ય ભવમાં સહેજે આવી મળે છે. તેમને કશી વાતનો તોટો રહેતો નથી જ.

નળરાજા, બલિરાજા, હરિશ્ચન્દ્ર અને **ભોજરાજા** પ્રમુખ જે જે પુન્યશ્લોક–પ્રશંસનીય પુરુષોનું પ્રભાતમાં નામ લેવામાં આવે છે તે દાનધર્મના જ પ્રભાવે, એમ સમજી, વિવેક આણી, ઉદાર દિલથી અનેક પ્રકારે દાન દઈ, નિજ દ્રવ્યસંપત્તિને સાર્થક કરી આ દુર્લભ માનવભવનો લાહો લેવો જોઇએ. જે તેમ કરવામાં પ્રમાદ કરે છે તેમને પાછળથી પસ્તાવું પડે છે.

જ્ઞાની પુરુષોએ અનેક પ્રકારનાં દાનમાં અભયદાન, સુપાત્ર-દાન, અનુકંપાદાન ઉચિતદાન અને કીર્તિદાન એ પાંચ મુખ્ય દાન કહ્યા છે. જેમાંના પ્રથમના બે મોક્ષદાયક છે અને પાછળના ત્રણ દાન, ભોગ–ફળને આપે છે. નિઃસ્વાર્થપણે યોગ્ય પાત્રને યથાવસરે દાન દેવાથી અમિત–અપાર લાભ મળે છે. દાન દેતાં સંકોચ, અનાદર, અનુત્સાહ, ખેદ, અવિશ્વાસ પ્રમુખ દોષો અવશ્ય વર્જવા યોગ્ય છે અને ઉદારતા, આદર, ઉત્સાહ, અનુમોદન, પ્રમોદ, હર્ષ અને ફળશ્રદ્ધા પ્રમુખ ભૂષણો સેવવા યોગ્ય છે.

કુપાત્રને પોષવાથી લાભને બદલે હાનિ થાય છે અને સુપાત્રને પોષવાથી ભારે લાભ મળે છે. તે ગાય અને સર્પના દૃષ્ટાન્તે સમજી શકાય એમ છે. ગાયને કેવળ ઘાસચારો નીરવામાં આવે છે તો પણ તેના બદલામાં તે અમૃત જેવું દૂધ આપે છે અને સર્પને દૂધ પાવામાં આવે છે છતાં તે દૂધ પાનારના પણ જીવિતનો અંત કરનાર વિષ પેદા કરે છે. કાચી માટીના પાત્ર જેવા નજીવા–હલકા પાત્રમાં દાન દેવાથી દીધેલી વસ્તુ અને પાત્ર બંને વિણસે છે, તથા દાતાને પાછળથી

પશ્ચાત્તાપ જ કરવાનો વખત આવે છે, એમ સમજી દાતાએ પાત્રાપાત્રનો વિવેક કરવો યોગ્ય છે. જ્ઞાનદાન, સમ્યક્ત્વદાન અને ચારિત્રદાન સર્વોત્તમ દાન છે; પરંતુ જો તે પરીક્ષાપૂર્વક યોગ્ય પાત્રને જ દેવામાં આવે છે તો અનંત લાભરૂપ ફળને આપે છે; અન્યથા તો તે અસ્થાને અપાયાથી શસ્ત્રરૂપ થવા પામે છે. જેથી જીવને વસ્તુસ્વરૂપનું યથાર્થ ભાન થાય, તેની દૃઢ પ્રતીતિ થાય અને પરિણામે આચારવિચારની શુદ્ધિ થવાથી ચારિત્ર નિર્મળ થાય, જેથી જીવ સકળ કર્મબંધનથી, જન્મ, જરા ને મરણના ફેરામાંથી મુક્ત થઈ શાશ્વત સુખનો ભાગી થઇ શકે તે જ જ્ઞાનદાન, શ્રદ્ધાદાન અને ચારિત્રદાનથી શ્રેષ્ઠ દાન બીજું કયું હોઈ શકે ? એવા ઉત્તમ દાનના દાતા શ્રી તીર્થંકરો, ગણધરો, આચાર્યવરો, ઉપાધ્યાયો અને સંત સુસાધુજનો ખરેખર ધન્ય–કૃતપુન્ય છે ! એવા ઉત્તમ પાત્રોને નિર્દોષ અન્નપાનાદિકવડે પોષનાર સુશ્રાવક જનોને પણ ધન્યવાદ ઘટે છે. કેવળ મોક્ષને માટે જ દાન દેનાર અને મોક્ષને માટે જ લેનાર એ બન્નેની સદ્‌ગતિ જ થાય છે. એ ઉપરાન્ત દીન, દુઃખી, અનાથ જનોને યોગ્ય આશ્રય આપનાર ગૃહસ્થજનો પણ ભવાન્તરમાં સુખી થાય છે. અરે ! સીદાતા સ્વજનોને યોગ્ય સહાય આપીને ઉદ્ધારનાર અને ઇષ્ટ દેવ ગુરુ પ્રમુખ પૂજયજનોની સ્તુતિ ને ભક્તિ કરનારાને સંતોષનાર પણ સુખી થાય છે અને યશ પામે છે.

૧૯. શીલ ધર્મ

શીલ ધર્મનો પ્રભાવ

અશુભ કરમ ગાળે, શીલ શોભા દીખાળે,
ગુણગણ અજુવાળે, આપદા સર્વ ટાળે;
તસ નર બહુ જીવી, રૂપ લાવણ્ય દેઇ,
પરભવ શિવ હોઈ, શીલ પાળે જિ કોઇ. ૩૯

ઇણ જગ જિનદાસ–શ્રેષ્ટી શીળે સુહાયો,
તિમ નિરમળ શીલે, શીલ [1]ગંગેવ ગાયો:
કળિકરણ નરિંદા, એ સમા છે જિ કેઈ,
પરભવ શિવ પામે, શીલ પાળે તિ કેઈ. ૪૦

જે સુજ્ઞજનો શુદ્ધ આચારવિચારનું સેવન કરી સ્વપર-હિત સાધે છે, સ્વસ્ત્રીમાં સંતોષવૃત્તિ ધારી પરસ્ત્રીને માતા તુલ્ય અને સ્વપતિમાં સંતોષ ધારી પરપુરુષને પિતા તુલ્ય લેખે છે, તેમ જ પરદ્રવ્યને પથ્થર તુલ્ય અને સર્વ કોઇ પ્રાણીવર્ગને સ્વાત્મતુલ્ય લેખે છે તે ઉત્તમ ભાઇબ્હેનો નિર્મળ શીલ શોભાને ધારે છે, સંતોષવૃત્તિવડે દુષ્ટ વિષયવાસનાને મારી આત્માના સ્વાભાવિક ગુણોને પ્રગટાવે છે અને પ્રારબ્ધયોગે આવી પડેલી સકળ આપદાને નિવારી શકે છે. વળી તેઓ નિજ વીર્ય સંરક્ષણવડે દીર્ઘાયુષી બને છે, રૂપ લાવણ્યાદિક શુભ શારીરિક સંપત્તિને પામે છે અને અંતે સકળ કર્મઉપાધિને ટાળી અજરામર પદવીને પણ પામે છે.

આ જગતમાં નિર્મળ શીલધર્મના પ્રભાવે **જિનદાસ શ્રેષ્ઠી, સુદર્શન શ્રેષ્ઠી** અને **ગાંગેય** (ભીષ્મપિતામહ) પ્રમુખ નિર્મળ યશોવાદને પામ્યા છે; તેમજ **વિજય શેઠ** અને **વિજયા શેઠાણી, જંબૂકુમાર, સ્થૂલભદ્રજી, વજ્રસ્વામીજી,**

---

૧ ગાંગેય–ભીષ્મપિતામહ.

અને **બ્રાહ્મી, સુંદરી** પ્રમુખ કઇક સતાઓ (સત્પુરુષો) અને સતીઓ (સતી સ્ત્રીઓ) શીલની ખરી કસોટીમાંથી પસાર થયેલ છે. તેમની પેઠે જે નિર્મળ શીલ પાળે છે તે સકળ આપદાને વમી અંતે અક્ષયસુખ પામે છે.

સંપૂર્ણ શીલાંગ રથના ધોરી તો પંચ મહાવ્રતધારી સંત–સુસાધુજનો ગણાય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ-રૂપ ચાર સંજ્ઞાને જીતી લઇ, રસના–જીભ આદિક પાંચ ઇન્દ્રિયોને બરાબર નિયમમાં રાખી, ક્ષમા, મૃદુતા (નમ્રતા), ઋજુતા (સરલતા), સંતોષવૃત્તિ, ઈચ્છાનિરોધ (તપ), સંયમ, સત્ય, શૌચ (મનઃશુદ્ધિ), નિઃસંગતા (નિઃસ્પૃહતા) અને બ્રહ્મચર્ય-રૂપ દશવિધ યતિધર્મની શિક્ષાને યથાર્થ ધારણ કરી જે મહાશયો ત્રસ સ્થાવરાદિ દશ જીવભેદો પૈકી કોઇ પણ પ્રકારનાં જીવોની હિંસા મન, વચન, કાયાવડે કરતા, કરાવતા કે અનુમોદતા નથી, તેઓ જ ખરેખર સંપૂર્ણપણે અઢાર હજાર શીલાંગ રથના ધોરી લેખાવા યોગ્ય છે.

૧૮૦૦૦ અઢાર હજાર શીલાંગ રથની સમજ.

૫	પાંચ મહાવ્રતને.
૪	ચાર સંજ્ઞા તજવાવડે.
૨૦	
×૧૦	દશવિધ યતિધર્મે.
૨૦૦	
×૧૦	ત્રસ સ્થાવરાદિ દશકની દયા.
૨૦૦૦	
×૩	મન વચન કાયા ત્રિકરણે.
૬૦૦૦	
×૩	કરવું, કરાવવું અનુમોદન નહિ કરવા વડે.
૧૮૦૦૦	શીલાંગરથના ધોરીની સંખ્યા.

તેમ બની ન શકે તો ગૃહસ્થાશ્રમમાં રહીને પણ જે શુભાશયો સ્વપતિ-સ્વપત્નીમાં સંતોષ રાખી, પૂર્વોક્ત આચારને યથાશક્તિ આદરે છે અને શીલધર્મને પોતાના પ્રાણ કરતાં પ્રિય લેખી ગમે તેવા વિકટ સંયોગો વચ્ચે પણ પાળે છે તે ભવ્યાત્માઓ અનુક્રમે આત્મોન્નતિ સાધી જન્મમરણનાં દુ:ખથી મુક્ત થઇ શકે છે.

---

૨૦. તપ ધર્મ

તપશ્ચર્યાનો પ્રભાવ.

[૧]તરણી કિરણથી જ્યું, સર્વ અંધાર જાએ,
તપ કરી તપથી ત્યું, દુ:ખ તે દૂર થાયે;
વળી મલિન થયું જે, કર્મ ચંડાળ તીરે,
કિમ તનુ ન પખાળે, તે તપ સ્વર્ણ નીરે. ૪૧

તપ વિણ નવિ થાયે, નાશ દુ:કર્મકેરો,
તપ વિણ ન ટળે જે, જન્મ સંસારફેરો;
તપબળે લહી લબ્ધિ, ગૌતમે નંદિષેણે,
તપબળે વપુ કીધું, [૨]વિષ્ણુ વૈક્રિય જેણે. ૪૨

જેમ સૂર્યનાં કિરણ પ્રકાશતાં સર્વ અંધકાર દૂર થાય છે તેમ તપના પ્રભાવવડે સર્વ દુ:ખ દૂર થાય છે. વળી કર્મરૂપી ચંડાળના યોગે જે સંયમ શરીર મલિન (દોષિત) થયું હોય તેને તપરૂપી શુદ્ધ ગંગાજળથી શા માટે ન પખાળવું ? તપરૂપી નિર્મળ નીરવડે સંયમ-શરીર શુદ્ધ-નિર્મળ થઇ શકે છે.

---

૧ સૂર્ય. ૨ વિષ્ણુકુમાર મુનિ.

સમતા સહિત તપ કર્યા વગર પૂર્વે કરેલાં દુષ્ટ કર્મોનો નાશ થતો નથી, અને દુષ્કર તપ તપ્યા વગર વારંવાર જન્મ-મરણ કરવારૂપ ભવનો ફેરો ટળતો નથી. જિનેશ્વર દેવોએ આચરેલા અને ઉપદેશેલા તપના પ્રભાવવડે જ **શ્રી ગૌતમ-સ્વામી** અક્ષયમહાનસી પ્રમુખ અનેક ઉત્તમ લબ્ધિઓ પામ્યા હતા. **નંદિષેણ** મુનિજી એ જ તપના પ્રભાવવડે એવી લબ્ધિ પામ્યા હતા કે જેનાવડે પોતે અનેક જીવોને પ્રતિબોધી સન્માર્ગગામી કરી શકયા હતા. તેમ **વિષ્ણુકુમાર** મુનિ પણ એ જ તપના પ્રભાવવડે વૈક્રિય લબ્ધિ પામી, એક લક્ષ યોજન પ્રમાણ શરીર વિકુર્વી, દુષ્ટ નમુચિ પ્રધાનને દાબી દેવા શક્તિ-માન થયા હતા.

તેથી શાસ્ત્રકાર યોગ્ય જ કહે છે કે–તપના પ્રભાવવડે સર્વ કંઇ કામના સુખે સિદ્ધ થાય છે. જે કંઈ દૂર, દુરારાધ્ય અને દેવતાને પણ દુર્લભ હોય છે તે સઘળું તપના પ્રભાવે સમીપગત, સુસાધ્ય અને પામવું સુલભ થાય છે. દુષ્કર તપનું તેજ કોઇનાથી સહી શકાતું નથી; જીતી કે પરાભવી શકાતું નથી.

જે તપ નિરાશંસભાવે–નિષ્કામવૃત્તિથી–નિઃસ્પૃહતાથી શાસ્ત્ર-દૃષ્ટિપૂર્વક કરવામાં આવે છે તે તપ સકળ કર્મમળને બાળી નાંખી આત્મ–સુવર્ણને શુદ્ધ નિર્મળ કરી શકે છે. સમતા સહિત કરેલો તપ નિકાચિત કર્મને પણ બાળી નાંખે છે.

ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ આદિ બાહ્ય તપ કરવાનો હેતુ, નિજ દોષનું શોધન કરી વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને મમતા ત્યાગ કરવારૂપ અભ્યંતર તપનો લાભ મેળવવાનો છે. કારણવડે જ કાર્ય નીપજે છે. ઈન્દ્રિયાદિકનું

દમન કરવાવડે જ બાહ્ય તપનો અને બાહ્ય તપવડે જ અભ્યંતર તપનો લાભ મળી શકે છે. તે વડે જ કર્મની નિર્જરા-કર્મક્ષય થાય છે અને તે વડે જ જન્મમરણ રહિત મોક્ષપદ પ્રાપ્ત થાય છે, એમ સમજી સુજ્ઞ ભાઇબહેનોએ ઉક્ત પ્રભાવશાળી તપ સેવવા અધિક આદર કરવો ઉચિત-યુક્ત છે.

---

૨૧. ભાવ ધર્મ

ભાવ ધર્મનો પ્રભાવ.

મન વિણ મળવો જ્યું, ચાવવો દંતહીણો,
ગુરુ વિણ ભણવો જ્યું, જીમવો જ્યું [1]અલૂણો;
જસ વિણ બહુ જીવી, જીવ તે જ્યું ન સોહે,
તિમ ધરમ ન સોહે, ભાવના જો ન હોહે. ૪૩

ભરત નૃપ ઇલાચી, જીરણ શ્રેષ્ઠી ભાવે,
વળી વલકલચીરી, કેવળજ્ઞાન પાવે;
હળધર[2] હરિણો જે, પાંચમે સ્વર્ગ જાયે,
ઇહ જ ગુણ પસાયે, તાસ નિસ્તાર થાયે. ૪૪

જેમ મન વગરનું મળવું, દાંત વગરનું ચાવવું, ગુરુગમ વગરનું ભણવું, અલૂણું ધાન જમવું અને જશ વગર ઘણું જીવવું એ શોભતું નથી તેમ હ્રદયના ભાવ વગર ધર્મ પણ શોભતો નથી. હ્રદયની સાચી ભાવનાથી જ **ભરતમહારાજા** આરીસાભુવનમાં નિજ સ્વરૂપ અવલોકન કરતાં કરતાં નિર્મળ કેવળજ્ઞાન પામ્યા હતા.

---

૧ લૂણ વિનાનું. ૨ બળભદ્ર-બળદેવ.

ઈલાચીકુમાર વંશાગ્રે ચઢી રાજાને રીઝવવા નાટક કરતાં કરતાં સમીપસ્થ ઘરમાં ગોચરી વહોરવા પધારેલા અપૂર્વ શીલવાન મુનિના અપૂર્વ દર્શનવડે જ સ્વદોષ દેખી–સમજી અપૂર્વ વીર્યોલ્લાસથી ત્યાં જ રહ્યા સતા કેવળજ્ઞાન પામ્યા.

જીરણશેઠ મહાવીર પ્રભુને ચાર માસ પર્યંત પ્રાસુક આહારપાણીનો લાભ દેવા માટે પ્રતિદિન વિનંતિ કરતા અને પારણાને દિવસે શ્રી વીરપ્રભુ જરૂર લાભ આપશે એમ સમજી પ્રભુની રાહ જોતા હતા. તેવામાં પ્રભુએ અન્યત્ર પારણું કર્યું, અને જીરણ શેઠ ભાવનારૂઢ થઇ બારમા દેવલોકના અધિકારી થયા. જો કે પતિતપાવન એવા પ્રભુએ તો પૂરણ શેઠના ઘરે પારણું કીધું પણ જીરણશેઠને જ ભાવનાવડે ખરો લાભ થયો.

વલ્કલચીરી નામનો બાળતપસ્વી જેનું ચરિત્ર કંઇક વિસ્તારથી **પરિશિષ્ટ પર્વ**માં કહેલું છે તે ઘણે કાળે વિરહી તપસ્વી પિતા પાસે જ્યારે આવ્યા ત્યારે સ્વપાત્રાદિકને અવલોકતાં વિશુદ્ધ ભાવનાયોગે કેવળજ્ઞાન પામ્યા હતા.

તેમ જ વળી ગિરિનિવાસી **શ્રી બલભદ્ર** મુનિવરની પાસે સેવકરૂપ બનેલો મૃગલો તે તપસ્વી મુનિની પરિચર્યા કરતો હતો. એક વખતે પારણાના દિવસે ગુરુમહારાજ માટે નિર્દોષ આહાર-પાણીની ચિંતા કરતો કરતો ફરતો હતો. તેવામાં એક રથકાર જંગલમાં લાકડાં લેવા આવેલ તે એક વૃક્ષની શાખા અર્ધી કાપી ભોજનવેળા થઈ જવાથી ભોજન નિમિત્તે નીચે ઉતર્યો, તૈયાર થયેલ રસોઇ જમવા માટે બેસતાં પહેલાં કોઇ અતિથિની રાહ જોતો હતો. તેને જોઈ ગુરુમહારાજ પાસે આવી મૃગ ઇસારો કરવા લાગ્યો. એટલે મૃગલાએ બતાવેલા માર્ગે ગુરુ

મહારાજ જ્યાં રથકાર રાહ જોઈ રહ્યો હતો ત્યાં પધાર્યા. ગુરુ તપસ્વીને જોઇ રથકાર બહુ રાજી થયો અને તે આહાર વહોરાવવા જાય છે અને હરણીયો તેનું અનુમોદન કરે છે એવામાં એકાએક અધીં કાપેલી ડાળ તૂટી પડતાં શુદ્ધ ભાવનાથી ત્રણે જણા કાળ કરીને પાંચમા દેવલોકે દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં મનુષ્ય થઈ મોક્ષે જશે.

---

૨૨. ક્રોધ ત્યાગ

ક્રોધ કષાયનો ત્યાગ કરવા હિતોપદેશ.

તૃણ દહન[૧] દહંતો, વસ્તુ જ્યું સર્વ બાળે,
ગુણરયણ ભરી ત્યું, ક્રોધ કાયા પ્રજાળે;
પ્રશમ જળદ[૨] ધારા, વહ્નિ તે ક્રોધ વારો,
તપ જપ વ્રત સેવા, પ્રીતિવલ્લી વધારો. ૪૫

ધરણિ[૩] ફરસુરામે, ક્રોધે નિઃક્ષત્રી કીધી,
ધરણિ સુભૂમરાયે, ક્રોધે નિઃબ્રહ્મી કીધી;
નરક ગતિ સહાઇ, ક્રોધ એ દુઃખદાઇ,
વરજ વરજ ભાઇ ! પ્રીતિ દેજે વહાઇ. ૪૬

જેમ તૃણાગ્નિ ઊઠ્યો સતો સર્વ વસ્તુને બાળી નાંખે છે, તેમ ક્રોધાગ્નિ પ્રગટ્યો સતો અનેક ગુણરત્નથી ભરેલી કાયાને બાળી ખાખ કરી નાંખે છે. જો તેને શાન્ત કરવા ચાહતા જ હો તો તેના ઉપર સમતારસની ધારા ધોધબંધ વરસાવો, જેથી કષાયરૂપી અગ્નિ ઠરી જશે અને તપ-જપ-વ્રત આદરવાવડે પ્રીતિરૂપી વેલ વિસ્તરશે.

---

૧ અગ્નિ. ૨ વરસાદ. ૩ પૃથ્વી.

ક્રોધ–કષાયનું પરિણામ જોશો તો તે બહુ જ ખરાબ છે. **પરશુરામે** ક્રોધવડે પૃથ્વીને નક્ષત્રી કરી અને **સુભૂમ ચક્રવર્તી**એ પૃથ્વીને નબ્રાહ્મણી કરી. આવાં અતિ અનર્થ-કારી કાર્ય કરવાથી જીવની નરક ગતિ થાય છે. ક્રોધને એવો દુઃખદાયી જાણી હે ભાઇ! તું તેનો ત્યાગ કર અને સહુને સ્વાત્મ સમાન ગણી, મૈત્રીભાવ ધારી તેમના પ્રત્યે પ્રીતિ રાખ.

ક્રોધરૂપ વિષવૃક્ષનાં ફૂલ, ફળ અને છાંયા વિગેરે બધાં વિષમય જ છે. કોઇનું ભૂંડું–અનિષ્ટ ચિન્તવવું એ ક્રોધ–કષાયનાં પુષ્પ સમજવાં અને તક સાધી તેમનું અનિષ્ટ કરવું એ તેનાં કડવાં ફળ સમજવાં. નરકના મહાદુઃખદાયી દુઃખ વેઠવાં એ તેનો રસ સમજવો. ક્રોધ યુક્ત વાતાવરણમાં આવવાથી આવનારને ક્રોધનું વિષ વ્યાપી જાય છે માટે જેમ બને તેમ ક્રોધના પ્રત્યેક પ્રસંગથી ન્યારા જ રહેવા પ્રયત્ન કરવો યુક્ત છે.

ક્ષમા–સમતા–સહનશીલતા ગુણવડે તે વિષનું નિવારણ થઇ શકે છે. ઉપશમ જળની ધારાવડે એ ક્રોધ--અગ્નિ સહેજે ઓલવી શકાય છે. ક્રોધી માણસને બોધ લાગતો નથી, અને તે અંધ બની, અકાર્યો આચરી નીચી ગતિમાં જાય છે. ગમે તેટલો તપ, જપ, સંજમ સેવનાર પણ ક્રોધવશ બની તેનું ફળ ક્ષણવારમાં હારી જાય છે. ઉત્તમ પુરુષને–સજ્જનને ક્રોધ થતો નથી અને કોઇ તેવાં જ નિમિત્તયોગે થાય તો તે લાંબો વખત ટકતો નથી; અર્થાત્ સાવધાનપણું રાખવાથી કોઇનું અનિષ્ટ થતું અટકે છે, તેવા સજ્જનો સાવચેતપણું સાચવે છે જ. બાકી દુર્જનો તો ક્રોધવશ બની, ગમે તેવાં કટુક

વચન વદી સજ્જનોને પણ સંતાપે છે. તેમનાથી તો સદંતર દૂર રહેવું દુરસ્ત છે. કૂરગડુ મુનિની પેઠે ગમે તેવા પ્રસંગે જે સમતા રસમાં જ ઝીલે છે તેનો જ મોક્ષ થાય છે.

---

૨૩. માનત્યાગ

માન કષાયનો ત્યાગ કરવા હિતોપદેશ.

વિનય વનતણી જે, મૂળ શાખા વિમોડે,
સુગુણ કનકકેરી, શૃંખલા બંધ તોડે;
ઉનમદ કરી દોડે, માન તે મત્ત હાથી,
નિજ વશ કરી લેજે, અન્યથા દૂર એથી. ૪૭

વિષદ વિષ સમોએ, માન તે સર્પ જાણો,
મનુષ્ય વિકળ હોવે, એણુ ડંકે જડાણો;
ઇહ ન પરિહર્યો જો, માન દુર્યોધને તો,
નિજ કુળ વિણસાડ્યો, માનને જે વહંતો. ૪૮

વિનયરૂપી વડવૃક્ષની મૂળ સુધી નમેલી નમ્રતારૂપી શાખાને માન મરડી નાંખે છે અને સદ્‌ગુણરૂપી સોનાની સાંકળના બંધ પણ તોડી નાંખે છે. તેવા ઉન્માદથી દોડતા માનરૂપી મદોન્મત્ત હાથીને અંકુશવડે દમીને વશ કરી લેવો જોઇએ. સર્વથા વશ ન કરી શકાય તો તેનાથી દૂર તો રહેવું જ, પણ તેને વશ તો ન જ થઇ જવું. માનને વશ થનારના ભૂંડા હાલ થાય છે, લોકમાં અપવાદ થાય છે અને ગતિ પણ માઠી થાય છે.

માનને એક મહાન ઝેરી સર્પ—ઉગ્ર વિષધર—અજગર સમજો, જેના એક ડંખ માત્રથી મનુષ્ય મૂર્ચ્છિત થઇ જાય છે. એ દુષ્ટ માનનો ત્યાગ દુર્યોધને કર્યો નહિ અને પોતાના પૂજ્ય

જનોનાં હિતવચનનો અનાદર કરી, પાંડવોનો યોગ્ય સત્કાર કરવાને બદલે તેમનો વિનાશ કરવા યુદ્ધ મચાવ્યું તો તેથી પોતાના જ કુળનો ક્ષય કર્યો.

જ્ઞાની પુરુષો માનને ઊંચા પર્વતની ઉપમા આપે છે. તેને આઠ પ્રકારના મદરૂપી ઊંચા ઊંચા આઠ શિખરો આવી રહેલાં છે, જેથી જીવને સુખકારી પ્રકાશ મળી શકતો નથી. માનરૂપી વિષમ ગિરિરાજને ઉલ્લંઘવો બહુ કઠણ છે, પણ શાસ્ત્રકાર તેનો ઉપાય બતાવે છે.

"મૃદુતા કોમલ કમળસેં, વજ્રસાર અહંકાર;
છેદત હે એક પલકમેં, અચરિજ એહ અપાર."

સમતા શતક

નમ્રતા—નરમાશ કમળ કરતાં પણ કોમળ છે અને અહંકાર વજ્ર કરતાં પણ કઠણ છે, તેમ છતાં નમ્રતા અહંકારને એક પલકમાં ગાળી નાંખે છે એ ભારે આશ્ચર્યકારી છે. તેથી જ કહ્યું છે કે—"**નમે તે પ્રભુને ગમે.**" સદ્ગુણી સજ્જનો તો સફળ આંબાની જેમ નમી પડે છે, ફક્ત સૂકા સાગ જેવા અભિમાની લોકો જ નમતા નથી—અક્કડબાજ રહે છે. માનવશ થયેલા **રાવણ** જેવા રાજવીના પણ માઠા હાલ થયા તો પછી બીજા અલ્પ સત્ત્વવંતનું તો કહેવું જ શું ? **બિભીષણે** જો અભિમાની રાવણનો ત્યાગ કરી **ન્યાયમૂર્તિ શ્રી રામચંદ્રનો** આશ્રય લીધો તો સઘળી વાતે સુખી થયો, તેવી રીતે દુષ્ટ સંગ તજી જે સત્સંગ કરશે તે ઉભય લોકમાં સુખસમૃદ્ધિ પામશે.

૨૪. માયા–કપટત્યાગ

માયા–કપટનો ત્યાગ કરવા હિતોપદેશ.

નિઠુરપણું નિવારી, હિયડે[1] હેજ[2] ધારી,
પરિહર છળ–માયા, જે અસંતોષકારી;
મધુર મયૂર બોલે, તોહી વિશ્વાસ નાણે,
અહિ ગલણ પ્રમાણે, માયીને લોક જાણે. ૪૯

મ કર મ કર માયા, દંભ દોષદ્રુ[3] છાયા,
નરય તિરિયકેરા, જન્મ જે દેહ માયા;
બળિ નૃપ છળવાને, વિષ્ણુ માયા વહંતા,
લહુયતણું લહ્યું જે, વામના રૂપ લેતા. ૫૦

હે ભાઇ! નિર્દયપણું તજી, નિજ હ્રદયમાં સહુ પ્રત્યે હેત ધારી, અન્યને અસંતોષ ઉપજાવે એવી માયા–કપટ કરવાની ટેવ તું મૂકી દે. મીઠાબોલા માયાવી માણસોનો વિશ્વાસ કોઇ કરતું નથી. જેમ મીઠાબોલા મોરનો વિશ્વાસ સર્પ કરતા નથી, કેમકે તે સર્પને જીવતા ને જીવતા જ ગળી જાય છે, એવી નિર્દયતા મોરમાં રહેલી છે, તેમ માયાવી માણસ ગમે તેવું મીઠું મીઠું બોલે પણ લોકને તેનો વિશ્વાસ આવતો નથી, કેમકે માયાવી માણસનું હ્રદય ઘણું કઠોર હોય છે.

દંભ–મિથ્યા આડંબરરૂપી દોષ વૃક્ષની છાયા જેવી માયાને હે ભવ્યાત્મન્! તું મ કર, મ કર. જે કોઇ દેહધારી માયા–કપટ કરે છે તે નરક કે તિર્યંચના ભવમાં જઇ અવતરે છે અને પછી પરાધીનપણે ભારે કષ્ટ સહે છે, તે કરતાં પ્રથમથી જ

૧ હ્રદયમાં. ૨ હેત. ૩ દંભરૂપ વૃક્ષની છાયા જેવી.

સમજીને સરલતા આદરવી યુક્ત છે. બળીરાજાને છળવાને માટે માયા કરી વામનનું રૂપ ધારણ કરતાં વિષ્ણુ પણ લઘુપણું પામ્યા. સરલપણામાં જે સુખ સમાયું છે તેની ગંધ પણ માયામાં સંભવતી નથી.

જેવું વિચારમાં તેવું જ વાણીમાં અને વાણીમાં તેવું જ આચારમાં આવે તો તે સરલતા લેખાય છે; પરંતુ વિચારમાં જુદું, વાણીમાં જુદું અને ક્રિયામાં જુદું જ વર્તન હોય તો તે કુલટા નારીની જેવી કુટીલતા યા માયા જ કહેવાય. વીણા–તંત્રીના ત્રણ તાર એક સરખા ઓર્ડરમાં હોય છે તો તે મજાનો સ્વર કાઢી સાંભળનારને આનંદ ઉપજાવે છે, પણ જો તેમાંથી એક પણ તાર તૂટેલો કે અવ્યવસ્થિત થયેલો હોય તો તે તંત્રી નકામી થઈ જાય છે, તેમ મન, વચન અને કાયા અથવા વિચાર, વાણી અને વર્તન–આચાર જો એકતાર–એકતાવાળા–પૂર્વાપર વિરોધ વગરના હોય છે, તો આત્મ-સાધનમાં સરલતા યોગે અપૂર્વ આનંદ ઉપજે છે, એ અતિ અગત્યની વાત નિજ લક્ષમાં રાખી સહુ સુખાર્થી જનોએ પૂર્વાપર વિરોધી વિચાર, વાણી અને વર્તન–ક્રિયારૂપ કુટીલતાનો ત્યાગ કરી અવિરુદ્ધ વિચાર, વાણી અને આચારને સેવવારૂપ સરલતાનો આદર કરવા ઉજમાળ થવું ઉચિત છે. આખી આલમને ખાનારી માયાને નિવારવાનો ખરો ઉપાય **સરલતા** જ છે.

૨૫. લોભત્યાગ

લોભ કષાયનો ત્યાગ કરવા હિતોપદેશ.

સુણ વયણ સયાણે[1], ચિત્તમાં લોભ નાણે,
સકળ વ્યસનકેરો, માર્ગ એ લોભ જાણે;
ઇકિ ખિણ પણ એને, સંગ રંગે મ લાગે,
ભવ ભવ દુઃખ[2] દે એ, લોભને દૂર ત્યાગે. ૫૧

કનક ગિરિ[3] કરાયા, લોભથી નંદ રાયે,
નિજ અરથ ન આયા, તે હર્યા દેવતાએ;
સબળ નિધિ લહીજે, [4]સ્વાયત્તે વિશ્વ કીજે,
મન તનહ વરીજે, લોભ તૃષ્ણા ન કીજે. ૫૨

હે શાણા! તને હિતવચન કહું છું તે સાંભળ. સુજ્ઞ સજ્જન હોય તે લોભને સકળ આપદાનો ધોરી માર્ગ જાણી તેને મનમાં પેસવા દેતા નથી. એક ક્ષણ માત્ર એનો સંગ કરવાથી જીવને ભવોભવ દુઃખ સહેવાં પડે છે એમ સમજી તું પણ એનો સંગ ન કર. એના સંગથી કોણ સુખી થયું છે? જો! નંદરાજાએ લોભવશ સોનાના ડુંગર કરાવ્યા પણ તે તેના કંઈ ઉપયોગમાં ન આવ્યા અને દેવતાએ એ સઘળા હરી લીધા. જ્યાંસુધી તનમનથી લોભ–તૃષ્ણા તૂટે–છૂટે નહિ ત્યાંસુધી ચ્હાય તો સકળ નિધાન હસ્તગત થાય અથવા આખું જગત સ્વવશ થાય તો પણ લગાર માત્ર સાચું સુખ મળતું નથી. શાસ્ત્રકારે યોગ્ય જ કહ્યું છે કે " **लोभमूलानि दुःखानि** " બધા ય દુઃખનું મૂળ લોભ જ છે. લોભવશ પડેલા પ્રાણીઓ સુખ પામી શકતા નથી.

---

૧ સજ્જન. ૨ કષ્ટ. ૩ સોનાની ડુંગરીઓ. ૪ પોતાને કબજે.

" આકર સબ હી દોષ કો, ગુણધન કો બડ ચોર;
વ્યસન વેલીકો કંદ હૈ, લોભ પાસ ચિહું ઓર."

લોભ સર્વ દોષની ખાણ છે, ગુણધન હરી લેનાર ભારે ચોર છે, દુઃખવેલીનું મૂળ છે અને પ્રાણીઓને ફસાવવા ચારે બાજુ રચેલો પાસ (જાળ) છે. જેમ જેમ ઈચ્છિત લાભ મળે છે તેમ તેમ લોભ વધતો જાય છે. પ્રાણીઓની ઈચ્છા આકાશના જેવી અનંતી–અંત વગરની છે. મનોરથ ભટની ખાડ પૂરવા જતાં તે ઊંડી જતી જાય છે, તે કોઇ રીતે પૂરી શકાતી નથી–અધૂરી ને અધૂરી જ રહે છે. વળી શાસ્ત્રકારે લોભને સર્વભક્ષી દાવાગ્નિની ઉપમા આપી છે. સંતોષવૃત્તિથી જ તે શાન્ત થઇ શકે છે.

વળી તેને અગાધ સમુદ્રની ઉપમા આપેલી છે. સંતોષરૂપ **અગસ્તિ**[૧] જ તેને અંજલીરૂપ કરી શકે છે. લોભ મહાભયંકર ઉપાધિરૂપ છે.

લોભરૂપ વાદળાં વર્ષે છે ત્યારે પ્રચૂર પાપરૂપ કાદવ થાય છે, જેથી ત્યાં ધર્મહંસને રહેવું ગમતું નથી અને અજ્ઞાન અંધકાર છવાઇ જવાથી જ્ઞાન–પ્રકાશ પણ રહેતો નથી. લોભ–તૃષ્ણાને શાન્ત કરવા સંતોષ–અમૃત સેવવાની બહુ જરૂર છે. જેમ સારા મજબૂત કાંટાવડે નબળો કાંટો કાઢી શકાય છે, તેમ પ્રશસ્ત ધર્મ–લોભવડે અપ્રશસ્ત ખોટો લોભ દૂર કરી શકાય છે. એ વાત સર્વત્ર લાગુ પડે છે.

---

૧ અગસ્ત્ય નામના ઋષિ થઈ ગયા છે જેણે સમસ્ત સમુદ્રનું પાન કર્યું હતું, એમ લૌકિક શાસ્ત્ર કહે છે.

૨૬. દયા–અહિંસા ધર્મ

દયા ધર્મનું સેવન કરવા સદુપદેશ.

સુકૃત કલ્પવેલી, લચ્છી વિદ્યા સહેલી,
વિરતિ રમણી કેલી, શાન્તિ રાજા મહેલી;
સકળ ગુણ ભરેલી, જે દયા જીવકેરી,
નિજ હૃદય ધરી તે, સાધિયે મુક્તિ શેરી. ૫૩

નિજ શરણ પારેવો, શ્યેનથી જેણ રાખ્યો,
ષટ્દશમ[1] જિને તે, એ દયાધર્મ દાખ્યો;
તિણ હૃદય ધરીને, જો દયાધર્મ કીજે,
ભવજળધિ તરીજે, દુઃખ દૂરે કરીજે. ૫૪

પુન્ય ફળને પેદા કરવા કલ્પવેલી તુલ્ય, લક્ષ્મી અને વિદ્યાની સાહેલી (બહેનપણી), ચારિત્રમાં રમણ કરવાના સાધનરૂપ અને શાન્ત રસરાજને રહેવા ઉત્તમ સાધનરૂપ સકળ ગુણભરી જીવદયા જો નિજ દિલમાં ધારીએ તો તેથી આગળ જતાં મોક્ષપદને પામી શકીએ.

જેવી રીતે સોળમા જિનેશ્વર શ્રી **શાન્તિનાથજી**એ સાંચાણાથી પરાભવ પામતા પારેવાને નિજ શરણે રાખી દયાધર્મને દાખવ્યો, તેમ સ્વહૃદયમાં કરુણાભાવ રાખીને જો દયાધર્મનું સેવન કરવામાં આવે તો ભવસમુદ્રને તરી નિશ્ચે સર્વ દુઃખને દૂર કરી શકાય.

જે વિષયકષાયાદિ પ્રમાદવશ થઇ સ્વપરપ્રાણની હાનિ રૂપ હિંસા કરે છે તેને અંત વગરના–અનંત જન્મમરણના

[1] સોળમા પ્રભુ શ્રી શાન્તિનાથ.

અસહ્ય દુઃખ સહેવાં પડે છે. સ્વાર્થવશ જો પરને પરિતાપ ઉપજાવવામાં આવે તો તેથી અનંતગુણો પરિતાપ પામવાનો પ્રસંગ પોતાને જ આવી પડે છે. આ લોકમાં જ એથી વધ, બંધન, છેદન, ભેદન પ્રમુખ અને પરભવમાં નરકાદિનાં દુઃખ સહેવાં પડે છે; પરંતુ જો કોઇ જ્ઞાની ગુરુની કૃપાથી વિવેક-દૃષ્ટિ ખુલે અને ક્ષમાગુણ પ્રગટે તો દુષ્ટ હિંસાદોષથી બચી અમૃત જેવી અહિંસા યા દયાનો લાભ મેળવી શકાય.

સર્વ પ્રાણીવર્ગને સ્વાત્મતુલ્ય લેખી સુખશાતા ઉપજાવ-વામાં આવે છે તો પરિણામની વિશુદ્ધિથી પોતાને જ આ લોકમાં તેમ જ પરલોકમાં અનેકગુણી સુખશાતા ઉપજે છે. જેવાં બીજ વાવે તેવાં જ ફળ મળે છે, એમ સમજી સુજ્ઞ જનોએ હિંસારૂપ વિષબીજ નહિ વાવતાં અહિંસારૂપ અમૃત બીજ જ વાવવાં જોઇએ. સંક્ષેપમાં “ **परोपकारः पुण्याय, पापाय परपीडनम्** ” પરોપકાર પુન્ય ફળને માટે અને પરપીડન પાપ ફળને માટે થાય છે. સત્ય, પ્રમાણિકતા, શીલ અને સંતોષાદિ વ્રત નિયમો આદરી પાળ-વાનો અંતરંગ હેતુ દયાધર્મની રક્ષા અને પુષ્ટિ અર્થે જ છે, એ મુદ્દાની વાત નિજ લક્ષમાં રાખી શાસ્ત્રવચનને અનુસરવા પ્રમાદ રહિત પ્રયત્ન કરવો ઉચિત છે.

૨૭. સત્ય વાણી

સત્ય વાણી વદવાનો પ્રભાવ સમજી પ્રિય અને હિતવચન જ ઉચ્ચારવા હિતોપદેશ,

ગરલ[1] અમૃત વાણી, સાચથી અગ્નિ પાણી,
સૃજ સમ[2] અહિ રાણી, સાચ વિશ્વાસ ખાણી;
સુપ્રસન્ન સુર કીજે, સાચથી તે તરીજે,
તિણ [3]અલિક તજીજે, સાચ વાણી વદીજે. ૫૫

જગ અપજસ વાધે, કૂડ વાણી વદંતા,
વસુ નૃપતિ કુગત્યે, સાખ કૂડી ભરંતા;
અસત વચન વારી, સાચને ચિત્ત ધારી,
વદ વચન વિચારી, જે સદા સૌખ્યકારી. ૫૬

પ્રિય, પથ્ય અને તથ્ય (મિષ્ટ–મધુર લાગે અને હિતરૂપ થાય એવું) યથાર્થ વચન વદવા સદા સર્વદા નિજ લક્ષ રાખનાર આ લોકમાં અને પરલોકમાં બહુ સુખી થાય છે, આ ભવમાં વિશ્વાસપાત્ર બની ભારે પ્રતિષ્ઠા પામે છે અને પરભવમાં સ્વર્ગાદિના સુખ પામે છે. તેથી સત્ય વચન જ વદવા દૃઢ પ્રતિજ્ઞા કરવી ઘટે છે. સત્ય વ્રતના દૃઢ અભ્યાસથી વચનસિદ્ધિ થવા પામે છે. તેના પ્રભાવથી ઝેર અમૃતરૂપે પરિણામ પામે છે, અગ્નિ જળરૂપ થઇ જાય છે, કાળી નાગણ પુષ્પની માળારૂપ થાય છે, લોકમાં ભારે વિશ્વાસ બેસે છે, દેવતાઓ બહુ પ્રસન્ન થાય છે અને અંતે ભવસમુદ્રનો પાર પમાય છે. એમ સમજી અસત્ય વાણીનો ત્યાગ કરી અન્ય જનોને પ્રિય અને હિતરૂપ થાય એવી સત્ય વાણી જ વદવી ઘટે છે.

૧ ઝેર અમૃત થાય. ૨ નાગણ પુષ્પમાળા થાય. ૩ અસત્ય–ખોટું.

અસત્ય વાણી વદતાં દુનિયામાં અપજશ વધે છે. કૂડી-ખોટી સાક્ષી ભરતા **વસુરાજાની** પેઠે લોકમાં ભારે અપવાદ અને દુર્ગતિ થાય છે. આ અતિ અગત્યની વાત નિજ લક્ષમાં સદા ય ધારી રાખી કૂડા બોલ, કૂડી સાક્ષી, કૂડાં આળ અને પરતાંત-પરનિંદા કરવાની કૂડી ટેવ સદંતર દૂર કરી, સત્ય પ્રતિજ્ઞા દૃઢપણે ધારી તેનો એવી રીતે નિર્વાહ કરવો કે જેથી આ લોકમાં તેમ જ પરલોકમાં સદા ય આત્માની ઉન્નતિ થવા પામે. સત્ય વ્રતધારી જનોએ શાસ્ત્રને અનુકૂળ બોલવા સદા ય લક્ષ રાખવું જોઇએ. ઉત્સૂત્રભાષણ સમાન કોઇ ભારે પાપ નથી, અને શાસ્ત્રાનુસાર ભાષણ સિવાય કોઇ ભારે પુન્ય યા ધર્મ નથી. એ અપેક્ષાએ સત્ય વ્રત પાળવામાં ઘણી સાવચેતી રાખવાની જરૂર છે.

શ્રી કાલિકાચાર્ય મહારાજે પ્રાણાન્ત કષ્ટ વખતે પણ શાસ્ત્રવિરુદ્ધ વચન કહ્યું નહિ તેથી તેમનો સર્વત્ર યશોવાદ થયો અને તેઓ સદ્ગતિ પામ્યા, તેમ ગમે તેવા વિષમ સંજોગો વચ્ચે પણ જેઓ મક્કમપણે સત્ય વ્રતનું સેવન-આરાધન કરે છે તે ઉભય લોકમાં સુખસંપદા પામે છે અને અન્ય અનેક ભવ્ય જનોને પણ માર્ગદર્શક બને છે. સત્યના પ્રભાવ ઉપર અજવાળું પાડે એવા અનેક ઉત્તમ દૃષ્ટાન્તો મળી આવે છે, તે નિજ લક્ષમાં રાખી આત્મઉન્નતિ અર્થે સુજ્ઞ જનોએ સત્ય વ્રતનું પાલન કરવું.

૨૮. અસ્તેય

ચોરી કરવાની કુટેવથી થતી ખુવારી સમજી નીતિ આદરવા હિતોપદેશ.

પરધન અપહારે, સ્વાર્થને ચોર હારે,
કુળ અજસ વધારે, બંધ ઘાતાદિ ધારે;
પરધન તિણ હેતે, સર્પ જ્યૂં દૂર વારી,
જગજન હિતકારી, હોય સંતોષ ધારી. ૫૭

નિશિદિન નર પામે, જેહથી દુઃખ કોટી,
તજ તજ ધન ચોરી, કષ્ટની જેહ ઓરી[1];
પરવિભવ હરંતો, રોહિણી ચોર રંગે,
ઇહ અભયકુમારે, તે ગ્રહ્યો બુદ્ધિસંગે. ૫૮

દ્રવ્યના લોભથી કુચ્છંદવશ કુબુદ્ધિ ધરીને ચોર લોકો પારકા ધનને ગમે તે પ્રકારના છળ-કપટ કરીને અપહરી લે છે, તેથી તેમનો સ્વાર્થ ઊલટો બગડે છે. તેઓ પોતાનો વખત ભયાકુળ સ્થિતિમાં જ પસાર કરે છે. કયાંય જંપીને બેસી કે શયન કરી શકતા નથી, સુખે ખાઇ-પી શકતા નથી; પણ રાતદિન પકડાવા કે દંડાવાના જ ભયમાં રઝળતાં ફરે છે. તેમના મનને કયાંય ચેન પડતું નથી. તેની સાથે તેમના કુટુંબ-કબીલાના પણ ભોગ મળે છે. કુળની કીર્ત્તિનો પણ લોપ થઈ જાય છે અને વધ બંધનાદિક કષ્ટ સહવા પડે છે. ચોરીના અપલક્ષણથી સર્પની જેમ કોઇ તેમનો વિશ્વાસ કરતું નથી. આ ભારે દોષ નિવારવાનો ખરો ઉપાય સંતોષ જ છે.

જેથી જીવને રાતદિવસ અનેક દુઃખનો કડવો અનુભવ કરવો પડે છે, તે કષ્ટની ખાણ જેવો ચોરી કરવાનો દોષ

---

૧. ઓરડી ?

જરૂર તજવા જેવો જ છે. **રોહિણીયો** ચોર પારકા દ્રવ્યને ખૂબ અપહરી લેતો હતો, પણ **શ્રી વીરપ્રભુનાં** વચનથી જ બચવા પામ્યો, અભયકુમારથી પણ ન પકડાણો અને પછી તેણે વીરપ્રભુનું જ શરણ સ્વીકાર્યું.

પરાઇ નજીવી વસ્તુ ઉચકવાની કે છીનવી લેવાની ટેવ આગળ ઉપર ભારે ભયંકર રૂપ ધારી બેસે છે અને તે આગળ જતા જીવલેણ વ્યાધિની પેઠે તેના પ્રાણ પણ હરી લે છે. જો શરૂઆતથી જ બાળકો ઉપર નીતિના અને ધર્મના શુભ સંસ્કારો પાડવામાં આવ્યા હોય તો પ્રાય: આવી ભયંકર ભૂલો પાછળની વયમાં ભાગ્યે જ થવા પામે છે. સંતતિનું ભલું ઇચ્છનાર માબાપોએ તેવી દરકાર રાખવી જોઇએ અને પોતાના બાળકોને સારા જાતિવંત અને ધર્મશીલ શિક્ષક પાસે કેળવવાં જોઇએ. બાળકો જેવું દેખે તેવું સહેજે શીખે છે તેથી તેમની સમીપે, દૃષ્ટિ સામે કોઇ પણ અનીતિભર્યું આચરણ ન કરવું એવી સંભાળ રાખવી જોઇએ. કવચિત્ દૈવયોગે બાળક એવી કંઇ ભૂલ કરે તો તે માબાપોએ કે તેના શિક્ષકે તેને સમજાવી સુધરાવી લેવી જોઇએ. કેટલાક સુધરેલા દેશોમાં કેદી–ચોરને પણ સદુપદેશવડે સુધારી શકાય છે તો પછી બીજાઓનું તો કહેવું જ શું ? ઉદ્યમ અને ખંતથી ગમે તેવાં કઠણ કામ પણ થઇ શકે છે, ગમે તેવાં વ્યસન દૂર કરી શકાય છે અને સ્વપર હિત સાધી શકાય છે.

૨૯. શીલવ્રત

કુશીલ તજવા હિતોપદેશ–પરસ્ત્રીગમનથી થતા ગેરફાયદા.

અપયશ પડહ વાગે, લોકમાં લીહ[1] ભાગે,
દુરજન બહુ જાગે, ને કુળે લાજ લાગે;
સજન પણ વિરાગે, મા રમે એણ રાગે,
પરતિય[2] રસ રાગે, દોષની કોડી જાગે. ૫૯

પરતિય રસરાગે, નાશ લંકેશ[3] પાયો,
પરતિય રસત્યાગે, શીલ ગંગેય ગાયો;
દ્રુપદ જનક [4]પુત્રી, વિશ્વ વિશ્વે[5] વિદીતી,
સુરનર મિલી સેવી, શીળને જે ધરંતી. ૬૦

કામાન્ધ બની પરસ્ત્રીગમન કે વેશ્યાગમન કરવાથી અપયશ વધે છે, કુળ કલંકિત થાય છે, લોકમર્યાદાનો લોપ થાય છે, દુર્જનતા વધતી જાય છે, સજ્જનોનું મન તેનાથી વિરક્ત બની જાય છે, તેવા પરસ્ત્રી સંબંધી વિષય-રસમાં હે મુગ્ધ! તું રાચીશ નહિ. સ્વસ્ત્રીમાં જ સંતોષ ધરનાર સુખી થાય છે અને તે એકપત્નીવ્રતવાળો લેખાય છે. સ્વસ્ત્રીનો અનાદર કરી પરસ્ત્રીમાં લુબ્ધ બનનારને મહાહાનિ થવા પામે છે.

પરસ્ત્રીના વિષયરાગમાં પડવાથી **રાવણ** જેવો રાજવી વિનાશ પામ્યો અને ઉક્ત વિષયરસથી વિરક્ત થયેલો **ગાંગેય** સર્વત્ર યશવાદ પામ્યો, બાળવયથી જીવિત પર્યંત જેણે અખંડ શીલનું પાલન કર્યું એવા તે અંતે સદ્દગતિને પામ્યા.

---

૧ આબરૂ જાય. ૨ પરત્રિયા–પરસ્ત્રી. ૩ રાવણ. ૪ દ્રૌપદી અને સીતા. ૫ આખા વિશ્વમાં પ્રસિદ્ધ થઈ.

વળી આખી દુનિયામાં વિખ્યાત થયેલી **દ્રૌપદી** તથા **સીતા** નામની સતીને તેની સુશીલતા(સ્વપતિસંતોષ)ને લીધે અનેક દેવતાઓ અને મનુષ્યોએ પણ પૂજી.

જે શુભાશયવંત સ્ત્રી પુરુષો પોતાના મનને અને ઇન્દ્રિયોને કાબૂમાં રાખીને તેમને ઉન્માર્ગે જવા દેતા નથી તેઓ ગમે તેવી તેની કસોટી વખતે પ્રાણપ્રિય શીલવ્રતનું સંરક્ષણ કરી ઉત્તમ સતાસતીઓની પંક્તિમાં લેખાવા યોગ્ય બને છે. આર્ય સતી-સતાનાં એવાં અનેક ઉદાર દૃષ્ટાંતો સુપ્રસિદ્ધ છે. આવાં સુશીલ સ્ત્રીપુરુષરત્નોને કષ્ટ વખતે દેવતાઓ પણ સહાય કરે છે. તેમનો નિર્મળ યશ જગતમાં સર્વત્ર પ્રસરી રહે છે અને ગમે તેવું દુષ્કર કાર્ય તેઓ સુખે સાધી શકે છે.

નિર્મળ શીલના પ્રભાવે જ **સુદર્શન** શેઠની શૂળી ભાંગીને સિંહાસન થઇ ગયું હતું. શીલના જ પ્રભાવે સતી **સુભદ્રા**-એ કૂવામાંથી કાચે તાંતણે બાંધેલી ચાલણીવડે જળ કાઢીને ચંપાનગરીના દ્વાર ઉઘાડ્યાં હતાં અને શીલના જ પ્રભાવે સતી **સીતાજી**ને અગ્નિ શીતળ થઇ ગયો હતો. સંક્ષેપમાં શિયળના પ્રભાવે વાઘ બકરી જેવો, સર્પ ફૂલની માળા જેવો, અગ્નિ પાણી જેવો અને સમુદ્ર સ્થળ જેવો થઇ જાય છે, એમ સમજી સુજ્ઞ જનોએ નિજ મન અને ઇન્દ્રિયોને મર્યાદામાં રાખી સદા ય સુશીલતા જ સેવવી જોઇએ. કુશીલતાથી રાવણ પ્રમુખના થયેલા ભૂંડા હાલ જાણી કદાપિ તેનો સંગ કરવો નહિ. કુશીલતાથી જગતમાં અનેક માઠાં ઉપનામો મળે છે, અને સુશીલતાથી સર્વત્ર યશવાદ ઉપરાંત સદ્‌ગતિ થાય છે.

૩૦. પરિગ્રહ–મમતા ત્યાગ

પરિગ્રહ અથવા દ્રવ્ય મમતા તજવા હિતોપદેશ.

શશિ ઉદય વધે જ્યું, સિંધુ વેળા[1] ભલેરી,
ધન કરી મનસા એ, તેમ વાધે ઘણેરી;
દૂરિત નરક સેરી, તું કરે તે [2]પરેરી,
મ મ કર અધિકેરી, પ્રીતિ એ અર્થકેરી. ૬૧

મનુષ્ય જનમ હારે, દુઃખની કોડી ધારે,
પરિગ્રહ મમતાએ, સ્વર્ગના સૌખ્ય વારે;
અધિક ધરણી[3] લેવા, ધાતકી ખંડકેરી.
સુભૂમ કુગતિ પામી, ચક્રીરાયે ઘણેરી, ૬૨

જેમ ચંદ્રમાના ઉદય સાથે સમુદ્રની વેલ વધતી જાય છે તેમ દ્રવ્યની વૃદ્ધિ થવાની સાથે મમતાની પણ વૃદ્ધિ થતી જાય છે, એમ સમજી પાપને પેદા કરનારી અને વૃદ્ધિ કરનારી નરકની શેરી સમાન મમતાને તું દૂર કર. અનિત્ય અને અસાર દ્રવ્યની અધિક પ્રીતિ ન કર ન કર.

દ્રવ્યની મમતાવડે દુર્લભ માનવભવ એળે હારી જવાય છે, ક્રોડો ગમે દુઃખ આવી પડે છે, અને સ્વર્ગના સુખથી બેનસીબ જ રહેવાય છે. પ્રાપ્ત છ ખંડ રાજ્યથી અસંતુષ્ટ રહેલા **સુભૂમ ચક્રવર્તી**એ, ધાતકી ખંડની પૃથ્વી સ્વવશ કરવા જતાં, પાપી મમતા યોગે, તેના સેવક યક્ષોએ એકી સાથે ઉપેક્ષા કરવાથી, છતી ઋદ્ધિ હારી, સર્વ સાથે સમુદ્ર તળે જઇ, નીચ નરક ગતિ જ સાધી–પ્રાપ્ત કરી.

---

૧ સમુદ્રની ભરતી. ૨ દૂર કર. ૩ પૃથ્વી.

જેમ અત્યંત ભારથી ભરેલું નાવ ડૂબી દરિયા તળે જાય છે તેમ અતિ લોભવશ પરિગ્રહ–મમતાથી જીવ ભવસમુદ્રમાં ડૂબી જાય છે.

આ દુર્લભ મનુષ્યભવાદિ શુભ સામગ્રી ગુમાવી દેનાર ફરી તે સામગ્રી પામી શકતા નથી. ફરી ફરી એવી સામગ્રી પામવી અતિ દુર્લભ છે, એમ સમજી સુજ્ઞજનોએ પરિણામે દુઃખદાયી દ્રવ્યની મમતાનો ત્યાગ કરી–દ્રવ્યલોભ તજી, સુખકારી ધર્મનો જ લોભ કરવો યુક્ત છે.

અનેક પ્રકારની દ્રવ્ય–સંપત્તિ લોભવશ એકઠી કરવા છતાં છેવટે તે છેહ દઇ જતી રહે છે, અથવા તેને તજી પોતાને જતું રહેવું પડે છે–જમશરણ થવું પડે છે એમ વિચારી જે ધર્મ સંપત્તિ (ગુણસંપદા) સદા ય સાથે રહે છે તેનો સંચય કરવા શા માટે પ્રયત્ન ન કરવો ? **મમ્મણ** શેઠની પેઠે અનર્ગળ લક્ષ્મી એકઠી કર્યા છતાં કૃપણતાના દોષથી તે લક્ષ્મી સુખને માટે નહિ પણ મિથ્યા મમતાવડે દુઃખને માટે જ થઇ છે. જેમ જેમ લક્ષ્મીનો લાભ થતો જાય છે તેમ તેમ લોભ પણ વધતો જાય છે લોભવશ જીવ અધિક લક્ષ્મી મેળવવા જીવનાં જોખમ ખેડે છે, મહાઆરંભ સમારંભવાળાં પાપવ્યાપાર કરે છે અને હાયવોય કરતાં મરીને છેવટે નરકાદિ દુર્ગતિને પામે છે. લોભાંધ જીવ નીતિ–ધર્મનો અનાદર કરી અનીતિ–અધર્મને માર્ગે ચાલે છે અને અનેક અધમ કાર્ય કરી આ લોકમાં અપવાદ અને પરલોકમાં પરમાધામીના માર ખાય છે, એમ સમજી સુજ્ઞ જનોએ એવી અધમ લોભવૃત્તિ તજી, સંતોષવૃત્તિ ધારી, બન્ને ભવ સુધારી લેવા યોગ્ય છે.

---

૩૧. સંતોષ

સંતોષ ગુણ ધારવા–આદરવા હિતોપદેશ.

સકળ ગુણ ભરાયે, [1]વિશ્વતા વશ્ય થાયે,
ભવજળધિ તરાયે, દુઃખ દૂરે પળાયે;
નિજ જનમ સુધારે, આપદા દૂર વારે,
નિત ધરમ વધારે, જેહ સંતોષ ધારે. ૬૩

સકળ સુખતણો તે, સાર સંતોષ જાણે,
કનક રમણીકેરી, જેહ ઇચ્છા ન આણે;
રજની કપિલ બાંધ્યો, સ્વર્ણની લોલતાએ,
ભ્રમર કમળ બાંધ્યો, તે અસંતોષતાએ. ૬૪

જે સુજ્ઞજનો સંતોષ ગુણને ધારે છે તે સકળ ગુણગૌરવને પામે છે, સકળ વિશ્વવર્તી જનોને વશ કરે છે, ભવસમુદ્રને તરી શકે છે, દુઃખ માત્રને દૂર કરી શકે છે, નિજ જન્મને સુધારી શકે છે, આપદામાત્રને નિવારી શકે છે અને નિત્ય નિત્ય ધર્મની વૃદ્ધિ કરી શકે છે. સંતોષગુણનો આ મહાપ્રભાવ છે.

કનક અને કામિનીના સંગની ઇચ્છા જે કરતા નથી તે જ ખરેખર સંતોષને સકળ સુખનું ધામ સમજે છે. સંતોષ ગુણ વગર કનક કે કામિનીની ઇચ્છા તજાતી નથી. સુવર્ણની લોલુપતાએ **કપિલ** બ્રાહ્મણ રાજાની પાસે મધ્યરાત્રિએ જતાં માર્ગમાં કોટવાળના હાથમાં પકડાઈ ગયો, પછી પ્રભાતે તેને રાજા પાસે આણ્યો, તેણે સત્ય હકીકત કહેવાથી રાજાએ તેને છોડી દીધો અને જોઈએ તેટલું સુવર્ણ માગી લેવા જણાવ્યું. તે વિચાર

---

૧. આખું વિશ્વ.

કરીને માગવા ઉપર રાખી, જ્યારે પોતે વિચાર કરવા બેઠો ત્યારે તેની ઇચ્છા આકાશ જેવી અનંતી થઇ ગઇ–ઇચ્છાનો અંત જ ન આવ્યો. છેવટે તે પ્રતિબોધ પામ્યો, એમ સમજીને કે આખરે સંતોષમાં જ સુખ છે. વળી ભમરા જે ફૂલમાં બંધાઇ રહે છે તે પણ અસંતોષવડે જ, એમ સમજી સુજ્ઞજનોએ પરસ્પૃહા–વિષયતૃષ્ણા તજી સંતોષ ગુણ સેવવા આદર કરવો યુક્ત છે.

શાસ્ત્રકારે યોગ્ય જ કહ્યું છે કે " પરસ્પૃહા મહાદુઃખરૂપ છે અને નિઃસ્પૃહતા મહાસુખરૂપ છે. " એ વચનનું ઊંડું રહસ્ય વિચારી નિઃસ્પૃહતા આદરવી યુક્ત છે. લોભવશ નંદરાજાએ સોનાની ડુંગરીઓ કરાવી પણ તે તેના કશા કામમાં ન આવી. દેવતાએ તે અપહરી લીધી અને પોતે ફોગટ મમતા બાંધીને દુઃખી થયો. લોભ સર્વભક્ષક અગ્નિ સમાન છે, તે સર્વ સુખનો નાશ કરી પ્રાણીને દુઃખ માત્ર આપે છે. જેમ ઈંધનથી આગ તૃપ્ત થતી નથી તેમ જીવને ગમે તેટલી દ્રવ્યસંપત્તિથી સંતોષ વળતો નથી. અસંતોષી જીવ ઉન્મત્તની પેઠે ગમે તેમ બોલતા ફરે છે અને ગમે તેવી પાપચેષ્ટા કરે છે. આવા જીવની અંતે બૂરી ગતિ થવા પામે છે. જેમ જળવડે અગ્નિ શાંત થાય છે તેમ જ્ઞાન–વૈરાગ્યવડે તૃષ્ણાદાહ ઉપશમે છે અને શાંતિ–સંતોષ પ્રગટે છે. ભૂમિ ઉપર શય્યા, ભિક્ષાવૃત્તિથી આહાર, જીર્ણપ્રાય વસ્ત્ર અને એકાંત વનવાસ છતાં નિઃસ્પૃહી સાધુ–મહાત્માને ચક્રવર્ત્તી કરતાં પણ સંતોષગુણવડે અધિક સુખ હોય છે. તેઓ શમ અને સંતોષ સામ્રાજ્યવડે જ ખરેખર સુખી છે, જ્યારે પરિગ્રહ–મમતાથી ભરેલા ઇન્દ્ર કે નરેન્દ્ર પણ અસંતુષ્ટપણાવડે ઊલટા દીન–દુઃખી જ દેખાય છે. ધન, ધાન્ય, પુત્ર,

પરિવાર ઉપર કે શરીરાદિક સંયોગિક વસ્તુઓ ઉપર મિથ્યા મમતા રાખી જીવ દુઃખી જ થાય છે, એમ સમજી શાણા જનોએ સંતોષવૃત્તિ જ સેવવી યુક્ત છે.

---

૩૨. વિષયતૃષ્ણા

વિષય તૃષ્ણા તજવા હિતોપદેશ.

શિવપદ યદિ વાંછે, જેહ આનંદદાઇ,
વિષ સમ વિષયા તો, છાંડી દે દુઃખદાઈ;
મધુર અમૃત ધારા, દૂધની જો લહીજે,
અતિ વિરસ સદા તો, કાંજિકા શું ગ્રહીજે ? ૬૫

વિષય વિકળ તાણી, કીચકે [૧]ભીમભાર્યા,
[૨]દશમુખ અપહારી, [૩]જાનકી રામભાર્યા;
રતિ ધરી રહનેમિ, ક્રીડવા નેમિનાર્યા,
જિણ વિષય ન વર્જ્યા, તેહ જાણો અનાર્યા. ૬૬

હે ભવ્યાત્મન્ ! જો તું પરમ આનંદદાયક મોક્ષ-સુખને ચાહતો જ હોય તો પરિણામે પરમ દુઃખદાયક વિષ જેવા વિષયભોગને તું તજી દે, ચારિત્રનું શુદ્ધ-નિર્મળભાવે સેવન કરી લેવારૂપ અમૃતની ધારા પી લે. એ તો દેખીતું સત્ય છે કે જો દૂધની મધુર અમૃતધારા મળતી હોય તો પછી અતિ વિરસ-ખાટી કાંજિકા-છાશનો શા માટે આદર કરવો જોઇએ ? ન જ કરવો જોઇએ. સંતોષ એ ખરું અમૃત છે, અને અસંતોષ અથવા વિષયતૃષ્ણા એ ખરેખર પ્રાણહારક ઉગ્ર વિષ સમાન હોવાથી તજવા યોગ્ય જ છે.

---

૧ દ્રૌપદી. ૨ રાવણ. ૩ સીતા.

વિષયતૃષ્ણાથી વિકળ બનેલા **કીચકે** સતી **દ્રૌપદીનું** શિયલ ભંગ કરવા માટે પ્રયત્ન કર્યો હતો **અને દશમુખ–રાવણે** સતી **સીતાજીનું** અપહરણ કર્યું હતું, તેમ જ વળી **રહનેમિએ રાજીમતી** સંગાતે રતિ–ક્રીડા કરવા મન કર્યું હતું અને તે માટે ભોગપ્રાર્થના પણ કરી હતી; પરંતુ શીલ–સંતોષના પ્રભાવથી સતી દ્રૌપદીનાં ચીર પૂરાયાં (નવનવાં વસ્ત્ર તેણીના દેહ ઉપર ઉત્પન્ન થવા પામ્યાં), એકાન્ત સ્થળ છતાં રાવણ સતી સીતાના શીલનો તાપ સહન કરી નહિ શકવાથી છેટો જ રહ્યો અને સતી રાજીમતીના સદ્‌બોધભર્યાં વચનથી રહનેમિ શીઘ્ર ઠેકાણે આવી, સ્વદોષની આલોચના–નિંદા–ગર્હા કરી અવિચળ પદ પામ્યા.

જે મોહાંધ બની, ઇન્દ્રિયવશ થઈ વિષયવિકળતાથી અધર્મ-ને માર્ગે ચાલે છે તેમને તેમનાં અધર્મ–કાર્યને લઈને અનાર્યપ્રાય જ સમજવા.

ઇન્દ્રિયોના વિષયમાં લુબ્ધ બની ક્ષણિક અને કલ્પિત સુખની ખાતર જીવ નિત્ય–સ્વાભાવિક સુખને ગુમાવી દે છે. વિષયસુખમાં સ્વશક્તિનો ક્ષય કરી નાંખનાર સહજ સ્વાભાવિક સુખ મેળવવા સ્વવીર્યનો ક્યાંથી ખર્ચ કરી શકે ? ઇન્દ્રિયોને વશ નહિ થતાં તેમને જ સ્વવશ કરવા પ્રયત્ન કરી લેવાય તો સ્વલ્પ કાળમાં મહાન્ લાભ મેળવી શકાય. ફક્ત દિશા બદલવાની જ પ્રથમ જરૂર છે. સ્વેચ્છા મુજબ ગમે તેવા દુ:ખદાયક વિષયોમાં દોડી જતી ઇન્દ્રિયોને દમી તેમને સુખ-દાયક સાચા માર્ગે વાળવી જોઇએ. ચક્ષુવડે વીતરાગ દેવની અને સંતજનોની શાંત મુદ્રા નીરખી નિજ આત્મવિચારણા કરવી, શ્રોત્ર–કાનવડે સદ્‌ઉપદેશ અમૃતનું પાન કરવું, જીભવડે

શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની સ્તુતિ કરવી, સુગંધી પદાર્થ દેવ-ગુરુની ભક્તિમાં નિઃસ્વાર્થપણે વાપરવા, નિજ દેહવડે બને તેટલી ઉત્તમ જનોની સેવા–ભક્તિ કરવી અને પરમાર્થપરાયણ થવું.

---

૩૩. ઇન્દ્રિયપરાજય

ઇન્દ્રિયપરાજય આશ્રી હિતોપદેશ.

ગજ [૧]મગર પતંગા, જેહ [૨]ભૃંગા [૩]કુરંગા,
ઇક ઇક વિષયાર્થે. તે લહે દુઃખ સંગા;
જસ પરવશ પાંચે, તેહનું શું કહીજે ?
ઇમ હૃદય વિમાસી, ઇન્દ્રી પાંચે દમીજે. ૬૭

વિષય વન ચરંતાં, ઇન્દ્રી જે ઊંટડા એ,
નિજ વશ નવિ રાખે, તેહ દે દુઃખડાં એ;
અવશ કરણ મૃત્યુ, જ્યું અગુપ્તેન્દ્રી પામે,
સ્વવશ સુખ લહ્યો જ્યું, [૪]કૂર્મ ગુપ્તેન્દ્રી નામે. ૬૮

હાથી, મચ્છ–મગર, પતંગ, ભ્રમર, હરણ એ બધાં પ્રાણીઓ એક એક ઇન્દ્રિયનાં વિષયમાં આસક્ત બનવાથી પ્રાણાન્ત દુઃખને પામે છે, તો પછી જે પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત બની રહે તેમનું તો કહેવું જ શું ? એમ હૃદયમાં વિચારી સુજ્ઞજનોએ પાંચે ઇન્દ્રિયોનું દમન કરવું જોઇએ. અન્યથા દ્રવ્ય અને ભાવ ઉભય પ્રાણની હાનિ થવા પામે છે.

વિષયરૂપી વનમાં સ્વેચ્છાએ ચરતા ઇન્દ્રિયોરૂપી ઉંટડાઓને જો સ્વવશ કરી લેવામાં ન આવે તો તે દુઃખદાયક નીવડે છે.

---

૧ મગર–મસ્ત્યો. ૨ ભમરાઓ. ૩ હરણો. ૪ કાચબા.

જે અજ્ઞજનો ઇન્દ્રિયોને સ્વવશ નહિ કરતાં તેમને જ વશ થઈ પડે છે, તેઓ પરવશ ઈન્દ્રિયવાળા અગુપ્તેંદ્રિય કાચબાની પેઠે મરણાન્ત કષ્ટ પામે છે અને જેઓ ઇન્દ્રિયોને સારી રીતે દમી સ્વવશ કરી લે છે, તેઓ ગુપ્તેન્દ્રિય કાચબાની પેઠે ખરેખર સુખી થઈ શકે છે.

શાસ્ત્રકાર સ્પષ્ટ જણાવે છે કે “ ઇન્દ્રિયોને ઈચ્છિત વિષયો· માં મોકળી મૂકી દેવી તે આપદા વ્હોરી લેવાનો રાજમાર્ગ છે, અને એ જ ઈન્દ્રિયોને નિયમમાં રાખી સન્માર્ગે દોરવી એ સુખસંપદા પામવાનો શ્રેષ્ઠ માર્ગ છે. ”

હવે એ બેમાંથી તમને પસંદ પડે એ માર્ગને તમે ગ્રહણ કરો. સુખી થવું કે દુઃખી થવું એનો આધાર આપણા સારા કે નરસા વર્તન ઉપર જ રહે છે. ઇન્દ્રિયોરૂપી ઉદ્ધત ઘોડાઓને દુર્ગતિના માર્ગમાં ઘસડી જતાં અટકાવવા જ હોય તો તેમને જિનેશ્વર પ્રભુના વચનરૂપી લગામવડે અંકુશમાં મૂકો–રાખો. વિવેકરૂપી હાથીને હણવાને કેશરીસિંહ જેવી અને સમાધિરૂપી ધનને લૂંટી લેવામાં ચોર જેવી ઇન્દ્રિયોવડે જે અજિત રહે તે જ ધીર–વીરમાં ધુરંધર છે એમ જાણવું. તૃષ્ણારૂપી જળથી ભરેલાં ઇન્દ્રિયોરૂપી ક્યારાવડે વૃદ્ધ પામેલા વિષયરૂપી વિષ–વૃક્ષો પ્રમાદશીલ પ્રાણીઓને આકરી મૂર્ચ્છા ઉપજાવી વિડંબના કરે છે. વિષયસુખ ભોગવતાં તો પ્રથમ મીઠાં–મધુર લાગે છે, પણ પરિણામે તે વિષયભોગ કિંપાકના ફળની પેઠે અનર્થકારી નીવડે છે. જેમ જેમ પ્રાણી વિષયનું અધિક અધિક સેવન કરે છે, તેમ તેમ તૃષ્ણાને વધારી સંતાપ ઉપજાવે છે. જેમ ઇન્ધનથી અગ્નિ તૃપ્ત થતો નથી અને નદીઓથી સમુદ્ર તૃપ્ત થતો

નથી, તેમ ગમે તેટલા વિષયભોગથી જીવને તૃપ્તિ થતી નથી અને તેના સંતોષ વગર સુખ પણ પ્રાપ્ત થતું નથી; તેથી સુખના અર્થી સુજ્ઞજનોએ સંતોષ ગુણ ધારણ કરવા નિજ મન અને ઇન્દ્રિયોને નિયમમાં રાખી સન્માર્ગે વાળવા પ્રયત્ન કરવો.

---

૩૪. પ્રમાદ

પ્રમાદ પરિહરવા હિતોપદેશ.

સહુ મન સુખ વાંછે, દુઃખને કો ન વાંછે,
નહિ ધરમ વિના તે, સૌખ્ય એ સંપજે છે;
ઇહ સુધરમ પામી, કાં પ્રમાદે ગમીજે ?
અતિ અળસ તજીને, ઉદ્યમે ધર્મ કીજે. ૬૯

ઇહ દિવસ ગયા જે, તેહ પાછા ન આવે,
ધરમ સમય એળે, કાં પ્રમાદે ગમાવે ?
ધરમ નવિ કરે જે, આયુ એળે વહાવે,
શશિ નૃપતિ પરે ત્યું, સોચ ના અંત પાવે. ૭૦

જગતના સહુજનો સુખની જ વાંછના કરતા જણાય છે, દુઃખની વાંછના કરતા કોણ નજરે પડે છે ? કોઇ જ નહિ. તેમ છતાં દુઃખનો અને સુખનો ખરો માર્ગ કોણ જાણે છે ? અથવા જાણવાની દરકાર કોણ કરે છે ? ધર્મ–દાન, શીલ, તપ, ભાવમાં આદર કરવાથી સુખ પ્રાપ્ત થાય છે અને તેમાં અનાદર–પ્રમાદ કરવાથી જ દુઃખ પ્રાપ્ત થાય છે. પ્રમાદ રહિત સાધુધર્મ કે ગૃહસ્થધર્મનું સેવન કર્યા વગર સુખ સાંપડતું જ નથી. ઉક્ત સદ્ધર્મને સારી રીતે સેવન કરવા યોગ્ય રૂડી સામગ્રી મળ્યા છતાં તેનો લાભ લઇ લેવામાં શા માટે ઉપેક્ષા કરવી જોઇએ ?

અંગથી આળસને અળગું કરી નાંખી સુખના અર્થી ભાઇબહેનોએ પવિત્ર ધર્મનું સેવન કરી લેવા ચોક્કસ ઉદ્યમ કરવો જ જોઇએ. ઉદ્યમ જેવો કોઇ બંધુ નથી અને પ્રમાદ જેવો કોઇ શત્રુ નથી.

જે જે ક્ષણો, જે જે દિવસ, માસ, વર્ષાદિક આપણા આયુષ્ય-માંથી ઓછા થાય છે—ચાલ્યા જાય છે તે કંઈ પાછા આવતાં નથી. આદરપૂર્વક ધર્મસેવન કરનારનો તે સઘળો વખત લેખે થાય છે અને આળસથી ધર્મનો અનાદર કરનારનો તે બધો ય વખત અલેખે જાય છે, એમ સમજીને હે ભોળાજનો! ધર્મનું સાધન કરવા જે અમૂલ્ય સમય હાથ લાગ્યો છે તેને પ્રમાદવશ થઇ જઈ કેમ વ્યર્થ ગુમાવો છો? ધર્મનું સેવન કરવામાં આળસ–ઉપેક્ષા કરનારનું આયુષ્ય નકામું ચાલ્યુ જાય છે અને છેવટે તેને **શશીરાજા**ની પેઠે શોચ કરવો પડે છે.

તે શશીરાજાને તેના બંધુએ પ્રથમ બહુ પ્રકારે બોધ આપી ધર્મસેવન કરવા પ્રેરણા કરી હતી, પણ તે વખતે તેને એ વાત ગળે ઉતરી નહોતી અને ઊલટો આડુંઅવળું સમજાવી પોતાના બંધુને પણ મોહજાળમાં ફસાવવા ચાહતો હતો! તેમ છતાં તેના બંધુ ધર્મનું રહસ્ય સારી રીતે સમજતા હોવાથી લગારે ડગ્યા નહિ અને ચારિત્ર–ધર્મને આદરી દેવગતિને પામ્યા. પછી જ્ઞાનવડે પોતાના ભાઇ શશીરાજાની શી સ્થિતિ થઇ છે? તે તપાસતાં તે દેવને સમજાયું કે ભાઇ તો વિષયાદિક પ્રમાદમાં લપટાઈ નરકગતિમાં ઉત્પન્ન થયા છે, એટલે તેને પ્રબોધવા પોતે તેના સ્થાનકે ગયા અને તેને પૂર્વભવનું સ્મરણ કરાવ્યું, એટલે તે કહેવા લાગ્યો કે–“ હે બંધો ! તમે મૃત્યુલોકમાં જઇ મારા પૂર્વ શરીરને ખૂબ કદર્થના ઉપજાવો, જેથી હું

આ દુઃખમાંથી મુક્ત થઈ શકું." દેવે ઉત્તર આપ્યો કે "ભાઈ! તેમ કરવાથી હવે કંઇ વળે નહિ." ઉપરોક્ત દૃષ્ટાન્ત સમજીને સ્વઆધીનપણે પ્રમાદ તજી જે મનુષ્ય ધર્મ સાધન કરે છે તે જ સુખી થઇ શકે છે, અન્યથા નહિ.

---

૩૫. સાધુ ધર્મ

સાધુધર્મના સ્વરૂપનું સંક્ષેપથી કથન.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

જે પાંચે વ્રત મેરુભાર નિવહે, નિઃસંગ રંગે રહે,
પંચાચાર ધરે પ્રમાદ ન કરે, જે દુઃપરિસા સહે;
પાંચે ઈન્દ્રી તુરંગમા વશ કરે, મોક્ષાર્થને સંગ્રહે,
એવો દુષ્કર સાધુ ધર્મ ધન તે, જે જયું ગ્રહે ત્યું વહે, ૭૧

(માલિની વૃત્ત)

મયણ રસ વિમોડી, કામિની સંગ છોડી,
તજિય કનક કોડી, મુક્તિશું પ્રીતિ જોડી;
ભવ ભવ ભય વામી, શુદ્ધ ચારિત્ર પામી,
ઈહ જગ શિવગામી, તે નમો જંબૂસ્વામી. ૭૨

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપ પાંચ મહાવ્રતો રાત્રિભોજનના સર્વથા નિષેધ સાથે પાલન કરવારૂપ મેરુપર્વતનો ભાર જેઓ નિર્વહે છે, દૃઢ વૈરાગ્યના રંગથી જેમનું હૃદય રંગાઇ ગયેલું હોવાથી નિઃસ્પૃહભાવે જે આનંદમાં ગરકાવ રહે છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યને અનુકૂળ આચાર-વિચારને જ ધારણ કરી રહે છે, મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથારૂપી પાંચ પાપી પ્રમાદનો

જે ચીવટથી ત્યાગ કરે છે, ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણતા, પ્રમુખ બાવીશ પરિસહો પૈકી જે જે કઠણ પરિસહો આવી પડે તે તે અદીનપણે–સમભાવે જે સહન કરે છે અને ચક્ષુ, શ્રોત્રાદિક પાંચે ઇન્દ્રિયોરૂપી અવળા ઘોડાઓને જ્ઞાનલગામવડે નિજ વશમાં રાખી જે મહાનુભાવ મુનિજનો સંયમમાર્ગને સાવધાનપણે સેવે છે તે અનુક્રમે સકળ કર્મ–મળનો ક્ષય કરી મોક્ષપદને મેળવી શકે છે. આવો દુષ્કર સાધુધર્મ દૃઢ વૈરાગ્યથી આદરી જે તેને સિંહની પેઠે શૂરવીરપણે પાળે છે તે ભાગ્યશાળી ભાઇ–બહેનો ખરેખર ધન્ય–કૃતપુન્ય છે.

શૃંગાર રસનો અનાદર કરી, આઠ પદ્મિની સ્ત્રીઓનો સંગ છોડી, નવાણુ ક્રોડ સુવર્ણનો ત્યાગ કરી, કેવળ મુક્તિ સાથે જ લય લગાડી અને શુદ્ધ ચારિત્ર–ધર્મને સદ્ગુરુ પાસેથી પ્રાપ્ત કરી, જન્મ–મરણનો ભય દૂર કરી એ જ ભવમાં જે પરમાનંદ પદ–મોક્ષને પ્રાપ્ત થયા એવા **શ્રી જંબૂસ્વામી** મહામુનિને અમારો વારંવાર નમસ્કાર હો ! એ મહામુનિ સાધુધર્મના એક ઉત્તમ આદર્શ (Ideal) રૂપ હોવાથી એમનું ઉત્તમ ચારિત્ર મુમુક્ષુ જનોએ વારંવાર મનન કરી પરિશીલન કરવા યોગ્ય છે. ધન્ય છે એ મહામુનિને કે જેમણે પોતાના પવિત્ર ચારિત્રના પ્રબળ પ્રભાવથી પ્રભવાદિક પાંચસો ચોરોને પણ પ્રતિબોધી પરમાર્થ માર્ગમાં પ્રયોજી દીધા. જો આવા પુરુષાર્થી મહામુનિઓના પવિત્ર ચારિત્ર તરફ મુમુક્ષુજનો સદાય દૃષ્ટિ રાખે તો આજકાલ દૃષ્ટિગત થતી સાધુધર્મમાં શિથિલતા શીઘ્ર દૂર થવા પામે અને પુનઃ પ્રબળ જ્ઞાનવૈરાગ્ય જાગૃત થતાં સાધુ–ધર્મ દીપ્તિમાન થવા પામે.

---

૩૬. શ્રાવક ધર્મ

શ્રાવક ધર્મના સ્વરૂપનું સંક્ષેપ કથન.

(શાર્દૂલવિક્રીડિતવૃત્ત)

જે સમ્યક્ત્વ લહી સદા વ્રત ધરે, સર્વજ્ઞ સેવા કરે,
[1]સંધ્યાવશ્યક આદરે ગુરુ ભજે, દાનાદિ ધર્માચરે;
નિત્યે સદ્ગુરુ સેવના વિધિ ધરે, એવો જિનાધીશ્વરે,
ભાખ્યો શ્રાવક ધર્મ હોય[2]-દશધા જે આદરે તે તરે. ૭૩

(માલિનીવૃત્ત)

નિશદિન જિનકેરી, જે કરે શુદ્ધ સેવા,
અણુવ્રત ધરી જે તે, [3]કામ આનંદ કેવા;
ચરમ જિનવરિંદે, જે સુધર્મે સુવાસ્યા,
સમકિત સતવંતા, શ્રાવકો તે પ્રશંસ્યા. ૭૪

શુદ્ધ દેવ, ગુરુ અને સર્વજ્ઞ-વીતરાગકથિત ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધારૂપ સમકિત ગ્રહણ કરી જે વ્રત-નિયમોને આદરે, સર્વજ્ઞ દેવની સેવા-ભક્તિ કરે, સંધ્યાવશ્યક (બે ટંક પ્રતિક્રમણ-સામાયિક પ્રમુખ) આદરે, પૂજ્ય-વડિલ જનોની ભક્તિ કરે, દાનાદિ ધર્મનું સેવન કરે અને સદાય સદ્ગુરુની વિધિવત્ સેવના કરે, એ રીતે શ્રી જિનેશ્વરભાષિત દ્વાદશ વ્રતરૂપ ગૃહસ્થ ધર્મ જે મહાનુભાવ શ્રાવકો આદરે તે સ્વર્ગાદિકનાં સુખ અનુભવી અનુક્રમે મોક્ષસુખ પામે.

---

૧ બે ટંક પ્રતિક્રમણ. ૨ બાર પ્રકારનો. ૩ આનંદ અને કામદેવાદિક શ્રાવક.

જે સદા ય શુદ્ધ ભાવથી જિનેશ્વર દેવની સેવાભક્તિ કરે અને પ્રભુના પવિત્ર ઉપદેશ અનુસારે ગૃહસ્થ યોગ્ય અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતને ધારે તે ચરમ તીર્થંકર શ્રી મહાવીર દેવે પ્રશંસેલા, અને સદ્ધર્મે વાસિત થયેલા આનંદ, કામદેવ પ્રમુખ ઉત્તમ સમકિતવંત અને સત્ત્વવંત શ્રાવકોની પેઠે પ્રશંસાપાત્ર થાય છે.

જે સદ્‌ગુરુનો સમાગમ કરી વિનય–બહુમાનપૂર્વક તત્ત્વ–શ્રવણ કરે છે અને નિજ હિત કર્તવ્યનો નિશ્ચય કરી સન્માર્ગનું સેવન કરે છે તે **શ્રાવક** કહેવાય છે. અથવા શુદ્ધ શ્રદ્ધા, સદ્‌વિવેક અને સત્‌ક્રિયાનું જે યથાવિધિ સેવન કરે છે તે શુભાશયો **શ્રાવક**ની ખરી પંક્તિમાં લેખાય છે. તથાપ્રકારનાં સદ્‌ગુણ વગરનાં જે હોય તે **દ્રવ્યશ્રાવક** કહેવાય છે, શ્રાવક યોગ્ય ઉત્તમ ગુણોથી અલંકૃત હોય તે **ભાવશ્રાવક** ગણાય છે, અને જે ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં સ્વસ્વ અધિકાર અનુસારે વીતરાગ શાસનની ઉન્નતિ–પ્રભાવના કરવા તન, મન અને ધનથી પ્રવૃત્તિ કરે છે તે **પરમ શ્રાવક**ની પંક્તિમાં લેખાવા યોગ્ય છે.

સામાન્ય શ્રાવકોએ પણ વ્યવહારશુદ્ધિ રાખવા, મિથ્યાત્વવૃદ્ધિકારક ક્રિયા તજવા અને ગુણમાં આગળ વધવા અવશ્ય લક્ષ રાખવું જોઇએ. દશ દૃષ્ટાન્તે દુર્લભ મનુષ્યજન્માદિ ઉત્તમ સામગ્રી પામી, પ્રમાદવશ પડી તેને નિરર્થક કરી નહિ દેતાં જેમ બને તેમ વિષયકષાયાદિ પ્રમાદાચરણ તજીને સુશ્રાવકને છાજે એવા આચારવિચાર સેવવા ઉજમાળ થવું ઘટે છે. પૂર્વ

પુન્યયોગે પવિત્ર ધર્મના શુભ મનોરથ થાય તો તેને સફળ કરી લેવા જરૂર કાળજી રાખવી ઘટે છે, જેથી અત્યારે કરેલી હિતકરણી આગળ ઉપર ઘણી જ ઉપયોગી થઇ શકે.

(માલિનીવૃત્ત)

ઈમ અરથ રસાળા, જે રચી સૂક્તમાળા,
ધરમ નૃપતિ બાળા, માલિની છંદ શાળા;
ધરમ મતિ ધરંતા, જે ઇહાં પુણ્ય વાધ્યો,
પ્રથમ ધરમકેરો, સાર એ વર્ગ સાધ્યો. ૭૫

ઈતિ શ્રી સૂક્તમુક્તાવલ્યાં પ્રથમ પુરુષાર્થરૂપ ધર્મવર્ગઃ સમાપ્તમ્.

શ્રી સૂક્ત મુક્તાવળી

અર્થ વર્ગ

(અધિકારો)

(ઉપેન્દ્રવજ્રા વૃત્તમ્)

अथार्थवर्गे हितचिंतनश्रीः—
मितंपचार्थ्यस्वमहीशसेवा ॥
खलादिमैत्री व्यसनादि चैव—
मिहावधार्याः कतिचित्प्रसंगाः ॥ १ ॥

બીજા અર્થ અધિકારમાં અર્થ, હિતચિંતન, લક્ષ્મી, કૃપણુતા, યાચના, નિર્ધનતા, રાજસેવા, ખળાદિ (ખળતા ને અવિશ્વાસ) મૈત્રી, સાત વ્યસન–જુગાર, માંસભક્ષણ, ચોરી, મદિરા, વેશ્યા, શિકાર, પરસ્ત્રીગમન વગેરે અને આદિ શબ્દથી બીજા કીર્તિ, પ્રધાન–મંત્રી, કળા, મૂર્ખતા અને લજ્જા એમ સોળ અધિકાર-રૂપ-પ્રસંગો–વિષયો કહેવામાં આવશે.

બીજો પુરુષાર્થ–અર્થ વર્ગ

૧ અર્થ–દ્રવ્ય વિષે.

ન્યાયનીતિ અને પ્રમાણિકપણાથી જ દ્રવ્ય ઉપાર્જન કરવા હિતોપદેશ.

માલિનીવૃત્ત.

અરથ અરજ જેણે, સ્વાયતે વિશ્વ હોવે,
જિણ વિણ ગુણ વિદ્યા, રૂપને કોણ જોવે?
અભિનવ સુખકેરો, સાર એ અર્થ જાણી,
સકળ ધરમ જેથી, સાધીએ ચિત્ત આણી. ૧

અરથ વિણ કેવન્નો, જેહ વેશ્યાએ નાંખ્યો,
અરથ વિણ વશિષ્ઠે, રામ જાતો ઉવેખ્યો;
સુકૃત સુજસકારી, અર્થ તે એ ઉપાર્જો,
કુવણજ ઉપજંતો, અર્થ તે દૂર વર્જો. ૨

ગૃહસ્થવેષે સંસારવ્યવહારમાં રહેતાં પગલે પગલે દ્રવ્યની જરૂર પડે છે. દ્રવ્ય વગર પોતાનામાં ગમે તેવા ગુણ, વિદ્યા કે રૂપ હોય તેને કોણ જુએ છે ? તેની કદર કે પરવા કોણ કરે છે ? કોઇ નહિ. તેથી સ્વબાહુબળથી ન્યાય, નીતિ અને પ્રમાણિકપણું રાખી–સાચવીને તમે એવું અર્થ ઉપાર્જન કરો કે જે વડે સહુ કોઇ તમને અનુસરીને ચાલે. જો એમ કરશો તો તમે સ્વસ્થ ચિત્તથી દાનાદિ સકળ ધર્મ સાધી શકશો અને એથી અપૂર્વ સુખસમૃદ્ધિને સહેજે પ્રાપ્ત કરી શકશો.

જુઓ કે અર્થ (ધન) વગર **કયવન્ના** શેઠનો વેશ્યાએ અનાદર કર્યો, અર્થ વગર વશિષ્ઠે **રામને** વનમાં જતા ઉવેખ્યો-ઉપેક્ષા કરી, એમ સમજી હે સુજ્ઞજનો ! સુયશને પેદા કરનાર અને વૃદ્ધિને પમાડનાર અર્થને ખરી નીતિથી ન્યાય માર્ગે ઉપાર્જન કરો અને કુવણજથી (નીચ પાપવ્યાપારથી) પ્રાપ્ત થતા ગમે તેટલા દ્રવ્યની પણ ઉપેક્ષા કરો-દરકાર ન કરો.

માર્ગાનુસારીપણાના પાંત્રીશ ગુણમાં પ્રથમ ગુણમાં જ આ વાત કહેવામાં આવી છે કે 'હે ભવ્યજનો ! જો તમે શ્રી વીતરાગપ્રણીત ધર્મ પામવાની ચાહના રાખતા હો તો અનીતિ-અન્યાય અને અપ્રમાણિકપણાના દ્રવ્યની ઉપેક્ષા કરીને શુદ્ધ નીતિ-ન્યાયથી જ જેમ બને તેમ નિર્દોષ વ્યાપારવડે જ દ્રવ્ય ઉપાર્જન કરવાનું રાખો. એથી તમને સુબુદ્ધિ સૂઝશે.' '**જેવો આહાર તેવો ઓડકાર**' એ ન્યાયે, જો નીતિનું દ્રવ્ય પેટમાં જાય તો બુદ્ધિ સારી-નિર્મળ થશે અને દાનાદિક ધર્મમાં પ્રવૃત્તિ કરવાનું અને એ અસ્થિર દ્રવ્યથી સ્વહિત કરી લેવાનું સૂઝશે.

પૂર્વે અનેક સાહસિક પુરુષો પુરુષાર્થવડે અનર્ગલ લક્ષ્મી કમાઈ લાવીને, ઊંચી સ્થિતિ ઉપર આવી, પોતાના અનેક સીદાતા-દુઃખી થતા માનવબંધુઓનો ઉદ્ધાર કરી, પવિત્ર ધર્મને દીપાવી સ્વજન્મ સફળ કરતા હતા. પૂર્વે થયેલા મહા-સમૃદ્ધિવંત **આનંદ** તેમજ **કામદેવાદિ** શ્રાવકોની વાર્તા તો શાસ્ત્રપ્રસિદ્ધ છે, પણ આ કલિકાળમાં પણ એવા કઈક નિઃસ્વાર્થ દાનેશ્વરી થયા છે કે જેમનાં પવિત્ર ચરિત્ર વાંચતાં ચિત્તમાં ચમત્કાર પેદા થાય છે.

---

૨. હિતચિંતન.

પરહિતચિંતન યા પરોપકાર કરવા હિતોપદેશ.

(માલિનીવૃત્ત)

પરહિત કરવા જે, ચિત્ત ઉચ્છાહ ધારે,
પરકૃત હિત હૈયે, જે ન કાંઇ વિસારે;
પ્રતિહિત પરથી જે, તે ન વાંછે કદાઈ,
પુરુષ રયણ સોઇ, વંદિયે સો સદાઈ. ૩

નિજ દુઃખ ન ગણે જે, પારકું દુઃખ વારે,
તિહ તણી બલિહારી, જાઇયે કોડી વારે;
જિમ વિષભર જેણે, ડંક પીડા સહીને,
વિષધર જિન વીરે, બૂઝવ્યો તે વહીને. ૪

પરહિત કરવા જે સદા ય ચિત્તમાં ઉત્સાહ ધરે છે, એવા જ સદ્‌વિચાર જેના મનમાં સદા ય જાગૃત રહે છે, એવી જ મિષ્ટ-મધુરી હિતવાણી વદવા સદા ય ચીવટ રાખી પ્રવર્તે છે, બીજા પરોપકારશીલ પુરુષોએ કરેલાં હિતકાર્યો-પરોપકારનાં કામ જે કદાપિ વિસરી જતા નથી, અને ઉપકારનો બદલો મેળવવા જેમને ઈચ્છા થતી જ નથી એવા પુરુષરત્નો સદા-સર્વદા સત્કાર-સન્માન કરવા લાયક જ છે.

જે પોતાનું દુઃખ ગણકારતા નથી અને પારકું દુઃખ દૂર કરવા કાયમ પ્રયત્ન કરે છે તેવા પુરુષાર્થી પુરુષરત્નોની ક્રોડો વાર બલિહારી છે. જુઓ ! ચરમ તીર્થંકર **શ્રી મહાવીરદેવે ચંડકોશીયા** નાગના ડંખની પીડા સહીને પણ કેવળ પરમાર્થ-દૃષ્ટિએ તેને પ્રતિબોધ કર્યો, એ વાત મશહૂર છે. આવા

આદર્શ પુરુષોના પવિત્ર ચરિત્રનું બની શકે તેટલું અનુકરણ કરવું કે જેથી આપણું જીવન પણ સાર્થક થઇ શકે.

પવિત્ર આદર્શ પુરુષોના હૃદયમાં એવી જ ભાવના હોય છે કે 'સહુ કોઇ સુખી થાઓ! સહુ કોઇ રોગ-પીડા રહિત થાઓ! સહુ કોઇ કલ્યાણને પામો! સહુ કોઈ પાપચરણથી દૂર રહો!' એવા મહાન પુરુષોના મનમાં 'આ મારું અને આ પરાયું' એવો ભેદભાવ હોતો નથી. તેમના ઉદાર દિલમાં તો આખી દુનિયા કુટુંબ રૂપ મનાય છે. તેઓ સદા ય ઇચ્છે છે કે 'આખી આલમનું ભલું થાઓ! આખી દુનિયામાં સુખ-શાન્તિ પ્રસરો! સહુ કોઈ જનો પરનું હિત-પરોપકાર કરવા તત્પર બનો! અહિતકારક પાપ-દોષ માત્ર દૂર થાઓ! અને સર્વત્ર સહુ કોઈ સુખી થાઓ!' સહુ સાથે આવી ઉદાર **મૈત્રી-ભાવ** ઉપરાંત સદ્‌ગુણીના ગુણ નીહાળી તેમને અનુમોદન અને પુષ્ટિ આપવારૂપ **પ્રમોદભાવ** અને અલ્પગુણીને કે દુઃખીને દુઃખી દેખી તેમને યોગ્ય સહાય કરવારૂપ **કરુણાભાવ** તથા તદ્દન કઠોર અને સુધારી ન શકાય એવા નિર્ગુણી કે દુષ્ટ જીવો તરફ પણ રાગદ્વેષ વગરની **તટસ્થતા** રાખવા તેઓ ઉપદેશે છે.

---

૩. લક્ષ્મી વિષે.

લક્ષ્મીપ્રભાવ વર્ણન.

હરિસૂત રતિ રંગે, જે રમે રાત સારી,
શિવ તનય કુમારો, બ્રહ્મપુત્રી કુમારી;
હિત કરી દગ લીલા, જેહને લચ્છી જોવે,
સકળ સુખ લહે સો, સોઇ વિખ્યાત હોવે. ૫

લખમી બળે યશોદા-નંદને વિશ્વ મોહે,
લખમી વિણ વિરૂપી, શંભુ ભિક્ષુ ન સોહે;
લખમી લહિય રાંકે, જે શિલાદિત્ય ભંજ્યો,
લખમી લહિય શાકે, વિક્રમે વિશ્વ રંજ્યો. ૬

હરિ જે ઇન્દ્ર તેનો સુત-પુત્ર નામે **જયંત** અથવા હરિ જે **કૃષ્ણ વાસુદેવ** તેનો સુત-પુત્ર નામે **પ્રદ્યુમ્ન** (બીજું નામ કામદેવ) તે **રતિ** (અપ્સરા જેવી રૂપવંતી સ્ત્રી) સંગાથે બધી રાત રતિક્રીડા કરે છે. તેમ જ **શિવ** જે **મહાદેવ** તેનો તનય-પુત્ર નામે **કાર્તિકેય** અથવા **ગણપતિ** તે બ્રહ્માની પુત્રી સાથે સંયોગ પામ્યો તે લક્ષ્મીના પ્રભાવથી. ટુંકાણમાં જેના તરફ લક્ષ્મી કૃપા-કટાક્ષથી-પ્રસન્ન થઈ જુએ તે સકળ સુખસંપદા પામે.

લક્ષ્મીદેવીના બળવાન સહચારથી-સદા સહવાસથી **યશોદા-નંદન**-પુત્ર જે **કૃષ્ણ વાસુદેવ** તેના ઉપર સહુ કોઇ મોહી પડ્યા અને એ લક્ષ્મી વગરના **શંભુ-શંકર-મહાદેવ** જે વિરૂપ-રૌદ્ર-બિભત્સ રૂપને ધારતા હતા તે ભિક્ષુ-ભિખારીની જેમ કશી શોભા પામ્યા નહિ.

વળી લક્ષ્મીના પ્રભાવથી એક **રંક** નામના શેઠે **શિલાદિત્ય** જેવા નરપતિ-રાજાનો પણ પરાભવ કર્યો, તેમ જ **વિક્રમાદિત્ય** રાજાએ લક્ષ્મીની જ પ્રસન્નતાથી દુનિયાના લોકોને અનૃણ-ઋણમુક્ત કરી, સહુને રાજી રાજી કરી પોતાના નામનો સંવત્સર ચલાવ્યો.

એ પ્રમાણે પહેલા (પાંચમા) છંદમાં જણાવેલા દૃષ્ટાંત-

દાખલા લૌકિક શાસ્ત્રોમાંથી જાણીને કહેલા છે. તે તેમાંથી બોધ લેવાના ઉદ્દેશથી ઉપયોગી જાણી ગ્રંથકારે લીધા છે.

ગૃહસ્થાશ્રમ સારી રીતે ચલાવવા ઇચ્છનારા ગૃહસ્થોને લક્ષ્મી-ધનની ડગલે ને પગલે જરૂર પડે છે. કહો કે તેના જ આધારે તેનો સઘળો સંસારવ્યવહાર ચાલી શકે છે. પુરુષાર્થ ફોરવી, ન્યાય-નીતિ-પ્રમાણિકતા સાચવી, યથાયોગ્ય વ્યવસાય કરનારની ઉપર લક્ષ્મીદેવી પ્રસન્ન થાય છે-તેને લક્ષ્મી સ્વયમેવ વરે છે, કહો કે તેની ડોકમાં પોતે જ વરમાળ નાંખે છે.

સમર્થ શાસ્ત્રકારોએ લક્ષ્મી-ધનને પેદા કરવા તેમ જ તેને સ્થિર કરી ટકાવી રાખવાનો અકસીર ઉપાય, ન્યાય-નીતિ કે પ્રમાણિકતાથી સાવધપણે વ્યવસાય કરવારૂપ જ વખાણેલો છે. તેમ છતાં કઈક અજ્ઞાની અને લોભીજનો તે લક્ષ્મીને અનીતિ-અન્યાયથી જ પેદા કરી લેવા મથે છે, પણ પુન્ય વગર તે પ્રાપ્ત થતી જ નથી અને કદાચ પ્રાપ્ત થઇ હોય તો તે અનીતિ-અન્યાયનું ઉપાસન કરનાર પાસે વધારે વખત ટકતી નથી. વળી જે સારાં સુકૃત્ય કરે છે તેમને લક્ષ્મીની ઇચ્છા ન હોય તો પણ તે ગમે ત્યાંથી સહેજે આવી મળે છે. અત્યારે જેમને લક્ષ્મી પ્રાપ્ત થઈ હોય તે પૂર્વે કરેલાં સુકૃત્યના પ્રભાવથી જ થઇ હોય છે પરંતુ લક્ષ્મીને પામ્યા છતાં જે મદમત્ત બની સુકૃત્ય કરતાં નથી તેમને પ્રથમ કરેલું પુન્ય ખલાસ થતાં દુર્દશા જ ભોગવવી પડે છે, તેથી સુજ્ઞ જનોએ ન્યાય-નીતિથી બને તેટલી લક્ષ્મીનું ઉપાર્જન કરી તેનો સદુપયોગ જ કરવો ઘટે છે.

કહેવાય છે કે "**ત્યાગે તેની આગે**" અને "**માગે તેથી નાસે**" એ હકીકત બહુ જ અર્થસૂચક છે. જે કોઇ મહાનુભાવ લક્ષ્મીને અસ્થિર-ચપળ સ્વભાવી અને અસાર સમજી તેની ઉપરની મમતા-મૂર્ચ્છા તજી, પરમાર્થદ્વારા તેને સારા ક્ષેત્રોમાં વિધિપૂર્વક વાવે છે તેને તેથી અનંતગુણી દ્રવ્ય અને ભાવ લક્ષ્મી અનાયાસે મળી આવે છે એ વાત ખરી છે. તેમજ જે કોઇ યોગ્યતા વગર તે લક્ષ્મીની યાચના કરે છે, વિવિધ પ્રકારના વ્યવસાય કરે છે, કાળાં ધોળા કરે છે, અને તેના માટે મરી ફીટે છે તેમને તે મળતી જ નથી, એટલે તેમનાથી તે દૂર ને દૂર ભાગતી ફરે છે.

દાન, ભોગ અને નાશ એ લક્ષ્મીની ત્રણ ગતિ કહી છે. જે મુગ્ધ જનો કૃપણતાથી છતી લક્ષ્મીએ દાન દેતા નથી તથા તેનો રીતસર ઉપભોગ કરતા નથી તેમની તે લક્ષ્મી છેવટે નાશ જ પામે છે. અથવા તો તે કૃપણ એવા **મમ્મણ શેઠ**ની જેમ લક્ષ્મી અહીં જ અનામત મૂકી મરી જાય છે.

દાન દાનમાં પણ ફેર છે. જે દાન વિધિપૂર્વક બહુમાનથી સત્પાત્રને દેવામાં આવે છે તેનાથી **પુન્યાનુબંધી પુન્ય ઉપાર્જન** થાય છે. તેવું દાન દઇને પ્રમુદિત થવાને બદલે પાછળથી ખેદ કરનારને ફળની હાનિ થવા પામે છે; તથા અજ્ઞાનપણે કુપાત્રનું પોષણ કરવાથી અને કુવ્યસનાદિનું સેવન કરવામાં ઉડાવી દેવાથી તેનો નાશ પણ થાય છે. અજ્ઞાનભર્યાં તપ-જપ-કાયકષ્ટાદિક કરવાથી પાપાનુબંધી પુન્ય ઉપાર્જન કરનારને જો કે લક્ષ્મી મળે છે, પરંતુ તેનો તે દુરુપયોગ કરીને દુર્ગતિ પામે છે.

જે સદ્‌ભાગી દ્રવ્ય–લક્ષ્મીનો મોહ તજી તેનો વિવેકથી સદુપયોગ જ કરે છે તે આંતર–ભાવલક્ષ્મીને પ્રાપ્ત કરી અંતે પરમપદ–મોક્ષને પામે છે.

---

૪. કૃપણતા ત્યાગ.

કૃપણતા દોષ તજવા અને ઉદાર દિલ કરવા હિતોપદેશ.

કણ કણ જીમ સંચે, કીટિકા ધાન્યકેરો,
મધુકર મધુ સંચે, ભોગવે કો અનેરો;
તિમ ધન કૃપિકેરો, નોપકારે દિવાયે,
ઈમ હિ વિલય જાયે, અન્યથા અન્ય ખાયે. ૭

કૃપણપણું ધરતાં, જે નવે નંદરાયા,
[૧]કનકગિરિ કરાયા, તે તિહાં અર્થ નાયા;
ઇમ મમત કરંતા, દુઃખવાસો વસીજે,
કૃપણપણું તજીને, મેઘ જ્યું દાન દીજે. ૮

જેમ કીડી કણ કણ સંચીને અનાજને એકઠું કરે છે, અને મધમાખ પુષ્પના પરાગ એકઠા કરી કરીને મધ બનાવે છે. **"કીડીનું સંચ્યું તેતર ખાય અને પાપીનું ધન એળે જાય."** એ ન્યાયે કૃપી–કૃપણનું ધન કોઇ સારા કામમાં વપરાતું કે દેવાતું નથી. "તેના હાથ ઉપર જમડા બેઠેલા હોય છે." જેથી "ચમડી તૂટે પણ દમડી છૂટતી નથી." આમ હોવાથી કૃપણનું ધન કાં તો જમીનમાં દાટ્યું જ રહે છે, અથવા કોઇ નશીબદાર તેનો ભોગવટો કરે છે, અથવા તો એના પુન્યનો

---

૧ સોનાની ડુંગરીઓ.

ક્ષય થયે તે ધન પગ કરી નાશી જાય છે. પછી કહેવાય છે કે–" આવ્યો હતો બાંધી મુઠે અને જાય છે ખાલી હાથે." શ્રીમાન્ છતાં કૃપણુ લોકો લક્ષ્મીની ચપળતાનો કંઇક વિચાર કરી તેનો સારે ઠેકાણે ઉપયોગ કરી લેવા ધારે તો તેથી તેઓ અપાર લાભ મેળવી શકે. કોઇ સદ્ગુરુ નિઃસ્પૃહી મહાત્માના અનુગ્રહથી કદાચ એવી સદ્બુદ્ધિ જાગે તો કેટલું બધું સ્વ-પરહિત થઇ શકે? કરકસરના નિયમોને દૃઢપણે પાળનાર ઉપર કોઇ કોઇ વખતે કૃપણુતાનો આરોપ લોકો ઠોકી બેસાડે છે, પણુ તે વ્યાજબી નથી, ખરી રીતે તો આવા જ માણુસો વધારે ડાહ્યા અને દીર્ઘદર્શી હોવાથી તે પોતાના ઉપાર્જિત દ્રવ્યનો ખરી તકે સદુપયોગ કરવા ચૂકતા નથી. કૃપણુ અને કરકસરથી કામ કરનારમાં આવો મહાન્ અંતર છે. કૃપણુ દ્રવ્ય ઉપર ખોટી મમતા રાખી તેનો સંચય કરવામાં જ સાર સમજે છે, જ્યારે કરકસરના નિયમોને સમજનાર સુજ્ઞ જનો સંચિત ધનનો સારામાં સારો ઉપયોગ કરવામાં સાર સમજે છે.

કૃપણુપણાથી નવ **નંદ** રાજાઓએ સોનાના ડુંગર કરાવ્યા હતા, તે કંઇ તેમના કામમાં આવ્યા ન હતા. દેવતાઓએ તે અપહરી લીધા હતા, અને ઊલટા મમતાવડે તે ઘણાં દુઃખ પામ્યા હતા એમ સમજીને કૃપણુતા દોષને તજી ઉદાર દિલથી મેઘની પેઠે દાન દઇ લોકનું દારિદ્રય દૂર કરી પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો અને સ્વજન્મનો લાહો લઈ લેવો યુક્ત છે.

૫. પારકી આશા

સ્પૃહા યા યાચના નહી કરવા હિતોપદેશ.

નિરમળ ગુણ રાજી[1], ત્યાં લગે લોક રાજી,
તબ લગ કહે જી જી, ત્યાં લગે પ્રીતિ ઝાઝી;
સુજન જન સનેહી, ત્યાં લગે મિત્ર તેહી,
મુખથકી ન કહીજે, જ્યાં લગે દેહિ દેહિ. ૯

જઈ વડપણ વાંછે, માગજે તો ન કાંઈ,
[2]લહુપણ જિણે હોવે, કેમ કિજે તિ કાંઈ;
જિમ લઘુ થઇ શોભે, વીરથી દાન દીધું,
હરિ બળિનૃપ આગે, વામના રૂપ લીધું. ૧૦

જ્યાંસુધી જીવ લોભ–લાલચને વશ થઈ, નિજ માન (Self Respect) મૂકી 'મને આપો, મને આપો'એવાં દીન વચન મુખથી ઉચ્ચારતો નથી ત્યાં સુધી જ તેનામાં રહેલો કાંઇક નિર્મળ પ્રભાવ સામા ઉપર પડે છે, ત્યાંસુધી જ તેના ઉપર લોકો રાજી રાજી રહે છે–પ્રીદા થઈ જાય છે, ત્યાં સુધી જ સહુ તેને ' જી–જી ' એવાં આવકારભરેલાં વચનથી બોલાવે છે, ત્યાં સુધી જ લોકો તેના ઉપર વધારે પ્રીતિ રાખે છે અને ત્યાં સુધી જ સ્વજન, સ્નેહી અને મિત્ર માન–સન્માન કરવા સન્મુખ થાય છે.

શાસ્ત્રકાર કહે છે કે જો તું વડાઇ–મોટાઈ–ગુરુતા–પ્રભુતા ચાહતો હોય તો કદાપિ કોઈની પાસે દીનતા દાખવી કંઇ દ્રવ્ય-

---

૧ ગુણની શ્રેણિ. ૨ હલકાપણું.

યાચના કરીશ નહિ. જેનાથી ઊલટી લઘુતા–હલકાઈ થાય તેવી દીનતા–યાચના શા માટે કરવી જોઈએ ? યાચના કરનારને લોક તૃણથી પણ હલકો લેખે છે, તેથી ગમે તે રીતે નિજ જીવનનિર્વાહ કરી લેવો, પણ નજીવી બાબતમાં પારકી યાચના કરી હલકા પડવું ઉચિત નથી.

આપણા જીવનવ્યવહારમાં આવા અનેક પ્રસંગો આવી પડે છે, પણ જે આત્મબળ–જાતમહેનત (Self–Help) ઉપર જ દૃઢ આધાર રાખી, બીજા ઉપર આધાર નહિ રાખતાં સ્વજીવન નિર્વાહ કરી લે છે તે પોતાની આબરૂ (Self–Respect) સાચવી સારું નામ કાઢે છે.

આ વાત પરપૌદ્ગલિક વસ્તુની ચાહનાને અંગે કહેવામાં આવી છે. તેવી તુચ્છ આશા–તૃષ્ણાનો અનાદર કરી જો આત્માના સ્વાભાવિક ગુણની જ ચાહના થાય, જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક નિજ ગુણપ્રાપ્તિની જ પ્રબળ ઇચ્છા થાય તો તેવા આત્મગુણો માટે જ સંત મહાશયોની પાસે દીનતા(નમ્રતા)પૂર્વક તે તે ગુણોની ઓળખાણ કરાય–સમજ મેળવાય–તેની જ દૃઢ પ્રતીતિ–શ્રદ્ધા કરાય અને અન્ય મોહજાળ મૂકી તેમાં જ એકનિષ્ઠ થવાય એ તો અત્યંત હિતકારક છે, કેમકે એથી અનુક્રમે સ્વાભાવિક પૂર્ણ પ્રભુતા પામી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થવાય છે.

૬. સદુપાયથી દ્રવ્યપ્રાપ્તિ.

સદુપાયવડે નિર્ધનતા દૂર કરી સદ્દ્રવ્ય પ્રાપ્ત કરી લેવા હિતોપદેશ.

ધન વિણ નિજ બંધુ, તેહને દૂર છંડે,
ધન વિણ ગૃહભાર્યા, ભર્તૃસેવા ન મંડે;
નિરજળ સર જેવો, દેહ નિર્જીવ જેવો,
નિરધન તૃણ જેવો, લોકમાં તે ગણેવો. ૧૧

સરવર જિમ સોહે, નીરપૂરે ભરાયો,
ધન કરી નર સોહે, તેમ [૧]નીતે ઉપાયો;
ધન કરિય સુહંતો, [૨]માઘ જે જાણ હુંતો,
ધન વિણ પગ સૂજી, તેહ દીઠો મરંતો. ૧૨

દ્રવ્યપ્રાપ્તિ વગર નિર્ધન માણસને કોઈ આવકાર આપતું નથી. બંધુ–સહોદર પણ તેનો સંગ–પ્રસંગ રાખતા નથી–તેનાથી અળગા થઈ રહે છે અને ઘરની ભાર્યા (ગૃહિણી) પણ ભાવથી તેની સેવા–ચાકરી કરતી નથી, તો પછી પુત્ર-પરિવારનું તો કહેવું જ શું ? ધન–સંપત્તિ વગરનો નિર્ધન માણસ જળ વગરના સૂકા સર–સરોવર જેવો, જીવ વગરની નિર્માલ્ય કાયા જેવો અને અહીંતહીં અથડાતા અસાર તણખલા જેવો જગતમાં હલકો દેખાય છે–ગણાય છે.

જેમ નિર્મળ જળસમૂહથી સરોવર શોભે છે, તેમ મનુષ્ય પણ ન્યાય, નીતિ અને પ્રમાણિકપણાથી ઉપાર્જિત કરેલી લક્ષ્મી-વડે શોભા પામે છે. જેમ સુંદર શાખા, પત્ર, પુષ્પ અને ફળ-

૧ નીતિએ ઉપાર્જન કરેલ. ૨ માઘપંડિત દાતા હતો.

વડે વૃક્ષ શોભે છે, તેમ સુંદર નીતિથી ઉપાર્જન કરેલા દ્રવ્ય-વડે મનુષ્ય ઘણી શોભા પામે છે; પણ જેમ જળ વગરનું સરોવર, પત્ર પુષ્પાદિક વગરનું વૃક્ષ, તિલક વગરનું કપાળ, ન્યાય વગરનું રાજ્ય અને શીલ વગરની યુવતી–સ્ત્રી શોભતા નથી, તેમ દ્રવ્ય વગર ગૃહસ્થ શોભા પામતો નથી. માઘ જેવા મહાન્ પંડિત કવિઓ પણ દ્રવ્ય વગર છેવટે ટળવળતા મર્યા છે, તેથી સદ્‌ગૃહસ્થે ભવિષ્યનો વિચાર કરી સારા માર્ગે દ્રવ્ય ઉપાર્જન કરી રાખવું ઉચિત છે. પોતાની આબરૂ છેવટ સુધી સાચવી રાખી સંસારમાં સુખી થવાનો એ જ સારો રસ્તો છે.

સદ્‌ઉપાય સેવન કરતા છતાં પૂર્વકૃત અંતરાય કર્મના ઉદયથી દ્રવ્ય–પ્રાપ્તિ ન થાય અથવા અલ્પ થાય તો તે શોચવા યોગ્ય નથી. ભાગ્યમાં હોય તેટલું જ દ્રવ્ય ઉદ્યમ કરતાં સાંપડે છે, તો પછી નીતિનો માર્ગ તજી શા માટે અનીતિનો માર્ગ લેવો જોઇએ ? અનીતિનું દ્રવ્ય લાંબો કાળ ટકતું પણ નથી અને સુખે ખવાતું કે સન્માર્ગે વપરાતું પણ નથી, ઊલટી બુદ્ધિ બગાડી તે ઉન્માર્ગે દોરી જઈ જીવને દુઃખી કરી મૂકે છે. કોઇ પ્રકારનાં કુવ્યસન (પરસ્ત્રી–વેશ્યાગમનાદિ) સેવવા એ પણ દ્રવ્યહાનિવડે શીઘ્ર નિર્ધનતા પેદા કરવાના જ ઉપાય છે, એમ સમજી જલ્દી એથી અલગા થઈ જવું.

૭. રાજસેવા

રાજસેવા વર્ણન-અધિકાર.

સજ્જનશું હિત કીજે, દુર્જના શીખ દીજે,
જગ જન વશ કીજે, ચિત્ત વાંછા વરીજે;
નિજ ગુણ પ્રગટીજે, વિશ્વના કાર્ય કીજે,
પ્રભુ સમ વિચરીજે, જો પ્રભુ સેવ કીજે. ૧૩

ભગતિ કરી વડાની, સેવ કીજે જિ કાંઈ,
અધિક ફળ ન આપે, કર્મથી તે તિ કાંઈ;
જળધિ તરીય લંકા, સીત સંદેશ લાવે,
હનુમંત કરમે તે, રામ કચ્છોટ પાવે. ૧૪

જો તથાપ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરીને કોઇ સમર્થ રાજા-મહારાજા કે સ્વામીની સેવા કરી તેની પ્રસન્નતા મેળવી શકાય તો પોતાની બુદ્ધિ-શક્તિથી પોતે પણ પોતાના સ્વામીની જેમ સ્વતંત્રપણે ધાર્યાં કામ કરી શકે. તે ધારે તો અનેક સજ્જનોનું હિત કરી શકે છે, દુર્જનોને દંડ-શિક્ષા આપી શકે છે, સહુને નિજ વશ વર્તાવી શકે છે અને મનોવાંછના પૂરી શકે છે. પોતાની શક્તિ ખીલવી શકે છે, તથા કંઇક પરોપકારના કામ કરી શકે છે. ગમે તેટલા આદરથી, ગમે એવા સમર્થની સેવા કરવામાં આવે તો પણ પોતાના નશીબમાં હોય એથી અધિક કશું તે આપી શકે નહિ અને પોતે મેળવી શકે નહિ. જુઓ ! હનુમાનજી સમુદ્ર તરીને લંકામાં જઇ સીતા સતીનો સંદેશો લઇ રામચંદ્રજી પાસે આવ્યા ત્યારે તે બક્ષીસ (ઇનામ) તરીકે રામચંદ્રજી પાસેથી સ્નાન કરતી

વખતે પહેરવાનો કચ્છોટ જ પામ્યા હતા (પણ તેને હનુમાને મહાલાભરૂપ માન્યો હતો; માન-હાનિરૂપ માન્યો ન હતો.)

માણસો અનેક પ્રકારના મનોરથો કરે કે ન કરે પણ પુન્ય વગર કે પુરુષાર્થ કર્યા વગર તે મનોરથો પૂરા થઇ શકતા નથી. ઘણી વાર ઘણાએક પ્રસંગમાં તો મનની હોંશ મનમાં જ રહી જાય છે. જો હોંશ પૂરી કરવી જ હોય તો તેને યોગ્ય પ્રયત્ન કરવો જ જોઇએ. પોતાની શક્તિ ખીલવવા જરૂરી સાધનનો ઉપયોગ કરવો ઘટે તો તે કરવો જોઇએ. જેમણે આગલા જન્મમાં સુકૃત્ય કર્યાં હોય છે તેમને તેમની શુભ કૃત્યથી કે પુન્યના પ્રભાવથી એવી સ્થિતિ સ્હેજે પ્રાપ્ત થાય છે કે તે પોતાની બધી હોંશો પૂરી કરી શકે છે. મોટું ઐશ્વર્ય, વિશાળબુદ્ધિ, લોકપ્રિયતા, કાર્યદક્ષતા અને પરોપકારવૃત્તિ વિગેરેની પ્રાપ્તિ સારા પુન્ય વગર થઇ શકતી નથી. પૂર્વ જન્મમાં શુદ્ધ ભાવથી અલ્પ પણ દાનાદિક કરણી કરી હોય છે તો તેના પ્રભાવથી અન્ય જન્મમાં જીવ એવી વિશાળ સામગ્રી પામી શકે છે કે તે શુભ સામગ્રી સાથે સુબુદ્ધિના યોગે ધારે તેટલાં સારાં કામ કરી શકે છે. શાલિભદ્ર જેવા વિશાળ ભોગવિલાસ, અભયકુમાર જેવી વિશાળ બુદ્ધિ અને ચક્રવર્તી જેવું સામ્રાજ્ય પામી જો તેની સાથે સદ્બુદ્ધિનો ઉત્તમ યોગ થયો હોય તો બાકી શું રહે ? આ લોકમાં પ્રાપ્ત થયેલ સુખ સંતોષથી ભોગવી, સ્વપરહિત કરવા સાથે જે ઊલટભર્યો પ્રયાસ કર્યો હોય છે તેથી જ ભવાન્તરમાં તે સુખી થાય છે. દુ:ખ એ આપણે જ કરેલી ભૂલની શિક્ષારૂપ છે અને તે આપણને જાગ્રત કરવા-સતેજ બનાવવા માટે જરૂરનું પણ છે. દુ:ખમાં ઘણે ભાગે આપણું ભાન ઠેકાણે આવે છે; પરંતુ

સુખમાં અને દુઃખમાં જેમને સરખી જાગૃતિ રહી શકે છે તેમની તો બલિહારી જ છે. તેમનો વૈરાગ્ય ઉત્કૃષ્ટ છે. જો સેવા કરો તો એવા શાણા અને ઉદાર સ્વામીની કરો કે જે તમારી ખરી સેવાની યથાર્થ કદર કરી તમને નિવાજી શકે. બેકદર સ્વામીની સેવા કરવાથી હિત થવું મુશ્કેલ છે. જેના પ્રસાદથી રાજા, મહારાજાદિક ઊંચી પદવી પ્રાપ્ત કરી શકાય છે **તે ધર્મ-મહારાજાની જ સેવા જો શુદ્ધ નિષ્ઠાથી કરી શકાય તો પછી બીજા કોઇની સેવા કરવાની કયારેય જરૂર રહે નહિ.** એક ધર્મકળા જ પ્રાપ્ત કરી શકાય તો બીજી બધી કળા સહેજે પ્રાપ્ત થઇ શકે.

૮. દુર્જનતા.

ખળતા—દુર્જનતા વર્ણન.

રસ વિરસ ભજે જ્યું, અંબ નિંબ પ્રસંગે,
ખળ મિલણ હુવે જ્યું, અંતરંગ પ્રભંગે;
સુણ સુણ સસનેહી, જાણી લે રીતિ જેહી,
ખળ જન નિસનેહી, તેહશું પ્રીતિ કેહી. ૧૫

મગર જળ વસંતો, તે કપિરાય દીઠો,
મધુર ફળ ચખાવી, તે કર્યો મિત્ર મીઠો;
કપિ કલિજ ભખેવા, મત્સ્ય ખેલિ ખલાઈ,
જળમહીં કપિ બુદ્ધિ, છાંડી દે તે ભલાઈ. ૧૬

જેમ કડવા લીંબડાના પ્રસંગથી આંબો પોતાનો સ્વાભાવિક રસ તજી, વિરસતા-કટુકતાને પામે છે તેમ સારો માણસ ખળ-દુર્જનના પ્રસંગથી બગડી ખળતા-દુર્જનતાને ધારણ કરી લે છે. અહો અહો પ્રેમી સજ્જનો! એ વાત દિલમાં ચોક્કસ કરી રાખો કે ખળ લોકો કેવળ સ્વાર્થાંધ અને

પ્રેમશૂન્ય હોય છે. તેમની સંગાતે પ્રીતિ કરવી નકામી છે; એટલું જ નહીં પણ વખતે તે ભારે અનર્થકારક પણ થાય છે. એ વાતનું સમર્થન કરવા અત્રે એક કથાનક કહે છે.—

જળમાં વસનારા એક મગરમચ્છને એકદા એક વાનરે દીઠો અને તેને મીઠાં સ્વાદિષ્ટ ફળ ચખાડીને પોતાનો મન-માન્યો મિત્ર બનાવ્યો. પરિણામ એ આવ્યું કે તે વાનરનું જ કાળજું ખાવા મગરે બાજી રચી તેને ફસાવ્યો; પરંતુ પછીથી ખરી હકીકત જણાતાં વાનર તેમાંથી બચી ગયો.

પેલો મગર કોઈ વખત થોડાં મધુરાં ફળ પોતાની સ્ત્રી (મગરી) પાસે લઇ ગયો અને તેને બધી હકીકત કહી દીધી; એટલે મગરીએ કહ્યું કે 'હમેશાં આવાં મીઠાં ફળ ખાનારા વાનરનું કાળજું કેવું મીઠું હશે ? મારે તો એ વાનરનું કાળજું જ ખાવા જોઈએ. ગમે તેવી ચતુરાઇ કરીને મને તેનું કાળજું ખાવા આપો.' મગરે તેને બહુ બહુ સમજાવી પણ તે બીજી કોઇ રીતે સમજી નહિ, ત્યારે મગરે વાનર પાસે વખતસર આવી, પ્રપંચ રચી, તેને આડુંઅવળું સમજાવી પોતાની સ્ત્રી મગરીનું મન મનાવવા વાનરને પોતાની પીઠ ઉપર બેસાડીને જળમાં તરતો ચાલ્યો. માર્ગમાં ખરી હકીકત. મગરે જણાવી દીધી, તેથી બુદ્ધિબળથી વાનરે કહ્યું કે 'ભલા મિત્ર! એ વાત પહેલી કહેવી હતી ને. મારું કાળજું તો હું સાથે લાવ્યો નથી, પણ સામેના ઝાડ પર લટકે છે,' તેથી મગરે કાળજું લાવવા પાછો કાંઠે મૂકયો એટલે યુક્તિથી તે વાનર બચી ગયો.

આંબાના અને લીંબડાના મૂળ સાથે મળ્યાં હોય તો તે નીંબના પ્રસંગથી આંબો વિણસી જાય છે; એટલે લીંબડાની

જેમ કડવો બને છે. અર્થાત્ આંબામાં કડવાશ આવી જાય છે, એટલે તેનો સ્વાભાવિક મીઠો રસ નષ્ટ થઇ જાય છે–તેમાંથી મીઠાશ જતી રહે છે. પરંતુ લીંબડાને આંબાની અસર થતી નથી. જડ જેવા લેખાતા આ વૃક્ષોમાં પણ નબળી સોબતથી આવું વિપરીત પરિણામ પ્રગટપણે આવતું જણાય છે, તો પછી જેનામાં અનેક દુર્ગુણો પ્રગટપણે દેખાતા હોય એવા નબળાં(દુર્જનો)નો વારંવાર સંગ–પ્રસંગ કરવાથી સારાં(સજ્જનો)ને પણ અનિષ્ટ પરિણામ આવે એમાં આશ્ચર્ય શું ? હીણાની સોબતથી હીણું જ પરિણામ આવે. "**જેવી સોબત તેવી અસર**" એ કહેવત અત્રે લાગુ પડે છે. જે ભાવુક હોય તેને ગુણ–દોષની અસર અવશ્ય થાય છે. આપણે જો દોષથી બચવું જ હોય તો તેવી નબળી સોબતથી સદંતર દૂર જ રહેવું. તેમ જ આપણા ગુણની રક્ષા તથા પુષ્ટિ કરવા માટે આપણે આપણા નિષ્કારણ બંધુ સમાન ઉપકારી સંત–સુસાધુજનોની સેવા–ઉપાસના જરૂર કરવી. દુર્જન–ખળ લોકો કોઇના મિત્ર ન હોય અને જો હોય તો તે સ્વાર્થ-પૂરતા જ હોય, તેથી તેમની મિત્રતાથી કદાપિ હિત સંભવે જ નહિ સજ્જનોની મિત્રતા જ ખરી છે કે જે પરિણામે હિતરૂપ જ હોય છે. ગમે તેટલી કસોટી કરી જુઓ પણ સજ્જન પોતાની સજ્જનતા ન જ છોડે ત્યારે દુર્જન પોતાની દુર્જનતા જ દાખવે છે. જેમ ફણીધરના માથા ઉપર રહેલા મણિમાં ફણીધરનું વિષ સંક્રમી શકતું નથી, તે તો ઊલટું વિષ વિકારને ટાળી શકે છે, તેમ પરિપકવ જ્ઞાન(અનુભવ)દશાવાળાને તેવા દુર્જનોનો પાશ લાગતો નથી, કેમકે તે તો ઊલટા દુર્જનોના રાગદ્વેષાદિક વિકારને દૂર કરે છે, પરંતુ કાચાપોચાઓએ તો

નબળી સોબતથી સદા ય ચેતતા રહેવાની જરૂર છે; કેમકે તેમને તેનો ચેપ જલદી લાગી શકે છે અને પરંપરાએ તે વધતો જાય છે, એમ સમજી આપણે તો દુર્જનોથી અધિક ચેતતા રહેવું.

---

૯. અવિશ્વાસ

વિશ્વાસઘાત નહિ કરવા તેમજ દરેકનો વિશ્વાસ નહિ કરવા હિતોપદેશ.

(ઉપજાતિ વૃત્ત)

વિશ્વાસી સાથે ન છળે રમીજે,
ન વૈરી વિશ્વાસ કદાપિ કીજે;
જો ચિત્ત એ ધીરગુણે ધરીજે,
તો લચ્છી લીલા જગમાં વરીજે. ૧૭

(ઇન્દ્રવજ્રા વૃત્ત)

ચાણાકયે જ્યું નિજ કાજ સાર્યો,
જે રાજભાગી નૃપ તેહ માર્યો;
જો ઘુઅડે કાગ વિશ્વાસ કીધો,
તો વાયસે ઘૂકને દાહ કીધો. ૧૮

સહજ સ્વભાવથી કે ધર્મબુદ્ધિથી જે આપણા ઉપર શ્રદ્ધા–વિશ્વાસ રાખી રહ્યા હોય, આપણે તેનું કદાપિ અહિત કરીએ કે તેને અહિત માર્ગે દોરીએ એવું જે સ્વપ્નમાં પણ સમજતા ન હોય અર્થાત્ જેને આપણા સંબંધી કશો ગેરવિશ્વાસ ન જ હોય તેવા ભોળા–ભદ્રિક શ્રદ્ધાવંત વિશ્વાસુને કદાપિ છેતરવાનો–દગો દેવાનો સ્વપ્નમાં પણ વિચાર કરવો નહિ; કેમકે વિશ્વાસઘાત કરવા જેવું એકે ઉગ્ર પાપ નથી. જે બીજા કોઇનો વિશ્વાસ કરતા ન હોય તે પણ ધર્મ કે

ધર્મીજનોનો તો વિશ્વાસ કરે છે. તેવા શ્રદ્ધાળુ જનોને છેતરવા, ભ્રષ્ટ કરવા, તેમને ઊંધે રસ્તે દોરવા અને તેમનું અહિત કરવું એ ધર્મના બ્હાને ચોખ્ખી ઠગાઇ કે વિશ્વાસઘાત જ કહેવાય. એવું પાપી અને હીચકારું કાર્ય કદાપિ કરવું નહીં. તેમ જ જે સદા ય છળ તાકીને જ રહેતા હોય અને તેવી તક મળતાં જ છેતરપિંડી કરવા ચૂકતા ન હોય એવા બન્ને પ્રકારના (બાહ્ય અને અભ્યંતર) શત્રુઓનો શાણા માણસોએ કદાપિ વિશ્વાસ કરવો નહિ. મન, વચન કે કાયાથી અહિત જ કરનાર, કરાવનાર તથા અનુમોદનાર બાહ્ય શત્રુ લેખાય છે, જ્યારે કામ, ક્રોધ, મોહ, મદ, લોભ અને હર્ષાદિક આંતર શત્રુ કહેવાય છે. તેમનો વિશ્વાસ કદાપિ કરવો નહિ અર્થાત્ તેમનાથી સદા ય ચેતતા–જાગૃત–સાવધાન જ રહેવું. તેમાં કદાપિ ગફલત કરવી નહિ. વળી "**બૃહસ્પતિરવિશ્વાસઃ—**" બૃહસ્પતિ કહે છે કે કોઇનો વિશ્વાસ કરવો નહિ. તેનો આશય એવો લાગે છે કે કોઇના વિશ્વાસ ઉપર થોભી ન રહેવું. સ્વાશ્રયી બનવું. પરની આશા રાખી બેસી રહેવું નહિં. બને તેટલું બધું કામ જાતમહેનતથી જ કરવું. દરેક કાર્યમાં બને તેટલી જાતિદેખરેખ રાખવી, જેથી કામ બગડે નહિ પણ ધાર્યા પ્રમાણે બને અને બીજા ઉપર વિશ્વાસ રાખી રહેવાથી કોઇ વખત પસ્તાવાનો વખત આવે છે તે આવે નહિ.[1] વળી સતત અભ્યાસથી કાર્યદક્ષતા આવે છે, આત્મશ્રદ્ધા દૃઢ થાય છે અને વીર્યોલ્લાસ વધતો જાય છે. મોજશોખમાં પડી જો જોખમદાર કામ બીજાને સુપ્રત કરી દેવામાં આવે છે તો વખત જતાં બહુ નુકશાનીમાં ઉતરી જવું પડે છે અને લાંબો વખત સોસવું

૧ આ કલ્પના બરાબર નથી. નીતિશાસ્ત્રના સાર તરીકે બૃહસ્પતિ નામના પંડિતે તો કોઇનો પણ વિશ્વાસ ન કરવાનું જ કહ્યું છે.

પડે છે. “સગા બાપનો પણ વિશ્વાસ કરવો નહિ.” એ આવા આશયથી કહેવાયું લાગે છે, બાકી તો માતાપિતાદિક વડીલ જનોનો, વિદ્યાગુરુનો તથા ધર્મગુરુ વગેરે ઉપકારી અને ગુણીજનોનો યથાયોગ્ય વિશ્વાસ કરવો જ પડે છે, અને કરવો જ જોઈએ. જો સ્થિર ચિત્તથી ધીરજ રાખવામાં આવે, નૈતિક ગુણોનું પાલન કરવામાં આવે, નૈતિક હિંમત હારવામાં ન આવે, સર્વ વાતે સાવધાનપણું સાચવવામાં આવે, ઉક્ત નીતિવચનોનો પ્રમાદથી ભંગ કરવામાં ન આવે તો જગતમાં મનમાની લક્ષ્મી સુખે પામી શકાય છે. જેમ મહેલ ઉપર ચઢનારને કંઈ પણ દૃઢ આલંબન ગ્રહણ કરી રાખવાની જરૂર પડે છે તેથી સાવધાનપણે ઊંચે ચઢનાર સહીસલામત ચઢી શકે છે, પરંતુ તેમાં જો તે ગફલત કરે છે તો નીચે પટકાઇ પડે છે, પછી તેને ઊંચે ચઢવું કઠણ થઇ પડે છે, તેમ અહીંયા પણ યથાયોગ્ય સમજી લેવું. એટલે કે પોતાની ઉન્નતિ ઇચ્છનારે સર્વ વાતે સાવધાન રહેવું જોઈએ. સર્વમાન્ય નીતિના માર્ગનું અતિક્રમણ (ઉલ્લંઘન) ન જ કરવું જોઈએ. તો જ તેની ઉન્નતિ સધાઇ શકે છે. અન્યથા ઉન્નતિને બદલે અવનતિ જ થવા પામે છે. આ વાત ધર્મ-કર્મ બન્નેમાં લાગુ પડે છે. સરલ વ્યવહારી બનવું, સરલની સંગતે સરલતાથી જ વર્તવું; તેની સાથે શઠતા ભૂલેચૂકે પણ કરવી નહિ. “**शठं प्रति शाठ्यं कुर्यात्**”- આ વાક્યને અનુસરીને શઠ-માયાવી પ્રત્યે પ્રસંગ પડતાં શઠતા-માયા કરવી પડે તો જુદી વાત. તેનો હેતુ પણ એવો હોય કે તે આપણી આંખમાં ધૂળ નાંખી ચાલ્યો ન જાય તેટલા પૂરતી સાવધાનતા રાખવી. ગમે તે રીતે સુધારી શકાય એમ હોય તો તેને સુધારવાનો પ્રયાસ કરવારૂપ દયા દિલમાં રાખવી, કશો

ઉપાય ન જ ચાલે ત્યારે જ તેની ઉપેક્ષા કરવી. ગમે તેવા અપરાધીનું પણ અંતરથી અહિત કરવાની બુદ્ધિ તો દયાળુ દિલને નહિ જ જોઈએ. જે જે દુર્ગુણને લઈને અનેક જીવો અપરાધી ઠરે છે તે દુર્ગુણોને જ દૂર કરવા દઢ પ્રયત્ન કરવો એ જ ઉત્તમ નીતિવંતનું ખાસ કર્તવ્ય છે, અને એવાં સદાચરણથી જ મોક્ષ પર્યન્તની અક્ષય લક્ષ્મીલીલા અનાયાસે પ્રાપ્ત થઈ શકે છે. આ વાત જેને વિવેકદૃષ્ટિ જાગી હોય તે જ સમજીને આદરી શકે છે; બાકી તો લોભાંધપણે ચાણાકયે ખરા રાજ્યના હકદાર રાજા પર્વતને મારી પોતાનો સ્વાર્થ સાધ્યો તેમ બને છે. તુચ્છ સ્વાર્થ સાધવા આવી હત્યા કરવી એ બહાદુરીનું કામ ન કહેવાય. ખરું છે કે લોભાંધનો વિશ્વાસ કરવો તે હિતકર ન જ થાય. એક ઘુઅડે પ્રપંચી કાગડાઓનો ભોળપણથી વિશ્વાસ કર્યો હતો, જેથી બધા કાગડાઓએ મળીને યુક્તિથી તેનો અને બીજા કંઈક ઘુઅડોનો ઘાણ કાઢ્યો હતો. તેમ ન થાય એવી સાવધાનતા તો અવશ્ય રાખવી જ જોઇએ. ઉક્ત ભોળા ઘુઅડની પેઠે જે સમયોચિત સાવધાનતા રાખતા નથી, સ્વકર્તવ્ય કર્મમાં પ્રમાદ કે શિથિલતા કરે છે તેમના પણ તેવા હાલ થાય તો તેમાં કાંઇ નવાઇ જેવું નથી. જ્યારે સ્વહિત સાચવવામાં અસાવધાન યા બેફીકર રહેવાથી કોઇને હાનિ થવા પામે છે ત્યારે તેની ટીકા કરતાં કઈકને આવડે છે ને "**પરોપદેશે પાંડિત્યં**" —બીજાને ઉપદેશ દેવા શૂરાપૂરા થઇ જાય છે, પણ જ્યારે એ જ ઉપદેશ પોતાની જાતને આપવાની જરૂર પડે છે ત્યારે તે કેવળ આળસુ–પ્રમાદી બને છે એ જ ખેદની વાત છે. એક સમર્થ વિદ્વાન્ ગ્રંથકાર પવિત્ર બોધવાકયરૂપે જણાવે છે કે "અન્યને શિખામણ દેવામાં જ વિચક્ષણતા–ડહાપણ બતાવનારા

લોકોને મનુષ્યની પંક્તિમાં કોણ લેખે છે ? જેઓ પોતાની જાતને જ ખરી શિખામણ દઇ જાણે છે તેમને જ અમે મનુષ્યની ગણત્રીમાં ગણીએ છીએ ” અર્થાત્ તેમને જ ખરેખરા મનુષ્યની પંક્તિમાં લેખવા યોગ્ય છે કે જેઓ પોતાની જાતને જ ખરી હિતશિક્ષાથી જાગૃત રાખતા રહે છે. દોષગ્રાહી નહિ થતાં ગુણગ્રાહી થવું જ હિતકારી છે. તેમ છતાં અનાદિ મિથ્યાત્વ-યોગે જીવ દોષ તરફ જ વધારે ઢળી જાય છે અને ગુણ–ગુણીની બહુધા તે ઉપેક્ષા જ કરતો રહે છે, જેથી બાપડા જીવનું હિત થઇ શકતું નથી. ભાગ્યયોગે ગુરુકૃપાથી શેમાં સ્વહિત રહેલું છે તે યથાર્થ સમજી કે સમજવાનો ખપ કરી, તેમાં બરાબર શ્રદ્ધા–પ્રતીતિ રાખી, તે પ્રમાણે આચરણ કરવા જીવ સાવધાન બને તો ઉભય લોકની લક્ષ્મીલીલા તેને સહેજે આવી મળે અને તે અનેક જીવોનું હિત પણ કરી શકે.

---

૧૦. મિત્રતા.

મૈત્રી (મિત્રતા) વર્ણન અધિકાર.

(માલિની વૃત્ત)

કરી કનક સરીસી, સાધુ મૈત્રી સદાઇ,
ઘસી કસી તપ વેધે, જાસ વાણી સવાઈ;
અહવ કરહી મૈત્રી, ચંદ્રમા સિંધુ જેહી,
ઘટ ઘટ વધ વાધે, સારિખા બે સનેહી. ૧૯

ઈહ સહજ સનેહે, જે વધે મિત્રતાઈ,
રવિપરિ ન ચળે તે, કંજ જ્યું બંધુતાઈ;
હરિ હળધર મૈત્રી, કૃષ્ણને જે છમાસે,
હળધર નિજખંધે, લૈ ફર્યા જીવ આશે. ૨૦

અહો ભવ્યાત્માઓ! મિત્રતાઇ કરવી તો શુદ્ધ સુવર્ણ જેવા નિર્દોષ સાધુ–સજ્જન સંગાતે જ કરવી, કેમકે જેમ સોનાને કસોટીએ ચઢાવવામાં આવે ત્યારે જ તેની ખરી કિંમત થાય છે અને તેને સખ્ત અગ્નિનો તાપ આપવાથી મળની શુદ્ધિ થતાં તેનો વાન ઊલટો વધે છે, એટલે તેની કિંમત પણ વધે છે, તેમ ખરા મિત્રની પરીક્ષા કે કિંમત પણ કષ્ટ કે આપદા પડતાં જ થઈ શકે છે. તેવા પ્રસંગે ખરો મિત્ર જુદાઇ બતાવતો નથી, એટલું જ નહિ પણ પ્રસન્ન ચિત્તથી–ઉદાર દિલથી બનતી બધી સહાય કરવા તત્પર રહે છે અને પોતાની ફરજ બરાબર બજાવે છે. ખરો મિત્ર સુખમાં અને દુઃખમાં સમભાગી બને છે. અથવા ચંદ્રમા અને સાગર જેવી ગાઢ પ્રેમભરી મૈત્રી કરવી. જેમ પૂર્ણ ચન્દ્રકળાના યોગે સમુદ્રની વેળ (ભરતી) વધે છે અને તેની શોભામાં પણ વધારો થાય છે, તેમ સંત–સુસાધુજન સંગાતે મૈત્રી કરવાથી સુયોગ્ય જીવમાં ગુણનો પુષ્કળ વધારો થવા પામે છે, એટલું જ નહિ પણ તેથી તેની પ્રતિષ્ઠા પણ સારી વધવા પામે છે.

જે શુદ્ધ નિષ્ઠાથી (સાફ અંતઃકરણથી) મિત્રતા બાંધે છે તે ચળતી કે વિછડતી નથી, અર્થાત્ તે કાયમ નભે છે. જેવી પ્રીતિ પંકજ અને સૂર્ય વચ્ચે છે. સૂર્યનો ઉદય થતાં જ પંકજ–કમળ વિકસે છે–ખીલે છે અને સૂર્યાસ્ત થતાં પાછું કમળ સંકોચાઇ જાય છે, તેવી પ્રીતિ સજ્જનો વચ્ચે હોય છે. તે એક બીજાનો ઉદય ઉન્નતિ થતાં વિકસિત–પ્રમુદિત થાય છે અને એક બીજાને આપદા પડતાં ખિન્ન થાય છે–સંકોચ પામે છે બળદેવ અને વાસુદેવની એવી ગાઢ પ્રીતિ હોય છે. જયારે

કૃષ્ણવાસુદેવ મૃત્યુ પામ્યા ત્યારે બળદેવજી કેવળ ગાઢ સ્નેહ-મોહવશ તેને જીવતા જાણી છ માસ સુધી તેના દેહને પોતાના ખભા ઉપર લઈને ફર્યા હતા. કેટલીક વખત એક બીજાનો વિયોગ થતાં દારુણ દુઃખ થવાથી પ્રાણત્યાગ પણ થઈ જાય છે, જેથી દૂધ-જળ જેવી મૈત્રી વખાણી છે.

મિત્રની ખરી પરીક્ષા કષ્ટ આવી પડતાં થાય છે. સખ્ત અગ્નિનો તાપ લાગતાં સોનું ચોખ્ખું થાય છે ત્યારે પિત્તળ શ્યામ થાય છે-ઝાંખુ પડે છે. ખરો સજ્જન-મિત્ર જેમ સુખમાં ભાગ લે છે તેમ દુઃખમાં પણ પૂરતી મદદ કરે છે. ખરા નિઃસ્વાર્થી મિત્રના લક્ષણ આ પ્રમાણે વર્ણવ્યાં છે.

તે આપણને પાપથી (પાપ-કર્મથી) નિવારે છે-બચાવે છે અને સત્કર્મમાં જોડે છે, આપણી એબ ઢાંકે છે અને સદ્ગુણ વખાણે છે-વિસ્તારે છે, તે કષ્ટમાં આવી પડેલા મિત્રને તજી દેતો નથી પણ તે અવસરોચિત મદદ, ટેકો યા આલંબન આપીને તેનો ઉદ્ધાર કરવા મથે છે. **અભયકુમાર** જેવા બુદ્ધિશાળી અને ધર્મચુસ્ત સજ્જન મિત્રો જગતમાં વિરલા જ હોય છે. પૂર્વોક્ત લક્ષણોથી તેમની સજ્જનતા સ્પષ્ટ થઈ શકે છે. ગૃહસ્થ મિત્રો કરવા તો એવાને જ કરવા, કે જેઓ બને તેટલો સ્વાર્થ-ત્યાગ કરીને પરહિત કરવામાં જ તત્પર રહે. સોનાને ગમે તેટલું તપાવે તો પણ તેનો વાન વધતો જ જવાનો, શેલડીના શત ખંડ કરો તો પણ તે તો સરસ રસ જ આપે અને ચંદનને ગમે તેટલું ઘસે, છેદે, કાપે, પીલે કે બાળે તો પણ તે ખુશબોદાર સુગંધી જ આપે; કેમકે તેનો મૂળ જાતિસ્વભાવ તેવો છે. તેવી જ રીતે ઉત્તમ સજ્જનોને પણ પ્રાણાન્ત કષ્ટ આવી પડે તોપણ

તે પોતાની સજ્જનતા તજે નહીં જ. સન્ત મહાત્માઓ એવા જ ઉત્તમ હોય છે. તેઓ ચંદ્રમાની જેવા શીતળ, સાગરની જેવા ગંભીર અને ભારંડ પંખી જેવા પ્રમાદરહિત હોય છે. તેઓ હિંસાદિક પાપમાત્રના ત્યાગી અને અહિંસા, સત્યાદિક મહાવ્રતના ધારક હોય છે. રાજા અને રંક, તૃણ અને મણિ, કનક અને પત્થર એમને સમાન ભાસે છે. મમતા રહિત થવાથી તેમને સહુના ઉપર સમાનભાવ હોય છે. વળી માન--અપમાન, નિંદા–સ્તુતિ તરફ તેઓ લક્ષ દેતા નથી, તેથી તે હર્ષ–શોકને પ્રાપ્ત થતા નથી. દુનિયામાં સઘળી શુભ ઉપમા એમને છાજે છે. એવા નિઃસ્પૃહી, સત્યનિષ્ઠ સાધુ–મહાત્માનું એકનિષ્ઠાથી શરણ લેનાર સુભાગી જનોનું શ્રેય થાય જ.

---

૧૧. સપ્ત વ્યસન

જુગાર પ્રમુખ સાત દુર્વ્યસનો ટાળી સુમાર્ગે ચાલવા હિતોપદેશ.

(માલિની વૃત્ત)

નલિન મલિન શોભા, સાંજથી જેમ થાયે,
ઈહ કુવ્યસનથી ત્યું, સંપદા કીર્તિ જાયે;
કુવ્યસન તિણિ હેતે, સર્વથા દૂર કીજે,
જનમ સફળ કીજે, મુક્તિકાંતા વરીજે. ૨૧

(દ્રુતવિલંબિત વૃત્ત)

સુગુરુ દેવ જિહાં નવિ લેખવે,
ધન વિણા સહુએ વિણ લેખવે;
ભવભવે ભમવું જિણ ઊવટે,
કહોને કોણ રમે તિણ જૂવટે. ૨૨ (દ્યૂત–૧)

(ઉપજાતિ વૃત્ત)

જે માંસલુબ્ધા નર તે ન હોહે,
તે રાક્ષસા માનુષ રૂપ સોહે; (માંસભક્ષણ-૨)
જે લોકમાં નર્ક નિવાસ ઓરી,
નિવારિયે તે પરદ્રવ્ય ચોરી. ૨૩ (ચોરી-૩)

(ભુજંગપ્રયાત્ત વૃત્ત)

સુરાપાનથી ચિત્ત સંભ્રાંત થાયે,
ઘટે લાજ ગંભીરતા શીળ જાયે;
જિહાં જ્ઞાન વિજ્ઞાન મૂંઝે ન સૂઝે,
ઇશું મદ્ય જાણી ન પીજે ન દીજે. ૨૪ (મદ્યપાન-૪)

કહો કોણ વેશ્યાતણા અંગ સેવે?
જિણે અર્થની લાજની હાણિ હોવે;
જિણે કોશ સિંહગુફાએ નિવાસી,
છળ્યો સાધુ નેપાળ ગ્યો કંબળાશી.૨૫(વેશ્યાગમન-૫)

(રથોદ્ધતા વૃત્ત)

મૃગયાને તજ જીવઘાત જે, સઘળા જીવદયા સદા ભજે;
મૃગયાથી દુઃખ જે લહ્યાં નવાં, હરિ રામાદિ નરેંદ્ર જેહવાં. ૨૬
(શિકાર-૬)

ચોપાઇ છંદ

સ્વર્ગ-સૌખ્ય ભણિ જો મન આશા,
છાંડે તો પરનારી વિલાસા;
જેણ એણ નિજ જન્મ દુઃખ એ,
સર્વથા ન પરલોક સુખ એ. ૨૭
(પરનારીગમન-૭)

જેમ જેમ સાંજ પડતી જાય છે તેમ તેમ કમળની શોભા મલિન થતી જાય છે—ઝાંખી પડતી જાય છે, તેવી જ રીતે દુર્વ્યસનોથી સંપત્તિ અને કીર્તિ બન્ને નાશ પામે છે. તે માટે દુર્વ્યસનો સર્વથા તજવા અને સદાચરણવડે જન્મ સફળ કરવો કે જેથી પરિણામે મુક્તિવધૂને વરી શકાય.

આ કુવ્યસનો મુખ્ય સાત પ્રકારના છે. તે સાતેને માટે પૃથક્ પૃથક્ હાનિ બતાવે છે.

૧ પ્રથમ દુર્વ્યસન **જુગટું** રમવું તે છે. જે રમવામાં ધન વિના બીજા કોઈની ગણના નથી, દેવગુરુ પણ હિસાબમાં નથી અને જે વ્યસનથી ભવ–ભવમાં ઊવટે–ઉન્માર્ગે દુર્ગતિમાં ભમવું પડે છે તેવું જુગટું કોણ સજ્જન રમે ?

૨ બીજું દુર્વ્યસન **માંસભક્ષણ** કરવું તે છે. જે મનુષ્ય માંસભક્ષણ કરે છે તે મનુષ્ય નથી, પણ મનુષ્યરૂપે રાક્ષસ જ છે.

૩ ત્રીજું દુર્વ્યસન **ચોરી** કરવી તે છે. ચોરી આ લોકમાં નર્કવાસ જેવી છે. એવી ચોરી ઉત્તમ પુરુષ કદી કરે નહિં.

૪ ચોથું દુર્વ્યસન **મદ્યપાન** કરવું તે છે. મદિરા પીવાથી ચિત્ત ભ્રાંતિવાળું–ભ્રમિત થાય છે, લાજ નાશ પામે છે, ગંભીરતા અને સદાચાર પણ નષ્ટ થાય છે. જ્ઞાન–વિજ્ઞાન જો કંઈ મેળવેલું હોય તો તે પણ મુંઝાઈ જાય છે–સૂઝતું નથી, એમ જાણીને પોતે મદ્ય પીવું નહીં અને બીજાને પીવા દેવું નહીં–પાવું નહીં.

૫ પાંચમું દુર્વ્યસન **વેશ્યાગમન** કરવું તે છે. ઉત્તમ પુરુષો કદી પણ વેશ્યાગમન કરતાં નથી. વેશ્યાગમનથી લાજની અને દ્રવ્યની બન્નેની હાનિ થાય છે. જુઓ સિંહગુફાવાસી મુનિ જે મહાતપસ્વી હતા અને જેના પ્રભાવથી વિકરાળ સિંહ પણ

તેને કાંઇ ઉપદ્રવ કરી શકતો નહોતો—શાંત થઇ જતો હતો, તે જ મુનિ સ્થૂલભદ્રની ઇર્ષ્યાથી કોશ્યા વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવા ગયા. કોશ્યાના એક કટાક્ષ માત્રથી જ ઘાયલ થઈ ગયા અને કામસેવાની પ્રાર્થના કરી. કોશ્યાએ દ્રવ્યની આવશ્યકતા પહેલી બતાવી, તેથી લક્ષમૂલ્યનું રત્નકંબળ લેવા મુનિપણાને બાજુ પર મૂકીને ચોમાસામાં નેપાળ દેશમાં ગયા. વેશ્યાગમન આટલું બધું હાનિકારક છે; તેથી તે અવશ્ય તજવા લાયક છે.

૬ છઠ્ઠું દુર્વ્યસન **શિકાર** કરવો તે છે. શાસ્ત્રકાર કહે છે કે હે ઉત્તમ પ્રાણી ! તું મૃગયા-શિકાર કે જે જીવઘાતરૂપ છે તેને તજી દે અને સર્વ જીવ પરની દયાને સદા-નિરંતર ભજ-અંગીકાર કર. જુઓ મૃગયાથી કૃષ્ણ રામચંદ્રાદિ જેવા મહાન્ રાજા પણ અનેક પ્રકારનાં દુઃખ પામ્યા છે.

૭ સાતમું દુર્વ્યસન **પરસ્ત્રીગમન** કરવું તે છે. ઉત્તમ પુરુષો નિરંતર સ્વદારાસંતોષી જ હોય છે. શાસ્ત્રકાર કહે છે કે-જો તને સ્વર્ગના સુખ મેળવવાની ઇચ્છા કે આશા હોય તો તું પરનારીના વિલાસને-તેના સંસર્ગને સર્વથા તજી દે. પરદારાગમનથી આ જન્મમાં પણ દુઃખ છે અને પરલોકમાં પણ સર્વથા સુખની પ્રાપ્તિ થતી નથી. દુઃખ જ પ્રાપ્ત થાય છે.

પૂર્વોક્ત સાત વ્યસનના ઉદાહરણો

(શાર્દૂલવિક્રીડિતવૃત્ત)

જુઆ ખેલણ પાંડવા વન ભમ્યા, મદ્યે બળી દ્વારિકા,
માંસે શ્રેણિક નારકી દુઃખ લહ્યાં, બાંધ્યાં ન કે ચૌરિકા;
આખેટ દશરથપુત્ર વિરહી, કેવન્નો વેશ્યા ઘરે,
લંકાસ્વામી પરત્રિયા રસ રમે, જે એ તજે તે તરે. ૨૮

જુગાર, મદ્ય–દારૂ, માંસભક્ષણ, ચોરી, આખેટક–શિકાર, વેશ્યાગમન, પરસ્ત્રીસેવા–એ સાત કુવ્યસનો સેવવાથી જીવને અતિ ઘોર નરક ગતિમાં લઇ જાય છે અને અહીં પણ પ્રગટપણે લક્ષ્મીની અને કીર્તિની ભારે હાનિ કરે છે, એમ સમજી શાણા જનોએ ઉક્ત સાત દુર્વ્યસનોને સર્વથા તજવા જોઇએ. એ કુવ્યસનો તજવાથી જ પવિત્ર ધર્મકરણી કરવાની સુબુદ્ધિ સૂજે છે અને સ્વજન્મ સફળ કરી પરિણામે મોક્ષલક્ષ્મી સહેજે પ્રાપ્ત કરે છે.

જુગારથી પાંડવોને ચૌદ વર્ષ સુધી આમતેમ રાજપાટ તજી ભટકવું પડ્યું, સુરાપાનથી યાદવોની દ્વારિકાનો અગ્નિયોગે વિનાશ થયો, માંસ–ભક્ષણવડે શ્રેણિકરાજાને નરકનાં દુઃખ ભોગવવાં પડ્યાં, ચોરીવડે અનેક ચોરો પ્રગટ વધ–બંધનાદિક પામે છે, આહેડા–શિકાર કર્મવડે રામચન્દ્રજીને સતી સીતાનો વિયોગ થયો, વેશ્યાગમનવડે કૈવન્નો શેઠ ધન રહિત થઇ અપમાન પામ્યો, અને રાવણ પરસ્ત્રીના વિષયરસવડે લંકાનગરીનું રાજ્ય હારી, મરણશરણ થઇ નરકગતિમાં ગયો, જેથી દુનિયામાં તેની ભારે અપકીર્તિ થઈ. એમ સમજી જે સુજ્ઞજનો એ કુવ્યસનોને સર્વથા તજે છે તેઓ સર્વ રીતે સુખી થાય છે.

આ સાત કુવ્યસનો ઉપરાંત બીજા શરીરની પાયમાલી કરનારા અને લક્ષ્મી પ્રમુખની હાનિ કરનારા અફીણ, ગાંજો અને તમાકુ વિગેરે જે જે કુવ્યસનો–અપલક્ષણો છે તેને સ્વપરહિત ઇચ્છનારાઓએ જલદી તિલાંજલિ દેવી જોઇએ. સ્વપરહિતમાં હાનિ થાય એવું એક પણ કુવ્યસન રાખવું ન જોઈએ. સ્વસંતતિ અને દેશની આબાદી ઇચ્છનારે પણ એમ જ કરવું જોઈએ.

૧૨. યશ-કીર્તિ

નિર્મળ યશ-કીર્ત્તિ પ્રાપ્ત કરવા હિતોપદેશ.

માલિની વૃત્ત.

દિશ દિશિ પસરંતી, ચંદ્રમા જ્યોતિ જેસી,
શ્રવણ સુણત લાગે, જાણ મીઠી સુધા સી;
નિશદિન જન ગાયે, રામ રાજિંદ્ર જેવી,
ઈણ કલિ બહુ પુન્યે, પામીએ કીર્તિ એવી. ૨૯

પૂર્ણિમાના ચંદ્રની શીતળ ચાંદની જેવી નિર્મળ યશ-કીર્તિ દશ દિશામાં પ્રસરેલી શ્રવણે સાંભળતાં અમૃત જેવી મીઠી લાગે છે. જેવી **રાજા રામચંદ્રની** યશકીર્ત્તિને લોકો રાતદિવસ ગાયા કરે છે તેવી નિર્મળ યશકીર્તિ આ કલિકાળમાં બહુ પુન્યયોગે કોઇક વિરલા જ પ્રાપ્ત કરી શકે છે. **રાજા રામચંદ્ર**-ની પેઠે કલંક રહિત ન્યાય, નીતિ અને પ્રમાણિકપણું આદરી સ્વકર્તવ્યનિષ્ઠ રહેનારા રાજાઓ, પ્રધાનો, શેઠ-શાહુકારો, સંત-સાધુજનો તેમ જ અન્ય અધિકારી લોકો ખરેખર નિર્મળ યશ-કીર્તિને સંપાદન કરી શકે છે; એટલું જ નહિં પણ સ્વાર્થ-ત્યાગી પરમાર્થદષ્ટિ જનો આગળ ઉપર પણ સ્વર્ગ અને મોક્ષનાં સુખ મેળવી શકે છે. એવા અનેક દષ્ટાન્તો શાસ્ત્રોમાં મોજુદ છે.

કેવળ યશ-કીર્તિને માટે જ લોકરંજન કરવાની બુદ્ધિવડે ભલાં ધર્મનાં કામ કરવામાં મજા નથી. એવી બાહ્યદષ્ટિવડે કરાતી ધર્મકરણીનું ફળ અલ્પમાત્ર છે. ખરી પરમાર્થદષ્ટિ-યોગે જે કરણી કરાય છે તેનું ફળ ઘણું મહત્ત્વભર્યું મળે છે. ખેડૂત લોકો ધાન્ય પેદા કરવા માટે કાળજીથી યોગ્ય અવસરે

ખેડ કરી, ખાતર નાંખી, જમીનને સરખી કરી, તેમાં સારું બીજ વાવે છે; તો તેથી પુષ્કળ ધાન્યની પેદાશ થવા ઉપરાંત પરાળ–ઘાસ પણ તેની સાથે જ પાકે છે. પરંતુ કંઇ પલાળની ખાતર ખેડ કરવાની જરૂર હોતી નથી, તેમ જે મહાશયો સ્વપરનું કલ્યાણ કરવા પવિત્ર આશયથી ઉત્તમ કરણી સ્વકર્તવ્ય સમજીને કરે છે તેથી સ્વપર આત્માનું કલ્યાણ થવા ઉપરાંત નિર્મળ યશ–કીર્તિ પણ સહેજે અનાયાસે પ્રાપ્ત થાય છે, તે માટે જુદો પ્રયાસ કરવાની કશી જરૂર રહેતી જ નથી. કહ્યું છે કે "**જનમનરંજન ધર્મનું, મૂલ્ય ન એક બદામ.**"–જે કેવળ બાહ્યદૃષ્ટિથી લોકદેખાડો કરવા માટે જ શુભ કરણી કરે છે તેમાં કશું મહત્ત્વ નથી. ખરું મહત્ત્વ પરમાર્થદૃષ્ટિથી કરાતી કરણીમાં જ છે.

---

૧૩. મુખ્ય–પ્રધાન

પ્રધાન–મુખ્ય રાજ્યાધિકારી વર્ણન.

સકળ વ્યસન વારે, સ્વામીશું ભક્તિ ધારે,
સ્વપરહિત વધારે, રાજ્યનાં કાજ સારે;
અનય નય વિચારે, ક્ષુદ્રતા દૂર વારે,
[૧]ચણિસુત જિમ ધારે, રાજ્યલક્ષ્મી વધારે. ૩૦

અભયકુમાર જેવો ઉત્તમ અધિકારી–પ્રધાન હોય તે પોતે બધા વ્યસનોથી વેગળો રહે, જેથી રાજા પ્રજા ઉપર સારી છાપ પડે અને તેમને પણ વ્યસનથી દૂર રહેવા બુદ્ધિ થવા પામે, અને અનુક્રમે આખા રાજ્યમાંથી કુવ્યસન માત્ર દૂર થવા પામે. આથી સમજી શકાય છે કે અધિકારી–પ્રધાન પુરુષે ખાસ પોતાનું

૧ ચાણાક્ય.

વર્તન ઊંચા પ્રકારનું રાખવું જ જોઇએ. વળી તે પોતાના સ્વામી–રાજા–મહારાજાદિક ઉપર આદર–બહુમાન રાખે, જેથી બીજી બધી પ્રજા પણ તેમના તરફ તેવા આદર–બહુમાનની નજરથી જ જુએ.

વળી ઉત્તમ પ્રધાન સ્વપરહિતમાં વધારો થાય એવું લક્ષ રાખ્યા કરે, તેમ જ રાજ્યના કામમાં પણ ખલેલ આવવા દે નહિ, રાજ્યકામ પણ બરાબર વ્યવસ્થાપૂર્વક કર્યા કરે, ન્યાય–અન્યાયનો બરાબર નિજબુદ્ધિથી તોલ કરી અદલ ઇન્સાફ કરે, ઉતાવળા થઇ કોઇને ગેરઇન્સાફ થાય તેમ ન કરે. વળી ઇન્સાફ આપતાં દયાનું તત્ત્વ જરૂર પૂરતું આમેજ કરે–ઉમેરે.

ક્ષુદ્રતા–નિર્દયતા–કઠોરતા–તુચ્છતા–વાપરે નહિ, પણ ગંભીરતા અને સહૃદયતાનો સાથે સાથે ઉપયોગ કરી રાજ્યલક્ષ્મીનો વધારો કરે. તથા પ્રજાની આબાદી સચવાય અને વૃદ્ધિ પામે તેવી પણ પૂરતી કાળજી **અભયકુમાર મંત્રી**ની પેઠે રાખે.

જેમ **અભયકુમાર** મંત્રી રાજા અને પ્રજા ઉભયનું હિત વખતોવખત સાચવી છેવટે પોતાનું આત્મહિત કરી લેવા ભાગ્યશાળી બન્યો તેમ અન્ય અધિકારી જનોએ પણ ચીવટ રાખી સ્વપરહિતકાર્યમાં સાવધાનતા રાખવી. બુદ્ધિબળથી જ મંત્રીપણું શોભે છે. તેમ તત્ત્વાતત્વનો વિચાર કરવો તથા સારતત્વ આદરી સ્વમાનવભવની સફળતા કરવી એ જ સદ્‌બુદ્ધિ પામ્યાનું શુભ ફળ છે.

૧૪. કળા

કળા વર્ણનાધિકાર.

(માલિની વૃત)

ચતુર કરી કળાને, સંગ્રહો સૌખ્યકારી,
ઇણ ગુણ જિણ લાધી, દ્રોણ સંપત્તિ સારી;
ત્રિપુરવિજયકર્તા[1], જે કળાને પ્રસંગે,
હિમકર[2] મન રંગે, લૈ ધર્યો [3]ઉત્તમાંગે. ૩૧

અહો ચતુર જનો ! સુખકારી એવી કળાઓનો સંગ્રહ કરો, અભ્યાસ–પરિચય સારી રીતે રાખો; કેમકે એ કળાસંગ્રહના પ્રભાવથી **દ્રોણાચાર્યે** સારી સંપત્તિ પ્રાપ્ત કરી હતી. વળી ત્રિપુરવિજય કર્તા જે **મહાદેવ** તેણે તે કળાના પ્રભાવથી જ હિમકર એટલે ચંદ્ર તેને પોતાના ઉત્તમાંગ–મસ્તક ઉપર આનંદથી ધારણ કરી રાખ્યો હતો. તેથી જ તે **ચંદ્રશેખર** અને **ત્રિલોચન** એવા પ્રસિદ્ધ નામને પ્રાપ્ત થયો છે. (આ વાત લૌકિક મતાનુસારે લૌકિક શાસ્ત્રમાં પ્રસિદ્ધ થયેલી જાણવી.)

સકળ કળામાં નિપુણતા કોઇક જ મેળવી શકે છે. પૂર્વે સ્ત્રી–પુરુષો તેનો અભ્યાસ વિશેષે કરતા. પુરુષની ૭૨ કળા અને સ્ત્રીની ૬૪ કળાઓ શાસ્ત્રપ્રસિદ્ધ છે. ચંદ્રની ૧૬ કળા કહેવાય છે. પૂર્ણ કળાવાળા–સ્ત્રીપુરુષોને સંપૂર્ણ ૧૬ કળાવાળા

---

૧ શિવ. ૨ ચંદ્ર. ૩ મસ્તકે.

ચંદ્રની ઉપમા આપવી એ **હીન ઉપમા** કહેવાય છે. મતલબ કે ચંદ્ર કરતાં તેમનામાં અધિકતા ઠરે છે. કળા માત્ર ઉપયોગી છે, તે બધી કળા; નહિ તો બને તેટલી કળા સ્ત્રી–પુરુષ ઉભયને ઉપયોગી હોય તે કળાનો અભ્યાસ–પરિચય અવશ્ય કરવો જોઈએ. ગમે તેવો વ્યવસાય કળાથી ખીલી શકે છે જેવું કામ કળાથી બને છે તેવું કામ બળથી બનતું નથી. **એક શિક્ષણ–કળાથી લાખો બાળકો કેળવાઈ હીરા જેવા કિંમતી બની શકે છે.**

યુદ્ધકળા, રાંધણકળા, નૃત્યકળા, સંગીતકળા, ધર્મકળા, અર્થકળા અને કામકળાદિક અનેક કળાઓ છે, પરંતુ તે સર્વમાં શિરોમણિ કળા એક ફક્ત **ધર્મકળા** જ છે. એ સત્યધર્મકળા બીજી બધી કળાને જીતી લે છે, એક ધર્મકળાવડે જ બીજી બધી કળા કામની છે, તે વગર બીજી બધી કળા નકામા જેવી કહી છે, કેમકે ધર્મકળાથી જ મોક્ષ છે.

---

૧૫. મૂર્ખતા

મૂર્ખતા વર્ણનાધિકાર

(માલિની વૃત)

વચન રસ ન ભેદે, મૂર્ખ વાર્તા ન વેદે[1],
તિમ કુવચન ખેદે, તેહને શીખ જે દે;
નૃપ શિર રજ નાખી, જેમ મૂર્ખે વહીને,
હિત કહત હણી જ્યું, વાનરે સુગ્રહીને[2]. ૩૨

૧ જાણે. ૨ સારો માળો બાંધનાર એક જાતનું પક્ષી.

શાસ્ત્રવચન કે જ્ઞાનીનાં વચનો અમૃત જેવાં મીઠાં છતાં મૂર્ખ-અજ્ઞાન જીવને ભેદતાં-અસર કરતાં નથી-તેનાં હૃદયને પીગળાવી શકતાં નથી; કેમકે મૂર્ખ-અજ્ઞાન જીવ તેનું રહસ્ય સમજતો નથી. તેમ તેનો ગુપ્ત ભેદ મેળવવા તે પ્રયત્ન પણ કરતો નથી. વળી તેવા અજ્ઞાન જીવને જો કોઇ શિખામણ દેવા જાય છે તો તેના ઉપર તે ખીજવાય છે અને તેની અવગણના કરે છે. મૂર્ખ માણસ વચનના પરમાર્થને સમજતો નથી, તેથી તે ઓડનું ચોડ વેતરી નાંખે છે. કહ્યું હોય છે કાંઇ અને સમજે છે કાંઇ, તેથી તે કાંઇ ને કાંઇ કરી નાખે છે. વખતે વિવાહની વરસી પણ કરી નાંખે છે. તેના ઉપર એક અજ્ઞાન વણિકપુત્રનું દૃષ્ટાન્ત સમજવા જેવું છે.:—

એક અજ્ઞાન વણિકપુત્રને તેની અજ્ઞાનતાથી-અણસમજથી બહુ બહુ કષ્ટ પડયું, તેને ઘણું ઘણું વખતોવખત સહન કરવું પડયું, તેને ઘણાએક કડવા અનુભવો થયા તો પણ તે કંઇ સમજ્યો નહિ. એક વખતે પ્રસંગોપાત એક રાજાની રાણીએ દયાથી તેને પોતાની પાસે નોકર તરીકે રાખ્યો. એક વખત રાજમહેલમાં આગ લાગી હતી તે હકીકત રાજાને જલ્દી કહેવાની હતી તે તેણે ધીમે રહીને રાજાના કાનમાં કહી. રાજાએ તેને શિખામણ સાથે ઠપકો આપ્યો અને કહ્યું કે એવે વખતે ધૂમાડો દેખતાં જ તેના ઉપર ધૂળ વગેરે નાખવું જોઇએ.

એકદા રાણી સ્નાન કરીને માથાની વેણીને ધૂપતી હતી, તેનો ધૂમાડો જોઇ તે મૂર્ખે ધૂળની પોટલી ભરી રાણીના મસ્તક ઉપર નાંખી. આવી મૂર્ખાઇ જોઇને રાજાએ તેને કાઢી મૂકયો.

આવું અજ્ઞાનપણું દૂર કરવા દરેકે પ્રયત્ન કરવો, કેમકે તેથી સ્વપરને બહુ હાનિ થાય છે.

એકદા એક **સુઘરીએ** ટાઢથી કંપતા એક **વાનરને** જોઇ તેની ટાઢનું નિવારણ કરવા માટે તે વાનરને કહ્યું કે–"તમને બે હાથ અને બે પગ છે અને મનુષ્ય જેવા લાગો છો તો એક ઘર બાંધી તેમાં રહો.' તે શિખામણ તેને રુચી નહિ અને ક્રોધ કરી કુદકો મારી તેણે તે બાપડી સુઘરીનો માળો ચુંથી નાખ્યો, અને કહ્યું કે મને માળો બાંધતા આવડતો નથી પણ માળો વીંખી નાખતાં આવડે છે.*

"મૂર્ખને શિખામણ દેવાં જતાં ઊલટું પોતાનું પણ જાય છે" એમ સમજી સમયોચિત વર્તવું.

---

૧૬. લજ્જા

લજ્જા વર્ણનાધિકાર

(માલિની વૃત્ત)

નિજ વચન નિવાહે, લાજ ગ્યું રાજ વાળે,
વ્રત નય કુળ રીતે, માતજ્યું લાજ પાળે;
સકળ ગુણ સુહાયે, લાજથી ભાવદેવે,
વ્રત નિયમ લહ્યો જે, ભાઈ લજ્જા પ્રભાવે. ૩૩.

---

* द्वौ हस्तौ द्वौ पादौ च, दृश्यते पुरुषाकृतिः ।
शीतकालहरं मूढ !, गृहं किम् न करोषि भो ! ॥
शुचिमुखी दुराचारी, रंडे ! पंडितवादिनी ।
असमर्थो गृहारंभे, समर्थो गृहभंजने ॥ १ ॥

લજ્જાવંત-લાજ-શરમવાળો-મર્યાદાશીલ હોય તે પોતાનું પ્રતિજ્ઞા-વચન સંભારી રાખીને સાચવે છે, જાતિવંત ઘોડાની જેમ સુમાર્ગે ચાલે છે-ઉન્માર્ગે ચાલતો નથી, તેથી પ્રથમ ગયેલું-ખોવાયેલું રાજ્ય પણ પાછું વાળી શકે છે. વળી માતાની જેમ કુળમર્યાદા મુજબ લાજ સાચવે છે, તેમ લજ્જાળુ માણસ યથાયોગ્ય વ્રત-નિયમ લહીને સાચવે છે, તે વ્રત-નિયમને ખંડિત કરતો નથી; પણ બરાબર લક્ષ રાખીને તેને સાચવે છે-નિભાવે છે.

જેવી રીતે પોતાના ભાઇ **ભવદેવની** લાજ-શરમ કે દાક્ષિણ્યતાથી **ભાવદેવે** પણ ગુરુ સમીપે દીક્ષા ગ્રહણ કરી, (પ્રથમ દ્રવ્યથી અને પછી નાગીલાના ઉપદેશથી ભાવથી) સાધુ યોગ્ય વ્રત-નિયમ પાળ્યા હતા-શોભાવ્યા હતા, તેમ લજ્જા-મર્યાદા અને દાક્ષિણ્યતાવાળા સજ્જનો નિજ કર્તવ્યપરાયણ રહી અંતે સકળ ગુણથી અલંકૃત બને છે.

સર્વજ્ઞ વીતરાગોક્ત સત્ય ધર્મની પ્રાપ્તિ માટે જે ઉત્તમ એકવીશ ગુણનો અભ્યાસ કરી સેવન કરવાની જરૂર જણાવી છે તેમાં રૂડા લજ્જા ગુણનો પણ સમાવેશ થાય છે. આ ગુણ બીજા અનેક ગુણને ખેંચી લાવે છે તેથી જ સર્વજ્ઞ ભગવાને તેની સાર્થકતા, આવશ્યકતા અને ઉપયોગિતા માટે ભાર મૂકેલો છે. તેમ છતાં ધૃષ્ટતાધારી સ્વચ્છંદતાથી કોઇ તેનો અનાદર જ કરે તો તે મંદભાગી સત્ય ધર્મરત્નની પ્રાપ્તિથી બેનશીબ રહી જવા પામે છે. કદાચ જડવાદીઓને આ ગુણ નજીવો લાગતો હશે; પરંતુ તે તેવો નજીવો નથી જ. તે

ગુણ અનેક ગુણોને પ્રગટ કે પરોક્ષ રીતે મેળવી આપે છે, તેથી જ તેની આવશ્યકતા અને ઉપયોગિતાને લઇને તેનું મહત્ત્વ વધે છે. આજકાલ પશ્ચિમનો પવન લાગવાથી કંઇક મુગ્ધ ભાઇ-બહેનો નવી રોશનીમાં અંજાઇ જઇ, લાજ-શરમ કે મર્યાદા મૂકી દઇ ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય કે હિતાહિતનો વિવેક ભૂલી જઇ ધર્મભ્રષ્ટ થઇ જાય છે. તેમનો અવિવેક જોઇ લેખકને દયા-ઘૃણા આવે છે, તે તેઓ વિચારી લેશે.

(શાલિની છંદ)

એવા જે જે, રૂયડા ભાવ રાજે,
એણે વિશ્વે, અર્થથી તેહ છાજે;
એવું જાણી, સાર એ સૌખ્યકેરો,
તે ધીરો જે, અર્થ અર્જે ભલેરો. ૩૪.

ઇતિ શ્રી સૂક્તમુક્તાવલ્યાં દ્વિતીય-
પુરુષાર્થરૂપ અર્થવર્ગ સમાપ્ત

શ્રી સૂક્તમુક્તાવળી

કામવર્ગ

(અધિકારો)

(ઉપજાતિ વૃત્તમ્)

ग्राह्याः कियंतः किल कामवर्गे ?
कामो नृनार्यौ गुणदोषभाजः ॥
सुलक्षणैर्योगवियोगयुक्तैः ।
समातृपितृप्रमुखाः प्रसंगाः ॥ १ ॥

ત્રીજા અધિકાર **કામવર્ગ**માં-કામ, સ્ત્રી અને પુરુષના ગુણ-દોષ, સુલક્ષણી સ્ત્રીઓ, સંયોગ અને વિયોગ, માતા પ્રત્યેની ફરજ, પિતાવાત્સલ્ય અને પ્રમુખ શબ્દે પુત્ર કેવા હોય, એમ સાત પ્રસંગો-વિષયો ગ્રહણ કરવામાં-કહેવામાં આવશે.

૧. કામ વિષે.

(ઉપજાતિ વૃત્ત)

કંદર્પ પંચાનન તેજ આગે, કુરંગ જેવા જગ જીવ લાગે;
સ્ત્રી શસ્ત્ર લેઈ જગ જે વદીતા, તે એણ દેવા જન વૃંદ જીતા. ૧.

(માલિની વૃત્ત)

મનમથ જગમાંહિ, દુર્જયી જે અદ્યાપિ,
ત્રિભુવન સુર રાજી, જાસ શસ્ત્રે સતાપિ;
વિધિ જળજ ઉપાસે, વાર્ધિજા વિષ્ણુ સેવે,
હર હિમ-ગિરિજાને, જેહ અર્ધાંગ દેવે. ૨.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

ભિલ્લી ભાવ છળ્યો મહેશ ઉમયા જે કામરાગે કરી,
પુત્રી દેખી ચળ્યો ચતુર્મુખ હરિ આહેરિકા આદરી;
ઇંદ્રે ગૌતમની પ્રિયા વિલસીને સંભોગ તે ઓળવ્યા,
કામે એમ મહંત દેવ જગ જે તે ભોળવ્યા રોળવ્યા. ૩.

(માલિની વૃત્ત)

નળ નૃપ દવદંતી, દેખી ચારિત્ર ચાળે,
અરહન રહનેમિ, તે તપસ્યા વિટાળે;
ચરમ જિનમુનિ તે, ચિલ્લણા રૂપ મોહે,
મયણ શર વ્યથાના, એહ ઉન્માદ સોહે. ૪.

કામદેવરૂપી કેશરીસિંહના તેજથી અંજાઈ જઇ જગતના જીવો કુરંગ–હરણીયા જેવા કાયર બની તેને વશ થઇ જાય છે

અથવા તેનાથી ડરી જાય છે. એ એકલા કામદેવે જગતમાં પ્રસિદ્ધ એવું પોતાનું સ્ત્રીરૂપી શસ્ત્ર હાથમાં લઈ દેવો અને માનવોના વૃંદો(ટોળે ટોળાં)ને જીતી લીધા છે.

હજી સુધી દુનિયામાં એ કામદેવ દુર્જયી-ભારે કષ્ટવડે જીતી શકાય એવો બહુ પરાક્રમી જણાયો છે; કેમકે ત્રિભુવનવર્તી દેવોની પંક્તિ (દેવતાઓ) તેના સ્ત્રીરૂપી શસ્ત્રથી ઘવાઈ-ભ્રષ્ટ થઇ-હારી તેને શરણે થઈ ગયા જણાય છે. જુઓ! **વિધિ-વિધાતા-બ્રહ્મા** તેનાથી હારી જઈ જળજ-કમળની ઉપાસના કરે છે, તેથી તે **કમલાસન** કહેવાય છે, **વિષ્ણુ-કૃષ્ણ** લક્ષ્મી-દેવીની ઉપાસના કરે છે, **હર-શંકર-મહાદેવે** હિમગિરિજા-પાર્વતીને પોતાનું અર્ધાંગ અર્પણ કર્યું છે. આ પ્રમાણે લોકમાં લેખાતા મુખ્ય દેવો **હરિ, હર, બ્રહ્મ** પણ કામદેવને વશ થઇ જવાથી તેમની વિડંબના થઇ છે.

ભીલડીનું રૂપ લઇને ઉમયા-પાર્વતીએ શંકર-મહાદેવને છળ્યા હતા. ભીલડીનું અદ્‌ભુત રૂપ જોઇને વનમાં તપસ્યા કરવા ગયેલા મહાદેવ કામથી ચળાયમાન થયા હતા. ચતુર્મુખ-બ્રહ્મા પોતાની પુત્રીનું જ રૂપ જોઇ ચળાયમાન થયા હતા. હરિ-વિષ્ણુ ગોપીમાં લુબ્ધ થયા હતા. ઇંદ્રે ગૌતમની સ્ત્રી અહલ્યા સાથે ભોગવિલાસ કર્યો હતો. એવી રીતે કામદેવે આ જગતમાં મોટા મહંત લેખાતા એવા દેવોને પણ ભોળવી નાંખ્યા અને તેમને કાયરજનોની જેમ રોળવી દીધા, એટલે તેમની આબરૂના કાંકરા કરી નાંખ્યા. આ બધી વાત લૌકિક શાસ્ત્રોના આધારે અહીં જણાવેલ છે. મતલબ એવી છે કે જ્યારે દુનિયામાં નામીચા લેખાતા મોટા મહંત દેવો પણ

કામના સપાટામાં આવી ગયા અને જોતજોતામાં સ્ત્રીવશ થઈ ગયા, તો પછી બીજા સામાન્ય જનોનું તો કહેવું જ શું? કામદેવનું એવું ભારે પરાક્રમ સમજવા જેવું છે.

જૈન શાસ્ત્રના આધારથી જણાવે છે-કે **નળરાજા** દીક્ષા લીધા પછી દમયંતી સાધ્વીનું રૂપ જોઈ ચારિત્રમાંથી ચળાયમાન થયા. શ્રી નેમિનાથ પ્રભુના ભાઈ **રહનેમિ** ગિરનાર ઉપર ગુફામાં ધ્યાનસ્થ જે સ્થળે રહ્યા હતા તે સ્થળે વર્ષાદથી ભીંજાયેલા રાજીમતી સાધ્વીજી (અજાણ્યા) પેસીને પોતાનાં ભીનાં વસ્ત્ર પહોળા કરતા હતા ત્યારે તેમને નવસ્ત્રા જોઈને ધ્યાનથી ચૂકયા હતા. તેમ જ રાજા શ્રેણિકની રાણી ચેલ્લણાનું અદ્ભુત રૂપ જોઈને મહાવીર પ્રભુના મુનિઓ વ્યામોહ પામ્યા હતા. એ બધો પ્રકાર કામબાણની વ્યથાથી થતો ઉન્માદ જ જાણવો-કામવશ થયેલી વિહ્વળતાનું પરિણામ સમજવું.

ભવિતવ્યતા યા ભાવીભાવની વાત જુદી છે, પરંતુ તેવું માની લઈને શાસ્ત્રોક્ત પુરુષાર્થ તજી દેવાનો નથી. એટલું જ નહિ પણ તેને દૃઢપણે સેવવો-આદરવો જરૂરનો છે. કામદેવને જીતવા અથવા તેનાથી પોતાના બ્રહ્મવ્રતનું રક્ષણ કરવા-પોતાનો બચાવ કરવા માટે જ્ઞાની પુરુષોએ નવ પ્રકારની બ્રહ્મ ગુપ્તિ (નવ બ્રહ્મચર્યની વાડો) કહી છે તેનું યત્નપૂર્વક પાલન કરવું જોઈએ.

૨. પુરુષ-સ્ત્રીનાં ગુણદોષ

પુરુષ અને સ્ત્રીનાં ગુણદોષક વર્ણનાધિકાર

(રથોદ્ધતા વૃત્ત)

ઉત્તમા પણ નરા ન સંભવે, મધ્યમા તિમ ન યોષિતા હુવે;
એહ ઉત્તમિક માધ્યમીપણો, એહુ માંહી ગુણદોષનો ગિણો. ૫

" પુરુષ એટલે બધા ઉત્તમ જ હોય એમ ન સમજવું અને સ્ત્રી એટલે બધી મધ્યમ હોય એમ ન સમજવું. સ્ત્રી કે પુરુષ થવાથી ઉત્તમ મધ્યમપણું આવતું નથી, પણ પુરુષમાં કે સ્ત્રીમાં ઉત્તમ અને મધ્યમપણું ગુણ અને દોષથી જ આવે છે." તેથી તે બંને જાતિના ગુણદોષ પ્રગટ કરતાં ગ્રંથકાર કહે છે:—

---

(૧) પુરુષગુણ વર્ણન.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

જે નિત્યે ગુણવૃંદ લે પરતણા, દોષો ન જે દાખવે,
જે વિશ્વે ઉપકારીને ઉપકરે, વાણી સુધા જે લવે;
પૂરા પુનમચંદ જેમ સુગુણા, જે ધીર મેરુ સમા,
ઊંડા જે ગંભીર સાયર જિયા, તે માનવા ઉત્તમા. ૬

(અનુષ્ટુપ્ વૃત્ત)

રૂપસૌભાગ્યસંપન્ના, સત્યાદિગુણશોભના;
તે લોકે વિરલા ધીરા, શ્રીરામ સદૃશા નરા. ૭

જે સજ્જનો સદા ય પરના ગુણગણને ગ્રહણ કરે છે—ગુણની પ્રશંસા કરે છે, તેમ જ બની શકે તેટલું તેનું અનુ-

કરણ પણ કરે છે; પરંતુ પરના દોષો ઉઘાડા કરી વિગોવણા (નિંદા–લઘુતા) કદાપિ કરતા નથી, વળી જેઓ ઉપકારીજનોનો ઉપકાર ભૂલતા નથી, કૃતજ્ઞપણે તેમનો પ્રત્યુપકાર કરવા તક મળે તો જે ચૂકતા નથી, મુખથી અમૃત જેવાં મીઠાં વચન જ બોલે છે, જેઓ શરદ્‌ઋતુના સંપૂર્ણ શીતળતા વર્ષાવનારા મેરુ-પર્વત જેવી ધીરતા–નિશ્ચળતા અને સાગર જેવી ગંભીરતા ધરનારા છે તેવા માનવો જ ઉત્તમ પંક્તિના લેખાય છે.

૩૫ સૌભાગ્યથી શોભિત અને સત્ત્વ–પરાક્રમાદિક ગુણો-વડે અલંકૃત શ્રી **રામચન્દ્રજી** જેવા ધીર, વીર, ગંભીર, વિરલા મનુષ્યો જ હોય છે.

---

(૨) પુરુષદોષ વર્ણન

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

લંકા સ્વામી હરંતી રામ તજી તે સીતાતણી એ થકી,
સ્ત્રી વેચી હરિચંદ્ર પાંડવ નૃપે કૃષ્ણા[૧] ન રાખી શકી;
રાત્રે છાંડી નિજ ત્રિયા નળનૃપે એ દોષ મોટા ભણી,
જોવા ઉત્તમમાંહિ દોષ ગણના કાં વાત બીજા તણી? ૮

રાવણ જેવા પ્રતિવાસુદેવે **સીતા** જેવી પવિત્ર સતીનું હરણ કર્યું, **રામચંદ્ર** જેવા નમૂનેદાર નીતિવંત રાજાએ **સીતા** સતીનો ત્યાગ કર્યો, **હરિશ્ચંદ્ર** રાજાએ પોતાની રાણી **તારામતીને** વેચી, **પાંડવો** પોતાની પત્ની **દ્રૌપદીને** જૂગારમાં હારી ગયા, તેમજ પદ્મોત્તર રાજાએ હરણ કરાવ્યું ત્યારે રાખી ન શકયા. વળી **નળરાજા** પોતાની પ્રાણપ્રિય રાણી **દમયંતીને** રાત્રે એકલી વનમાં

---

૧ દ્રૌપદી

મૂકીને ચાલ્યા ગયા. આવા મોટા પ્રસિદ્ધ ઉત્તમ પુરુષો પણ ગંભીર ભૂલ કરે છે તો બીજા સામાન્ય મનુષ્યની તો શી વાત કરવી ?

૩. સ્ત્રીગુણ વર્ણન.

(ઉપજાતિ વૃત્ત)

સુશિખ આલે પ્રિય ચિત્ત ચાલે,
જે શીળ પાળે ગૃહ-ચિંત ટાળે;
દાનાદિ જેણે ગૃહધર્મ હોઇ,
તે ગેહી નિત્યે ઘર લચ્છી સોઇ. ૯

ઉત્તમ સ્ત્રી પોતાના પતિને દરેક ઉપયોગી કાર્ય પ્રસંગે એક સલાહકારક ઉત્તમ મંત્રીની પેઠે સલાહ આપે છે, પોતાના પતિના આશયને અનુસરીને ચાલે છે, મન-વચન-કાયાથી સ્વપતિ-સંતોષરૂપ નિર્મળ શીલ પાળે છે, નિર્દોષ વર્તનથી સાવધાનપણે ગૃહદોષ અથવા ઘરચિંતા દૂર કરે છે અને ઘરે આવેલા અતિથિ (સાધુ-મહાત્માદિક) તથા અભ્યાગત-મહેમાન-પરોણાદિકનો યથાયોગ્ય સત્કાર-સન્માન કરી ગૃહસ્થધર્મ દીપાવે છે. સૌભાગ્યવંતી કુલીન પતિવ્રતા સ્ત્રી પોતાના પવિત્ર ગુણોવડે ગૃહલક્ષ્મી લેખાય છે, પતિ અને કુટુંબ પરિવારમાં તે સારું માન પામે છે અને ગૃહવ્યવસ્થા ઉત્તમ રીતે ચલાવવા સાથે પોતાનું તથા પોતાના કુટુંબ પરિવારના હિતનું ભલી રીતે રક્ષણ કરવાથી તે ગૃહદેવી તરીકે પૂજાય-મનાય છે. સતી સ્ત્રીઓ આવી જ હોવી ઘટે છે.

૪. સ્ત્રી–દોષ વર્ણન

(ઉપજાતિ વૃત્ત)

ભર્ત્તા હણ્યો જે પતિમારિકાએ,
નાંખ્યો નદીમાં સુકુમારિકાએ;
સુદર્શન શ્રેષ્ઠિ સુશીળ રાખ્યો,
તે આળ દેઈ અભયાએ દાખ્યો. ૧૦

(વસંતતિલકા વૃત્ત)

માર્યો પ્રદેશી સુરિકંત વિષાવળીએ,
રાજા યશોધર હણ્યો નયનાવળીએ;
દુ:ખી કર્યો સ્વસુર નૂપુરપંડિતાએ,
દોષી ત્રિયા ઇમ ભણી ઇણ દોષતાએ. ૧૧

પતિમારિકા **સુકુમારિકાએ** પોતાના પતિને મારી નદીમાં નાંખી દીધો હતો. **સુદર્શન** શેઠે નિર્મળ શીલ (સ્વ–સ્ત્રીસંતોષવ્રત) પાળ્યું હતું, તેના ઉપર **અભયા** રાણીએ ખોટું આળ–કલંક ચઢાવ્યું હતું. **સૂરિકાંતા** રાણીએ પોતાના પતિ પ્રદેશીરાજાને કામાંધ બનીને ભોજનપ્રસંગે ઝેર દીધું હતું, તેમ જ **નયનાવલીએ** પોતાના પતિ **યશોધર** રાજાને ગળે ફાંસો દઇને માર્યો હતો અને **નૂપુરપંડિતાએ** પોતાનું ખોટું ચરિત્ર છૂપાવવા માટે પોતાના પતિને ભોળવી વૃદ્ધ સસરાને કપટરચનાથી હેરાન કર્યો હતો. આવા દુષ્કૃત્યોથી સ્ત્રીઓને દોષિત ગણાવી છે. કામાન્ધપણાથી સ્ત્રીઓ ન કરવાનાં કામ કરે છે, સાહસ ખેડે છે, કુળલજ્જા, લોકલજ્જાદિક તજી અનાચાર સેવે છે; પરંતુ સુકુલીન સતી સ્ત્રીઓ તો પ્રાણાંતે–કષ્ટ સહન કરીને પણ

પોતાના પવિત્ર શીલનું જ રક્ષણ કરે છે. તેવી સ્ત્રીઓ સદ્ગુણી– સુલક્ષણી ગણાય છે.

---

૩. સુલક્ષણી સ્ત્રી વર્ણન

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

રૂડી રૂપવતી સુશીલ સુગુણી લાવણ્ય અંગે લસે,
લજ્જાળુ પ્રિયવાદિની પ્રિયતણે ચિત્તે સદા જે વસે;
લીલા યૌવન ઉલ્લસે ઉરવશી જાણે નૃલોકે વસી,
એવી પુણ્યતણે પસાય લહીએ રામા રમા સારસી. ૧૨

(ઉપજાતિ વૃત્ત)

સીતા સુભદ્રા નળરાયરાણી,
જે દ્રૌપદી શીલવતી વખાણી;
જે એહવી શીલગુણે સમાણી,
સુલક્ષણા તે જગમાંહી જાણી. ૧૩

રૂડી–રૂપાળી, સુશીલવંતી, સદ્ગુણી, લાવણ્યની શોભાવાળી, લજ્જાવંતી, પ્રિયવાદિની–પ્રિય–મિષ્ટવચન બોલનારી, પતિના મનમાં વસી રહેનારી, વિનીત અને યૌવનવયની શોભાથી જાણે ઉર્વશી આ મૃત્યુલોકમાં આવી વસી હોય એવી, લક્ષ્મીના અવતાર જેવી સાનુકૂળ સ્ત્રીનો સંબંધ પૂર્વના પુન્યયોગે પ્રાપ્ત થઇ શકે છે. આવી સ્ત્રીના યોગે ગૃહસ્થધર્મ સારી રીતે પાળી શકાય છે, તેથી પવિત્ર ગુણવંતી સ્ત્રીને **ધર્મપત્ની** કહેવામાં આવે છે.

સીતા, સુભદ્રા, દમયંતી અને **દ્રૌપદી** વિગેરે અનેક સતીઓ પોતાના પવિત્ર શીલગુણવડે જગપ્રસિદ્ધ થયેલી છે.

એવા પવિત્ર શીલગુણવડે જે કોઇ સ્ત્રી અલંકૃત હોય તે જગતમાં સુલક્ષણી ગણાવા યોગ્ય છે.

અત્રે સમજવાની જરૂર છે કે કેવળ વિષયવાસનાની ક્ષણિક તૃપ્તિ કરવા માટે જ સ્ત્રીસંબંધ (લગ્ન) કર્તવ્ય નથી. લગ્નનો આશય ઘણો વિશાળ–ગંભીર છે, તે કામાંધજનો સમજતા નથી. તેવો સંબંધ તો પશુપક્ષીઓ પણ કરે છે, છતાં તેમનામાં પણ પ્રેમમર્યાદા જોવામાં આવે છે. પશુપંખીઓ કરતાં મનુષ્ય સ્ત્રી–પુરુષોમાં બુદ્ધિબળ વધારે હોય છે તે નિશ્ચિત છે, તેવડે ધારે તો તેઓ લગ્નની ઊંચી નેમ સમજી, વિવેક મર્યાદાવડે તેને સફળ કરી શકે છે. તે તો જયારે કોઇ સદ્‌ગુરુની કૃપાથી કે પૂર્વજન્મના શુભ સંસ્કારથી તે ઉભય–પતિપત્નીમાં દૈવી પ્રેમ પ્રગટે એટલે તુચ્છ વિષયભોગની વાંછના તજી અથવા કમી કરી અર્થાત્ તેને પુંઠ દઇ, લોકોત્તર સુખની પ્રાપ્તિ થાય એવું સાધન એક રાગથી કરવા ઉજમાળ બને અને તેવા હિતસાધનમાં એક બીજા સ્વાર્થત્યાગ કરી કેવળ પરમાર્થદૃષ્ટિથી એક બીજાને મદદ કરતા રહે ત્યારે જ બની શકે અને ખરી રીતે જોતાં તે જ વ્યાજબી અને યોગ્ય માર્ગ છે.

પ્રારબ્ધયોગે સ્ત્રીપુરુષ યોગ્ય જુદાજુદા દેહ પ્રાપ્ત થયા છતાં સદ્‌ગુરુકૃપાથી વિવેકદૃષ્ટિ ખૂલતાં સમજી શકાય છે કે—“ **આત્મતત્ત્વ ઉભયમાં સમાન છે, ને શક્તિરૂપે તો તે પરમાત્મા સમાન છે.** ” જે આત્મતત્ત્વપૂર્ણ પરમાત્મરૂપે પ્રગટયું નથી તેને જ પ્રગટ કરવા, બને તેટલી સાનુકૂળતા મેળવી વિવેકથી પ્રયત્ન કરવા જોડાવું એ જ ઉભય–સ્ત્રીપુરુષને હિતકારી કર્ત્તવ્ય છે.

૪. સંયોગ વિયોગ વિષે

(માલિની વૃત્ત)

પ્રિય સખી પ્રિય યોગે, ઉલ્લસે નેત્ર રંગે,
હસિત મુખ શશી જ્યું, સર્વ રોમાંચ અંગે;
કુચ ઇક મુજ વૈરી, નમ્રતા જે ન દાખે,
પ્રિય મિલણ સમે જે, અંતરો તેહ રાખે. ૧૪.

દિન વરસ સમાણે. રેણિ[1] કલ્પાંત જાણે,
હિમ રજ કદલી જે, તેહ ઝાળા[2] પ્રમાણે;
શિશિર સિકર શો જે, સુર શો સોઈ લાગે,
પ્રિય વિરહ પ્રિયાને, દુઃખ શું શું ન જાગે? ૧૫.

ખરી પતિવ્રતા સ્ત્રીને પોતાના પ્રાણપ્રિય સુગુણ પતિનો સમાગમ થતાં જે હર્ષ-પ્રહર્ષ કે પ્રમોદ થાય છે તેનું વર્ણન એક સ્ત્રી પોતાની પ્રિય સખી સમીપે કરે છે. જેવી રીતે શુદ્ધ ચેતના પોતાના આત્મારામ પ્રભુને ભેટતાં-શુદ્ધ અનુભવદ્વારા તેની સાથે ભેટો થતાં પોતાની સુમતિ સખી પાસે પોતાના હૃદય ઉદ્‌ગાર કાઢે છે અને પોતાનામાં પ્રગટેલો પ્રેમ કે પ્રેમના ચિહ્ન જણાવે છે તે અત્રે ઉપનયથી સમજી લેવાં.

હે પ્રિય સખિ ! મારા પ્રાણપ્રિય પતિના યોગે મારા ઉભય નેત્ર આનંદ-હર્ષથી ઉભરાઈ જાય છે, મુખ-મુદ્રા ચંદ્રની જેમ સ્મિત-હાસ્યથી શોભી-ચમકી રહે છે અને આખા શરીરમાં હર્ષ માતો-સમાતો નથી, તેના મિષથી બધાં રોમાંચ-રૂવાંડાં ખડાં થઈ જાય છે. પ્રાણપતિની સાથે ભેટો કરતાં-

૧ રાત્રિ. ૨ જ્વાળા.

એકમેક થઈ જતાં ફક્ત એક સ્તન–યુગલ જ અંતરાયરૂપ થાય છે– નમ્રતા દાખવતા નથી અને ઉન્નત થઈ જાય છે, એટલે વચમાં આંતરો રાખે છે, જે મને ઈષ્ટ નથી. હું તો મારા પતિથી લગારે અંતર રહે તેવું ઈચ્છતી યા પસંદ કરતી નથી.

ઉપર કહી તે લૌકિક પ્રેમની વાત કહી તેની અવધિ–મર્યાદા બતાવી, એ કરતાં શુદ્ધ ચેતનાનો પોતાનો આત્મારામ પ્રભુ સંગાથે ભેટો થતાં જે અપૂર્વ અલૌકિક કે લોકોત્તર પ્રેમ પ્રગટે છે તે તો અવધિ–મર્યાદા વગરનો અનવધિ–અમર્યાદ–અખંડ અને અનંત હોય છે. હજી સુધી તેવા અનવધિ પ્રેમનો તો વિયોગ છે. તે દૂર કરવાના પવિત્ર લક્ષથી જ સુગુણ દંપતી-એ એકતાર બની સાવધાનપણે સ્વધર્મ સાધના કરવી ઘટે છે. આવું પવિત્ર લક્ષ શુદ્ધ સમ્યગ્દષ્ટિવંત દંપતીમાં જ સંભવે છે, જે અન્ય શાણા દંપતીવર્ગને પણ અનુકરણ કરવા યોગ્ય છે.

પ્રાણપ્રિય પતિનો વિરહ ખરી પતિવ્રતા નારીને કેટલો પીડે છે તેનું અત્ર વર્ણન કરે છે.

સુગુણ પતિના વિરહનો એક દિવસ વરસ જેવડો મોટો થઇ પડે છે અને એક રાત્રિ જાણે કલ્પાંત કાળ જેવી મોટી ભયંકર લાગે છે. વિનોદી દંપતીને ઠંડક ઉપજાવનારું કદલી–કેળનું વન પણ તેણીને શાન્તિ ઉપજાવી શકતું નથી અને ચંદ્રના શીતળ કિરણોથી તેના આંતર તાપની શાંતિ થઈ શકતી નથી, ઊલટાં તે બધા તેણીને તાપકારી થઇ પડે છે. આ વાતમાં ફક્ત લૌકિક પ્રેમપાત્ર પતિના વિરહે પતિવ્રતા સ્ત્રીને કેવી વ્યથા–પીડા થાય છે તેનો જ કંઇક ચિતાર આપ્યો છે.

શુદ્ધ ચેતનાને પોતાના આત્મારામ પતિના વિરહે કેટલું દુઃખ થયા કરતું હશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે, કેમકે તેણીનો પ્રેમ લૌકિક નહિ પણ લોકોત્તર–અલૌકિક–અસાધારણ હોય છે. આ વાતની કંઇક ઝાંખી–શ્રી **આનંદઘનજી** મહારાજ જેવા અદ્‌ભુત–અવધૂત–યોગી–અધ્યાત્મી પુરુષે હૃદયથી ગાયેલાં પદો વાંચવાથી કે વિચારવાથી–તેના રસજ્ઞને થોડાઘણા અંશે થઈ શકે છે. જેમાં ચેતના પોતાનું વિરહ–દુઃખ સુમતિ સખી પાસે અથવા અનુભવ મિત્ર પાસે નિવેદન કરી તે દુઃખ નિવારવા આત્મારામ પ્રભુનો ભેટો કરાવવા કહે છે.

---

૫. માતા પ્રત્યે કર્તવ્ય.

(ઇંદ્રવજ્રા વૃત્ત)

જે માતનો બોલ કદા ન લોપે,
તે વિશ્વમાં સૂરજ જેમ ઓપે;
જ્યાં ધર્મચર્યા બહુધા પરીખી,
ત્યાં માતપૂજા સહુમાં સરીખી. ૧૬

જે માત મોહે જિન એમ કીધો,
ગર્ભે વસંતા વ્રત નેમ લીધો;
જે માત ભદ્રા વયણે પ્રબુદ્ધો,
શીલા તપંતે અરહન્ન સિદ્ધો. ૧૭

બાળક ઉપર માતાનો ઉપકાર અમાપ છે. બાળકને માટે માતા કેટલાં કેટલાં કષ્ટ ઉઠાવે છે ? તેનો ખ્યાલ બારીકીથી અવલોકન કરનારને જ આવે છે. પોતાનું બાળક બધી રીતે

સુખી થાય એવી કાળજી કરુણાળુ માતા અને પિતા જેટલી રાખે છે તેટલી બીજા કોણ રાખી શકવાના છે ? એ વાત પશુ જેવા વિવેક વગરના કઈક બાળકો અને જુવાનો પણ વિસરી જાય છે અને પોતાનાં ઉપગારી માતાપિતાની ખરી તકે સેવા–ચાકરી કરવાને બદલે ઊલટા તેઓને સંતાપે છે, અપમાન કરે છે, હલકા શબ્દો કહે છે, ફોગટના વગોવે છે અને તેમનો આ લોક અને પરલોક ઉભય બગડે તેવાં કામ કરે છે. આવાં નબળાં બોલ બોલનારાં, હલકાં–હીચકારાં કામ કરનારાં પુત્રો કપુતોની જ પંક્તિમાં લેખાય છે; પરંતુ જેઓ પોતાનાં માતપિતાનો પોતાના ઉપરનો અમાપ ઉપકાર સંભારી સંભારી તેમને હરેક રીતે સંતોષવાની–પ્રસન્ન રાખવાની પોતાની પવિત્ર ફરજ સમજતા હોય અને એક પળ પણ તે વિસરતા ન હોય તે જ ખરા સપુત હોઈ પ્રશંસાપાત્ર લેખાય છે.

જે સપુતો પોતાના પરોપકારી માતપિતાના હિતકારી બોલ કદાપિ ઉત્થાપતા નથી, તેમની પ્રત્યેક હિતકર આજ્ઞાને માથે ચઢાવે છે અને તેનું ખંતથી પરિપાલન કરે છે તેઓ આ જગતમાં સૂર્યની જેમ પ્રતાપ પામી શોભી નીકળે છે, સર્વત્ર તેમનો યશ ગવાય છે અને ઠેકાણે ઠેકાણે માન–પ્રતિષ્ઠા પામે છે. ગમે તે ધર્મ–પંથમાં માતપિતાની સેવા–ભક્તિ કરવા અને તેમની હિતકારી આજ્ઞાનું પરિપાલન કરવા એક સરખી રીતે ફરમાવેલું જણાય છે, તેમ છતાં તુચ્છ વિષયાદિ સુખને વશ બની પશુ જેવા વિવેક વગરના કઇક પામર માણસો પોતાના માતાપિતાની પ્રગટ અવગણના કરતા દેખાય છે, એ ખેદની વાત છે. તેમને કપુત કહીને બોલાવનાર ઉપર તે ડોળા

કાઢી લડવા ધાય છે, તેને બદલે જો તેઓ પોતાનાં આચરણ સુધારી ખરી રીતિ–નીતિના માર્ગે ચાલે તો તેઓ બદનામ નહિ થતાં જલદી સપુતોની પંક્તિમાં દાખલ થઇ સર્વત્ર પ્રશંસા પામી શકે.

ભારતવાસી આર્યજનોનું એ પ્રથમ કર્તવ્ય છે કે પ્રથમના વખતનાં આર્ય સંતાનોની માતપિતા પ્રત્યેની આદર્શ ભક્તિ–સેવાનું યથાર્થ ભાન કરી લેવું જોઇએ. આપણે નગુણા થવું ન જોઇએ. માતાના ગર્ભમાં વસતા ભગવાન **વર્ધમાનસ્વામી**એ તથાપ્રકારનો સંયોગ જોઇ “**માત પિતા જીવતા રહે ત્યાંસુધી મારે વ્રત–દીક્ષા ન લેવી.**” એવો દૃઢ અભિગ્રહ–નિશ્ચય કર્યો તે શું આદર્શ ભક્તિનો નમૂનો નથી ? વળી **ભદ્રામાતા**નો પુત્ર **અરહન્ન–અરણીક** કર્મવશ મુનિપણાથી–વ્રતથી ચલિત થયો હતો, તે વાત તેની માતા સાધ્વીને જણાતાં તે પુત્ર–મુનિને જે બોધવચન કહ્યાં હતાં તેનો યથાર્થ આદર કરવા પોતાથી બીજી રીતે બની શકે એવું નહિ હોવાથી તેણે તાપથી ધગધગતી શિલા ઉપર અનશન કરી લીધું અને એ રીતે સ્વાત્માર્પણ કરવાથી તે પાર પામી ગયા–મોક્ષે ગયા, એ શું ઓછું અર્થસૂચક છે ?

---

૬. પિતા–વાત્સલ્યતા.

(ઇંદ્રવજ્રા વૃત્ત)

જે બાળ ભાવે સુતને રમાડે,
વિદ્યા ભણાવે સરસું જમાડે;
તે તાતનો પ્રત્યુપકાર એહી,
જેહ તેહની ભક્તિ હિયે વહેવી. ૧૮

(માલિની વૃત્ત)

નિષધ સગર રાયા, જે હરિભદ્ર ચંદા,
તિમ દશરથ રાયા, જે પ્રસન્ના મુનીંદ્રા;
મનક જનક જે તે, પુત્રને મોહ ભાર્યા,
સ્વ સુત-હિત કરીને, તેહના કાજ સાર્યા. ૧૯

જે પોતાના બાળ-સંતાનને પોતે જ ભાઈ-બાપુ કહીને રમાડે છે, ઉમર થતાં તેમને યોગ્ય વિદ્યા ભણાવે છે અને તેમને સારું સારું મનગમતું ભોજન જમાડે છે, એવા ઉપકારી પિતાનો કંઈ પણ પ્રત્યુપકાર કરી શકાય તો તે એ જ કે પોતાના ઉપકારી પિતાની સેવાભક્તિ ચીવટ-ખંત રાખીને કરવી અને તેમની આજ્ઞાનું યથાર્થ પાલન કરી તેમનું દિલ પ્રસન્ન રાખવું. વળી પરલોકનું સાધન કરવામાં જે પ્રકારની સહાયની જરૂર હોય તે કૃતજ્ઞતાથી વિલંબ કર્યા વગર આપી તેમનું હિત કરવા કદાપિ ચૂકવું નહિ. વળી આપણે પોતે એવું પવિત્ર આચરણ સેવવું કે જે દેખી માતપિતાના દિલમાં પ્રમોદ-આનંદ થાય. ટુંકાણમાં પિતાનું કુળ દીપી નીકળે એવું રુડું પ્રવર્તન-સદ્વર્તન આળસ-પ્રમાદ તજીને સાવધાનપણે કરવું

આગળ ઉપર થયેલા **નિષધ, સાગર, હરિભદ્ર, ચંદ્ર. દશરથ** અને **પ્રસન્નચંદ્ર** મુનીશ્વર તથા મનકમુનિના પિતા શ્રી **શય્યંભવસૂરિ** જેવાઓને જો કે પુત્રમોહ ઓછો નહોતો; પરંતુ જેમની દૃષ્ટિ સમ્યગ્ હોય છે તે પિતાઓ જેથી સ્વપર-હિતની સિદ્ધિ થવા પામે એવું આચરણ કરવા ચૂકતા નથી.

ખરા પુત્રવત્સલ માતપિતા એવું જ પવિત્ર લક્ષ રાખીને પોતાની સંતતિને કેળવે છે કે તે સંતતિ આગળ જતાં તેમનું પોતાનું, માતાપિતાનું, કુટુંબીજનોનું અને અનુક્રમે જ્ઞાતિનું

તથા સમાજનું, ધર્મનું અને દેશનું પણ પારમાર્થિક હિત સધાય તેવી બુદ્ધિશક્તિવાળા થાય.

૭. સુપુત્ર વર્ણન.

(સ્વાગતા વૃત્ત)

માત તાત પદ પંકજ સેવા,
જે કરે તસ સુપુત્ર કહેવા;
જેહ કીર્તિ કુળ લાજ વધારે,
સૂર્ય જેમ જગ તેજસ ધારે. ૨૦

(શાલિની વૃત્ત)

ગંગાપુત્રે વિશ્વમાં કીર્ત્તિ રોપી,
આજ્ઞા જેણે તાતકેરી ન લોપી;
તે ધન્યા જે અંજનાપુત્ર જેવા,
જેણે કીધી જાનકીનાથ સેવા. ૨૧

જે સદા માતાપિતાના ચરણની સેવા કરે અને કુળની લાજ–પ્રતિષ્ઠા તથા યશ–આબરુ વધારે તેને સુપુત્ર લેખવા. જે સુપુત્રો માતપિતાની સેવાભક્તિપૂર્વક તેમની ઉચિત આજ્ઞાનું સદા પરિપાલન કરતા રહે છે તથા ન્યાય–નીતિથી પ્રમાણિકપણે ચાલે છે તેમનો યશ–પ્રતાપ સૂર્યની પેઠે દિન દિન વધતો જ રહે છે.

જેણે કદાપિ માતાપિતાની આજ્ઞા લોપી નથી એવા વિનીત **ગંગાપુત્ર--ગાંગેય--ભીષ્મપિતામહ**ની કીર્ત્તિ અદ્યાપિ સર્વત્ર ગવાય છે. તેમ જ જેણે જાનકીનાથ–શ્રી રામચંદ્રજીની સાચા દિલથી સેવા કરી તે **શ્રી અંજનાપુત્ર–હનુમાનજી** જેવા નરરત્નોને પણ ધન્ય છે. માતાપિતાદિક તથા ઉપગારી

વડિલ જનો પ્રત્યે જે કોઇ જેટલું નિરભિમાનપણે સ્વાત્માર્પણ કરે છે તે તેમને પોતાને તેમ જ અન્યને પણ પરંપરાએ અતુલ લાભદાયક થાય છે, તે હસ્તામલક જેવું સ્પષ્ટ છે.

આગળના વખતમાં આર્યપુત્રો-ભારતસંતાનો બહુ પવિત્ર આદર્શ જીવન ગુજારતા. તથા રાજાપ્રજા, પિતાપુત્ર, સાસુવહુ, ગુરુશિષ્ય અને સ્વામીસેવક સહુ પ્રાયઃ પવિત્ર ભાવનાથી પોતપોતાનો કર્તવ્ય-ધર્મ યથાર્થ સમજી, ઊંડી શ્રદ્ધા રાખી તેનું બરાબર પાલન કરતા હતા, તેથી તેમની કીર્ત્તિ સર્વત્ર ગવાતી હતી. તે વખતે ભારતનો ઉદય સર્વોત્કૃષ્ટ ગણાતો હતો. જેમ જેમ લોકોની ભાવના-નિષ્ઠા નબળી-નિકૃષ્ટ થતી ગઈ અને તેમનાં આચરણ હલકાં થતાં ગયાં તેમ તેમ તેમની સાથે ભારતની પણ અવનતિ થતી ચાલી. જે કોઇ મહાશય ભારતનો તેમ જ ભારતવાસી જનોનો અંતઃકરણથી ઉદય જ ઇચ્છતો હોય તે સહુએ પ્રથમ પોતાનું જ વર્તન પવિત્ર ભાવનામય કરી અન્યને દૃષ્ટાન્તરૂપે થવું જોઇએ.

કામવર્ગ ઉપસંહાર.

(તોટક વૃત્ત)

ઈમ કામ વિલાસ ઉલાસત એ,
રસ રીતિ રુચે અનુભાવત એ;
જિમ ચંદન અંગ વિલેપત એ,
હિય હોય સદા સુખ સંપત એ. ૨૨

ઇતિશ્રી સૂક્તમુક્તાવલ્યાં તૃતીયપુરુષાર્થ-
રૂપ કામવર્ગ સમાપ્ત

શ્રી સૂક્તમુક્તાવળી

મોક્ષવર્ગ.

(અધિકારો)

(ઉપજાતિ વૃત્તમ્.)

ग्राह्याः कियंतोऽप्यथ मोक्षवर्गे ।
कर्मक्षमासंयमभावनाद्याः ॥
विवेकनिर्वेदनिजप्रबोधा ।
इत्येवमेते प्रवरप्रसंगाः ॥ १ ॥

ચોથા અધિકાર મોક્ષવર્ગમાં મોક્ષ, કર્મ, વિપાક, ક્ષમા, સંયમ, બાર ભાવના, રાગદ્વેષત્યાગ, સંતોષ, વિવેક, નિર્વેદ-વૈરાગ્ય અને આત્મબોધ એમ દશ ઉત્તમ અધિકારરૂપ પ્રસંગો-વિષયો ગ્રહણ કરવામાં-કહેવામાં આવશે.

૧. મોક્ષાર્થ વિષે

પરમપદ-મોક્ષ માટે પુરુષાર્થ ફોરવવા હિતોપદેશ.

(માલિની વૃત્ત.)

ઇહ ભવ સુખ હેતે, કે પ્રવર્તે ભલેરો,
પરભવ સુખ હેતે, જે પ્રવર્તે અનેરો;
અવર અરથ છંડી, મુકિત પંથા અરાધે,
પરમ પુરુષ સોઇ, જેહ મોક્ષાર્થ સાધે. ૧

તજિય ભરતકેરી, જેણ ષટ્ખંડ ભૂમિ,
શિવપથ જિણ સાધ્યો, સોળમા શાંતિ સ્વામી;
ગજ મુનિ સુપ્રસિદ્ધા, જેમ પ્રત્યેકબુદ્ધા,
અવર અરથ છંડી, ધન્ય તે મોક્ષ લુદ્ધા. ૨.

જગતના ભિન્ન ભિન્ન રુચિવાળા જીવો પૈકી કોઇ આ લોકના સુખ માટે કે કોઇ પરલોકના સુખ માટે પ્રવૃત્તિ-પ્રયત્ન કરતાં દેખાય છે, પણ એ બધી આશા-તૃષ્ણા તજી જે કેવળ કર્મ-મુક્ત થઇ મોક્ષપદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તે જ ખરેખર પરમપુરુષાર્થની પંક્તિમાં ગણાવા યોગ્ય છે. આત્મજ્ઞાનનો ઊંડો પ્રકાશ જેને થયો છે તે **શાંતિનાથાદિ તીર્થંકરો, ભરતાદિક ચક્રવર્તીઓ, નમિપ્રમુખ પ્રત્યેકબુદ્ધો** અને **ગજસુકુમાલાદિક મુનિવરો** બીજો બધો ય અર્થ તજી દઇ દૃઢશ્રદ્ધા અને શુદ્ધ ચારિત્રને સેવી મોક્ષના જ અધિકારી થયા છે તેમને ધન્ય છે.

ઉત્તમ ક્ષમાદિક ધર્મનું સેવન કરવાથી દુરિત–તાપ દૂર થાય છે, કરેલું તપ લેખે લાગે થાય છે, કર્મનો અંત આવે છે, પુન્યલક્ષ્મીની વૃદ્ધિ થાય છે અને શ્રુતજ્ઞાનનું આરાધન થાય છે. ઉત્તમ ક્ષમા–સમતાયોગે જ **ખંધકસૂરિના શિષ્યો, દૃઢપ્રહારી, કૂરગડુ, ગજસુકુમાલ** અને **મેતાર્ય** પ્રમુખ મહામુનીશ્વરો સકળ કર્મનો ક્ષય કરી મુક્તિપદને પ્રાપ્ત થયા છે.

આત્મસંયમ(Self–Restraint)વડે આત્મામાં નવા કર્મ આવી દાખલ થઇ શકતાં નથી અને સમતા સહિત તીવ્ર તપ કરવાથી પૂર્વે કરેલાં કર્મ બળીજળી નષ્ટ થાય છે. એથી સ્વઆત્મ શીઘ્ર શુદ્ધ થવા પામે છે, એટલે અત્યારસુધી કર્મ-મળવડે ઢંકાઇ રહેલા સકળ સ્વગુણો પ્રકાશમાન થાય છે એ જ ખરેખરી સ્વદયા છે અને એવી જ રીતે અન્ય ભવ્યાત્માઓને નિજ નિજ આત્મગુણો પ્રકાશમાન કરવા સમ્યગ્જ્ઞાન, સમ્યગ્-શ્રદ્ધા–દર્શન, સમ્યગ્ચારિત્રનો સત્ય માર્ગ બતાવવો તે જ ખરી શ્રેષ્ઠ દયા છે. આ ભાવદયાને અડચણ–હરકત ન આવે પણ પુષ્ટિ મળે એવા પવિત્ર લક્ષ્યથી જ દ્રવ્ય દયા–સ્વપરપ્રાણરક્ષા કરવા, વીતરાગ પરમાત્મા શાસ્ત્રદ્વારા આપણને ફરમાવે છે.

અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મને પરમ મંગળ-રૂપ શાસ્ત્રમાં વખાણ્યો છે. અનિત્યાદિ દ્વાદશ–બાર ભાવના અને મૈત્રી, મુદિતા, કરુણા અને મધ્યસ્થતા રૂપ ભાવના ચતુષ્કરૂપી રસાયણનું સેવન કરનાર ભાવિત આત્મા સકળ અશુભ કર્મરોગને ટાળી ક્ષમાદિક ઉત્તમ ગુણોનું સેવન કરી સ્વાત્મગુણની પુષ્ટિ કરવા સમર્થ થાય છે, સ્વાત્મગુણોનો સંપૂર્ણ વિકાસ થાય એ જ ખરો મોક્ષ છે.

૨. કર્મ વિષે.

કર્મ વિપાક વર્ણનાધિકાર.

(માલિની વૃત્ત)

કરમ નૃપતિ કોપે, દુઃખ આપે ઘણેરાં,
નરયતિરિયકેરાં, જન્મ જન્મે અનેરાં;
શુભ પરિણતિ હોવે, જીવને કર્મ તેવે,
સુરનરપતિકેરી, સંપદા સોઇ દેવે. ૩.

કરમે શશિ કલંકી, કર્મે ભિક્ષુ પિનાકી,
કરમે બલિ નરેંદ્રે, પ્રાર્થના વિષ્ણુ રાંકી;
કરમ વશ વિધાતા, ઈંદ્ર સૂર્યાદિ હોઇ,
સબળ કરમ સોઇ, કર્મ જેવો ન કોઇ. ૪.

કર્મરાજાનો કાયદો એવો સખત છે કે જે કોઇ ખોટા વિચાર, ખોટા વચન, ખોટા ઉચ્ચાર કે ખોટા આચાર આચરે છે અથવા એવા સ્વચ્છંદપણે ચાલે છે તેની તે પૂરી ખબર લે છે. તેને અનેક તરેહનાં દુઃખો ભોગવવાં પડે છે, નરક તિર્યંચ ગતિના ફેરા આપીને રઝળાવે છે. આવી રીતે દુષ્ટ કર્મ-દુષ્કૃત્યો કરનારા નીચ જીવોને શિક્ષા આપે છે, તેમ જે રૂડા પરિણામથી સારા વિચાર, સારી વાણી અને સારા આચાર-આચરણ સેવે છે તેમને ઇંદ્ર તથા ચક્રવર્ત્તી જેવી મોટી સંપદા આપીને નિવાજે છે. સુકૃત્યો કરનારા અને સદ્‌ગુણી જીવો ઉપર પૂરતો અનુગ્રહ કરવાનું પણ કર્મરાજા ચૂકતો નથી. એક પ્રતાપી રાજાની પેઠે તે દુષ્ટ જીવોનો નિગ્રહ અને શિષ્ટ-ઉત્તમ જીવોનો અનુગ્રહ તેમના વિચાર, વાણી અને આચારના પ્રમાણમાં કરવાને સદા ય સાવધાન રહે છે.

વિશેષમાં એ કે શિક્ષા અથવા અનુગ્રહનું ફળ સંપૂર્ણ તે તે જીવો મેળવી રહે ત્યાંસુધી તેની પૂરી તપાસ રાખ્યા કરે છે અને તેવે પ્રત્યેક પ્રસંગે તેમની વૃત્તિનું સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરતો રહે છે. વળી તેમના શુભાશુભ વર્તન, હર્ષ, ખેદ, ઉન્માદ કે સમભાવ પ્રમાણે તેમનું હિતાહિત નિષ્પક્ષપણે કરવા તે પ્રવર્તે છે. કર્મ મહારાજાની જેમના ઉપર કૃપા-નજર થાય છે તે ઊંચી પાયરીએ ચઢી શકે છે અને તેની અવકૃપા થાય છે તેનો વિનિપાત-વિનાશ થતાં વાર લાગતી નથી. જેવું જેમનું વર્તન તેવું તેમને ફળ મળી રહે છે.

લૌકિક શાસ્ત્ર મુજબ ચંદ્ર કલંકિત થયો, શંકર-મહાદેવે ભીખ માંગી, બલીરાજા પાસે વિષ્ણુએ દીનપણે પ્રાર્થના કરી એ સર્વ કર્મવશવર્તીપણાથી સમજવું. વળી બ્રહ્મા, ઇન્દ્ર અને સૂર્યાદિ દેવો પણ કર્મયોગે ઊંચી પદવી પામ્યા અને કર્મ-વશ પોતાનું ભાન ભૂલી પાછા સ્ત્રી-મોહનીમાં ફસાઇ પડ્યા. કર્મરાજા જેવું કોઈ બીજું બળીયું જણાતું નથી.

આ પ્રમાણે કર્મનું વર્ણન થોડું ઘણું લૌકિક શાસ્ત્રોમાં પણ કરેલું દેખાય છે; પરંતુ તેનું યથાતથ્ય-આબેહૂબ યથાર્થ વર્ણન સર્વજ્ઞોપદેશિત જિનાગમ-જૈનશાસ્ત્રોમાં કરેલું છે. તેમાં વસ્તુતઃ કર્મનો કર્તા, ભોક્તા, સંસારમાં સંસર્તા અને સંસારનો અંત કરનાર જીવ પોતે જ કહ્યો છે. જેવાં જેવાં શુભાશુભ કર્મ જીવ પોતે કરે છે તેવાં તેવાં તેનાં સારાં-માઠાં ફળ તે સંસા-રમાં ભોગવે છે.

મિથ્યાત્વ-બુદ્ધિવિપર્યાસ, અવિરતિ-સ્વચ્છંદ વર્તન, હિંસા અસત્યાદિક પાપનું સેવન, ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર

કષાય અને મન–વચન–કાયાના યોગવ્યાપારવડે જે કાંઇ કરવામાં આવે છે તે જ કર્મ કહેવાય છે. તે શુભાશુભ પરિણામ-વડે શુભાશુભ કર્મ કરાય છે અને તેનું તેવું શુભાશુભ ફળ જીવને ભોગવવું પડે છે. શુભ કર્મનું ફળ મીઠું–સારું મળે છે અને અશુભ કર્મનું ફળ કડવું–ખરાબ હોય છે.

તીવ્ર રાગ–દ્વેષ કે કષાયવડે અશુભ કર્મ–ફળ અને મંદ રાગ-દ્વેષ કે કષાયવડે શુભ કર્મ–ફળ થવા પામે છે. ત્યાં સુધી જીવને સંસાર પરિભ્રમણ કરવું પડે છે.

વસ્તુતઃ જીવ–આત્મા–ચેતન સ્ફટિક જેવો નિર્મળ છે, પરંતુ કર્મરૂપી ઉપાધિને યોગે તે મેલો જણાય છે. જો તથાપ્રકારની અનુકૂળતા પામી, યથાર્થ જ્ઞાન, શ્રદ્ધા અને પુરુષાર્થ જે નિજ આત્મામાં જ ઢંકાઇ રહ્યા છે તેને જાગ્રત કરી એ અનાદિ કર્મઉપાધિને ટાળી દેવાય તો સંસાર–પરિભ્રમણનો અંત આવી જાય અને અનંત–અક્ષય–અવ્યાબાધ–શાશ્વત સુખરૂપ મોક્ષ પામી શકાય.

---

૩. ક્ષમા વિષે.

ક્ષમાગુણ વર્ણનાધિકાર.

(માલિની વૃત્ત)

દુરિત ભર નિવારે, જે ક્ષમા કર્મ વારે,
સકળ તપ સધારે, પુણ્ય લક્ષ્મી વધારે;
શ્રુત સકળ આરાધે, જે ક્ષમા મોક્ષ સાધે,
જિણ નિજ ગુણ વાધે, તે ક્ષમા કાં ન સાધે? ૫

સુગતિ લહી ક્ષમાએ, ખંધ સૂરીશ શિષ્યા,
સુગતિ દઢપ્રહારી, કૂરગડુ મુનીશા;
ગજમુનિય ક્ષમાએ, મુક્તિ પંથા આરાધે.
તિમ સુગતિ ક્ષમાએ, સાધુ મેતાર્ય સાધે. ૬

ક્રોધાદિક કષાયની કે રાગદ્વેષની શાંતિ, સમતા, ધીરજ એ બધા ક્ષમાના રૂપાંતર–પર્યાયવાચક નામો છે. તેનો પ્રભાવ ખરેખર અલૌકિક છે. તે અશુભ–પાપકર્મને દૂર કરે છે. કરવામાં આવતાં બધા બાહ્ય–આભ્યતંર તપને સાર્થક કરે છે અને પુન્યલક્ષ્મી કહો કે શુભ કર્મને પોષે છે. ક્ષમા–સમતાયોગે સકળ શ્રુત–શાસ્ત્રનું સેવન–આરાધન થઇ શકે છે અને સકળ કર્મબંધનથી મુક્ત થઈ શકાય છે. જે સમતાથી સદાય સ્વગુણની વૃદ્ધિ–પુષ્ટિ થવા પામે છે તેનાથી કઇ વસ્તુ સાધી ન શકાય ? અપિતુ–કહેવાનું કે સર્વ ઇચ્છિત વસ્તુ સમતાવડે સહેજે મળી આવે છે; પરંતુ એવી અપૂર્વ સમતા–ક્ષમા આવવી જ મુશ્કેલ છે.

જે મહાનુભાવ આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મસ્થિરતાને અભ્યાસબળે યથાર્થ પ્રાપ્ત કરી શકે છે તે જ પુરુષાર્થવંત આત્મા તેવી સમતાને પામે છે. બીજા પણ ધારે તો વધારે નહિ તો પણ તેવા સમર્થ સમતાવંત–નિકટભવી જનોની પ્રશંસા કરી અને તે તે કારણનો બને તેટલો અભ્યાસ કરી પોતાના આત્મામાં તથાપ્રકારની યોગ્યતા પેદા કરી શકે. એ પણ જરૂરનું જ છે.

ઉપકાર, અપકાર, વિપાક, વચન અને અસંગ એમ ક્ષમાના પાંચ પ્રકાર છે. પ્રથમની ત્રણ પ્રકારની લૌકિક ક્ષમા

છે, જ્યારે બીજી બે પ્રકારની લોકોત્તર ક્ષમા છે. જિનેશ્વર દેવનાં કે જિન આગમ-શાસ્ત્રનાં વચનાનુસારે સ્વચ્છંદપણાનો ત્યાગ કરી ક્ષમા આદરવી તે વચન ક્ષમા. તેની સતત સેવા-અભ્યાસવડે મોક્ષદાયક છે તે અસંગ ક્ષમા જાણવી.

ઉપર કહી તેવી અલૌકિક ક્ષમાયોગે પૂર્વે **ખંધકસૂરિના** પાંચસો શિષ્યો પરમપદ-મોક્ષ પામ્યા; તેમ જ **દૃઢપ્રહારી મુનિ**, કૂરગડુ મુનીશ્વર, **ગજસુકુમાળ** અને **મેતાર્ય મુનિ** પ્રમુખ મુનીશ્વરો અનેક અઘોર પરિષહ-ઉપસર્ગો સમભાવે સહન કરી પરમાનંદ પદને પામ્યા, તેમ આપણે પણ તેવી ક્ષમા ધારણ કરવા ખરો પ્રયત્ન કરવો ઘટે છે.

---

૪. સંયમ વિષે.

સંયમ પ્રભાવ વર્ણનાધિકાર.

(સ્વાગતા વૃત્ત)

પૂર્વ કર્મ સવિ સંયમ વારે,
જન્મવારિનિધિ પાર ઉતારે;
તેહ સંયમ ન કેમ ધરીજે?
જેણ મુક્તિ રમણી વશ કીજે. ૭

તુંગ શૈલ બળભદ્ર સુહાયો,
જેણ સિંહ મૃગ બોધ બતાયો;
તેણ સંયમ લહીય અરાયો,
જેણ પંચમ સુરાલય પાયો. ૮

સમ્યક્ પ્રકારે–યથાર્થ રીતે યમ—નિયમનું પાલન કરવું, પાંચે ઇંદ્રિયોનું વિવેકથી સારી રીતે દમન કરવું, ક્રોધાદિક ચારે કષાયોનો ક્ષમાદિક ગુણના અભ્યાસવડે સારી રીતે નિગ્રહ કરવો, તેમ જ મન–વચન–કાયાને કબજે રાખી તેનો સદુપયોગ જ કરવો તેને જ્ઞાની પુરુષો **સંયમ** કહે છે.

તેવો અદ્ભુત સંયમ કહો કે આત્મનિગ્રહ કહો તે ઇન્દ્રાદિક દેવોને પણ દુર્લભ છે. કાયર અને સુખશીલ જનો તેથી કંપે છે. તલવારની ધાર ઉપર નાચવા કરતાં પણ સંયમસેવન અતિ કઠણ છે. તલવારની ધાર ઉપર તો નટ–બાજીગરો નાચી શકે છે પણ સંયમ પાળવું તેથી દુષ્કર હોવાથી સંયમનો મહિમા અદ્ભુત છે. એક રાંક જેવો પણ પૂર્વોક્ત સંયમના પ્રભાવે દેવેન્દ્ર અને ચક્રવર્તી જેવાને પણ પૂજા–સત્કાર કરવા યોગ્ય બને છે.

પૂર્વે કરેલાં અને નવા કરાતાં કર્મનું નિવારણ કરી જે આ ભયંકર ભવસાગરથી પાર ઊતરે છે અને અનંતા શાશ્વત સુખ સાથે કાયમ માટે જોડી આપે છે તેવા શુદ્ધ સંયમનું સેવન–આરાધન કરવા શા માટે આપણે આળસ–પ્રમાદ સેવી બેનશીબ રહેવું જોઈએ ?

સ્વચ્છંદ આચરણવડે જીવ સ્વહિતથી ચૂકી, અહિતને જ આદરી અંતે દુઃખી થાય છે. માઠાં આચરણ કરવાથી જ્યારે જીવ પરાધીન થઇ દુઃખી થાય છે ત્યારે તેનું કોઈ રક્ષણ કરી શકતું નથી.

કૃષ્ણ વાસુદેવનું અવસાન થયા પછી તેના અતિ પ્રિય બંધુ બળભદ્રજીને વૈરાગ્ય જાગ્રત થવાથી સંયમ લહીને તેનું યથાર્થ સેવન–આરાધન કર્યું. પોતાના અદ્ભુત રૂપથી કોઈ મોહાન્ધ

બની અનર્થભાગી ન થાય એવી પવિત્ર બુદ્ધિથી એકાન્ત તુંગગિરિ ઉપર નિવાસ કરી તપ, જપ, જ્ઞાન, ધ્યાનનો બળભદ્રમુનિએ એવો અભ્યાસ કર્યો કે તેના પ્રભાવથી હિંસક જાનવરો પણ શાંત બની ગયા અને પોતે કાળધર્મ પામી પાંચમા બ્રહ્મ દેવલોકમાં સીધાવ્યા.

૫. દ્વાદશ-બાર ભાવના વિષે.

પહેલી અનિત્ય ભાવના

(માલિની વૃત્ત)

ધણ કણ તનુજીવી, વીજ ઝાત્કાર જેવી,
સુજન તરુણ મૈત્રી, સ્વપ્ન જેવી ગણેવી;
અહ મમ મમતાએ, મૂઢતા કાંઈ માચે,
અથિર અરથ જાણી, એણશું કોણ રાચે? ૯

ધરણી તરુ ગિરીંદા, દેખીએ ભાવ જેઈ,
સુર-ધનુષ પરે તે, ભંગુરા ભાવ તેઈ;
ઇમ હૃદય વિમાસી, કારમી દેહ છાયા,
તજીય ભરતરાયા, ચિત્ત યોગે લગાયા. ૧૦

લક્ષ્મી અને જીવિત વીજળીના ઝબકારા જેવાં ક્ષણભંગુર-જોતજોતામાં અદૃશ્ય થઇ જનાર છે, વળી સ્વજન કુટુંબી સાથેનો મેળો તથા જુવાનીનો સંગ સ્વપ્ન જેવો ક્ષણિક છે, તો પછી ખોટી માયા-મમતા કરી તેમાં શા માટે મુંઝાઇ રહો છો? વસ્તુની અસારતા અને ક્ષણિકતા વિચારી શાણા જનોએ તે તે વસ્તુમાં રાચવું જોઈએ નહિ.

પૃથ્વી, તરુ-વૃક્ષો અને પર્વતાદિક પદાર્થો ઇન્દ્રધનુષ્યની

જેવા સુંદર જણાતાં છતાં તે બધાં વિનાશવાળા છે. તેમની શોભા કારમી–કાયમ નહિ ટકી રહેનારી છે. વળી જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ થઇ જાય છે. સુંદર ઘટાદાર વૃક્ષો પણ એક વખતે શોભા વગરના બની રહે છે અને ડુંગર પણ છેટેથી રળીયામણા દેખાય છે. એવી જ રીતે આ શરીરાદિકની ઉપરની શોભા પણ કારમી–જોતજોતામાં જતી રહેનારી છે, એમ સમજી **ભરત ચક્રવર્તીએ** વૈરાગ્યને જાગ્રત કરી મોક્ષમાર્ગનો સ્વીકાર કર્યો, તેમ સુજ્ઞજનોએ પણ કાયાની માયા તજી, હિતકાર્યમાં મનને જોડવું જોઇએ.

જેની સાથે આપણો નિકટનો સંબંધ છે, જેને માટે જીવ કેટલીય જાતના પાપારંભ કરી દિન–રાત ચિંતા કર્યા કરે છે અને જોતજોતામાં કાળ જેનો કોળીયો કરી જાય છે તે કાયા જ ગમે તેટલી મમતા રાખ્યા છતાં આપણી થતી નથી તો પછી એથી જુદા–દૂર–અળગા રહેતા સ્વજન, લક્ષ્મી પ્રમુખ પદાર્થો તો પોતાના શી રીતે થઇ શકવાના હતા ? તેમ છતાં ભ્રાંતિવશ મૂઢ જીવ તે તે પદાર્થોમાં મમતા રાખી રહે છે. અનિત્ય, અશુચિ અને જડ એવા આ દેહાદિક ઉપરની મમતા તજી, વૈરાગ્ય જગાવી, ધન્ય–કૃતપુન્ય જનો જ તે દ્વારા નિત્ય–શાશ્વત, પવિત્ર અને સ્વાભાવિક ધર્મ પ્રાપ્ત કરી લે છે.

બીજી અશરણ ભાવના

(માલિની વૃત્ત)

પરમ પુરુષ જેવા, સંહર્યા જે કૃતાંતે,
અવર શરણ કેનું, લીજીએ તેહ અંતે;
પ્રિય સુહૃદ કુટુંબા, પાસ બેઠા જિ કેઈ,
મરણસમય રાખે, જીવને તે ન કોઈ. ૧૧

સુરગણ નર કોડી, જે કરે જાસ સેવા,
મરણ ભય ન છૂટયા, તે સુરેંદ્રાદિ દેવા;
જગત જન હરંતો, એમ જાણી અનાથી,
વ્રત ગ્રહિય વિછૂટયો, જેહ સંસારમાંથી. ૧૨.

વ્હાલા મિત્રો અને સ્વજનો પાસે બેઠા હોય તેમ છતાં કાળ જીવને ઝડપી જાય છે; તે વખતે તેને કોઈ રોકી શકતું નથી. પરમપુરુષોને પણ કાળ સંહરી જાય છે, તો પછી બીજા સાધારણ જીવોનું તો કહેવું જ શું ? કાળ તો અવિશ્રાંતપણે પોતાનું કામ કરતો જ રહે છે. બાળ ગોપાળ કોઇને પણ તે કાળ છોડતો નથી–છોડવાનો પણ નથી.

જેની સેવામાં કરોડો દેવો અને માનવો હાજર રહ્યા કરે છે એવા ઇંદ્રો અને ચક્રવર્તી જેવા પણ કાળના ઝપાટામાંથી બચી શકતા નથી–મોતના ભયથી મુક્ત થઇ શકતા નથી. જેમ નાહર બકરીને પકડી જાય છે તેમ કાળ પણ જીવને ઉપાડી જાય છે, તે કોઇને છોડતો નથી. એ રીતે આખી દુનિયાને કાળવશ જાણી, મનમાં વૈરાગ્ય જગાડી, અહિંસાદિક ઉત્તમ વ્રત આદરી, આ દુઃખદાયક સંસારની ઉપાધિમાંથી **અનાથી** મુનિ જેમ છૂટી ગયા તેમ ભવસાગરનો ફેરો ટાળવા માટે ચેતતા રહો. શ્રેણિકરાજા અને અનાથી મુનિનો સંવાદ પ્રસિદ્ધ છે.

જન્મ, જરા અને મરણનાં દુઃખથી લોકો ત્રાસે છે–બીહે છે ખરા, પણ તેટલાં માત્રથી તથાપ્રકારનો પુરુષાર્થ ફેરવ્યા વગર તેવાં અનંત દુઃખમાંથી કોઇ છૂટી શકતા નથી. જો એ દુઃખથી છૂટવું જ હોય તો જેઓ પરમ પુરુષાર્થ ફેરવી તે બધાં દુઃખોમાંથી છૂટી ગયા છે એવા અરિહંત, સિદ્ધ અને

સાધુ જનોનું તેમ જ તેઓના કહેલા પવિત્ર ધર્મનું શુદ્ધ મનથી શરણ સ્વીકારો, તેમનામાં જ અનન્ય એકતાર શ્રદ્ધા રાખો, તેમના પવિત્ર ગુણોનું સદા ય ચિંતવન કરો અને તેવા પવિત્ર ગુણો પ્રાપ્ત કરવા તમે લાયક બનો, તેવું શુભ આચરણ સેવતાં રહો. સારું કામ કરવામાં વિલંબ-વાયદો ન કરો. કાલ કરવું હોય તે આજ કરો. એક ઘડીનો પણ વિશ્વાસ રાખી ન રહો. રખે મનની બધી ગોઠવણ મનમાં જ રહી જાય, માટે ચેતો-સમજો.

ત્રીજી સંસાર ભાવના

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

તિર્યંચાદિ નિગોદ નારકીતણી, જે યોનિ યોનિ રહ્યાં,
જીવે દુઃખ અનેક દુર્ગતિતણાં, કર્મ પ્રભાવે લહ્યાં;
યા સંયોગ વિયોગ રોગ બહુધા, યા જન્મ જન્મે દુઃખી,
તે સંસાર અસાર જાણી ઈહવો, જે એ તજે તે સુખી. ૧૩.

(ઇન્દ્રવજ્રા વૃત્ત)

જે હીન તે ઉત્તમ જાતિ જાયે,
જે ઉચ્ચ તે મધ્યમ જાતિ થાયે;
જ્યું મોક્ષ મેતાર્ય મુનીંદ્ર જાયે;
ત્યું મંગુસૂરિ પુર યક્ષ થાયે. ૧૪

કર્મવશ જીવ તિર્યંચાદિ નીચી ગતિનાં તેમ જ નરક અને નિગોદ સંબંધી કમકમાટી ઉપજાવે એવાં અઘોર દુઃખ વારંવાર સહન કરતો સંસારની ચારે ગતિ સંબંધી ચોરાશી લાખ જીવાયોનિમાં વારંવાર ભમતો-પરિભ્રમણ કરતો રહે છે, એટલે તેમાં વખતોવખત સંયોગ, વિયોગ, આધિ, વ્યાધિ, ઉપાધિ તથા જન્મ, જરા, મરણ સંબંધી અનંત દુઃખ-દાવાનળમાં તે

બાપડો જીવ સદા ય પચાયા કરે છે. એવા દુઃખદાયી સંસારની અસારતા કોઇક વિરલ જીવોને જ ભાગ્યયોગે તથાપ્રકારના જ્ઞાની ગુરુની કૃપાથી સમજાય છે અને જેમને સંસાર-મોહ ઓછો થયો હોય તે મહાનુભાવો જ વૈરાગ્યથી તેનો ત્યાગ કરે છે-કરી શકે છે. બાકીના અજ્ઞાન અને મોહવશ પડેલા જીવો તો બાપડા ચારે ગતિમાં અરહાંપરહાં અથડાયાં જ કરે છે. તેમનો કેમે પાર આવી શકતો નથી.

જીવ જેવી સારી કે નબળી કરણી કરે છે તેવી તે ઉત્તમ, મધ્યમ કે અધમ ગતિમાં જન્મ લેતો ફરે છે. સર્વજ્ઞ-વીતરાગના વચનાનુસારે ઉત્તમ પ્રકારની ક્ષમા-સમતાનું જ્યારે સેવન કરવામાં આવે છે ત્યારે હીન જાતિમાં જન્મેલ જીવ પણ **મેતાર્ય** અને **હરિકેશી** મુનિની પેઠે પરમ પદને પામી શકે છે; પરંતુ ઊંચી ગતિમાં જન્મ્યા છતાં જે વિષયાદિકમાં લુબ્ધ બની, ક્રોધાદિ કષાયને વશ થઇ, મન-વચન-કાયાને મોકળી મૂકી દઇ, સ્વચ્છંદી બની જઇ, મોહાંધપણે હિંસાદિક પાપનું સેવન કરતા રહે છે તે **મંગુ આચાર્ય**ની પેઠે દુર્યોનિમાં ઉપજે છે. જો કે પાછળથી તે પોતાની ભૂલ સમજાતાં પસ્તાય છે ખરા, પરંતુ પહેલા મૂર્ખપણે કરેલી ભૂલની શિક્ષા ભોગવ્યા વગર તેનો છૂટકો થતો નથી.

ચોથી એકત્વ ભાવના

(ઇંદ્રવજ્રા વૃત્ત)

પુન્યે અકેલો જીવ સ્વર્ગ જાયે,
પાપે અકેલો જીવ નર્ક થાયે;
એ જીવ જા-આવ કરે અકેલો,
એ જાણીને તે મમતા મહેલો. ૧૫

(ઉપજાતિ વૃત્ત)

એ એકલો જીવ કુટુંબ યોગે,
સુખી દુઃખી તે તસ વિપ્રયોગે;
સ્ત્રી હાથ દેખી વલયો અકેલો,
નમિ પ્રબુધ્યો તિણથી વહેલો. ૧૬

જીવ જેવી સારી–નરસી, ભલી–ભૂંડી કરણી કરે છે તેવું તેનું સારું–નરસું ફળ પણ તેને ભોગવવું પડે છે. જો તે શુભ ધર્મકરણી કરે તો તે પુન્યફળને ભોગવવા સ્વર્ગનાં સુખ પામે છે અને જો તે દુષ્કૃત્ય કરે તો તે પાપ–ફળને ભોગવવા નરકાદિકના દુઃખ પામે છે. જેવી શુભાશુભ કરણી કરે છે તેવું સુખ–દુઃખ તેને જ ભોગવવાનો પ્રસંગ આવે છે, એ વાત સહેજે સમજાય એવી છે.

અહીં જે મનુષ્યો સારાં પરોપકારનાં કામ કરે છે તેની તથા જેના વિચાર, વાણી અને આચાર પવિત્ર હોય છે તેની લોકમાં પુષ્કળ પ્રશંસા થાય છે અને જેના આચરણ અવળાં હોય છે તેની પુષ્કળ નિંદા થાય છે. આને જો પ્રગટ રોકડું–તાત્કાલિક ફળ માનવામાં આવતું હોય તો તે ભવિષ્યમાં થનાર મુખ્ય મોટા ફળની અપેક્ષાએ કેવળ ગૌણ વા અલ્પ સમજવાનું છે. જેવા ફળની તમારે ચાહના હોય તેવું શુભ કે અશુભ આચરણ કરતાં તમારે એકલાએ જ સંભાળ રાખવાની છે, કેમકે તેનું તેવું ફળ તમારે જ ભોગવવું પડે એમ છે, ખોટી મમતા રાખવાથી કશું વળે એમ નથી, કોઈની સીફારસ લગાવવાથી કામ આવે એમ નથી.

ધન, કુટુંબાદિકના સંયોગે કે વિયોગે મમતાથી જ જીવ પોતાને સુખી કે દુ:ખી માની-કલ્પી લે છે, પરંતુ જો આત્મજ્ઞાન કે તત્ત્વજ્ઞાનના યોગે ખરા વૈરાગ્યથી તે ખોટી મમતા-મારાપણું મૂકી દે છે તો પછી તેને તેવા સંયોગ વિયોગમાં તેવા સુખ-દુ:ખની કલ્પના થતી નથી. **નમિરાજા**ને સખ્ત માંદગી થઈ ત્યારે કોઇ ખડખડાટ તેનાથી સહન થઈ શકતો નહોતો, તે જાણી રાણીઓએ વધારાના કંકણાદિક કાઢી નાંખ્યા અને ફક્ત એકેક વલય જ રાખ્યું, જેથી અવાજ થતો બંધ પડ્યો. તેનું કારણ વિચારતાં એકાકીપણામાં જ હિત સમજી તરત સર્વ પ્રસંગ તજી દઈને તે સુખી થયા.

પાંચમી અન્યત્વ ભાવના

(ઉપજાતિ વૃત્ત)

જો આપણો દેહ જ એ ન હોઇ,
તો અન્ય કો આપણ મિત્ર કોઈ?
જે સર્વ તે અન્ય ઈહાં ભણીજે,
કેહો તિહાં હર્ષ વિષાદ કીજે. ૧૭.

દેહાદિ જે જીવથકી અનેરાં,
શ્યાં દુ:ખ કીજે તસ નાશકેરાં?
તે જાણીને વાઘણીને પ્રબોધી,
સુકોશળે સ્વાંગ ન સાર કીધી. ૧૮.

નિત્ય મિત્ર સમાન આ દેહની સેવા-ચાકરી હમેશાં કેટલા ય પાપારંભ સાથે કરીએ છીએ તો પણ અંતે તે છેહ દઈ જાય છે તો પછી એથી અળગા રહેનારા પર્વમિત્ર સમાન

સ્વજન-કુટુંબી વિગેરે આપણને અવસાન સમયે ક્યાંથી સહાય આપી આપણું રક્ષણ કરી શકે ? ન જ કરી શકે.

એ ઉપરથી એવો નિશ્ચય કરવાનો છે કે આપણા આત્માથી જુદા જે કોઇ દેહ, લક્ષ્મી, સ્વજન, મિત્રાદિકનો સંયોગ વિયોગ બને તે બધા આત્માથી ન્યારા-જુદા હોવાથી તે તે પ્રસંગે તે સંબંધી હર્ષ કે ખેદ કરવો ઉચિત નથી. તેમ છતાં બની શકે તો તે તે પ્રસંગમાંથી કંઇ પણ બોધદાયક ગુણ મેળવી, વૈરાગ્ય જગાવી, આપણા આત્માનું અધિક હિત થાય તેમ કરી લેવું તે ઉચિત છે.

જેવો સંયોગ-સંબંધ શરીર અને વસ્ત્રને છે તેવો જ સંયોગ-સંબંધ આત્મા અને શરીરનો જાણવો. જેમ વસ્ત્ર જીર્ણ થતાં કે ફાટી જતાં કે તેનો નાશ થતાં શરીર જેવું હતું તેવું ને તેવું જ રહે છે-વસ્ત્રના નાશથી શરીરનો નાશ થતો નથી તેમ શરીર જીર્ણ થતાં, રોગીષ્ટ થતાં કે નાશ પામતા છતાં પણ આત્મા જેવો ને તેવો જ-ગમે તેવી ગતિ-સ્થિતિમાં કાયમ રહે છે. આ રીતે જ્યારે દેહથી આત્મા જુદો જ સિદ્ધ થાય છે ત્યારે દેહનો વિયોગ થતાં ખેદ કે શોક કરવો તે સુજ્ઞજનોને ઉચિત નથી. મોહ-માયાથી કે મમતાથી તેવો ખેદ કે શોક કરી જીવ ફોગટ ચીકણાં કર્મ બાંધી દુઃખી થાય છે, માટે આત્માનું અધિક હિત થાય તેમ કરવા દેહાદિક ક્ષણિક વસ્તુ ઉપરથી મમતા તજી-ઓછી કરી યથાશક્તિ તપ-જપ-સંયમનું સેવન કરવું જ ઉચિત છે, એમ સમજી **સુકોશળ મુનિએ** શરીર પરની મમતા તજી, વિકરાળ વાઘણને પણ પ્રાંતે જાતિ-સ્મરણ-પૂર્વક બોધ થાય તેવું વર્તન કર્યું.

છઠ્ઠી અશુચિ ભાવના

(ઉપજાતિ વૃત્ત)

કાયા મહા એહ અશૂચિ તાઈ,
જિહાં નવ દ્વાર વહે સદાઈ;
કસ્તૂરી કર્પૂર સુદ્રવ્ય સોઈ,
તે કાય સંયોગ માલન હોઈ. ૧૯.

અશુચિ દેહી નરનારીકેરી,
મ રાચજે એ મળમૂત્ર શેરી;
એ કારમી દેહ અસાર દેખી,
ચતુર્થ ચક્રીય પણ તે ઉવેખી. ૨૦.

આ કાયા મહામલિન અશુચિથી ભરેલી જ છે. તેમાં પુરુષને નવ દ્વારે અને સ્ત્રીને દ્વાદશ દ્વારે સદા અશુચિ વહેતી રહે છે. કસ્તૂરી, કર્પૂર, ચંદનાદિક સુગંધી વસ્તુઓ પણ એના સંયોગે દુર્ગંધી બની જાય છે. ગમે તેવું સ્વાદિષ્ટ સુંદર ભોજન કર્યું હોય પણ તે બધાનું પરિણમન દુર્ગંધમય વિષ્ટાદિકમાં થાય છે. ગમે તેવાં સુંદર કિંમતી વસ્ત્ર પહેર્યાં ઓઢ્યાં હોય તે બધાં કાયાના સંગથી મલિન અને નમૂલાં–નમાલાં–ખરાબ–ગંદા થઇ જાય છે.

મળમૂત્રાદિક અશુચિથી જ ભરેલી આ સ્ત્રી–પુરુષોની કાયા અશુચિથી જ પેદા થયેલી છે. તેને જળાદિક શૌચથી શુદ્ધ કરવાનો પ્રયાસ કેવળ ભ્રમરૂપ છે. અશુચિમય કાયાની અસારતા યથાર્થ સમજી, જે સમતાના કુંડમાં યથેચ્છ સ્નાન કરી પાપમેલને બરાબર પખાળી–સાફ કરી નાંખી ફરી મલિનતાને પામતા નથી–પાપાચરણમાં પ્રવૃત્ત થતાં નથી તે અંતર-

આત્મા જ પરમ પવિત્ર સમજવા. ખરા જ્ઞાની વિવેકી સાધુ-મહાત્માઓ તો ઉપરોક્ત ભાવસ્નાન કરીને જ સદા ય પોતાના આત્માને પવિત્ર કરે છે.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-અસંગતાદિક સદાચરણવડે જ ભાવસ્નાન કર્યું ગણાય છે, તે સિવાય તો માછલાંની પેઠે દિનરાત જળમાં નિમજ્જન કરવા માત્રથી કશું વળતું નથી. શરીર–મમતા અને હિંસાદિક પાપાચરણવડે તો આત્મા અધિકાધિક મલિનતા જ પામીને અધોગતિ–અવનતિને પ્રાપ્ત થાય છે, એમ યથાર્થ સમજી **સનત્કુમાર ચક્રવર્તી**એ જેમ કાયાની માયા તજી, વૈરાગ્ય પામીને આત્મહિત સાધ્યું તેમ ભવ્યાત્માઓએ તે પ્રમાણે કરવું ઘટે છે.

સાતમી આશ્રવ ભાવના

(માલિની વૃત્ત)

ઇહ અવિરતિ–મિથ્યા, યોગ પાપાદિ સાધે,
ઇણ ઉણ ભવ જીવા, આશ્રવે કર્મ બાંધે;
કરમ જનક જે તે, આશ્રવા જે ન રૂંધે,
સમર સમર આત્મા, સંવરી સો પ્રબુધે. ૨૧.

(ઇંદ્રવજ્રા વૃત્ત)

જે કંડરીકે વ્રત છાંડી દીધું,
ભાઇતણું તે વળી રાજ્ય લીધું;
તે દુઃખ પામે નરકે ઘણેરા,
તે હેતુ એ આશ્રવ દોષકેરા. ૨૨

અવિરતિ-સ્વચ્છંદાચરણ, મિથ્યાત્વ-વિપરીત શ્રદ્ધા, મન-વચન-કાયાની મોકળી વૃત્તિ અને ક્રોધાદિક કષાય કે જેનાવડે જીવ વારંવાર કર્મ બાંધ્યા કરે છે તે આશ્રવ કહેવાય છે. આ રીતે થતાં કર્મ-સંચયથી જીવને ભવભ્રમણ થયાં કરે છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનું સેવન કરવાથી ઉપરોક્ત કર્મ આવતા અટકે છે; તેથી સુજ્ઞ જનોએ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગાદિ દોષનું સત્વર નિવારણ કરી આત્માને કર્મના ભારથી હલકો કરવો જોઇએ.

આત્મનિગ્રહ કરવારૂપ સંયમવડે સહેજે કર્મનિરોધ થઈ શકે છે. મન અને ઇંદ્રિયરૂપ ઉદ્ધત ઘોડાને જ્ઞાનરૂપ લગામવડે બરાબર કબજે રાખવા, ક્ષમા-સમતાદિકના અભ્યાસવડે ક્રોધાદ કષાયને દૂર કરવા, સમ્યક્ત્વ-શ્રદ્ધાવડે મિથ્યાત્વને વમી દેવું, સમ્યગ્જ્ઞાનવડે અજ્ઞાનતિમિરને નષ્ટ કરવું અને ઉત્તમ વ્રત-નિયમવડે હિંસાદિક આશ્રવના દ્વાર બંધ કરવાં, પવિત્ર વિચાર, વાણી અને આચારવડે મન-વચન અને કાયાની મલિનતા દૂર કરવી. જો જીવને જન્મ, જરા અને મરણના અનંતા દુઃખથી બચાવવાની ખરેખરી ઈચ્છા જ હોય તો ખરી તક પામીને પોતાની જ મેળે સ્વતંત્રપણે ગમે તેટલાં કષ્ટ સમભાવે સહન કરી પવિત્ર રત્નત્રયીનું આરાધન કરી લેવું.

પુંડરીક રાજાના બંધુ **કંડરીકે** પ્રથમ પોતે વૈરાગ્યભાવથી આદરેલાં વ્રત નિયમો સુખશીલતા-શિથિલતાથી તજી દઈ બંધુ પાસેથી રાજ્ય લહી ભોગવિલાસ કરવો પસંદ કર્યો, તેથી તે ચીકણાં કર્મ બાંધી થોડા દિવસમાં જ મરીને સાતમી નરકે ગયો, જ્યારે **પુંડરીક રાજા** દીક્ષા લઈ, તેને સમ્યગ્ રીતે આરાધી અનુત્તર વિમાનનું સુખ પામ્યા.

આઠમી સંવર ભાવના

(ઇંદ્રવજા વૃત્ત)

જે સર્વથા આશ્રવને નિરુંધે,
તે સંવરી સંવર ભાવ સાધે;
તે ભાવ વંદો ગુરુ વજ્રસ્વામી,
જેણે ત્રિયા કંચન કોડી વામી. ૨૩

આશ્રવનો નિરોધ કરવો–રોકવું તેનું નામ **સંવર** છે. તેના સત્તાવન ભેદ કહ્યા છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચન–માતાનું પાલન કરવું, ક્ષુધા તૃષાદિ બાવીશ પરિષહોને સમ્યક્ પ્રકારે દીનતા રહિત–અદીનતાએ સમભાવથી સહન કરવા, ક્ષમા, મૃદુતા, સરલતાદિક દશવિધ યતિધર્મનું યથાવિધિ પાલન કરવું, અનિત્યાદિક બાર ભાવના (ઉપલક્ષણથી મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થતા એ ચાર ભાવના તથા પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવના) દિન પ્રત્યે ભાવવી, તથા સામાયિક, છેદોપસ્થાપનિયાદિક પાંચ ચારિત્રની યથાયોગ્ય આરાધના કરવી. જે ઉપર કહ્યા તે સત્તાવન પ્રકારના સંવરવડે સર્વથા આશ્રવનો નિરોધ કરે છે–રોકે છે તે મહાત્મા અનુક્રમે સર્વોત્કૃષ્ટ સંવરને પામી શકે છે.

મૂળ તો આત્મા સ્ફટિક રત્ન જેવો નિર્મળ નિષ્કષાયી છે, પરંતુ તે વિવિધ આશ્રવોદ્વારા કર્મસંચયવડે મલિન થયેલો દેખાય છે, સંવરવડે એ મલિનતા અટકાવી શકાય છે અને તીવ્ર તપના પ્રભાવે સ્ફટિક જેવું નિર્મલ–ઉજ્જવળ સ્વરૂપ પ્રગટ કરી શકાય છે. પછી તે સંશુદ્ધ થયેલું આત્મસ્વરૂપ કદાપિ મલિનતાને પામી શકતું નથી. જેમ સુવર્ણમાં રહેલી મલિનતા

તીવ્ર તાપના યોગે દૂર કરી દેવાથી તે સંપૂર્ણ શુદ્ધ બની જાય છે, પછી પાછું તે મેલું થવા પામતું નથી, તેવી જ રીતે આત્મા ઉપર લાગેલો કર્મમળ તથાપ્રકારના તીવ્ર તપ તેમ જ સંયમના પ્રભાવે દૂર થઇ ગયા બાદ ફરી આત્મા કર્મથી લેપાતો નથી.

આ પ્રમાણેના પવિત્ર આશયથી જ કોટિગમે સુવર્ણ યુક્ત રૂકિમણી કન્યાનો જેમણે ત્યાગ કર્યો એવા **વજ્રસ્વામી**, તથા **જંબૂસ્વામી** તથા **સ્થૂલભદ્રજી** પ્રમુખ મહામુનિઓને સદા નમસ્કાર હો.

નવમી નિર્જરા ભાવના

(માલિની વૃત્ત)

દોય દશ તપ ભેદે, કર્મ એ નિર્જરાયે,
ઉતપતિ સ્થિતિ નાસે, લોક ભાવા ભરાયે;
દુરલભ જગ બોધિ, દુર્લભા ધર્મબુદ્ધિ,
ભવહરણી વિભાવો, ભાવના એહ શુદ્ધિ. ૨૪

(ઉપજાતિ વૃત્ત)

બે નિર્જરા કામ સકામ તેહી,
અકામ જે તે મરુદેવી જેહી;
તે જ્ઞાનથી કર્મહ નિર્જરીજે,
દઢપ્રહારી પરે તો તરીજે. ૨૫

આત્મપ્રદેશ સાથે ક્ષીરનીરની પેઠે જે કર્મદળ લાગ્યાં છે **તેને** આત્માથી જુદા પાડવા–ક્ષય પમાડવા તેનું નામ **નિર્જરા. તેવી** નિર્જરા અથવા કર્મનો ક્ષય બાહ્ય અને અભ્યંતર એવા **બાર** પ્રકારના તપવડે થઇ શકે છે. તપવડે–તીવ્ર તાપવડે

કરી આત્મપ્રદેશથી કર્મનાં દળીયાં જુદાં પડી ક્ષય પામી જાય છે. એમ કરતાં જ્યારે સર્વ કર્મદળનો ક્ષય થઇ જાય છે ત્યારે જન્મ-મરણનો ભય સર્વથા ટળી જાય છે. પછી આત્મા અજરામર થઇ રહે છે. સત્ય સર્વજ્ઞોક્ત ધર્મની પ્રાપ્તિ ખરેખર દુર્લભ જ છે. તેવો દુર્લભ ધર્મ પ્રાપ્ત કરવાની બુદ્ધિ પેદા થવી પણ દુર્લભ છે. તેવી ધર્મબુદ્ધિ અને ધર્મપ્રાપ્તિ આ નવમી નિર્જરા ભાવનાવડે સુલભ થવા પામે છે. આ ભાવનાના બળથી ભવ-સંસારનો જલદી અંત આવે છે.

નિર્જરા બે પ્રકારની કહી છે: એક **સકામ** નિર્જરા અને બીજી **અકામ** નિર્જરા. **મરુદેવીમાતાએ** પૂર્વનાં કેળનાં ભવમાં કંથેરીના ઝાડથકી જે અજ્ઞાન કષ્ટ-દુઃખ સહન કર્યું હતું તેની પેઠે પરાધીનપણે અનિચ્છાએ અથવા જ્ઞાન-વિવેક વગર કષ્ટ-ક્રિયા કરવાથી જે કર્મનિર્જરા-કર્મની ઓછાશ થવા પામે છે તેનું નામ **અકામ** નિર્જરા છે. સમજ સાથે વિવેક-પૂર્વક સત્યાગ્રહથી જે તપ, જપ, સંયમ, ધ્યાનાદિક સત્કરણી કરવામાં આવે તેથી જે કર્મનિર્જરા થાય છે તે **સકામ** નિર્જરા છે. **અકામ** નિર્જરા અજ્ઞાન કષ્ટ-ક્રિયાથી થાય છે, જ્યારે **સકામ** નિર્જરા યથાર્થ જ્ઞાન સહિત આત્મ લક્ષ-ઉપયોગ-પૂર્વક તપ-જપ-સંયમ-ધ્યાનવડે થવા પામે છે. જેવી રીતે **દૃઢપ્રહારીએ** સંયમ ગ્રહણ કરીને આત્મદૃઢતાથી તીવ્ર તપસ્યા સાથે પરિષહો અને ઉપસર્ગો અદીનપણે સહન કર્યાં હતાં, તેવી જાગૃતિથી આત્મ સાધન કરનાર શીઘ્ર સ્વહિત સાધી, આત્મઋદ્ધિ પ્રાપ્ત કરી અનેકને હિતરૂપ થાય છે.

દશમી લોકસ્વરૂપ ભાવના

(માલિની વૃત્ત)

જિમ પુરુષ વિલોવે, એ અધો લોક તેવો,
તિરિય પણ વિરાજે, થાળશો વૃત્ત જેવો;
ઉરધ મુરજ જેવો, લોક નામે પ્રકાશો,
તિમ જ ભુવનભાનુ, કેવલી જ્ઞાન ભાખ્યો. ૨૬

જેમાં જીવાજીવાદિક પદાર્થો અવલોકવાના પ્રાપ્ત થતાં હોય તે **લોક** અને જેમાં તેવા પદાર્થો અવલોકવાના પ્રાપ્ત થતાં ન હોય તે **અલોક** કહેવાય છે. અસંખ્યાત યોજનપ્રમાણ ચૌદ રાજને **લોક** કહેવાય છે, જ્યારે બાકીનો બધો અનંતો **અલોક** કહેવાય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યો છે. તેમાં વસ્તુના નવા પુરાણા-જૂના પર્યાયના હેતુરૂપ કાળ એક ઉપચરિત દ્રવ્ય છે. બાકીના પાંચ દ્રવ્યો અસ્તિકાય-પ્રદેશોના સમુદાયરૂપ છે. જીવ અને પુદ્ગલને ચલન ક્રિયામાં હેતુરૂપ ધર્માસ્તિકાય, અને સ્થિર રહેવામાં હેતુરૂપ અધર્માસ્તિકાય, એ સર્વને અવકાશ આપનાર આકાશાસ્તિકાય, ચેતના લક્ષણ જીવ અને શબ્દ, રૂપ, રસ, ગંધ, તથા સ્પર્શાદિકથી યુક્ત સર્વ પુદ્ગલ છે.

આ પાંચે અસ્તિકાયો જેમાં વિદ્યમાન છે તેનું નામ **લોક** છે. તે લોક ઊર્ધ્વ, અધો અને તીરછો અસંખ્યાત યોજન પ્રમાણ મોટો છે. વલોણું વલોવવાની પેઠે બંને પગ પહોળા કરેલા અને બંને હાથ કેડ ઉપર સ્થાપેલા પુરુષના જેવો

લોકાકાર છે. સહુથી નીચે તે અત્યંત પહોળો છે. તીરછો લોક સ્થાળ જેવા આકારે ગોળ છે અને ઊર્ધ્વલોક મુરજ–વાજીંત્ર જેવા આકારે છે. દેરાસર કે ઉપાશ્રયાદિમાં કોઈ કોઇ સ્થળે આ લોકાકાર ચિત્રેલો હોય છે તે ઉપરથી તેનું કંઇક વિશેષ ભાન થઈ શકે છે. આમાં મૃત્યુલોક મધ્યમાં એટલે નાભિના સ્થળે જાણવો. આ વસ્તુસ્થિતિ અનાદિ છે; તે કોઇએ નવી રચી નથી. આ ચૌદ રાજલોકમાં કર્મવશ જીવમાત્ર પરિભ્રમણ કર્યા કરે છે. અનુક્રમે રત્નત્રયીનો દુર્લભ યોગ થતાં તેનું યથાર્થવિધિ આરાધન કરી, સકળ કર્મનો અંત આણી, મુક્ત થઇ લોકાંતમાં સ્થિતિ કરે છે.

અગ્યારમી બોધિદુર્લભ ભાવના

(સ્વાગતા વૃત્ત)

બોધિબીજ લહી જેહ આરાધે,
તે ઇલાસુત પરે શિવ સાધે;

સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ સ્વાનુભવથી જગતના કલ્યાણાર્થે કહો કે કોઇ પણ ભવ્યાત્માના ઉદ્ધાર માટે જે પવિત્ર ધર્મમાર્ગ બતાવ્યો છે તે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ ખરેખર દુર્લભ છે, કેમકે પ્રથમ તો તથા-પ્રકારના પ્રબળ પુન્યના યોગ વગર મનુષ્યપણું, કર્મભૂમિ, આર્ય દેશ, ઉત્તમ કુળ–જાતિ, નિરોગતા, દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થવા સાથે રૂડી શ્રદ્ધા, હિતોપદેશક ગુરુ અને શાસ્ત્રશ્રવણનો લાભ મળતો નથી. તે બધું સદ્‌ભાગ્ય યોગે મળ્યા છતાં પણ યથાર્થ તત્ત્વ-શ્રદ્ધા–પ્રતીતિ થવી બહુ દુર્લભ છે, સેંકડો ભવ ભમતાં મળવું દુર્લભ એવું સમકિત રત્ન પામ્યા છતાં મોહાદિકની પ્રબળતાથી

ચારિત્રરત્ન પામવું દુર્લભ છે, તે પણ ભાગ્યયોગે પામ્યા છતાં ઇન્દ્રિય, કષાય, ગારવ અને પરિષહાદિક શત્રુવર્ગ વચ્ચે દૃઢ વૈરાગ્યબળ ધારણ કરી તેનું મક્કમપણે પાલન–આરાધન કરવું અત્યંત કઠણ છે.

ઉપર પ્રમાણેની સર્વ પ્રકારની મુશ્કેલીઓ અને કઠીણાઇઓ છતાં કોઇ ધીર, વીર–વિરલા ઉત્તમ પ્રકારની ક્ષમા–સમતા, મૃદુતા–નમ્રતા, ઋજુતા–સરલતા અને સંતોષની સહાયવડે ઉક્ત ચારિત્રનું યથાર્થ આરાધન કરી શકે છે, જો કે આવી ઊંચી સ્થિતિએ ક્રમસર અભ્યાસવડે ચઢી શકાય છે, તો પણ કવચિત્ **ભરત** કે **ઇલાચીપુત્રની** જેમ એકાએક ગૃહસ્થપણામાં જ કૈવલ્ય પર્યન્તની અતિ ઊંચી હદ પ્રાપ્ત થઇ જાય તો તેમાં તેમણે પૂર્વભવમાં કરેલો તથાપ્રકારનો પુરુષાર્થભરેલો અભ્યાસ જ કારણભૂત સમજવો. એવા એવા દાખલા સાંભળી ધર્મસાધનમાં પ્રમાદ કરવાનો નથી, પણ ઊલટો અધિક ઉમંગ લાવી સાવધાનપણે આત્મહિતસાધન કરવું ઘટે છે, કેમકે જોઇએ એવી સઘળી શુભ સામગ્રી તથાપ્રકારના પ્રબળ પુન્ય વગર વારંવાર મળવી મુશ્કેલ છે, તેથી જે કાલે કરવાનું હોય તે આજે જ કરી લેવું.

બારમી ધર્મ ભાવના

(સ્વાગતા વૃત્ત)

ધર્મ ભાવન લહી ભવિ ભાવો,
રાય સંપ્રતિ પરે સુખ પાવો. ૨૭

ઉપર કહ્યા પ્રમાણે રત્નત્રયીરૂપ ધર્મ, અથવા ક્ષમાદિક દશવિધ યતિધર્મ, અથવા દાન, શીલ, તપ, ભાવનારૂપ ધર્મ,

જેમણે રાગ, દ્વેષ અને મોહાદિક દોષમાત્રને જીતી લીધા છે એવા જિનેશ્વરોએ જગતના હિત-શ્રેય અર્થે જ સારી રીતે સ્પષ્ટતાપૂર્વક સહુ પર્ષદા સમક્ષ સ્વાનુભવથી કહી બતાવ્યો છે. તે સર્વોત્કૃષ્ટ અહિંસા, સંયમ અને તપ લક્ષણ મહામંગળ-કારી ધર્મ-સાધનમાં જે ભવ્યાત્માઓ સાવધાનતાથી પ્રયત્ન-શીલ રહે છે તે સુખેસમાધે આ ભવસાગરનો પાર પામે છે.

સર્વોત્કૃષ્ટ અહિંસાદિક મહાવ્રતો પાળવારૂપ સાધુધર્મ પામવા જેટલી યોગ્યતા અને સામર્થ્ય જેનામાં ન હોય તેવા મંદ અધિકારી જીવો માટે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતરૂપ ગૃહસ્થધર્મ પણ બતાવ્યો છે. શુદ્ધ તત્ત્વશ્રદ્ધા-રૂપ સમ્યક્ત્વપૂર્વક સેવન કરાતો સાધુધર્મ કે ગૃહસ્થધર્મ આત્મકલ્યાણને માટે થાય છે. મિથ્યાત્વનો ત્યાગ કરવાથી અને માર્ગાનુસારી થવાથી પ્રાયઃ સદ્‌ગુરુની કૃપાવડે સમ્યક્ત્વનો ઉદય થવા પામે છે. સમકિત સહિત કરવામાં આવતી હિતકરણી યથાર્થ ફળદાયક બની શકે છે; તેથી ગમે તેટલો સ્વાર્થત્યાગ કરીને પણ સમકિતરત્ન પ્રાપ્ત કરી લેવા જ્ઞાની પુરુષો ભાર દઇને કહે છે તે યથાર્થ જ છે.

તત્ત્વ અશ્રદ્ધા અથવા અતત્ત્વ શ્રદ્ધારૂપ મિથ્યાત્વ જ્યાં સુધી કુસંગ ન તજાય ત્યાં સુધી ટળે નહિ, તેથી પ્રથમ સ્વહિતાર્થીએ કુગુરુ-કુસંગનો ત્યાગ કરી સદ્‌ગુરુનો જ સંગ કરવો જોઇએ. જેની રહેણીકહેણી નિર્દોષ-ઉત્તમ હોય અને કશી લાલચ વગરના સદ્‌-ગુરુનું જ શરણ હિતકારી છે, સર્વજ્ઞ વીતરાગ સર્વોત્કૃષ્ટ યોગ્યતા-વાળા હોવાથી તે જગદ્‌ગુરુ છે. તેમનું શરણ સદા કર્તવ્ય છે.

---

૬. રાગદ્વેષ વિષે.

રાગ–દ્વેષ દૂર કરવા હિતોપદેશ.

(ઇંદ્રવજ્રા વૃત્ત)

રાગે ન રાચે ભવબંધ જાણી,
જે જાણ તે રાગવશે અનાણી;
ગૌરીતણે રાગ મહેશ રાગી,
અર્ધાંગ દેવા નિજ બુદ્ધિ જાગી. ૨૮

રે જીવ! તું દ્વેષ મને મ આણે,
વિદ્વેષ સંસાર નિદાન જાણે;
સાસુ નણંદે મળી કૂડ કીધું,
જૂઠું સુભદ્રા શિર આળ દીધું. ૨૯

આત્માને રંગી દે, રૂપાંતર કરી દે, વિકારી બનાવી દે અને તેને વિભાવવાહી કરીને સંક્લેશ ઉપજાવે તેનું નામ **રાગ.** એવા દુષ્ટ રાગને ભવભ્રમણકારી કર્મબંધનનું મુખ્ય કારણ જાણીને અહો ભવ્યાત્માઓ! તમે તેમાં રાચો નહિ. તેને નિવારવા બનતો પ્રયત્ન કરો. તેનો જય કરવા માટે જેમણે તેનો સર્વથા જય કર્યો છે એવા પરમકૃપાળુ અને સમર્થ શ્રી જિનેશ્વરદેવોનું શરણ ગ્રહો. વીતરાગદેવના દૃઢ આલંબનથી તમે પણ દુષ્ટ રાગનો જય કરવા સમર્થ બની શકશો.

શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેના શુદ્ધ પવિત્ર નિઃસ્વાર્થ રાગવડે અશુદ્ધ અને મલિન એવા સ્વાર્થી રાગનો તમે પરાજય કરી શકશો. દુષ્ટ રાગને જીતવાનો એ સરલ ઉપાય છે. તેમ છતાં જે કોઇ મોહાતુર બની દુષ્ટ સ્વાર્થી રાગને વશ

થઇ રહે છે તે અજ્ઞાની છે અને તે હાથે કરીને જન્મ-મરણ-ના દુઃખને વહોરી લે છે. જો **મહાદેવ ગૌરી-પાર્વતીના** રાગથી રંગાયા અને તેને વશ થયા તો તેને અર્ધાંગના બનાવી લેવાની કુબુદ્ધિ થઈ. આ રીતે કામવશ વિકળ બની જનાર મહા-દેવને **મહા-દેવ**ની સંજ્ઞા ઘટતી નથી-તે નામ સાર્થક થતું નથી.

જ્યાંસુધી દુષ્ટ કામરાગાદિક કેશરીસિંહની જેમ જોરથી તાડુકા કરતા જોવામાં આવે છે ત્યાંસુધી સ્વાભાવિક શાંતિ-સમાધિ ટકી શકતી નથી અને તેના કાર્યમાં થોડોક અંતરાય પડતાં દ્વેષાગ્નિ જાગે છે અને પ્રજળે છે. તે વળી બાકી રહેલી સુખ-શાંતિનો લોપ કરી નાંખે છે. એટલે રાગ અને દ્વેષને વશ થયેલા પામર જીવોને સંસારચક્રમાં ભમવું જ પડે છે અને જન્મ-મરણ કરવાં જ પડે છે. જો જન્મ-મરણના દુઃખથી ડરતા જ હો તો દ્વેષ-ઈર્ષાવશ થઇ-જેમ **સુભદ્રા** ઉપર તેની સાસુ અને નણંદે કૂડું આળ મૂકયું-તેવાં કુકૃત્યો ખોટા આવેશમાં આવી કદાપિ કરશો નહિ.

---

૭. સંતોષ વિષે.

સંતોષગુણનું સેવન કરવા હિતોપદેશ.

(વસંતતિલકા વૃત્ત)

સંતોષતૃપ્ત જનને સુખ હોય જેવું,
તે દ્રવ્ય-લુબ્ધ જનને સુખ નાંહિ તેવું;
સંતોષવંત જનને સહુ લોક સેવે,
રાજેંદ્ર રંક સરિખા કરી જેહ જોવે. ૩૦

શ્રી સિદ્ધસેન ગુરુરાય ગંભીર વાણી,
સંતોષતા જિહ તણી જગમાંહી જાણી;
ભાવે કરી જિહ ભણી સુણી વાણી રંગે,
જે રાય વિક્રમ ધરી જિન આણ અંગે. ૩૧

જેના વડે સારી રીતે સંતોષ–તૃપ્તિજનિત સુખ બન્યું બન્યું રહે એનું નામ **સંતોષ.** એવા સંતોષી જનો પાસે **પુણીયા** શ્રાવકની પેઠે અલ્પ દ્રવ્ય હોય તો પણ તે જેવું સુખ પામે છે તેવું તો શું પણ તેના ક્રોડમાં ભાગનું સુખ પણ **મમ્મણ** શેઠ જેવા દ્રવ્યલુબ્ધ જનને પ્રાપ્ત થઇ શકતું નથી. એટલા જ માટે રાજા અને રંકને જે સમભાવથી જુએ છે–તેમના તરફ રાગ–દ્વેષ રહિત મધ્યસ્થભાવે નિઃસ્પૃહતાથી જે વર્ત્તે છે એવા ત્યાગી સંતોષી–નિઃસ્પૃહી જનોને તેમના નિર્મળ આદર્શ જીવનને લહીને જ સહુ કોઇ બહુમાનની નજરથી જુએ છે, તેમના તરફ અત્યંત પ્રેમ રાખે છે અને પૂજ્યભાવ બતાવે છે; એટલું જ નહિ પણ તેમનું નિર્દોષ ઉજ્જવળ જીવન જોઇ બને તેટલું તેનું અનુકરણ પણ કરે છે અને સાદા નિર્દોષ જીવન-વડે પોતે પણ સુખી થાય છે.

સંતોષ–નિઃસ્પૃહતાદિક ગુણવડે જગતમાં સર્વત્ર પ્રસિદ્ધિ પામેલા ગુરુ મહારાજ **શ્રી સિદ્ધસેન દિવાકર**ની અતિ અર્થ–ગંભીર–ઉદાર ઉપદેશ–વાણી અતિ આદરપૂર્વક શ્રવણે સુણીને **શ્રી વિક્રમાદિત્યે** પોતાના હૃદયમાં પરિણમાવી, તેથી તે જિનાજ્ઞારસિક થયો. તેને સત્ય પારમાર્થિક વીતરાગોક્ત ધર્મવચન રુચ્યાં અને તે પચ્યાં.

તાત્પર્ય કે ત્યાગી નિઃસ્પૃહી મહાત્મા પુરુષોના નિર્દોષ

જીવન-વર્તન અને વચનની છાપ સહૃદય દ્રષ્ટા અને શ્રોતા ઉપર અજબ પડે છે. તેવા ઉત્તમ જનોની પ્રકૃતિ અને પ્રવૃત્તિ સ્વાર્થ-દોષ વગરની હોવાથી જ તે અન્યને ભારે અસર કરી શકે છે. આવા ઉત્તમ જનો સ્વપર હિત-સુખમાં અધિકાધિક વૃદ્ધિ જ કરતા રહે છે, ખરા સુખના અર્થી જનોએ એવા ત્યાગી નિઃસ્પૃહી મહાત્માઓનું જ શરણ લેવું ઉચિત છે.

---

૮. વિવેક વિષે.

વિવેક ગુણનું સેવન કરવા હિતોપદેશ.

(ઉપજાતિ વૃત્ત)

જો જેહ ચિત્તે સુવિવેક ભાસે,
તો મોહ અંધાર વિકાર નાસે;
વિવેક વિજ્ઞાનતણે પ્રમાણે,
જીવાદિ જે વસ્તુ સ્વભાવ જાણે. ૩૨

(ઇંદ્રવજ્રા વૃત્ત)

બાળાપણે સંયમ યોગ ધારી,
વર્ષાઋતે કાચલી જેણ તારી;
શ્રી વીરકેરો અઇમુત્ત તેઈ,
સુજ્ઞાન પામ્યો સુવિવેક લેઈ. ૩૩

જેમ હંસ દૂધ-પાણીને જુદા કરી દૂધ માત્રને ગ્રહણ કરી લે છે તેમ જેના વડે ગુણ--દોષ, હિત-અહિત, કૃત્ય-અકૃત્ય, ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, તથા ગમ્ય-અગમ્યને સારી રીતે ઓળખી પ્રથક્ પૃથક્ કરી, તેમાંથી સારરૂપ ગુણને જ

ગ્રહણ કરી દોષને તજી શકે છે, તેનું નામ જ યથાર્થ **વિવેક** છે. અંતરમાં જ્યારે સત્ય જ્ઞાનનો પ્રકાશ થાય છે અને ખરી તત્વ-શ્રદ્ધા જાગે છે ત્યારે જ યથાર્થ વિવેક પ્રગટે છે–ઉદય પામે છે. એનું મહાત્મ્ય અપૂર્વ અને અચિંત્ય છે, તે અંતરમાં પ્રકાશ કરતો બીજો (અપૂર્વ) સૂર્ય અને ત્રીજું (અપૂર્વ) લોચન છે.

શાસ્ત્રકારો કહે છે કે બીજી બધી ધાંધલ કરવી મૂકી દઈ એક વિવેકનો જ ખરી ખંતથી અભ્યાસ–આદર કરો જેથી મોહ–અંધકાર–રાગદ્વેષાદિ વિકાર નષ્ટ પામે. જેમ જેમ વિવેક અને વિજ્ઞાન કળા વધતી–ખીલતી જશે તેમ તેમ સ્વ–પર જીવ–અજીવાદિ જડ–ચેતનનું યથાર્થ સ્વરૂપ ઓળખાશે, તેમાં યથાર્થ પ્રતીત શ્રદ્ધા–આસ્થા બેસશે અને પ્રથમ જે મોહાદિક યોગે મુંઝવણ થતી હશે તે વિલય પામશે અથવા ઓછી થઇ જશે, રાગદ્વેષાદિક કર્મબંધનો તૂટી જશે, અથવા ઢીલા–પાતળાં પડશે અને આત્માની ઉપર આવેલાં કર્મના આવરણો દૂર થતાં નષ્ટ થઇ જતો આત્મા સ્ફટિક રત્ન જેવો ઊજળો–કર્મકલંક વગ-રનો–નિર્મળ થયેલો કે થતો સાક્ષાત્ અનુભવમાં આવશે. આ કંઇ જેવો તેવો લાભ નથી. અપૂર્વ અને અચિંત્ય મહાલાભ છે.

બાળપણમાં જ સંયમ યોગે, વર્ષાકાળ આવતાં રમતમાં કાચલી પાણી ઉપર તરતી મૂકનાર બાળ **અયમત્તામુનિ** ઇરિયાવહી પડિક્કમતાં–પાપની આલોચના કરતાં કેવળજ્ઞાન પામ્યા–કર્મબંધનથી મુક્ત થયા તે સદ્‌વિવેકના જ પ્રભાવે જાણી સહુ કોઇએ સદ્‌વિવેક અવશ્ય આદરવો.

૯. વૈરાગ્ય વિષે.

નિર્વેદ-વૈરાગ્ય વર્ણનાધિકાર.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

જે બંધુજન કર્મબંધન જિશા ભોગા ભુજંગા ગિણે,
જાણંતો વિષ સારિખી વિષયતા સંસારતા જે હણે;
જે સંસાર અસાર હેતુ જનને સંસાર ભાવે હુવે,
ભાવો તેહ વિરાગવંત જનને વૈરાગ્યતા દાખવે. ૩૪

(વસંતતિલકા વૃત્ત)

નિર્વેદ તે પ્રબળ દુર્ભર બંદિખાણો,
તે છોડવા મન ધરે બુધ તેહ જાણો;
નિર્વેદથી તજિય રાજ વિવેક લીધો,
યોગીંદ્ર ભર્તૃહરિ સંયમ યોગ સીધો. ૩૫

સંસારમાં જકડી રાખનારા સ્વાર્થી સ્વજન કુટુંબીઓને જે કર્મબંધનના હેતુરૂપ સમજે છે, વિષયભોગોને જે ભુજંગ જેવા ભયંકર-રોગવિકારજનક ગણે છે, અને વિષયસુખને વિષ જેવા દુઃખદાયક લેખે છે તેવા ખરા વૈરાગ્યવંત જનો જ આ સાંસારિક દુઃખનો અંત કરી શકે છે.

આ સંસારના જે જે અસાર ક્ષણિક એવા જડ પદાર્થો મોહવિકળ-મૂઢ જનોને સંસાર પરિભ્રમણ-જન્મમરણના હેતુરૂપ થાય છે તે જ અસાર પદાર્થો વૈરાગ્યવંત જનોને વૈરાગ્ય ભાવનું પોષણ કરનાર થાય છે. તે તે ક્ષણિક-જોતજોતામાં નાશ પામી જનારા, અશુચિ-અનંતા જીવોએ પ્રથમ ભોગવી

ભોગવીને છંડેલા હોવાથી ઉચ્છિષ્ટ રૂપ અને જડ–લગારે પણ ચૈતન્ય વગરના દેહાદિક પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કાર્ય–કારણનો બારિકીથી વિચાર કરતાં વૈરાગ્યવંત જનોનો વૈરાગ્ય બન્યો બનાવ્યો સ્થિર રહે છે એટલું જ નહિ પણ તેમાં ઉત્તરોત્તર પુષ્ટિ મળવાથી તે વૈરાગ્ય પરિપકવ થવા પામે છે, અને જેથી કરીને પછી વૈરાગ્યના ફળરૂપ ઔદાસિન્ય–ઉદાસીનતા ભાવ પ્રગટ થાય છે. કહ્યું છે કે—

" અનાસંગ મતિ વિષયમેં, રાગ દ્વેષ કો છેદ;
સહજ ભાવમેં લીનતા, ઉદાસીનતા ભેદ. "

જે વડે સુજ્ઞજનો આ અતિ આકરા દુઃખદાયક સંસાર કારાગ્રહમાંથી છૂટી જવા ધારે છે તે જ વૈરાગ્ય સમજવો.

રાજા **ભર્તૃહરિએ** એકદા ભેટ દાખલ આવેલ એક ઉત્તમ આમ્રફળ પોતાની રાણીને પોતે મોહવશ ખાવા આપ્યું, રાણીએ તે ફળ પોતાના યાર મહાવતને આપ્યું, મહાવતે તે ફળ પોતાની વહાલી વેશ્યાને આપ્યું, વેશ્યાએ તે ફળ પાછું ઉત્તમ વિચારથી રાજાને ભેટ કર્યું, રાજાએ તે ફળને બરાબર ઓળખી લીધું અને રાણીને તે બાબતની ખરી હકીકત પૂછી ખાત્રી કરી લીધી. તેમાંથી વૈરાગ્ય જાગ્યો અને પોતે રાજપાટનો વિવેકપૂર્વક ત્યાગ કરી, સંયમયોગ સ્વીકારી યોગી બન્યા. આ બધો પ્રભાવ વૈરાગ્યનો સમજવો.

૧૦. આત્મબોધ વિષે.

આત્મબોધ સંબંધી હિતોપદેશ.

(વસંતતિલકા વૃત્ત)

એ મોહ નિંદ તજી કેવળ બોધ હેતે,
તે ધ્યાન શુદ્ધ હૃદિ ભાવન એક ચિત્તે;
જ્યું નિઃપ્રપંચ નિજ જ્યોતિ સ્વરૂપ પાવે,
નિર્બાધ જે અક્ષય મોક્ષ સુખાર્થે આવે. ૩૬

(માલિની વૃત્ત)

ભવ વિષયતણા જે, ચંચળા સૌખ્ય જાણી,
પ્રિયતમ પ્રિય ભોગા, ભંગુરા ચિત્ત આણી;
કરમ દળ ખપેઇ, કેવળજ્ઞાન લેઈ,
ધનધન નર તેઇ, મોક્ષ સાધે જિ કેઈ. ૩૭

જે મહાત્મા મોહનિદ્રા–મોહવિકળતા–મોહાન્ધતાનો ત્યાગ કરે છે તે જ **આત્મબોધ** પામી શકે છે–એટલે જ તેને આત્મજ્ઞાન પ્રગટ થઇ શકે છે તેથી હ્રદયમાં શુદ્ધ સાત્વિક વિચારો–શુભ ચિન્તવન–રૂડાં ધ્યાનનો ઉદય થવા પામે છે અને હ્રદયની ભાવના પણ પવિત્ર બને છે.

પૂર્વોક્ત બાર ભાવના, અથવા મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાની પ્રબળતાથી આત્માની શુદ્ધ નિરુપાધિ જ્યોતિ જાગે છે અને તેમાં અન્ય સર્વ ભાન ભૂલીને લીન–એક રસ થઇ જવાથી અંતે અક્ષય મોક્ષપદની પ્રાપ્તિ થઇ શકે છે. મોહનિદ્રા તજવાથી (મોહમદિરાનો છાક ઉતરવાથી)

અંતરમાં જ્ઞાન પ્રકાશ થતાં શુદ્ધ ધ્યાન અને ભાવનાનું બળ વધતાં નિર્મળ આત્મજ્યોતિ-સ્વરૂપ સ્થિરતા પ્રગટે છે અને તેમાં સમરસ થઇ-નિર્વિકલ્પ થઇ સમાઇ જતાં સકળ કર્મના ક્ષયરૂપ-પરમાનંદ-મોક્ષપદ પ્રાપ્ત થાય છે. તેથી સકળ સુખના હેતુરૂપ આત્મબોધ મેળવવા જરૂર પ્રયત્ન કરવો અને તે મોહાધીનતા તજવાથી જ બની શકે એમ હોવાથી પછી અહંતા, મમતા તથા વિષયવાસના ટાળવા જરૂર લક્ષ રાખવું.

સંસાર સંબંધી ગમે તેવા અનુકૂળ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ પંચવિષયસુખ ક્ષણિક-અસ્થિર છે, તેમજ સ્ત્રી, પુત્ર, લક્ષ્મી અને યૌવનાદિક ઇષ્ટ વસ્તુઓનો સંયોગ ક્ષણભંગુર છે; એમ ચિત્તમાં ચોક્કસ ઠસાવીને નિર્મળ આત્મબોધ, આત્મશ્રદ્ધા અને આત્મરમણતા રૂપ પવિત્ર રત્નત્રયીની યથાવિધિ આરાધના કરી જે ધન્ય નરો પરમ પુરુષાર્થવડે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈ, સકળ કર્મ ખપાવી, કેવળજ્ઞાન પામીને પરમાનંદ-મોક્ષપદ પ્રાપ્ત કરે છે તેઓ જ ખરેખર પ્રશંસવા અને અનુકરણ કરવા યોગ્ય છે.

ઇતિ શ્રી સૂક્તમુક્તાવલ્યાં ચતુર્થ-પુરુષાર્થરૂપ મોક્ષવર્ગ સમાપ્ત

ઉપસંહાર

ધર્માદિક ચારે પુરુષાર્થનું સંક્ષિપ્ત સ્વરૂપ.

પ્રથમ ધર્મ વર્ગ

દુર્ગતિમાં પડતાં સર્વ જંતુને,
ધારવાથી ધરમ કહો તેહને;
સંયમ આદિ કહ્યો તે દશવિધ ભલો,
સુગુરુથી ભવિ ધર્મ તે સાંભળો. ૧

અજ્ઞાન, મોહ અને પ્રમાદવશ-સ્વચ્છંદ આચરણથી દુર્ગતિમાં પડતા પ્રાણીઓને હસ્તાવલંબન આપી, ધારણ કરી રાખે-બચાવી રાખે અને તેમને સદ્દગતિ સાથે જોડી આપે તે ક્ષમા આદિ દશ પ્રકાર અને સંયમાદિક સત્તર પ્રકારનો રૂડો **ધર્મ** શાસ્ત્રકારે કહ્યો છે. અહો ભવ્ય જનો! તેનું સ્વરૂપ સુગુરુ મુખથી સાંભળી ગ્રહણ કરો.

ક્ષમાદિક દશવિધ યતિધર્મ નીચે પ્રમાણે છે—

૧ **ક્ષમા**—સમતા-સહનશીલતા રાખવી.

૨ **મૃદુતા**—કોમળતા-સભ્યતા-નમ્રતા ધારણ કરવી.

૩ **ઋજુતા**—સરલતા-પ્રમાણિકતાનું સેવન કરવું.

૪ **નિર્લોભતા**—સંતોષવૃત્તિ સદા ય આદરવી.

૫ **તપ**—બાહ્ય અને અભ્યંતર એમ બન્ને પ્રકારનો તપ કરવો. અનશન, ઊણોદરી આદિ બાહ્ય અને જ્ઞાનધ્યાન, વિનય,

વૈયાવચ્ચમાં ખલેલ ન આવે-તેમાં વધારો થવા પામે તેવો ઉત્તરોત્તર વૃદ્ધિકારક તપ કરવા લક્ષ રાખવું.

૬ **સંયમ**—પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો-ઇન્દ્રિયોને કબજામાં રાખવી. શબ્દાદિ પાંચ વિષયસુખમાં ગૃદ્ધ-આસક્ત બનવું નહિ. ક્રોધાદિક ચાર કષાયોને વશ થવું નહિ. હિંસાદિ પાંચ દોષોથી દૂર રહેવું. સહુ જીવને આત્મ સમાન ગણવા, તથા મન-વચન-કાયાને સારી રીતે કેળવી કબજે રાખવા-મોકળા મૂકવા નહિ. ચપળતા નિવારી સ્થિરતા આદરવી. એ રીતે સત્તર પ્રકારથી આત્માનું સંયમન કરવું.

૭ **સત્ય વચન**—હિત-મિત અને પ્રિય એવું તથ્ય-સત્ય વચન બોલવું.

૮ **શૌચ**--રાગદ્વેષાદિ કષાયમળને ટાળી આંતરશુદ્ધિ કરવી. એટલા માટે સાવધાનપણે દેવગુરુની આજ્ઞા મુજબ ચાલવું અને ચારે પ્રકારનું અદત્ત પરિહરવું.

૯ **અકિંચનતા**—પરિગ્રહની મમતા-મૂર્છાને ટાળી નિઃસ્પૃહ-નિઃસંગ રહેવું.

૧૦ **બ્રહ્મચર્ય**—સર્વ અબ્રહ્મ-મૈથુનનો ત્યાગ કરી, મન-વચન-કાયાથી પવિત્ર શીલ-બ્રહ્મચર્યવ્રત પાળવું.

દ્વિતીય અર્થવર્ગ.

અરથ અરથ જેથી, અર્થથી સિદ્ધિ થાવે,
ધરમ કરમ સિદ્ધિ, અર્થવિણુ કો ન પાવે;
સકલ વિભવકેરો, અર્થ એ સાર જાણી,
સંપત પ્રવરકેરો વાવરો સૌખ્ય ખાણી. ૨.

જો પ્રથમ સુકૃત્ય કર્યાં હોય, દાનાદિક ધર્મકરણી ઉલ્લાસથી કરી હોય, દુઃખી ઉપર અનુકંપા આણી અર્થ–દ્રવ્ય ઉપરનો મોહ તજી તેનું દુઃખ નિવારણ કર્યું હોય, અતિથિ–સાધુ–સાધ્વી પ્રમુખ ધર્માત્માઓની યથોચિત સેવા–ભક્તિ કરી હોય, પૂર્ણ પ્રેમથી સ્વધર્મીવાત્સલ્ય કર્યું હોય, પવિત્ર તીર્થોની યાત્રા પૂજા કરી હોય, દેવગુરુનાં બહુમાન કર્યાં હોય, ગુણીજનોનો યોગ્ય સત્કાર કર્યો હોય, શાસ્ત્ર–આગમની સેવા કરી હોય, બાળ, તપસ્વી, વૃદ્ધાદિકની સેવા–શુશ્રૂષા–વૈયાવચ્ચ–ભક્તિ કરી હોય, ટૂંકામાં બની શકે એટલો પૈસાનો લાહો પૈસો ખર્ચીને લીધો હોય તો તે રીતે પૈસાનો સદુપયોગ કરનારને સહેજે–અનાયાસે પુષ્કળ દ્રવ્ય–અર્થની પ્રાપ્તિ થાય છે.

પુન્યાનુબંધી પુન્યવડે લક્ષ્મી સાથે સરસ્વતીની પણ કૃપા થાય છે. એટલે એથી જ્ઞાનસંપદા–સદ્‌બુદ્ધિ–ન્યાયબુદ્ધિ–ધર્મબુદ્ધિ–આત્મકલ્યાણબુદ્ધિ સ્વભાવિક રીતે આવે છે અને ધારેલો અર્થ સિદ્ધ થાય છે. મનોરથ ફળે છે. ધર્મ અને અર્થ–વ્યવહારનું પાલન રૂડી રીતે થાય છે. પરોપકારના રૂડાં કામ થઈ શકે છે અને સુયશ–આબરૂ વધે છે.

ઉપરોકત રીતે ન્યાય–નીતિ અને પ્રમાણિકતાથી ઉપાર્જન કરેલાં દ્રવ્યનો સદુપયોગ કરવાથી ધર્મ–અર્થ–કામ–મનની અભિલાષાની સહેજે સિદ્ધિ થાય છે. વળી લક્ષ્મીની અસ્થિરતા–ચપળતા સમજી તેના ઉપરનો મોહ **જંબૂકુમાર**ની જેમ તજી ઉત્તમ ક્ષેત્રમાં તેનો સદ્‌વ્યય કરી, સંયમ ગ્રહી સાવધાનપણે તેનું સેવન કરે છે તે મોક્ષલક્ષ્મીને પણ વરી શકે છે, એમ સમજી અર્થ ઉપરનો મોહ ઉતારી તેનો સદ્‌વ્યય કરવો.

તૃતીય કામવર્ગ.

ધરમ અરથથી કામ ન વેગળો,
ધરમ કામ કરે જગ તે ભલો;
સકલ જીવને સૌખ્ય એ કામ છે,
પરમ અરથમાં કામ નિદાન છે. ૩

અહીં કામ શબ્દનો અર્થ મનોરથ-ચિત્તની અભિલાષા એવો પારમાર્થિક કરવાનો છે; તુચ્છ વિષયભોગ એવો અર્થ કરવાનો નથી. મનોરથરૂપ જે કામ તે ધર્મ અને અર્થ પુરુષાર્થથી વેગળો નથી. ધર્મની કામના-અભિલાષા-મનોરથ કરનાર અથવા ધર્મના કામ કરનાર જીવો જગતમાં ભલા-ભવ્ય ગણાય છે. એવી રીતે ધર્મનાં કામ કરવા વડે જીવો સુખીયા થાય છે. પરમાર્થ સાધવામાં એવી કામના ખાસ જરૂરની છે.

ચતુર્થ મોક્ષવર્ગ.

अथ मोक्षवर्गप्रवरे प्रवरो भव त्वं ।
चेतोपदेशविधिना भवसंभवत्वं ॥
मोक्षार्थसाधनफलं प्रवरं वदंति ।
संत: स्वतो जगति तेऽपि चिरं जयंति ॥ ४ ॥

જો જન્મ-મરણનાં દુ:ખથી સર્વથા મુક્ત થવા તીવ્ર ઈચ્છા થઇ જ હોય તો પ્રથમના ત્રણે વર્ગ કરતા ચઢીયાતો-સર્વશ્રેષ્ઠ એવો મોક્ષાર્થ સાધવા હે ભવ્યાત્માઓ ! તમે તત્પર થાઓ; કેમકે તેનું ફળ સર્વોત્કૃષ્ટ અક્ષય-અનંત-સુખરૂપ છે અને તે પવિત્ર રત્નત્રયીનું યથાવિધિ આરાધન કરવાથી મળે છે.

सूक्तमुक्तावळीनी समाप्ति विषे

श्रीधर्मअर्थवरकामद्मोक्षमार्गे ।
किंचित् मया प्रगटितो उपदेशलेशः ॥
सन्मार्गगामिभिर्नरैः उपदेश धार्यः ।
तत्त्वस्वरूपमिति गम्य विचारणीयं ॥ ५ ॥

એ રીતે **ધર્મ, અર્થ, કામ** અને **મોક્ષમાર્ગ** સંબંધી જે કંઇ લેશમાત્ર ઉપદેશ મેં આપ્યો તે સન્માર્ગગામી જનોએ લક્ષપૂર્વક ધારી–અવગાહી તેનું તત્ત્વસ્વરૂપ વિચારવું અને તેમાંથી યથાયોગ્ય–પોતપોતાની યોગ્યતા અનુસારે આદર કરતા રહેવું.

અંતિમવચન.

(उपजाति वृत्तम्)

इत्येवमुक्ता किल सूक्तमाला ।
विभूषिता वर्गचतुष्टयेन ॥
तनोतु शोभामधिकां जनानां ।
कंठस्थिता मौक्तिकमालिकेव ॥ १ ॥

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગથી શોભતી આ પ્રકારે ખરેખરી સૂક્તમાલા મનુષ્યોની શોભાને વિશેષ પ્રકારે કરો અને ભવ્યજનોના કંઠમાં રહેલી મોતીની માળાની જેમ તેના વધારે શોભા–આનંદ–સુખને વિસ્તારો.

મૂળ-ગ્રંથકારની ગુરુપરંપરા પ્રશસ્તિ.

(शार्दूलविक्रीडितं वृत्तम्)

आसीत्सद्गुणसिंधुपार्वणशशी श्रीमत्तपागच्छपः ।
सूरिः श्रीविजयप्रभाभिधगुरुर्बुद्धया जितस्वर्गुरुः ॥
तत्पट्टोदयभूधरो विजयते भास्वानिवोद्यत्प्रभः ।
सूरिश्रीविजयादिरत्नसुगुरुर्विद्वज्जनानंदभूः ॥ २ ॥

સદ્‌ગુણરૂપ સમુદ્રને ઉલ્લાસ કરવામાં પૂર્ણિમાના ચંદ્ર સમાન અને શ્રીમત્ તપાગચ્છમાં શોભા સમાન એવા **વિજય-પ્રભ** નામના સૂરિ થયા કે જેણે બુદ્ધિમાં બૃહસ્પતિને પણ જીત્યો છે, તેમની પાટરૂપ ઉદયાચળ પર્વતને વિષે ચળકતી છે કાંતિ જેની એવા સૂર્ય સમાન અને પંડિતજનને આનંદ આપનાર સુગુરુ શ્રી **વિજયરત્નસૂરિ** થયા તે જય પામો.

विख्यातास्तद्राज्ये, प्राज्ञाः श्रीशान्तिविमलनामानः ।
तत्सोदरा बभूवुः, प्राज्ञाः श्रीकनकविमलाख्याः ॥ ३ ॥

તે વિજયરત્નસૂરિના રાજ્યને વિષે પ્રખ્યાત અને બુદ્ધિમાન્ એવા શ્રી **શાંતિવિમળ** નામના સુગુરુ થયા. તેમના ગુરુભાઈ શ્રી **કનકવિમળ** નામના મહા બુદ્ધિમાન થયા.

तेषामुभौ विनेयौ, विद्वान् कल्याणविमल इत्याख्यः ।
तत्सोदरो द्वितीयः, केसरविमलाभिधोऽवरजः ॥ ४ ॥

તે કનકવિમળજીને બે શિષ્ય થયા. તેમાં પ્રથમ શિષ્ય શ્રી **કલ્યાણવિમળ** નામના વિદ્વાન થયા અને બીજા તેમના નાના ગુરુભાઇ શ્રી **કેશરવિમળ** નામના થયા.

तेन चतुर्भिर्वर्गैः, रचिता भाषानिबद्धरुचिरेयं ।
सूक्तानामिह माला, मनोविनोदाय बालानाम् ॥ ५ ॥

તે શ્રી કેશરવિમળજીએ ચાર વર્ગવાળી સુંદર ભાષામાં બાંધેલી (ગુંથેલી) એવી આ મનોહર **સૂક્તમાલા** બાળજીવોના મનરંજનાર્થે રચી છે.

૪ ૫ ૭ ૧
वेदेन्द्रियर्षिचन्द्रे, संवत्प्रमिते श्रीवैक्रमे वर्षे ।
अग्रन्थि सूक्तमाला, केसरविमलेन विबुधेन ॥ ६ ॥

પંડિત શ્રી કેશરવિમળજીએ વિક્રમ સંવત્ ૧૭૫૪ ની સાલમાં આ **સૂક્તમુક્તાવલી** નામના ગ્રંથની રચના કરી છે.

ઇતિશ્રી સન્મિત્ર શાન્તમૂર્ત્તિ મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજવિરચિત શ્રીસૂક્તમુક્તાવળી ગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન સંપૂર્ણ.

ઉપદેશક

વાક્યામૃત-સંગ્રહ

જૈન યુવકોને ઉદ્દેશીને ઉપદેશ.

બંધુઓ ! તમે દેશ, સમાજ અને શાસનની ઊગતી આશારૂપ છો. તમારામાં બળ, ઉત્સાહ અને શુભેચ્છાઓ છે. જો તમારામાં ચઢતા લોહી સાથે ન્યાય, નીતિ ને પ્રમાણિકતા દાખલ થાય, વડીલોની સેવાદિક માર્ગાનુસારીપણું અનુસરવા જેટલું ધૈર્ય આવે, તથા વીતરાગ પરમાત્માએ પ્રકાશેલો પવિત્ર ધર્મ પ્રાપ્ત કરવા યોગ્ય ગંભીરતા, આરોગ્યતા, સૌમ્યતા, જનપ્રિયતા, હૃદયની કોમળતા, પાપ–ભવભીરુતા, અશઠતા, સુદાક્ષિણ્યતા, લજ્જાળુતા, દયાળુતા, મધ્યસ્થતા, નિર્પેક્ષતા, ગુણશીલતા, સત્યરસિકતા, સુપક્ષતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, વૃદ્ધાનુસારિતા, વિનીતતા, કૃતજ્ઞતા, પરહિતરસિકતા અને કાર્યદક્ષતા વિગેરે ઉત્તમ ગુણોનું સતત સેવન કરવાનું દૃઢ લક્ષ્ય થાય તો તમારા આત્માની ઉન્નતિ સારી રીતે થયા વગર ન જ રહે. તમે ભાઇઓ જ્ઞાની–અનુભવી–વૃદ્ધ વડીલોથી અળગા–અતડા રહેતા હોવાથી જૈન શાસનનું ખરું રહસ્ય યથાર્થ જાણી શકતા નથી, તથા સર્વજ્ઞ ભગવંતે પ્રકાશેલા તત્ત્વો ઉપર દૃઢ આસ્થા–પ્રતીતિ રાખી શકતા નથી, તેમજ તથાવિધ ચારિત્ર–સંયમબળને કેળવી શકતા નથી, તેથી આર્યક્ષેત્ર, મનુષ્ય જન્માદિક દુર્લભ સામગ્રી પામ્યા છતાં જોઇએ એવી આત્માની ઉન્નતિ સરલતાથી સાધી શકતા નથી. તત્ત્વાર્થ–શાસ્ત્રમાં સમ્યગ્ દર્શન (સમ્યક્ત્વ), જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ સંયુક્તને જ મોક્ષમાર્ગ કહ્યો છે. તે વગર ગમે તેવી કષ્ટકરણીથી જન્મમરણાદિક દુઃખના સર્વથા અંતરૂપ મોક્ષમાર્ગ પ્રાપ્ત થઇ શકતો નથી. પવિત્ર ધર્મકરણીવડે પાપ ને મલિન વાસનાનો અંત આવે છે. ડહાપણભરી અહિંસા (દયા), સંયમ અને તપ એ

ધર્મનું લક્ષણ કહ્યું છે. તેમાં દૃઢ આદર કરનાર મુમુક્ષુ જનોને દેવદાનવાદિક નમસ્કાર કર્યા કરે છે. મન-વચન-કાયાને કાબૂમાં રાખી સૌએ સદા યથાશક્તિ ધર્મકરણી કરવી જોઈએ. શુદ્ધ દેવ-ગુરુની સેવાભક્તિ, જીવદયા, શુભ પાત્રને યથોચિત દાન, ગુણીજનો ઉપર નિઃસ્વાર્થ પ્રેમ અને શાસ્ત્રનું પઠન-શ્રવણ-મનન કરતા રહેવાથી મન-વચન-કાયા પવિત્ર થઇ શકે છે, એટલે અંતરના દોષો દૂર થતાં પૂર્વોક્ત દર્શન, જ્ઞાન ને ચારિત્રલક્ષણ ધર્મની પ્રાપ્તિ થઈ શકે છે અને એ જ આ મનુષ્યજન્માદિક દુર્લભ સામગ્રી પામ્યાનું ઉત્તમ ફળ છે. સર્વજ્ઞકથિત જીવાદિકનો વિવેકભર્યો વિચાર કરવો એ બુદ્ધિ પામ્યાનું ફળ છે, યથાશક્તિ તપ, જપ, વ્રત-નિયમાદિકનું સેવન-પાલન કરતા રહેવું એ દેહ પામ્યાનું ફળ છે, વિવેકપૂર્વક પાત્રને દાન દેવું એ પૈસા પામ્યાનું ફળ છે અને અન્યને પ્રીતિ ઉપજે એવાં હિતવચન કહેવાં એ વાણી પામ્યાનું ફળ છે. એ મુદ્દાની વાત તરફ દુર્લક્ષ કરીને બહુધા નારદવૃત્તિવડે એકબીજાને લડાવી, અવળે રસ્તે દોરી બુદ્ધિનો દુરુપયોગ કરવામાં આવે છે. જરૂરીયાતો ઘટાડી મન ને ઇન્દ્રિયના દમનરૂપ સંયમ-માર્ગ સેવવાને બદલે સુખશીલતાથી મન અને ઇન્દ્રિયોને મોકળી મૂકી અસંયમને પુષ્ટિ આપવામાં આવે છે. સુપાત્રને દાન દેવાને બદલે બહુધા કુપાત્રને પોષી પૈસાનો ગેરઉપયોગ કરવામાં આવે છે અને હિત, મિત, સત્ય, મિષ્ટ-મધુરી વાણીવડે અન્યને સંતોષવાને બદલે તીર જેવાં તીક્ષ્ણ ને કટુક વચનોવડે પરને સંતાપવામાં આવે છે. પવિત્ર જિનવાણીનું ખરું રહસ્ય નહીં જાણવાનું અને હૃદયમાં નહીં અવધારવાનું એ અનિષ્ટ પરિણામ છે.

પરિપકવ બુદ્ધિ ને શ્રદ્ધાવાળા સુશીલ વડીલ જનોને અનુ-

સરી ચાલવાથી યુવક બંધુઓ! તમારામાં અધિકાધિક સદ્ગુણો આવશે, પણ તેમનાથી અતડા ને અતડા રહેવાથી તો તમે તેવા સદ્ગુણો મેળવવા ભાગ્યે જ યોગ્ય બનશો.

શુદ્ધ દેવ, ગુરુ ને સંઘ–સાધર્મી જનોની અતિ આદરપૂર્વક સેવા-ભક્તિ કરવાથી, તેમની સ્તુતિ–પ્રશંસા કરવાથી તેમના જેવા ઉત્તમ ગુણો તમારામાં સહેજે સંક્રાન્ત થઈ શકશે. જેમ બને તેમ દૃઢ ટેકથી શ્રાવક યોગ્ય પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોનું યથાવિધિ પાલન કરવા ઉજમાળ થાઓ. કુશ્રદ્ધા કે અશ્રદ્ધારૂપ મિથ્યાત્વ–મેલનો સર્વથા ત્યાગ કરો. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, હિતાહિતનો સમ્યગ્ પ્રકારે વિવેક રાખતાં શિખો. બાવીશ અભક્ષ્ય ને બત્રીશ અનંતકાયને સમજીને તેને તજો. વિદેશી દવા ને અભક્ષ્ય આસવો (પીણાં) તજો. પરસ્ત્રીગમન ને વેશ્યાગમન તજો તથા ચોરી, જુગાર ને સટ્ટાનો છંદ (ટેવ) તજો. તમે પોતે ઉત્તમ જ્ઞાની ને સુશીલ જનોનો સમાગમ કરી ખરા શ્રાવક યોગ્ય ગુણ મેળવો. જ્યાં સુધી તમે પોતે ધર્મપ્રાપ્તિને યોગ્ય પાત્રતા મેળવવામાં પ્રમાદ કરશો ત્યાં સુધી તમારી જાતને સુધારી શકશો નહીં, તો પછી બીજા તમારા મિત્ર–સ્વજનાદિકને ક્યાંથી સુધારી શકશો ? સ્વદેશ, સમાજ ને શાસનની સેવા કરવાની તમને હોંશ હશે જ, પણ તેને સફળ કરવા માટે ઉપર જે દિશા–માર્ગ બતાવેલ છે તેને ખૂબ લક્ષ્ય-પૂર્વક સમજી, આદરવા સદા ઉત્સુક બનો!

[જૈ. ધ. પ્ર. પુ. ૪૦, પૃ. ૭૮.]

ઉત્સાહી જૈન યુવકો પ્રત્યે પ્રેરક વચન.

૧. સમયાનુકૂળ સર્વદેશીય કેળવણી સહુ ઉત્સાહી યુવકોએ જાતે મેળવવા સક્રિય (સફળ) પ્રયત્ન કરવો અને તેવી જ સુંદર સર્વાંગીણ કેળવણી પોતાની સંતતિને આપવા-અપાવવા જરૂર લક્ષ્ય રાખવું, જેથી તેનાં મિષ્ટ-મધુરાં ફળનો રસાસ્વાદ તેમને પણ સારી રીતે મળી શકે.

૨. કોઇ પણ પ્રકારનું અપલક્ષણ યા કુવ્યસન પોતાનામાં કે સંતતિમાં રહેવા ન પામે તેવું દૃઢ લક્ષ્ય રાખી પ્રવર્તન કરવું ઘટે, જેની આબાદ-સુંદર અસર આસપાસના જીવો પર પણ થવા પામે.

૩. સત્ય, પ્રમાણિકતા, સ્વદેશસેવા, સાધર્મીવાત્સલ્ય, મૈત્રી, મુદિતા, કરુણા, માધ્યસ્થ ભાવના, શુદ્ધ અટલ શ્રદ્ધા પ્રમુખ એક કે અધિક સદ્‌ગુણનો અભ્યાસ સુદૃઢ ભાવથી કરવો જોઇએ.

૪. માર્ગાનુસારીપણાના ૩૫ ગુણો પવિત્ર ધર્મરત્નની પ્રાપ્તિ અર્થે મેળવવા સારુ જરૂર પ્રયત્ન કરવો જોઇએ.

૫. પાત્રતા વગર પ્રાપ્તિ ન થઇ શકે તેથી ગંભીરતાદિક એકવીશ ગુણોનો પણ જરૂર અભ્યાસ કરવો જોઇએ.

૬. આપણા ઉપકારી પૂજ્યવર્ગની સેવા-ભક્તિ સંપૂર્ણ પ્રેમથી કરવા ભૂલવું ન જોઇએ.

૭. અંદર અંદર કલેશ, કંકાસ ને કુસંપથી આપણે બહુ ઘસાતા જઇએ છીએ. દિનદિન વધતો જતો ભયંકર ઘસારો અટકે એવું સમયોચિત સદ્‌વર્તન આપણે કરી બતાવવું જોઇએ.

૮. જૂના વિચારના વૃદ્ધ જનોથી અતડા નહીં પડી જતાં, પ્રેમવાત્સલ્યથી તેમનાં દિલ જીતી લઈ, તમારે જે કંઇ તેમને કહેવા જેવું હોય તે શુદ્ધ સરલભાવે વિનયપૂર્વક જણાવતા રહેવું જોઇએ.

૯. તેમનામાં ક્રિયારુચિ વધારે જણાય છે, ને તમારામાં જ્ઞાનરુચિ વધારે હોય છે. તમારો ને તેમનો મેળાપ શુદ્ધ હેતુ-પૂર્વક થાય તો તે લાભદાયક થવા પામે. ફક્ત એક બીજાની રુચિ તોડવાની બુદ્ધિ ન જોઇએ પણ જોડવાની જ હોવી જોઇએ, નહિં તો પડેલું અંતર દિનપ્રતિદિન વધતું જવા સંભવ રહે છે.

૧૦. એક અદના જૈન તરીકેનું આપણું કર્તવ્ય પૂરા પ્રેમથી જાણી લેવા દરેકે કાળજી રાખવી જોઇએ; એટલું જ નહિં પણ તેમાંથી બની શકે તેટલું સદાચરણ સેવવા સદા ય તત્પર રહેવું જોઇએ.

૧૧. આપણા ધર્માનુયાયીઓની સંખ્યા દિનદિન ઘટતી જવાનાં ખરાં કારણો શોધી કાઢી, આપણે ચેતીને ચાલવું જોઇએ અને આપણા નીકટ સંબંધીઓને પણ ચેતી ચાલવા સમજાવવા જોઇએ.

૧૨. નિઃસ્વાર્થપણે દેશ, સમાજ ને શાસનસેવા કરનારા આપણામાં થોડા જ દેખાય છે. જે થોડા ઘણા હોય તેમને કડવી ટીકા કરી તોડી નહીં પાડતાં તેમની નિઃસ્વાર્થ સેવાની કદર બૂઝી, તેમને ઉત્સાહિત કરવા જોઇએ કે જેથી તેઓ દેશ, સમાજ ને શાસનસેવા અર્થે પોતાથી બનતું કાર્ય કરતા રહે.

૧૩. શુદ્ધ અહિંસાધર્મના અનુયાયી તરીકે દરેકે દરેક

ઉત્સાહી યુવકે જે જે કાર્યમાં પુષ્કળ જીવહિંસા થતી જણાય તેવા નિન્દ્ય વ્યાપાર કરવા–કરાવવાથી તેમ જ તેવા મલિન ખાન-પાન ને વસ્ત્રાદિથી દૂર જ રહેવું જોઇએ.

૧૪. અહિંસાનો બહોળો અર્થ ચીવટથી સમજી લઇ અન્ય ભાઇબહેનોને સમજાવવા દૃઢ પ્રયત્ન કરવો ઘટે, જેથી અજ્ઞાનવશ લોકોમાં અપવાદપાત્ર નહીં થતાં સુજ્ઞાન–વાસનાયોગે સર્વત્ર સત્કાર જ પામે.

૧૫. નકામી ચર્ચામાં સમય ને શક્તિનો વ્યર્થ વ્યય નહીં કરતાં, સાચી વાતનો વગર વિલંબે સ્વીકાર કરી લેવો ઘટે.

૧૬. આપણામાં સ્ત્રીકેળવણીની ખામી બહુ ખટકે એવી હોવાથી તે સુધારવા ને વધારવા દીર્ઘદૃષ્ટિ વાપરવી જોઇએ.

૧૭. ઉત્તમ પ્રકારની રહેણી–કરણી રાખી દરેક સ્ત્રીપુરુષે પોતાનું જીવન આદર્શરૂપ બનાવવું જોઇએ, જેથી ભવિષ્યની સંતતિ પણ ઉત્તમ પ્રકારની થવા પામે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૧, પૃ. ૩૪૯]

આપણી આધુનિક શોચનીય સ્થિતિ સુધારવા સમાજ અને શાસનની દાઝ દિલમાં ધરનાર સજ્જનોને બે બોલ.

૧. આપણા સમાજની આર્થિક, નૈતિક, સામાજિક ને ધાર્મિક સ્થિતિ કઢંગી થતી જાય છે તે વાત હવે દીવા જેવી લાગતી હોય તો જૈનસમાજનું હિત હૈડે ધરનારા સુગુણી સાધુજનોએ તેમ જ ગૃહસ્થ ભાઇબહેનોએ તેનાં ખરાં કારણ

બારિકીથી શોધી કાઢી, તે મટાડવા બને તેટલો જાતે પ્રયત્ન કરવો અને બીજા સહૃદય સાધુજનોને તેમ જ ગૃહસ્થજનોને તેમ કરવા સમજાવવા.

૨. કૉન્ફરન્સના અધિવેશન (બેઠક) પ્રસંગે જો કે ચાલુ કઢંગી સ્થિતિમાં સુધારો થવા પામે એવા શુભાશયથી કેટલાક ઠરાવો બહુમતિથી પાસ કરવામાં આવે છે; પરંતુ તેનો પૂરો અમલ થાય તેવું જવાબદાર પ્રતિનિધિ તત્ત્વ તેમાં આમેજ કરવાની અને તેવી પૂરતી તપાસ રાખવાનો પ્રબંધ કરવાની ખાસ જરૂર છે.

૩. કૉન્ફરન્સે કે સ્થાનિક સંઘે જે કંઇ હિતશાસન ફરમાવ્યું હોય તેનો ચીવટથી અમલ કરવા તેનો દરેક પ્રતિનિધિ કે સભ્ય પોતે બંધાયેલો છે, એવું સમજાવવું જોઇએ.

૪. બીજી સમાજમાં આપણે હલકા પડીએ–દેખાઇએ એવી દરેકે દરેક બદી શોધી તેને દૂર કરવા માટે બનતું મથન કરવાની ખાસ લાગણી જાગવી જોઇએ.

૫. આપણી ઉન્નતિનો ઉપાય ગમે તેણે સમજપૂર્વક સહુને આદરવા ઉપસ્થિત કર્યો હોય તો તેને જોઇએ તેટલો ટેકો આપી વધાવી લેવો જોઇએ.

૬. મીશનરીઓ ને બીજા કઇક સમાજો કઈ રીતે કામ કરી તેમાં સફળતા મેળવતા જાય છે તેનો વિચારપૂર્વક અભ્યાસ સુસાધુઓ, સાધ્વીઓ તેમ જ સદ્ગૃહસ્થોએ કરવો જોઇએ.

૭. આવા પવિત્ર હેતુ ને આશયથી સુસાધુ–સાધ્વીઓ તેમ જ ગૃહસ્થોએ તેમાં સક્રિય ભાગ લઇ આપણી સર્વદેશી ઉન્નતિ

સધાય તેમ કરવું જોઇએ. તે માટે પ્રથમ એકઠા થઇ એકબીજાના વિચારની આપલે કરવી જોઈએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૧, પૃ. ૪૨૩]

જીવનને સરસ ને સફલ કરવા યોગ્ય દિશા–સૂચન

૧. આપણા વિકાસમાં વિઘ્ન કરનાર ખાસ કરીને આપણું અજ્ઞાન જ છે.

૨. જેટલા પ્રમાણમાં પરમાત્મ તત્ત્વ તરફ આપણું હૃદય ખુલ્લું રખાય છે તેટલા પ્રમાણમાં આપણે તેની નજદીકમાં આવીએ છીએ.

૩. ધાર્મિકતામાં ખરું જીવન છે, ને તેને અનુસરવામાં અલાભ જેવું છે જ નહીં.

૪, સંપૂર્ણ આરોગ્ય એ સ્વાભાવિક સ્થિતિ છે, અને અનારોગ્ય એ વિભાવિક છે.

૫. રોગનો ઉપાય કરવા કરતાં આવતા રોગથી બચવું અધિક હિતકર છે.

૬. વિરોધી વિચારોની ભાવના આપણી ઉન્નતિની આડે આવે છે.

૭. આનંદી સ્વભાવ એ ઔષધનું કામ સારે છે.

૮. સર્વના હિતમાં આપણું ખરું હિત સમાયેલું જાણી સહુના હિતચિંતવન સાથે દુઃખી જનોના દુઃખનો ઉચ્છેદ થાય તેમ પ્રવર્તવું.

૯. કલ્પિત સ્વાર્થ જ સર્વ અપરાધનું, સર્વ પાપનું અને અશ્રેયનું મૂળ છે.

૧૦. સામામાં રહેલા સ્વાભાવિક ગુણોને જ જોતા રહી, તેને પ્રોત્સાહન આપવું એ જ આપણો ધર્મ છે; તેથી સ્વપર-ઉભયને લાભ થવા પામે છે.

૧૧. ખરી પૂર્ણતા પામેલો જીવ સર્વત્ર પૂર્ણતા જોઇ રહે છે.

૧૨. સદ્‌ગુણીને જોઈ દિલમાં પ્રમોદ પામવો, મનમાં લગારે કચવાટ ધરવો નહીં.

૧૩. પ્રમોદ યા મુદિતા ભાવથી આપણું હૃદય કોમળ બને છે.

૧૪. આત્મા મૂળ તો સ્ફટિક જેવો નિર્મળ છે, પરંતુ પાપ-પુન્યરૂપ ઉપાધિના સંબંધથી તે રાગદ્વેષાદિક વિકારને પામતો રહે છે.

૧૫. સદ્વિવેકયોગે કર્મજનિત રાગદ્વેષાદિક પરિણામ ટાળી શકાય છે.

૧૬. પરનિંદાદિક પાપકારી જીવ ઉપર પણ દ્વેષ નહીં ધરતાં બની શકે તો નિઃસ્વાર્થ પ્રેમવડે તેને વશ કરી સાચા માર્ગે સ્થાપન કરવો.

૧૭. દ્વેષ કરવાથી તો સ્વપર ઉભયનું બગડે છે, વૈરવિરોધ વધે છે.

૧૮. સામાને સુધારવો અશક્ય જણાય ત્યારે પણ મનમાં ખેદ નહીં કરતાં, સામાને કર્મવશવર્તી જાણી, સમભાવે રહી સ્વ-પરહિત સાધવું.

૧૯. છદ્મસ્થ મનુષ્ય ભૂલને પાત્ર છે. તેને દેખીને હસવું નહીં, પણ મનનું સમાધાન કરવું.

૨૦. સર્વેને અભય આપી અભય પમાશે. વાવશો તેવું જ લણશો.

૨૧. દ્વેષનો નાશ કદાપિ દ્વેષથી થતો નથી, પરંતુ પ્રેમથી જ તેનો નાશ થાય છે.

૨૨. નમ્ર ને દિલસોજ વાણી દુઃખી દિલને અપૂર્વ શાંતિ અર્પે છે.

૨૩. દયા વિનાનું જીવન ખરું જીવન નહીં પણ જીવતું મરણ છે. દયા એ અંતરની લાગણી છે. તક મળતાં તેનો વિકાસ સાધો, તેને બુઠી થવા ન જ દો.

૨૪ જેવો આપણો આત્મા તેવો જ સહુનો લેખી તદ્યોગ્ય આચરણ કરો.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૩૮૩.]

અભણ માનવબંધુઓ પ્રત્યે કર્તવ્ય ભાવના.

૧. દિલમાં ખરી દયા પ્રગટી હોય તો કોઇનો તિરસ્કાર કેમ કરાય ?

૨. કીડી મંકોડી જેવા જંતુઓ કરતાં મનુષ્ય પ્રત્યે ઓછી દયા ન ઘટે.

૩. અને તે કહેવા માત્ર નહીં, પણ સર્વ શક્ય પ્રકારે અમલમાં મૂકવી જોઇએ.

૪. સહુને અભય આપવા ઉજમાળ રહેવાથી આપણે અભય બનશું.

૫. અને સ્વેચ્છાએ પરને સંતાપ ઉપજાવવાથી આપણે સંતાપજ પામીશું.

૬. અત્યારે કમનશીબે અજ્ઞાન ને કલ્પિત સ્વાર્થવશ બનીને

દુર્લભ માનવભવાદિ સામગ્રી પામેલાની પણ દયા ભૂલાઇ જઇ તેની ઘણી ઉપેક્ષા કરાય છે.

૭. ખરી રીતે સહુ કોઈ માનવ બંધુઓ સ્વાશ્રયી બનો, બીજા કોઈની આશા રાખીને ન જ રહે એ ઇચ્છવાયોગ્ય છે.

૮. સહુના સ્થિતિ–સંયોગો સરખા રહેતા નહીં હોવાથી જ્યારે કોઇને ઉચિત સહાયની જરૂર જણાય ત્યારે તે લગારે સંકોચ વગર પ્રસન્ન દિલથી નિ:સ્વાર્થ ભાવે તરત આપીને સારા સ્થિતિ–સંયોગવાળાએ પોતાનું કર્તવ્ય બજાવવું જ જોઈએ. એથી આપણી–સમાજની સાર્થકતા લેખાય છે.

૯. તેવે વખતે કચવાઇને કે તિરસ્કારથી નહીં જેવી મદદ કરાય તેની કિંમત નથી. અભયદાન સર્વ દાનમાં શ્રેષ્ઠ કહ્યું છે તે સાચું જ સમજાયું હોય તો તમે પોતે કરકસર કરી–અર્થવગરના બીજા ઉડાઉ ખર્ચ બંધ કરી પહેલાં જ તમારા બંધુઓની યોગ્ય સારસંભાળ કરો.

૧૦. તે સાથે તેનામાં પુરુષાતન આવે ને ખીલે એવો ઉચિત બોધ આપશો, તો તે સોનું ને સુગંધ જેવો થશે; પરંતુ સહાય કર્યા વગર કેવળ ઉપલક બોધ દેશો તો તે લેખે આવી શકશે નહીં.

૧૧. સહુના દહાડા સરખા હોતા નથી. વળી ‘ લક્ષ્મી આજે છે ને કાલે નથી ’ એવી તેની નશ્વરતા સમજી વિવેકથી તેનો લાભ લેવાનું ચૂકવું નહીં.

૧૨. સીદાતા આપણા સ્વધર્મી બંધુઓની પહેલી સંભાળ લેવી ઘટે. દરેક શ્રીમંત જૈનબંધુને જરૂર એટલી લાગણી પ્રગ-

ટવી જોઇએ કે હું સુખી સ્થિતિમાં ટકી રહું ત્યાં સુધી તો બને તેટલું તેમનું....અન્યનું દુઃખ ફેડું.

૧૩. અન્યના બાળકોને પણ કેળવણી લેવા માટે બને તેટલી સહાય જરૂર આપવી.

૧૪. બીજાઓએ પણ દરેક જરૂરી પ્રસંગે કેવળ કર્તવ્યભાવનાથી અન્યને યોગ્ય સહાય દેવા તત્પર રહેવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૩૮૪]

થોડાંએક વચનામૃતો.

પ્રભુપ્રીતિ, સિંહવૃત્તિ, સાચી સેવા, નમ્રભાવ ને સાદાઇ એ આપણા જીવનને સાચે માર્ગે દોરે છે.

૧. જગત તરફ–દુન્યવી દુનિયા તરફ–દુનિયાના માયાવી ભાવો તરફ–પ્રપંચો ને પ્રલોભનો તરફ અલક્ષ્ય થાય ત્યારે જ પ્રભુ તરફ લક્ષ્ય થવા પામે.

૨. અન્યની ખામીઓ જોવા પહેલાં આપણી પોતાની ખામીઓ જોઈ–તપાસીને શોધી કાઢવી જોઇએ અને તે ખામીઓને દૂર કરી દેવી જોઈએ.

૩. અન્યની નિંદા કરવા કરતાં આપણા પોતાના જ દોષોની નિન્દા કરવી.

૪. દયા ને નિઃસ્વાર્થ પ્રેમમાં વધારો કરવો અને નાશવંત વસ્તુઓ ઉપરથી મનને ઉઠાવી લઇ, આત્માના શાશ્વત ગુણો ઉપર મનને સ્થિર–એકાગ્ર કરવું.

૫. કોઈને હલકા કહેવા કરતાં પોતાની હલકાઇ જોવી અને તેને દૂર કરી દેવી. પરને હલકા કહેવામાં પોતાની હલકાઈ છે.

૬. આત્મકલ્યાણ સાધતાં–સાધવા જતાં વચ્ચે અંતરાયરૂપે જે કોઇ માત–પિતા, સ્ત્રી–પુત્રાદિક મોહવશ આડે આવે તે સહુનો વિવેકપૂર્વક ત્યાગ કરવો–તિરસ્કારથી નહીં, પરંતુ પ્રેમથી તેમને વિવેકપૂર્વક સમજાવી લેવા.

૭. દુઃખના પ્રસંગોમાં અધીરજ કે આકુળતા કરવી નહીં; પરંતુ બહુ જ ધીરજ ધારણ કરી ખરી ખંતથી તેનો યોગ્ય પ્રતિકાર કરવો. પ્રસિદ્ધ કહેવત છે કે–Patience and Persevearance overcome mountains–ધૈર્ય (ધીર) અને ખંતભર્યા ઉદ્યોગથી ગમે એવી મોટી આપત્તિઓનો પણ અંત આવે છે, તેમ જ મનમાની સંપદાઓને પામી શકાય છે.

૮. ગમે એવા દુઃખદ પ્રસંગમાં અતિ ઉતાવળ અને અધિરાઈ કરવી તે ઊલટી હાનિકારક નિવડે છે. Haste is Waste એ પ્રસિદ્ધ કહેવત આપણે ખાસ યાદ રાખવા યોગ્ય છે. એવે વખતે તો પ્રભુ મહાવીર જેવા સમર્થ આદર્શ સમા મહાપુરુષના પવિત્ર ચરિત્રનું સ્મરણ કરીને, તેમના પુનિત માર્ગને અનુસરવા પુરુષાતન ફોરવવું.

૯. ગમે તેવાં કષ્ટ આવતાં સજ્જનો પોતાની સજ્જનતા તજતા જ નથી; દુઃખ તો કેવળ તેમની કસોટી જ કરે છે, તેથી તેનાથી તે હારી જતા નથી, પણ ઊલટા વધારે સાવધાન બને છે. તેઓ સિંહવૃત્તિને જ ધારણ કરે છે, કદાપિ શ્વાનવૃત્તિને ધારણ કરતા જ નથી.

૧૦. સિંહવૃત્તિને ધરવાથી દુઃખનો અત્યંત અભાવ (સર્વથા વિનાશ) કરી શકાય છે, પણ શ્વાનવૃત્તિ ધારણ કરવાથી તો દુઃખમાં ઊલટો વધારો જ થતો જાય છે.

૧૧. સુખદુઃખમાં સમભાવ–અનાકુળતા તે **સિંહવૃત્તિ** ને વિષમભાવ–આકુળવ્યાકુળતા તે **શ્વાનવૃત્તિ**. દુઃખને અદીનપણે–સમભાવે ભોગવતાં મિત્રની પેઠે તે ઉપકારક થાય છે.

૧૨. બહારનાં કલ્પિત ને ક્ષણિક સુખમાં લોભાઇ નહીં જતાં, સાચું અવિનાશી સંપૂર્ણ મોક્ષસુખ મેળવવું જોઇએ. તેટલો આત્મભોગ આપવો–સંયમ સેવવો એ જ **સિંહવૃત્તિ** છે.

૧૩. પરિણામદર્શી મહાનુભાવો અક્ષય મોક્ષસુખને માટે મથન કરતાં પ્રમાદ રહિત વર્તે છે, પણ ક્ષણિક સુખદુઃખમાં મુંઝાઇ જતા નથી.

૧૪. જીવમાત્રની જોડે એવું વર્ત્તન રાખવું કે જેથી કોઇ પણ જીવને આપણા નિમિત્તે લેશમાત્ર દુઃખ ન થાય. ધર્મશાસ્ત્રોનું સાર–રહસ્ય એ છે કે આપણે જાતે બને તેટલું સહન કરી લેવું, પણ બીજા કોઇને પ્રતિકૂળતા–પીડા ઉપજાવવી નહીં. સહુને આપણા આત્મા સમાન લેખવવા.

૧૫. સુસાધુ–સંત કે વડીલ–મોટેરાઓની સેવા કે આજ્ઞાઓને કોઇ પણ તર્ક કે દલીલોમાં ઉતર્યા વગર એકદમ પ્રેમથી અનુસરવું. જ્યારે કંઇ શંકા ઉત્પન્ન થાય ત્યારે મોહના વમળમાં નહીં પડતાં બતાવેલું કામ પૂરું કરીને, વિનયપૂર્વક સમજવાની બુદ્ધિ રાખી શંકાનું સમાધાન કરી લેવું. તેમની પ્રસન્નતા મેળવવાનો એ ઉત્તમ ઈલાજ છે.

૧૬. કોઇ પણ વસ્તુ વગર ચલાવી લેતાં શીખી લેવું. આ દેહને અને મનને જેવી રીતે રાખવા ટેવ પાડીએ તેવી રીતે એ રહેવાને ટેવાઇ જાય છે; તેથી કોઇ પણ ટેવ પાડતાં પહેલાં હિતાહિતનો અવશ્ય વિચાર કરવો. વગરવિચાર્યા એકદમ સાહસ કરીને ખોટી ટેવ પાડવી નહીં; કારણ કે ટેવ પાડ્યા પછી તેને કાઢવી મુશ્કેલ પડે છે. એટલું જ નહીં પણ અવિચારી ટેવો પાડવાથી દેહની, મનની, ધર્મની, ઇજ્જત-આબરૂની અને પૈસાની ઘણી વાર ફોગટ બરબાદી થાય છે અને પોતે દુર્ગતિનો અધિકારી બને છે. તેટલા માટે એવી ટેવો પાડતાં પહેલાં હિતાહિતનો પૂરતો વિચાર કરવો-ભૂલવું નહીં.

૧૭. સર્વજ્ઞભાષિત સત્ય ધર્મ પામવો ચિન્તામણિરત્ન સમાન અતિ દુર્લભ છે.

૧૮. ધર્મ સઘળી મનકામના પૂરી કરીને, અંતે અક્ષય મોક્ષ-સુખ મેળવી આપે છે.

૧૯. મોક્ષ પામવા માટે ઉત્તમ પાત્રતાની જરૂર છે. First Deserve and then Desire:—પ્રથમ પાત્રતા મેળવો અને પછી તેને પામવા ઇચ્છા કરો.

૨૦. પાત્રતા પામેલ પુરુષ, યોગ્ય પુરુષાર્થવડે ઇચ્છિત વસ્તુને પામી શકે છે.

૨૧. પાત્રતા પામ્યા છતાં, તથાવિધ પુરુષાતન પ્રમુખ યોગ્ય સાધનસામગ્રીનો સુયોગ મેળવ્યા વગર, પવિત્ર ધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી.

૨૨. અક્ષુદ્રતા-ગંભીરતા, શરીર સુઘડતા, સૌમ્યતા, લોક-

પ્રિયતા, અક્રૂરતા, પાપભીરુતા, અશઠતા, સુદાક્ષિણ્યતા, લજ્જાળુતા, દયાળુતા, સમદષ્ટિ, મધ્યસ્થતા, ગુણાનુરાગિતા, સત્યપ્રિયતા, સુપક્ષતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, વૃદ્ધાનુસારિતા, વિનીતતા, કૃતજ્ઞતા, પરોપકારરસિકતા અને કાર્યદક્ષતાદિક ઉત્તમ ગુણોના સતત અભ્યાસી, તથાવિધ સાધનસામગ્રી યોગે, પવિત્ર ધર્મ-રત્નને પામી શકે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૩૭૭]

બોધવચનો.

૧. મનને શુદ્ધ કરવા કાયમ **નમસ્કાર મહામંત્રનો** અખંડ જાપ કરવો.

૨. વિવિધ ઈચ્છા-કામનાનો રોધ તે જ તપ અને તે જ વૈરાગ્ય પરિણામે સુખદાયી થાય છે.

૩. જેવી મતિ તેવી ગતિ, એટલે ઉદિત મતિ સુધારવી.

૪. આત્મસાધન કરવાની હાથ આવેલી તક ગુમાવવી નહીં.

૫. પરના અવગુણ સામું જોવું નહીં-ગુણ જ લેવો.

૬. નિંદક વગરમૂલ્યે મેલ સાફ કરનાર હોવાથી ઉપગારી લેખાય.

૭. જેમ બને તેમ શરીરમમતા ઓછી કરવી અને આપણો આત્મા જ શક્તિરૂપે પરમાત્મા છે એવો અનુભવ શાન્તચિત્તે કરવો.

૮. શાસ્ત્રાદિ ભણવું-ગણવું એ દ્રવ્યજ્ઞાન છે અને આત્મસ્વરૂપ જાણવું-અનુભવવું તે ભાવજ્ઞાન છે.

૯. દેહપુદ્ગળમાં કે તેવી બાહ્ય જડ વસ્તુઓમાં ખુશી-

આનંદ માને તે **પુદ્ગલાનંદી** લેખાય, ભવ-સાંસારિક સુખમાં આનંદ પામે તે **ભવાભિનંદી** લેખાય અને આત્માના સહજ નિરુપાધિક જ્ઞાનાદિક ગુણોમાં આનંદ પામે તે **આત્માનંદી** લેખાય.

૧૦. આપવું એવું લેવું, વાવવું એવું લણવું.

૧૧. સહુને અભય આપી, અભય મેળવી શકાશે.

૧૨. કોઇને પ્રતિકૂળતા ઉપજે તેવું આચરણ કરવું નહીં.

૧૩. સદ્ગુણી ઉપર પણ દ્વેષ રાખવો-અરુચિ કરવી એ **અનંતાનુબંધી ક્રોધ,** સદ્ગુણીને પણ હલકા પાડવા, તેમનું અપમાન કરવું, સ્વગુણોનો ઉત્કર્ષ કરવો તે **અનંતાનુબંધી માન,** ગુણીજનોના છતા ગુણો ગોપવવા અને પોતાનામાં અછતા ગુણોનો દેખાવ કરવો તે **અનંતાનુબંધી માયા** અને અન્યની સત્ય માનપ્રતિષ્ઠા સાંખી ન શકવી એટલું જ નહીં પણ ખોટી માન-પ્રતિષ્ઠાનો લોભ રાખવો તે **અનંતાનુબંધી લોભ** જાણવો.

૧૪. તૃષ્ણા જેવો આકરો વ્યાધિ નથી અને સંતોષ સમાન ઉત્તમ સુખ નથી એ અનુભવગમ્ય છે.

૧૫ ક્ષણવિનાશી આ દેહાદિક પદાર્થો ઉપરની મમતા-આસક્તિ બને તેટલી ઓછી કરવી અને જ્ઞાનાદિક નિજ ગુણોમાં જ મમતા કરવી. આત્મા અને આત્માના ગુણો અવિનાશી-નાશ વગરના છે.

૧૬. 'હું ને મારું' 'અહંતા ને મમતા' જ આત્મગુણનો દાટ વાળે છે તે યાદ રાખવું.

૧૭. સમ્યગ્ દર્શન (સમ્યક્ત્વ), સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ આત્મકલ્યાણનો ખરો ઉપાય જીવને હાથ આવવો બહુ દુષ્કર છે; પરંતુ સારા ભાગ્યે સુગુરુકૃપાએ તે જેને પ્રાપ્ત થયેલ હોય અને જે તેનું યથાર્થ પાલન કરે તેનો બેડો પાર થવાનો સમજવો.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૩૯૩]

સૂક્ત-વચનો

૧. ગમે તેની પાસેથી પણ હિતવચન ગ્રહણ કરવું; તેનો અનાદર ન જ કરવો યતઃ–' **बालादपि हितं ग्राह्यम् ।** '
૨. હિતસ્વી જનોનાં હિતવચનો અવશ્ય હૈયે ધરવાં.
૩. જેમ બને તેમ ખંત રાખીને વ્યવહારશુદ્ધિ સાચવવી.
૪. આપઆપણી જવાબદારી બરાબર લક્ષ્યમાં રાખવી.
૫. થયેલી ભૂલ સમજાતાં તેને તરત સુધારી લેવી.
૬. સત્સંગ સેવીને સારા સદ્ગુણો આપણામાં પ્રગટાવવા.
૭. નબળી સોબત અત્યન્ત હાનિકારક જાણી તજી દેવી.
૮. સદ્ધર્મને લાયક બનવા યોગ્ય ગુણોનો અભ્યાસ કરવો.
૯. ક્ષુદ્રતા–ઉછાંછળી વૃત્તિ તજીને ગંભીરતા આદરવી.
૧૦. શરીરનું આરોગ્ય સાચવવા પૂરતું લક્ષ્ય રાખવું.
૧૧. શાન્ત ને મીલનસાર પ્રકૃતિ રાખવી.
૧૨. લોકપ્રિય થવાય તેવા ઉદારદિલના સ્વાર્થત્યાગી થવું.
૧૩. કષાયના ત્યાગવડે અકલુષિત–પ્રસન્ન ચિત્તવૃત્તિ રાખવી.
૧૪. પાપથી ડરતા રહેવું, લોકનિન્દા થાય તેવું કાર્ય ન કરવું.

૧૫. સાદા, સંયમી ને સરલ વ્યવહારી–પ્રમાણિક થવું.
૧૬. કોઇનું ભલું થઇ શકતું હોય તો વિનાસંકોચે કરવું.
૧૭. ઉત્તમ કુળ યોગ્ય લજ્જા–મર્યાદા ચીવટથી પાળવી.
૧૮. દુઃખીજનોનું દુઃખ છેદવા તન–મન–ધનથી ઉદ્યમ કરવો.
૧૯. દોષ–દૂષિતનો ખોટો પક્ષ ન કરવો, સાચાનો જ પક્ષ કરવો.
૨૦. સદ્‌ગુણાનુરાગી બની સદ્‌ગુણોનું અનુકરણ કરતા રહેવું.
૨૧. ઉત્તમ પુરુષોના ગુણાનુવાદ કરવા. સત્યપ્રેમી બનવું.
૨૨. આપણા સ્વજન કુટુંબીઓ પણ ધર્મરાગી બને તેમ કરવું.
૨૩. લાંબી નજરે, લાભ–હાનિ વિચારી, ઉચિત કાર્ય કરવું.
૨૪. જીવનવ્યવહારમાં હિતાહિત વિશેષે સમજતા થવું.
૨૫. નિર્દોષ આચારવિચારવાળા વૃદ્ધોને અનુસરવું.
૨૬. અજબ વશીકરણ જેવો વિનય ગુણ અવશ્ય આદરવો.
૨૭. ઉપગારી જનોના ઉપગારને પ્રાણાન્તે પણ ભૂલવો નહીં.
૨૮. આપણાથી બની શકે તેવો ને તેટલો પરોપકાર જરૂર કરવો.
૨૯. કોઇ પણ હિતકાર્ય સુખે સાધી શકાય તેવા કાર્યકુશળ થવું.
૩૦. મન અને ઇન્દ્રિયોને કબજે રાખતાં શીખવું.
૩૧. કલેશ–કંકાસને શમાવવા બનતો પ્રયાસ કરવો.
૩૨. વૈર–વિરોધ વધતા અટકે (ઘટે) તેવા સંધિપાળ થવું.
૩૩. સમાજ–સુધારો શુદ્ધ પ્રેમભાવથી કરાય તેવું લક્ષ રાખવું.
૩૪. વિશુદ્ધ પ્રેમથી, ગમે તેનાં હૃદયને જીતી, ધાર્યું કામ કરી શકાય છે.
૩૫. આક્ષેપક શૈલીથી તો તિરસ્કાર ને વિરોધ વધતા જાય છે.

૩૬. તેથી જ જરૂરી પ્રસંગે પ્રિય ને પથ્ય (હિતકર) એવું સત્ય ઉચ્ચરવું.

૩૭. જરૂરી પ્રસંગ વગર મૌન ધારણ કરવું વધારે સારું છે.

૩૮ ચીવટ રાખી સ્વપરહિત માટે ઉદ્યમ કરવો એ જ માનવ-ભવ પામ્યાનું સાર–ફળ છે.

૩૯. અકાર્ય–હિંસાદિક પાપકૃત્ય કરવામાં જે રક્ત રહે છે તે **અંધ** છે.

૪૦. હિતવચન સાંભળ્યું–નહીં સાંભળ્યું કરે છે તે **બહેરો** છે.

૪૧. ખરી તકે પ્રિય વચન બોલી ન જાણે તે **મૂંગો** છે.

૪૨. સ્ત્રીઓના કટાક્ષબાણથી ન જીતાય તે **શૂરવીર** છે.

૪૩. સારાં હિતકાર્યમાં છતી શક્તિ ન ફોરવે તે **ચોર** છે.

૪૪. ચન્દ્રની જેવી શીતળતા ઉપજાવનારા સંતપુરુષો છે.

૪૫. તેમની અવહેલના–નિન્દા કરવી તે ઉગ્ર વિષરૂપ છે.

૪૬. શુદ્ધ અહિંસકભાવ–વીતરાગભાવ અમૃતરૂપ છે.

૪૭. તત્ત્વવિચારણા કરવી એ બુદ્ધિ પામ્યાનું સાર–ફળ છે.

૪૮. યથાયોગ્ય વ્રત ધારણ કરી, તેનું યથાર્થ પાલન કરવું એ દેહ પામ્યાનું ફળ છે.

૪૯. સઠેકાણે–સારા પાત્રે સ્વકમાણીનો ઉપયોગ કરવો એ પૈસા પામ્યાનું ફળ છે.

૫૦. સામાને પ્રીતિ–સંતોષ ઉપજે એવું પ્રિય ભાષણ એ વાણી પામ્યાનું ફળ છે.

૫૧. પ્રમાદ સમો કોઇ શત્રુ નથી અને ઉદ્યમ સમો કોઈ હિત–મિત્ર નથી.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૧૪]

સુભાષિત વચનામૃતો.

૧. ગુણસંપાદન કરવાનો જ યત્ન કરવો. મિથ્યા આડંબરથી શું વળવાનું છે ?

૨. લાયકાત ધરાવનારને ઇચ્છિત વસ્તુ પુરુષાર્થ કરવાથી મળ્યા વગર રહેતી નથી.

૩. મધ્યસ્થ વૃત્તિવાળાને સર્વત્ર સુખ છે.

૪. જે સર્વ રીતે લોકને સંતોષ પમાડે છે તેને જ લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે.

૫. કેવળ દૈવ ઉપર જ આધાર–વિશ્વાસ રાખીને પુરુષાર્થ તજી દેવો નહીં.

૬. માબાપને અત્યંત શોકદાયી, મૂર્ખ અને ધર્મહીન છોકરાં ' **કુપુત** ' કહેવાય છે.

૭. ડાહ્યા ને કહ્યાગરાં છોકરાં માબાપને બહુ જ વહાલાં અને આનંદદાયક થાય છે, તેથી જ તેવાં ધર્મી છોકરાં ' **સપુત** ' કહેવાય છે.

૮. સુશીલ માણસે કોઇ પણ સ્ત્રી સાથે એકાંતમાં વાસ કરવો નહીં. એકાંત બૂરી છે.

૯. અણઅવસરનું વચન બોલતાં બૃહસ્પતિ જેવો પણ અપમાન પામે છે.

૧૦. પોતે જ દૂષિત છતાં સામાને દૂષણ દેવું એના જેવી એકે નાદાની નથી.

૧૧. પરને શિખામણ દેવામાં કઇક શૂરાપૂરા હોય છે; પોતાની ભૂલ સમજીને સુધારનાર તો કોઇક વિરલા જ દેખાય છે.

૧૨. પ્રત્યક્ષ ગુણવાદી છતાં પરોક્ષ નિંદાકારી માણુસ શ્વાનની જેમ પરિહરવા યોગ્ય છે; કેમકે એમ દ્વિધાભાવ રાખનાર પ્રગટ માયા–મૃષાવાદી જ ઠરે છે. કહેવું કંઈ અને કરવું કંઈ એવા માયા–મૃષાવાદ જેવું એકે પાપ નથી.

૧૩. ધર્મની જ કૃપાથી સર્વ સંપત્તિ પામ્યા છતાં જે મૂઢ જન તેનો જ અનાદર કરે છે તેવા સ્વામીદ્રોહી જીવનું ભલું શી રીતે થઈ શકશે ? ધર્મની અવગણના કદાપિ ન કરવી.

૧૪. ક્ષમાવંત, દાનેશ્વરી ને ગુણગ્રાહી એવો સ્વામી જેમ ભાગ્યે જ મળે છે તેમ જ સેવક પણ સર્વાનુકૂળ, શુદ્ધ–ચોખ્ખો અને કાર્યદક્ષ (કુશળ–બાહોશ) ભાગ્યે જ મળે છે.

૧૫. સારાસારને યથાર્થ સમજનાર (પરીક્ષક) સ્વામી મળવો મુશ્કેલ છે તેમજ સેવક પણ આજ્ઞાનુવર્તી અને સ્મરણ-શીલ મળવો મુશ્કેલ છે.

૧૬. જે રાજા રક્ષણાદિક ગુણવડે પ્રજાનું રંજન કરી ન શકે તે કેવળ નામનો જ રાજા કહેવાય છે. ખરો રાજા પ્રજાના દિલનું રંજન નિજગુણવડે કર્યા વગર રહે જ નહીં.

૧૭. કેટલાક સુપુત્રો પોતાનાં સચ્ચારિત્રથી પોતાના પિતાથી પણ વધી જાય છે.

૧૮. સત્સંગથી ભવ્ય જીવ ગુણવાન થાય છે અને ગુણવંત ઉપર સહુ અનુરક્ત થાય છે.

૧૯. મધ્યસ્થ માણસ શાસ્ત્રયુક્તિને માન આપે છે. મૂઢ–બઠર તેનું જ ખંડન કરે છે.

૨૦. કોઇપણ બાબત ઉપર તટસ્થપણે વિચારીને જ પોતાનો અભિપ્રાય આપવો, ઉતાવળા થઈ અવિચારીપણે ઇન્સાફ આપવા જતાં ઊલટો અનર્થ થવા પામે છે.

૨૧. માંસ, મદિરા, શિકાર, ચોરી, જુગાર, પરસ્ત્રીગમન અને વેશ્યાગમન–એ સાત મહા કુવ્યસનો ઉભયલોકવિરુદ્ધ હોવાથી જીવને મહા નીચ ગતિમાં લઇ જનારાં છે; તેથી જ તે સર્વથા વર્જ્ય છે. સત્સંગતિયોગે આવા પાપથી જીવ સહેજે બચી જાય છે.

૨૨. દેશ, કાળ, બળ વિગેરેનો પુખ્ત વિચાર કરી કાર્ય કરનાર તેમાં સફળતા મેળવે છે.

૨૩. સુખ દુઃખ સમયે સરખો ભાગ લે તેવો મિત્ર, સદાચારથી પિતાને પ્રસન્ન કરે તેવો પુત્ર અને પતિનું એકાંત હિત ઇચ્છે એવી ભાર્યા કોઇક પુણ્યવંતને જ પ્રાપ્ત થાય છે.

૨૪. જેનામાં કંઇ પુરુષાર્થ નથી તે પુરુષની ગણનામાં નથી.

૨૫. પ્રાપ્તસામગ્રીનો સદુપયોગ કરી જાણે તેઓ જ સહેજે સ્વપરહિત સાધી શકે છે.

૨૬. ખરો કલ્યાણમિત્ર પાપથી નિવારે, હિત સાથે જોડે, દોષ ઢાંકે, ગુણો પ્રગટ કરે, કષ્ટમાં ન તજે અને અવસરે મદદ કરે. ઉત્તમ પુરુષો સન્મિત્રનાં આવાં લક્ષણ વખાણે છે.

૨૭. સજ્જનોનો ક્રોધ દુર્જનોના સ્નેહ જેવો ક્ષણજીવી હોય છે તે લાંબો વખત ટકી શકતો નથી.

૨૮. સત્ય વચન વદવું એ મુખની શોભા છે.

૨૯. શીલ–સદાચાર એ ખરો શણગાર છે.

૩૦. ક્ષમાભરી અહિંસા ખરું અમૃત છે.

૩૧. સંતોષમાં ખરું સુખ રહેલું છે.

[જૈ. ધ. પ્ર. ૪૬, પૃ. ૧૯૧.]

સુભાષિતો.

૧. માણુસ વિવિધ જાતનાં વસ્ત્ર–આભૂષણો માત્રથી નથી શોભતો, પરંતુ અમૃત સમાન શાંતિદાયક સુભાષિતોવડે તે શોભે છે; તેથી સુભાષિત જ માણુસનું ખરું ભૂષણ છે.

૨. ગમે એવી ગમગીની દૂર કરાવી આનંદ આપનાર સુભાષિત છે, એથી સહુ કોઇ–જ્ઞાની કે અજ્ઞાની વશ થઇ જાય છે તેથી સુજ્ઞજનોએ સુભાષિતોનો અવશ્ય આદર કરવો જોઇએ.

૩. ખરો વિદ્વાન કોણુ ? જે સત્ય ભાખે, તપ આચરે, જ્ઞાન ઉપાસે, અહિંસા ને નિઃસ્વાર્થ પ્રેમ સેવે, જ્ઞાની જનોને નમે અને સુશીલતા પાળે–સદ્ધર્તન સેવે તે જ ખરો વિદ્વાન છે, માત્ર વાક્પટુ વિદ્વાન નથી.

૪. જ્યાંસુધી દયારસથી ભરપૂર એવો સર્વજ્ઞકથિત ધર્મ શ્રવણગોચર થયેલ નથી ત્યાંસુધી મનુષ્યજન્માદિક પુન્યસામગ્રી પ્રાપ્ત થયેલી પણ નકામી લેખાય છે, કેમકે તેના વગર આત્મોન્નતિનો ખરો માર્ગ મળતો નથી.

૫. ‘ જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ. ’ આ વાક્ય વિચારો.

૬. જેવું હિત માતાપિતાદિક કરી ન શકે તેવું આત્મહિત સુગુરુ યથાવિધિ સેવ્યા છતાં અવશ્ય કરે છે–કરી શકે છે.

૭. **કર્તવ્યદિશા**–મહાપુન્યયોગે અતિ દૂર્લભ માનવદેહાદિક સામગ્રી પામીને ભવ્યાત્માઓએ તજવા યોગ્ય દોષોનો ત્યાગ કરવો જોઈએ, કરવા યોગ્ય કર્મો–આચરણો સેવવાં જોઇએ, પ્રશંસવા યોગ્ય વસ્તુઓનાં વખાણ કરવાં જોઇએ અને સાંભળવા યોગ્ય બાબતો સાંભળવી જોઇએ–આ ચારે બાબતો મુમુક્ષુઓએ બરાબર વિચારમાં–લક્ષ્યમાં લેવા યોગ્ય છે.

૮. જે કંઇ પણ ચિત્તની મલિનતા કરે અને મોક્ષમાર્ગને અટકાવે તેવાં દૂષણો મન–વચન–કાયા સંબંધી હોય તેમને અવશ્ય તજી દેવા જોઈએ.

૯. જે આચરણ કરવાથી આપણું મન સાચા મોતીની માળા જેવું કે બીજા એવાં જ ઉજ્જવળ પદાર્થો જેવું શુદ્ધ–નિર્મળ બને તેવું આચરણ બુદ્ધિમાન મનુષ્યોએ અવશ્ય સેવવું જોઈએ.

૧૦. શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની સદા ય સ્તુતિ–પ્રશંસા કરવી જોઇએ.

૧૧. સર્વ દોષોનો નાશ કરે એવાં સર્વજ્ઞ વીતરાગનાં કહેલાં હિતવચનો ખરી શ્રદ્ધાથી શુદ્ધ થયેલ બુદ્ધિપૂર્વક અતિ આદર સાથે સાંભળવા અને સ્વહ્રુદયમાં અવધારવા જોઇએ.

૧૨. વીતરાગની એકાન્ત હિતદાયી આજ્ઞાને અનુસરવું એ જ તેને આરાધવાનો ઉપાય છે, તેને યથાશક્તિ અનુસરવાથી તે નિશ્ચે સફળ થાય છે.

૧૩. સુવૈદ્યનાં વચનને અનુસરવાથી જેમ વ્યાધિનો સમૂળગો નાશ થાય છે, તેમ તેનાં હિતવચનને સદ્ભાવથી આદરતાં અવશ્ય સર્વ દુઃખનો અંત આવે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૧૯૨]

હાલની આપણી સામાજિક સ્થિતિનું નિરાકરણ.

૧. સામાજિક બાહ્ય સ્થિતિ જે હાલ પ્રગટ થવા પામી છે તેનાં મૂળ કારણો **ભ્રાતૃભાવની અને દયાની ખામી છે,** માટે તે હૃદયના રોગને સુધારવા પ્રયત્ન કરો એટલે તેના કાર્યરૂપે પ્રગટ થયેલી સામાજિક સ્થિતિ સુધરતાં વધારે વખત લાગશે નહીં–તેનો જલદી અંત આવશે.

૨. જ્યાં આંતરસ્થિતિ સુધરી એટલે બાહ્યસ્થિતિ સુધરતા વાર લાગશે નહીં. પ્રથમ **તમારી જાતને** શુદ્ધ કરો, ત્યારપછી **બાહ્ય સંયોગો** સહેજે બદલાશે.

૩. જ્યાં હુંપણું–મિથ્યાભિમાન ગયું ત્યાં સ્વાર્થ ગયો અને સ્વાર્થ ગયો એટલે બધો માર્ગ બહુ સરલ થઇ જશે.

૪. જે પ્રમાણમાં તમે શુદ્ધ થતા જશો તે પ્રમાણમાં તમે સ્વાર્થત્યાગથી નિઃસ્વાર્થી બનશો અને આખરે તમે સર્વ સાથે

એક્તા અનુભવશો, તો પછી તમે બીજાને ચાહ્યા વિના અને મદદ કર્યા વિના રહી શકશો નહીં. તેવી રીતે સાધેલી તમારી પૂર્ણતા સહુને ખરી મદદગાર થઇ શકશે. તેમ છતાં અનેક વિષય પરત્વે જગતના જીવોમાં વિચારભેદ તો રહેવાના જ.

૫. તમારી પૈસાની ગણત્રી અમારે મન **બીનમહત્ત્વની** છે, હૃદયની કિંમત જ અમારે મન મહત્ત્વની બાબત છે.

૬. જે હૃદય પવિત્ર છે અને જે હૃદયના નિરભિમાનપણાને લીધે તેમજ બાહ્ય ભભકા(આડંબર)ના અભાવે કોઇનું લક્ષ પણ ખેંચતું નથી, તેવા હૃદયમાં ખરી સહૃદયતા સંભવે છે.

૭. શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ એ એક એવી ચાવી છે કે જે બધા સામાજિક પ્રશ્નોરૂપી તાળાઓને ઉઘાડી નાખશે, એ સત્ય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૨૪]

‘ ઉત્સાહી જૈન જનોનું હિત કર્તવ્ય. ’

૧. ભ્રષ્ટાચારથી સર્વથા અળગા રહી, ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટાચારીઓને પુષ્ટિ મળે એવું સહકારિત્વ પણ ન જ સેવે.

૨. સંતોષી જીવનમાં સુખ માની, નિઃસ્વાર્થ સેવા અને પ્રેમ જગાવે. વિશ્વપ્રેમની ભાવનાને જીવનમાં સ્થાન આપે.

૩. હિત–મિત–પ્રિય વાણી વદે તેથી વિરુદ્ધ વદનારાઓને શાન્તિથી–પ્રેમથી સમજાવી ઠેકાણે લાવવા પ્રયત્ન કરે.

૪. કુરૂઢિઓને કાપવા–નાબૂદ કરવા બનતી કોશિશ કરે.

૫. મનુષ્યદયાને સર્વોપરી લેખે, અન્યના સુખમાં સુખ અને દુ:ખમાં દુ:ખ લેખે અને સહાનુભૂતિ દાખવે.

૬. સત્યનું શોધન કરી સત્યને જ આદરે.

૭. સાચા ધર્મગુરુને શોધી તેનું ખરા જીગરથી સેવન કરે.

૮. સંઘ, સમાજ અને શાસનની ખાતર સ્વાર્થત્યાગ કરી જાણે અને આદર્શજીવન જીવી સુખ માને. અન્યની ભૂલો જોવા કરતાં પોતાની ભૂલ જોવે અને અન્યને શિખામણ દેતા પહેલાં પોતે તે આદરે.

૯. પ્રભુને પૂજે, પાપથી ધ્રૂજે અને સાચા જીગરની કરણીથી અન્ય મુગ્ધોને માર્ગદર્શક બને અને બને તેટલો સત્યમાર્ગનો પ્રચાર કરતાં રહે.

૧૦. લખી જાણે પણ જરૂર પૂરતું જ લખે, વાંચી જાણે પણ જરૂર પૂરતું જ વાંચે અને બોલી જાણે પણ જરૂર પૂરતું જ બોલે.

૧૧. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવને અનુસરી શાસ્ત્રાજ્ઞા પાળવાનો ખપ કરે–સરળ ભાવે સત્યમાર્ગે સંચરે.

૧૨. ખોટો ભય ધરે નહીં, સ્વાર્થત્યાગ કરતાં ડરે નહિ, સદાય મગ્નતામાં રહી પરોપકારરસિક બને.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૨૪]

હિત-બોધવચનો.

૧. શક્તિ અનુસારે ડહાપણભર્યું એવું જ કામ કરવું કે જેનું પરિણામ રૂડું જ આવે.

૨. કાયર ને બીકણ માણસ વિઘ્નના ભયથી રૂડું કામ કરતાં જ ડરે છે. મધ્યમ વૃત્તિના માણસ કોઇ રૂડું કામ આરંભે તો છે પણ વિઘ્ન આવતાં તે પડતું મૂકી દે છે, ત્યારે ઉત્તમ વૃત્તિના **સાત્વિક** જનો જે હિતકાર્ય આરંભે છે તેને **ગમે તેટલા ભોગે** પણ પૂરું કરે છે.

૩. ઉપગારીનો ઉપગાર પ્રાણાન્તે પણ ન ભૂલે તે ખરા **કૃતજ્ઞ** સજ્જનનું લક્ષણ સમજવું.

૪. **ન્યાયમાર્ગે જ** દ્રવ્ય ઉપાર્જન કરવાથી સુખી થવાય છે તેની ખાત્રી **સ્વાનુભવ**વડે થઇ શકે છે.

૫. ગમે તેટલું આપતાં-ખર્ચ કરતાં ય ન ખૂટે એવું **અપૂર્વ વિદ્યા-ધન** ખૂબ પેદા કરવું ને આપવું.

૬. ફાલ્યાફૂલ્યા આંબાની પેઠે ખૂબ વિદ્યા સંપાદન કરીને વધારે ને વધારે નમ્ર બનવું.

૭. સર્વ શ્રુતજ્ઞાનથી ચઢીયાતા **અનુભવજ્ઞાન**ની મીઠાશ અજબ પ્રકારની છે.

૮. શુદ્ધ જ્ઞાની ચારિત્રશીલ સદ્‌ગુરુની કૃપાથી કોઇ સુવિનીતને તેવું જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે.

૯. તેથી જ આત્માર્થી જનોએ ચંદન જેવા સદા શીતળ સંતમહાત્માઓની સેવા કરવી ઉચિત છે.

૧૦. સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ **બ્રહ્મચર્ય**, સઘળા દાનોમાં શ્રેષ્ઠ **અભયદાન**, તેમ સર્વે ગુણોમાં **વિનયગુણ** શ્રેષ્ઠ છે.

૧૧. સંતોષથી સ્વસ્થતા–પ્રસન્નતા આવે છે, તેથી ધર્મ સાધી શકાય છે, જેથી મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે.

૧૨. "મન જીત્યું તેણે સઘળું જીત્યું" એમ સમજી મનને જીતવા–વશ કરવા બનતું કરવું.

૧૩. મૂર્ખ–કદાગ્રહી–કુપાત્રને શિખામણ આપવી કે બોધ કરવો એ નિષ્ફળ જાય છે.

૧૪. જેવી ગતિ તેવી મતિ, ક્રિયા તેવું કર્મ, જેવો તપ તેવું ફળ, ને જેવો સંતોષ તેવું સુખ જાણવું.

૧૫. વ્રતભંગ કરીને જીવવા કરતાં વ્રતને અખંડ રાખી મરણ સ્વીકારવું સારું છે.

૧૬. અતિ ઉપાધિવાળા મોહવિકળ જીવોને તત્ત્વથી સુખ હોતું નથી.

૧૭. સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય તથા સર્વ પર્વોમાં પર્યુષણપર્વ મોટું છે તેમ સર્વ મંત્રોમાં નવકાર મંત્ર મોટો છે.

૧૮. પરસ્ત્રી તરફ ખોટી દૃષ્ટિ કરવાથી પુન્ય–તેજ ઘટે છે, માટે પરસ્ત્રી તરફ દૃષ્ટિ કરવી નહીં.

૧૯. હે જીવ! જ્યારે તું શુદ્ધ તત્ત્વ–પરમાર્થને જાણીશ ત્યારે જ તું પરમાર્થથી સુખી થઇશ.

૨૦. સુખદુઃખનો સર્જનહાર પોતાનો જીવ જ છે, બીજા તો તેમાં કેવળ નિમિત્તરૂપ છે.

૨૧. ઉદય આવેલા દુઃખ–વિપાક પ્રસન્ન વદને સહન કરવાથી નવાં કર્મ બંધાતાં અટકે છે.

૨૨. દુર્લભ મનુષ્યજન્મ પામીને જેણે આત્મહિત કર્યું નથી તેનો જન્મ નિષ્ફળ જાણવો.

૨૩. દુઃખ સહુને અનિષ્ટ અને સુખ ઇષ્ટ છે એમ મનમાં નિશ્ચય કરી, સહુને આત્મસમાન લેખી કોઇને પણ દુઃખ દઈશ નહીં, પણ સુખ–શાંતિ ઉપજે તેવો બનતો પ્રયત્ન કરજે.

૨૪. મન, વચન, કાયાનો એવો ઉપયોગ કરવો કે જેથી વૈરાગ્ય વધે અને પાપ કમી થવા પામે.

૨૫. જે જે નિમિત્તોથી ક્રોધાદિક કષાયો વધે તેવા નિમિત્તોથી દૂર રહેવું અને જે જે નિમિત્તોથી કષાય ઘટે તે તે નિમિત્તો સેવવાં, જેથી પાપનો નાશ થાય છે અને પુન્ય–ધર્મની પુષ્ટિ થાય છે.

૨૬. વિશ્વાસઘાતી મહાપાપી લેખાય છે, એમ સમજી એવા મહાદોષોથી સદંતર દૂર રહેવું.

૨૭. ઉત્તમ જનોનો સમય શુભ કર્મમાં અને અધમ જીવોનો સમય કુકર્મમાં જાય છે.

૨૮. આર્ય ક્ષેત્ર, ઉત્તમ માનવ અવતાર, ઉત્તમ કુળ, નીરોગી શરીર અને દેવગુરુધર્મની ઉત્તમ સામગ્રી–એ સર્વ પામવું અત્યન્ત દુર્લભ છે. તે પામે સતે તેનો લાભ લેવા ચૂકવું નહિ.

૨૯. સ્વપરહિત કરવા સાવધાન રહેવાથી જ આ દુર્લભ મનુષ્યજન્મની સાર્થકતા થાય છે.

૩૦. સ્વાધીનપણે ધર્મસાધન કરી લેનારને પરાધીનતા વેઠવી પડતી નથી.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૮૮]

કલ્યાણાર્થીને ભવિષ્યના સ્થાયી મકાન માટે

૧. પ્રાપ્ત સઘળી શક્તિઓનો સદુપયોગ કરવો જોઇએ.

૨. અડગ નિઃસ્વાર્થતાનો પાયો નાખવો જોઇએ.

૩. રક્ષણકારી પ્રેમની દીવાલો ઊભી કરવી જોઇએ.

૪. પછી નિષ્કલંક પવિત્રતાથી તે મકાનને શણગારો અને

૫. ભ્રાતૃભાવ તથા આનંદના વિચારોરૂપી ફર્નીચર ગોઠવો.

૬. તમારાં હિતકાર્યો અને તેનાં સુંદર પરિણામો આવેલાં જોઇ, લોકો તમને અનુસરવા પ્રેરાશે. તમારા ઉપદેશ વગર પણ તેઓ તમારા પગલે ચાલશે અને આ રીતે આડકતરી રીતે તમે તેમના ઉપદેશક થશો.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૯૦]

આદર્શ જીવન.

૧. કોઇ પણ પ્રાણીને દુઃખ આપીને જીવતા રહેવા કરતાં આ શરીરને છોડી દેવાનું વધારે પસંદ કરવું જોઇએ.

૨. નિઃસ્વાર્થ પ્રેમ એ એક એવી કુંચી છે કે જે મનુષ્યના હૃદયનો અંદરનો દરવાજો ઉઘાડી નાંખે છે અને ત્યાં નજર કરતાં દરેક જાતના પ્રશ્નોનો ખુલાસો મળી જાય છે.

૩. પરંતુ નિષ્કલંક પવિત્રતા જેનામાં હશે તે જ તે કુંચીનો ઉપયોગ કરી શકશે. અનુભવવડે તેની ખાત્રી થઇ શકશે.

૪. આવી પડતા દુઃખથી પણ પ્રાણીને ઘણું શિખવાનું મળે છે.

૫. દુઃખને અદીનભાવે સહન કરતા રહેવાથી આપણામાં અંદર રહેલી દિવ્યતા પ્રગટવાનું બની શકે છે, જેના અંતે મુક્તિ-સર્વ બંધનોથી છૂટવાનું પ્રાપ્ત કરી શકાય છે.

૬. હુંપણાથી અંધ નહીં બનવું. જે જ્ઞાનની દવા અન્યને આપવા આપણે તત્પર બનીએ છીએ તે દવા આપણે જાતે જ પ્રથમ પહેલાં લેવી જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૯૦]

સુપુત્રીને ખરા કરિયાવરરૂપ દશ હિતશિક્ષાઓ.

૧. જો બહેન ! શ્વસુરગૃહવાસી થઇ તારે અંદરનો અગ્નિ બહાર કાઢવો નહીં અર્થાત્ સાસરીયાનો દોષ દીઠામાં આવે તો એની બીજાને મોઢે વાત ઉચ્ચારવી નહીં.

૨. બહારનો અગ્નિ અંદર આણવો નહીં અર્થાત્ પાડોશી સાસરીયાનું વાંકું બોલે તો 'અમુક માણસ તમારી આમ વાત કરતું હતું ' એમ ઘેર આવીને કહેવું નહીં.

૩. જે આપે તેને જ આપવું-કોઇ કાંઇ વસ્તુ માગવા આવે તો એ પાછી આપી જાય એમ હોય તો જ એને આપવી.

૪. ન આપે એને ન આપવું-માગી ચીજ પાછી ન આપે એને ન આપવી.

૫. આપે એને અને ન આપે એને ય આપવું–સગાંવહાલાં કે મિત્રો પાછું આપી શકે કે ન આપી શકે તો પણ એને આપવું.

૬. સુખે બેસવું–સાસુસસરા વિગેરે મોટેરાંને જોઇને ઉઠવું પડે ત્યાં બેસવું નહીં.

૭. સુખે જમવું–મોટેરાં જમ્યા પછી જમવું.

૮. સુખે સૂવું–મોટેરાં સૂતા પછી સૂવું.

૯. અગ્નિની પરિચર્યા કરવી–મોટેરાંની સેવા કરવી.

૧૦. ગૃહદેવતાને નમવું–મોટેરાંને દેવ જેવા સમજવા.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૯૦]

પ્રશ્નોત્તરરૂપે સદ્બોધ.

પ્ર૦–શ્રોત્ર(કર્ણ) ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–શ્રોત્ર ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી સારાં–નરસાં, પ્રિય–અપ્રિય, નરમ–ગરમ શબ્દો સાંભળવામાં આવતાં રાગ–દ્વેષનો નિગ્રહ થાય, તેથી નવા કર્મ ન બંધાય ને પૂર્વે અવિવેકથી બાંધેલાં કર્મની નિર્જરા થાય.

પ્ર૦–ચક્ષુ(આંખ) ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–ચક્ષુ ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી સારાં–નરસાં, પ્રિય–અપ્રિય, રૂપ–વર્ણ જોવામાં આવતાં તેમાં રાગ–દ્વેષ થવા ન પામે;

તેથી નવાં કર્મ ન બંધાય ને પૂર્વે અવિવેકથી બંધાયેલાં કર્મની નિર્જરા થાય.

પ્ર૦–ઘ્રાણુ(નાસિકા) ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–ઘ્રાણુ ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી સારાં–નરસાં, સુગંધી-દુર્ગંધી પદાર્થોનો સંયોગ થતાં તેમાં રાગ–દ્વેષ થવા ન પામે, તેથી નવા કર્મ બંધાતાં નથી અને પૂર્વે અજ્ઞાનવશ બંધાયેલાં કર્મ ઓછા થાય છે.

પ્ર૦–જિહ્વા(જીભ) ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–જિહ્વા ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી સારાં–નરસાં, પ્રિય–અપ્રિય, મીઠા, ખારા, ખાટા, તીખા, કડવા, કસાયલા રસવાળા પદાર્થ ખાવા–પીવામાં આવતાં તેમાં રાગ–દ્વેષ થવા ન પામે, તેથી નવાં કર્મ બંધાય નહીં અને પૂર્વે અજ્ઞાનવશ બંધાયેલાં પાપકર્મ ક્ષય થવા પામે.

પ્ર૦–સ્પર્શ ઇન્દ્રિયનો નિગ્રહ કરવાથી જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–સ્પર્શ ઇન્દ્રિયને કાબૂમાં રાખવાથી સારાં–નરસાં, પ્રિય–અપ્રિય, સુંવાળા–બરસટ વિગેરે અનુકૂળ–પ્રતિકૂળ સ્પર્શવાળા પદાર્થોનો સંયોગ થતાં તેમાં રાગ–દ્વેષ થવા નથી પામતો, તેથી નવાં કર્મ નથી બંધાતાં, તેમ જ પૂર્વે અજ્ઞાનવશ બંધાયેલાં કર્મ છૂટવા–ઓછા થવા પામે છે.

પ્ર૦–ક્રોધનો જય કરવાથી જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–ક્રોધનો જય-પરાજય કરવાથી ક્ષમાગુણની પ્રાપ્તિ થાય, વળી ક્રોધ કરવાવડે વેદવા–ભોગવવા યોગ્ય કર્મ ક્રોધનો જય કરવાથી ન બંધાય અને પૂર્વે મોહ–અજ્ઞાનવશ બંધાયેલાં કર્મનો અંત થવા પામે.

પ્ર૦–માન(અહંકાર)નો જય કરવાવડે જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–અહંકારને ટાળવાવડે મૃદુતા, નમ્રતા, સભ્યતા, વિનયતા આવે, તેથી નવાં કર્મ બંધાતા અટકે અને પૂર્વે મોહ અજ્ઞાન-વશ બંધાયેલાં કર્મ ખપે–ઓછાં થવા પામે.

પ્ર૦–માયા–કપટ તજવાથી જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–માયા–કપટ તજવાથી, સરલભાવ, ભદ્રિકતા, સરલતા પ્રાપ્ત થાય તેથી નવાં કર્મ બંધાતાં અટકે અને પૂર્વે મોહ–અજ્ઞાનતાથી બંધાયેલાં અશુભ કર્મો ઓછાં થવા પામે.

પ્ર૦–લોભ (અસંતોષ) તજવાથી જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–લોભ (તૃષ્ણા) તજવાથી જીવ સંતોષ ગુણ પામે, તેથી નવાં કર્મ બંધાતા અટકે અને પૂર્વે મોહ–અજ્ઞાનતાવશ બંધાયેલાં અશુભ કર્મો ઓછાં થવા પામે.

પ્ર૦–રાગ–દ્વેષ ને મિથ્યાત્વદર્શનને તજવાવડે જીવ શું ફળ ઉપાર્જે ?

ઉ૦–રાગ–દ્વેષ ને મિથ્યાત્વદર્શનને તજવાથી સમ્યગ્ જ્ઞાન–દર્શન ચારિત્રની આરાધના કરવા આત્મા ઉજમાળ બને અને આઠે પ્રકારના કર્મનો છેદ કરવામાં પ્રથમ અઠ્ઠાવીશ પ્રકારના

મોહનીય કર્મને અનુક્રમે ખપાવે તથા પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય, નવ પ્રકારના દર્શનાવરણીય અને પાંચ પ્રકારના અંતરાયકર્મને એક સાથે ખપાવે. ત્યારબાદ પ્રધાન, અનંત, પરિપૂર્ણ, આવરણ રહિત, વ્યાઘાત રહિત, વિશુદ્ધ, લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન-દર્શન ઉપાર્જે, યાવત્ સર્વ અઘાતિકર્મનો પણ અંત કરીને જીવ અકર્મા-સંપૂર્ણ કર્મથી મુક્ત થાય.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૯૧]

શાસ્ત્ર શબ્દનો અર્થ

વ્યાકરણવેત્તાએ **शासु** ધાતુ 'અનુશાસન' અર્થવાળો ગણ્યો છે અને त्रै ધાતુ સર્વ શબ્દવેત્તાઓએ 'પાલન' અર્થમાં નિશ્ચિત કર્યો છે.

જેથી રાગ-દ્વેષવડે ઉદ્ધત ચિત્તવાળા જીવોને સદ્ધર્મને વિષે સારી રીતે અનુશાસન કરે છે અને દુ:ખથકી સારી રીતે બચાવી લે છે તેથી તેને સત્પુરુષો **શાસ્ત્ર** કહે છે.

અનુશાસન કરવાનું સામર્થ્ય અને નિર્દોષ એવા રક્ષણ કરવાના બળથી જે યુક્ત હોય તે જ શાસ્ત્ર કહેવાય છે અને ઉક્ત શાસ્ત્ર સર્વજ્ઞનાં વચનરૂપ જ હોઇ શકે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૯૨]

આરાધક ભાવની દશા

ક્ષમાદિક દશવિધ ધર્મ અને આવશ્યક યોગને વિષે ભાવિત આત્મા પ્રમાદ રહિત વર્તતો સમ્યક્ત્વ-દર્શન, જ્ઞાન અને ચારિત્રનો આરાધક થાય છે.

જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે આરાધના ઉક્ત રત્નત્રયીની થઈ શકે છે અને તેના આરાધક અનુક્રમે આઠ, ત્રણ અને એક ભવે સિદ્ધ થાય છે–મોક્ષ પામે છે.

તેની આરાધના કરવામાં તત્પર એવા મુનિએ ઉક્ત રત્નત્રયીનું આરાધન કરવામાં સાવધાન એવા સાધુજનની અને જિનેશ્વરની ભક્તિ, સહાય અને સમાધિ કરવાવડે કરીને તેમાં વિશેષ યત્ન કરવો યુક્ત છે.

આત્મગુણનો અભ્યાસ કરવામાં તત્પર, પરપ્રવૃત્તિમાં અંધ, મૂક અને બધિર તથા મદ–મદન, મોહ–મત્સર, રોષ અને વિષાદવડે કરીને અજિત, શાન્ત અવ્યાબાધ સુખના અભિલાષી તથા સાધુધર્મને વિષે સુસ્થિરતાવંત એવા મુનિને દેવ મનુષ્ય યુક્ત આ સકળ લોકને વિષે શી ઉપમા આપી શકાય?

સ્વર્ગનાં સુખ પરોક્ષ છે અને મોક્ષનું સુખ તો અત્યન્ત પરોક્ષ છે, છતાં નહીં પરવશ તથા નહીં વ્યયપ્રાપ્ત એવું પ્રશમ–સમતાજનિત સુખ તો પ્રત્યક્ષ છે.

મદ, મદન(કામવિકાર)ને સર્વથા જીતનારા, તન, મન, વચનના દોષરહિત અને નિઃસ્પૃહ એવા સુવિહિત સાધુઓને અહીં જ મોક્ષ છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૯૨]

ખરું સુખ.

૧. જે સુખ આત્માને આધીન છે તે સ્વતંત્ર સ્વાભાવિક સુખ જ સાચું સુખ છે, બાકીનું બધું પરાધીન સુખ ફક્ત કલ્પિત, તુચ્છ અને ક્ષણિક–જોતજોતામાં હતું–નહોતું થઇ જાય એવું વૃથા નામમાત્ર સુખ છે.

૨. મોટા તેજસ્વી રાજાઓને પણ અન્ય વસ્તુ(રાજ્યાદિક)ને આધીન જે સુખ છે તે ઉપાધિમય હોઇ કષ્ટરૂપ જ છે, એમ વિચારી આત્માને આધીન જે સ્વાભાવિક સુખ છે તેનો જ સ્વીકાર કરવો ઘટે છે.

૩. આત્માને આધીન તે જ સુખ અને પરાધીન સઘળું દુઃખ સમજનારા ક્ષણિક અને કલ્પિત એવા તુચ્છ વિષયાદિક સુખમાં કેમ મુંઝાય ? તેમાં તેઓ કેમ રતિ–પ્રીતિ–આસક્તિ ધારણ કરે ?

૪. નિઃસંગતા–વિરક્તતાથી મોક્ષદાયક ખરું સુખ સાંપડે છે અને પરમાં રતિ–પ્રીતિ–આસક્તિ કરવાથી સંસારની વૃદ્ધિ કરનારું જન્મમરણજનિત અનંત દુઃખ પ્રાપ્ત થાય છે.

૫. જ્ઞાની–વિવેકી જનો ગમે તેવા સુખ–દુઃખ પ્રસંગે સિંહવૃત્તિ ધારણ કરી સમતાયોગે કર્મની ભારે નિર્જરા કરે છે અને અજ્ઞાની–અવિવેકી જનો નીચ શ્વાનવૃત્તિવડે નવો કર્મબંધ કરતા રહે છે.

૬. જ્ઞાની–વિવેકી જનો પ્રાપ્ત પુન્યસામગ્રીનો સારામાં સારો ઉપયોગ કરી પોતાનું કલ્યાણ સાધે છે પણ અજ્ઞાની–અવિવેકી જનો તેને વૃથા ગુમાવે છે અથવા સ્વચ્છંદપણે તેનો ગેરઉપયોગ કરે છે.

૭. **મહાવીરસ્વામી**-પ્રમુખ પરમપવિત્ર પુરુષોનાં ચરિત્ર વાંચી-સાંભળી, તેનું મનન કરી, જેમ બને તેમ શીઘ્ર ચેતી, સ્વચ્છંદતા તજી, પ્રમાદ રહિત સત્ય સ્વાભાવિક સુખ પ્રાપ્ત કરવા માટે સુજ્ઞ જનોએ સફળ પ્રયાસ કરવાનું લક્ષ રાખવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૩૨૫]

ચાર પ્રકારના કર્મચંડાળ શાસ્ત્રકાર કોને કહે છે ?

૧ **કૂટ સાક્ષી**-ખોટી સાક્ષી પૂરી બીજાને અન્યાય મળે તેમ નીતિનો માર્ગ લોપનારો.

૨ **સુહૃદ્ દ્રોહી**-વિશ્વાસુ મિત્રને કે સ્વજનને દુઃખ પડે તેની દરકાર રાખ્યા વગર તેની ગુહ્ય-મર્મની વાત પ્રકાશનાર તેમજ એવાં અછાજતા ક્રૂર કામ કરી તેને દુભવનારો.

૩ **કૃતઘ્ની**-અન્ય કોઇએ કરેલા ગુણને ભૂલી-વિસારી તેને ઊલટો અવગુણ-નુકશાન કરનારો થઇ ઉપકારને બદલે અપકાર કરી બહુ મલિનતા આદરનારો અને

૪ **દીર્ઘ રોષવાન**-અત્યંત આકરો ક્રોધ રાખી સ્વપરને સંતાપ ઉપજાવનારો

એ ચારેને શાસ્ત્રકાર કર્મ-ચંડાળ કહે છે. પાંચમો જાતિ-ચંડાળ હોય તેમાં એવા દુર્ગુણ ન હોય તો તે પહેલા ચાર કરતા સારો ગુણવાન હોઇ શકે છે અને ઉત્તમ કુળ કે જાતિમાં જન્મ પામ્યા છતાં પૂર્વે કહ્યા તેવા અધમ આચરણ સેવાય અને તેવાં નીચ આચરણ કોઇ રીતે ન જ તજાય તો તે કર્મચંડાળ તરીકે લેખાય છે. તેવાં દુષ્ટ કર્મ કરવાથી આ લોકમાં

તેમ જ પરલોકમાં જીવને બહુ હાનિ થવા પામે છે, તેથી તેનાથી બચવા ઈચ્છનારાઓએ તેવાં નીચ આચરણનો તરત જ ત્યાગ કરવો જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૩૨૫.]

સંતોષ.

૧. લોભ--તૃષ્ણાવડે અંધ થયેલા મનુષ્યો હિત કે અહિત જોઇ–જાણી શકતા નથી; પરંતુ બુદ્ધિવંત મનુષ્યો સંતોષરૂપી ભવ્ય અંજનને પામી સ્પષ્ટ રીતે પોતાના હિતાહિતને જોઇ શકે છે.

૨. વિચક્ષણ પુરુષો સંતોષરૂપી શ્રેષ્ઠ રત્નને પામી મોક્ષરૂપ સન્માર્ગમાં ગમન કરીને સુખી થાય છે, તેથી સુવિવેકવડે લોભ તૃષ્ણાનો ત્યાગ કરીને સંતોષ જ રાખવો ઘટે છે.

૩. તૃષ્ણારૂપી તાપથી સંતપ્ત થયેલા મનુષ્યને સુખ–શાંતિ ક્યાંથી હોય ? જેઓ ધનનો સંચય કરવામાં જ આસક્ત રહે છે તેઓને સદા દુઃખ જ પ્રાપ્ત થયા કરે છે.

૪. સંતોષી જ સદા સુખી અને અસંતોષી સદા દુઃખી છે. આ પ્રમાણે તે બંનેનું અંતર–તફાવત જાણીને સંતોષમાં જ પ્રીતિ ધારવી યોગ્ય છે. એથી ભવભ્રમણ ઓછું થવા પામે છે.

૫. સંતોષી મનુષ્યો જ ખરા ધનાઢ્ય છે; કેમકે તેમને પરની પાસે દીનતા કરવી પડતી નથી. મહાન્ પુરુષોને કોઈ પાસે દીનતા–યાચના કરવી એ ભારે લઘુતાનું–હલકાઇનું કારણ થવા પામે છે.

૬. તૃષ્ણાના તાપને સંતોષ–જળ વગર શાંત કરવા કોઈ સમર્થ થઇ શકતું નથી.

૭. સંતોષ–અમૃતનું સેવન કરનારને માનસિક દુઃખ રહેવા પામતું નથી, તેથી તે મોક્ષનો અધિકારી થવા પામે છે અને પોતે ઊંચી પદવી પામી અન્યજનોને પણ માર્ગદર્શક બને છે.

૮. મુમુક્ષુ જનો લોભનો નાશ કરવા સંતોષ ગુણને ધારણ કરે છે, દુઃખોની શાન્તિ કરવા માટે ધૃતિ–સમતા ગુણને ધારે છે અને તપની પુષ્ટિ માટે જ્ઞાન ગુણને ધારણ કરે છે.

૯. જ્ઞાનીઓએ ઠીક જ કહ્યું છે કે " તૃષ્ણા જેવો કોઈ મોટો વ્યાધિ નથી અને સંતોષ ઉપરાંત બીજું કોઇ ઉત્તમ સુખ નથી. " એ હિતવચનને યથાર્થ રીતે અનુસરનારને શી ખામી રહે ? કશી ન રહે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૩૨૬]

પ્રકીર્ણ બોધ.

(૧) શિક્ષા–શીલ–બોધ ગ્રહણ કરવા લાયક કોણ કહેવાય ?

૧. જેને હસાહસ કરવાની ટેવ (પ્રકૃતિ) ન હોય.

૨. જે ઈન્દ્રિયોને સદા ય કાબૂમાં રાખનાર હોય.

૩. જે પરના મર્મ પ્રકાશે નહીં અથવા માર્મિક વચન બોલે નહીં.

૪–૫. જે દેશથી કે સર્વથી શીલ–સદાચાર–સંયમને વિરાધે નહીં.

૬. જે ઈન્દ્રિયોના વિષયોમાં અતિ લોલુપતા કરતો ન હોય.

૭. જે ક્રોધ–કષાયને કરતો–ઉદીરતો ન હોય.

૮. પ્રિય અને પથ્ય એવા સત્ય વચનને જ વદતો હોય.

(૨) કેવા દોષોથી જીવ બોધ ગ્રહણ કરવાને નાલાયક લેખાય ?

૧ ક્રોધ અને અભિમાનથી, ૨ મોહમૂઢતાથી, ૩ વિકથાદિક પ્રમાદથી, ૪ રાગના ઉપદ્રવથી અને ૫ આળસુપણાથી જીવ બોધને નાલાયક ઠરે છે.

(૩) કેવા આચરણોથી જીવ અવિનીત ઠરે અને મોક્ષને પામી ન શકે ?

૧. વારંવાર ક્રોધ-કષાય કરે ને ઉદીરે.

૨. લાંબો વખત ક્રોધ રાખ્યા કરે.

૩. મિત્રતા ન સાચવે અને સ્વાર્થઅંધતા ને સ્વચ્છંદતાવશ કૃતઘ્નતા કરે.

૪. શાસ્ત્ર ભણીને ગર્વ કરે.

૫. પોતે કરેલાં પાપ બીજાએ કરેલાં છે એમ કહે.

૬. સ્વજન-મિત્રો ઉપર પણ કોપ કરે.

૭. જેની ગાઢી મિત્રતા હોય તેની પાછળ પણ છાનું પાપ-રહસ્ય પ્રકાશે અને મોઢે મીઠું બોલે.

૮. સંબંધ વગરનું બોલે અથવા અનિશ્ચયકારી ભાષા બોલે.

૯. મિત્ર-સ્વજનાદિકનો દ્રોહ કરે.

૧૦. અતિ અભિમાન-ગર્વ રાખે.

૧૧. અતિલોભ-તૃષ્ણા-રસલોલુપતા રાખે.

૧૨. ઈન્દ્રિયોને વશ ન રાખે.

૧૩. બીજા સાધુઓને પોતે લાવેલો આહાર આપ્યા વગર એકલો વાપરે.

૧૪. જેની તેની સાથે અપ્રીતિ ઉપજાવે.

(૪) કેવા આચરણોથી જીવ સુવિનીત લેખાય ?

૧. જ્ઞાની–ગુરુ–વડીલથી નીચા આસને નમ્રતાથી બેસવાનું રાખે.

૨. અનેક પ્રકારની ચપળતા તજી સ્થિરતા ગુણને આદરતો રહે.

૩. માયા–કપટ–શઠતા તજી સરલતાથી રહેણીકહેણીમાં એકતા સેવે.

૪. કુતૂહલ કરવાની કે જોવાની ટેવ તજી વિવેકસર વર્તવાનું રાખે.

૫. તિરસ્કારયુક્ત વચન ન બોલે.

૬. લાંબો વખત ક્રોધ ન રાખે.

૭. મિત્રતા ચાહે તેની સાથે મિત્રતા રાખી નિર્વાહે.

૮. જ્ઞાન પામીને મદ–અહંકાર ન કરે.

૯ પોતાના પાપ–અપરાધ બીજાને માથે ન નાંખે–આળ ન ચડાવે.

૧૦. મિત્રની ઉપર કોપ ન કરે.

૧૧. અપ્રીતિકારી–અપરાધી મિત્રનું પણ પાછળ ભલું બોલે–બૂરૂં ન બોલે.

૧૨. કલેશ કંકાસથી દૂર રહે.

૧૩. બુદ્ધિશાળી (તત્ત્વજ્ઞ) અને ઉત્તમ જાતિ–કુળવાળો તથા યોગ્ય વર્તનવાળો હોય.

૧૪. લજ્જાવંત હોય.

૧૫. ગુરુસમીપે અદબસર બેસે–મર્યાદાસર વર્તે.

એ પંદર સ્થાને વર્તતાં સુવિનીત લેખાય. જે સદા ગુરુ-કુળવાસમાં વસે, યોગ–ઉપધાન સહિત શાસ્ત્રાભ્યાસ કરે તેવો તેમ જ સહુને પ્રિયકારી અને પ્રિયવાદી એવો શિષ્ય ગુરુ પાસેથી હિતશિક્ષા મેળવવાને યોગ્ય છે

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૫૩]

અમૂલ્ય બોધવચનો.

૧. દુઃખ કે રોગને કાંઈ ઇશ્વરે ઉત્પન્ન કર્યા નથી, પરંતુ આપણા કર્મનાં કરેલાં હોય છે તેથી તે માટે બડબડાટ કરવો નકામો છે.

૨. લોકોને રોગવશ થયા પછી રોગમુક્ત કરવા એના કરતાં તેઓ રોગી જ થાય નહીં એવા (યોગ્ય) ઉપાયો સૂચવવા એ જ ઉત્તમ વૈદ્યનો ધંધો હોવો જોઈએ.

૩. આપણા વિચારો અને કલ્પનાઓની હદ એ જ આપણા વિકાસની હદ (સમજવાની) છે.

૪. વિચારો અને ભાવનાઓની અમુક હદમાં રહીને આપણે આપણી જ ઉન્નતિની આડે એવી દિવાલો બાંધીએ છીએ કે જેની પેલી બાજુ આપણાથી જઇ શકાય જ નહી.

૫. આનંદી સ્વભાવ શ્રેષ્ઠ ઔષધનું કામ સારે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૮૬]

મૂંગો સમર્પણ-ધર્મ અથવા શાન્ત આત્માર્પણ

સેવારસિક એક બાલિકાનું જીવન-ધ્યેય સાંભળી સમજી, એક કીર્તિના લોભી પંડિતજી ઉપર અજબ અસર થઇ આવી. 'કીર્તિની ઝંખના નહીં પણ શાન્ત આત્મસમર્પણ' એ શબ્દો પંડિતજીના કાનમાં રણકી રહ્યા, તેમની છાતીમાં એ શબ્દો કોતરાઇ રહ્યા. પંડિતજીએ પુસ્તકો લખવાનું છોડી દીધું. તેમણે કીર્તિને માટે વલખાં મારવાનું મૂકી દીધું. તેમણે તેમનો જરીનો શિરપેચ અને સુવર્ણના કીર્તિપદકો ઉતારી નાખ્યાં. કીર્તિની ઝંખના નહીં, પણ શાન્ત આત્મસમર્પણની સાધના તેમણે આદરી (શરૂ કરી).

સાર—કીર્તિ નહીં પણ મૂંગો ત્યાગ જ આજના ભારતનું તરુણ હિન્દીઓનું જીવન-ધ્યેય હોવું જોઇએ. આત્મસમર્પણની ભાવના જ આ યુગનો જીવનમંત્ર હોવો જોઇએ. એ મંત્રમાં જ આજના ઘવાયેલા-જખમી થયેલા ભારતવર્ષને નવજીવન અર્પવાનું બળ રહ્યું છે. કીર્તિના કામી નહીં પણ શાન્તસમર્પણ ધર્મના જ અનુયાયી કેટલા હિન્દીઓ આજે ભારતમાતાની મઢુલીમાં ચૂપચાપ સેવાકાર્ય કરવા તૈયાર છે ?

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૮૬]

સ્વાર્થ-અંધતા તજી, સ્વપરહિતકારી માર્ગ જ આદરવો જોઇએ.

આપણા સહુના શ્રેયઃ સાધન માટે એકાન્ત હિતકારી જ્ઞાની પુરુષોએ મૈત્રી, મુદિતા, કરુણા અને મધ્યસ્થતા રૂપ ચાર ઉદાર ભાવના સદા ધારવા માટે ઠેકાણે ઠેકાણે ભાર દઇને બોધ આપેલો છે, તે આપણે સ્વાર્થાંધ બની વિસારી મૂકી,

સ્વચ્છંદપણે ચાલતા રહી, કૃતઘ્ન બનવું ન જોઇએ. તેમના નિઃસ્વાર્થ ઉપદેશનો સર્વ પ્રયત્ને આદર કરી આપણે સ્વપર-હિતમાં વધારો કરવાથી જ કૃતજ્ઞ બનશું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૮૬]

બોધ વચનો.

૧. પતિના જીવનની સુધારણા શાણી સ્ત્રીએ કરવી જોઇએ અને સ્ત્રીના જીવનની સુધારણા શાણા પતિએ કરવી જોઇએ. એમ કરવાથી સ્વપરહિત સુખે સધાય છે એટલે તેની ઉપેક્ષા કરવી ન જોઇએ.

૨. સંપથી વર્તવામાં કેવું ઉત્તમ સુખ છે અને કુસંપથી વર્તવામાં કેટલું બૂરું દુઃખ છે એ અનુભવગમ્ય હોઇ ખરો માર્ગ સહુ શાણા ભાઇબહેનોએ હોંશથી આદરવો જોઇએ.

૩. સમયોચિત કેળવણી પામ્યાથી અને તથાવિધ સદ્વર્તનથી તેવા સ્ત્રી-પુરુષોની સમાજ ઉપર બહુ સારી છાપ પડી શકે છે.

૪. તુચ્છ સ્વાર્થને વશ થઇ જતાં ભલભલા ભાઇબહેનોની બુદ્ધિ બગડે છે.

૫. વિદ્યાભ્યાસીને વિદ્યાભ્યાસમાં બાહ્ય અને અંતરંગ શુભ સાધનો મેળવી લેવાની જરૂર છે, તો જ વિદ્યા ભલી રીતે સાંપડે છે અને સફળતાને પામી શકે છે.

૬. સ્વાર્થબુદ્ધિથી ધર્મકાર્ય કરનાર કરતાં નિઃસ્વાર્થ બુદ્ધિથી ધર્મકાર્ય કરનાર મહાન્ લાભ મેળવી શકે છે.

૭. કૃતજ્ઞ–ઉપગારીના ઉપગારને વિસરી ન જતાં બને ત્યાં સુધી તેનો પ્રત્યુપકાર કરવા લક્ષ રાખવું; કૃતઘ્ની તો ન જ થવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૮૮]

વ્યવહારશુદ્ધિ સાચવવા સુજ્ઞજનોએ રાખવું જોઇતું પૂરતું લક્ષ્ય.

૧. શરીર–શુદ્ધિ, વસ્ત્ર–શુદ્ધિ, મન–શુદ્ધિ, સ્થાન–ભૂમિકા–શુદ્ધિ, ઉપગરણ–શુદ્ધિ, દ્રવ્ય–શુદ્ધિ અને વિધિ–શુદ્ધિ એમ સાતે શુદ્ધિ સાચવી શાસ્ત્રોક્ત મર્યાદા મુજબ શુદ્ધ દેવ, ગુરુ ને સંઘ–સાધર્મીજનોની સેવા–ભક્તિ સદા ય કરવી કહી છે.

૨. નવીન જિનમંદિર કરાવવા કરતાં જીર્ણોદ્ધારમાં આઠગણું ફળ કહ્યું છે. આપ્ત વચનોનો આદર કરી જીર્ણોદ્ધાર તરફ વિશેષ લક્ષ્ય આપવું જોઇએ.

૩. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય કે સાધારણદ્રવ્યની રક્ષા તથા ઉપયોગ કરવાની મર્યાદા દ્રવ્યસિત્તરી પ્રમુખ ગ્રંથોથી કે ગુરુ-મુખથી બરાબર જાણી લઇ તે સંબંધી કંઇ પણ ગેરવ્યવસ્થા થતી હોય તે ડહાપણથી દૂર કરવી જોઇએ.

૪. ઉપરોક્ત દ્રવ્યરક્ષા ઉપરાન્ત અત્યારે કઇક પ્રકારના ધર્માદા ફંડ વિગેરે દ્રવ્યની પણ રક્ષાને માટે તેઓની યથાયોગ્ય ઉપયોગ કરવામાં થતી ગેરવ્યવસ્થા દૂર થવાની જરૂર છે.

૫. ઉક્ત દ્રવ્યની વૃદ્ધિ કેવી રીતે કરવી ને કેવી રીતે ન કરવી ? તે બાબત પણ બહુ બહુ જાણવા જેવું ને બારીકીથી સમજવા જેવું છે. તે જાણવા–સમજવા અને તેનો અનાદર કરવામાં થતી ઉપેક્ષા લાગતાવળગતાઓએ દૂર કરવાની જરૂર છે.

૬. આવાં દ્રવ્યની વ્યવસ્થા કરવા વિધિકુશળ, બાહોશ, શ્રદ્ધાળુ ને ઊંડી લાગણીવાળા, ઉદાર દિલવાળા, સુખી ને સાવધાન સદ્‌ગૃહસ્થોની જ ખાસ જરૂર છે.

૭. જેમને ઉક્ત દ્રવ્યની યોગ્ય વ્યવસ્થા કરવાનું જ્ઞાન જ ન હોય તેથી જે સ્વચ્છંદપણે તેનો વ્યયાદિક કરે તેવા અકુશળ વ્યવસ્થાપકો પાસેથી શી સારી આશા રખાય ?

૮. અકુશળ જનોને આવા જોખમવાળાં કામ સોંપવા નહિ અથવા તેમણે જાતે જ પોતાની ખામી વિચારી તે હાથ ધરવા નહીં. પોતાનાથી અધિક યોગ્યતાવાળાઓને તેવાં કામ પ્રેમપૂર્વક સંભાળવા નમ્રતા સાથે વિનવણી કરવી.

૯. કુશળ માણસોને કામ કરતાં આવડે છે ને પોતાની જવાબદારીનું તેમને ભાન હોય છે તેથી તેઓ સાવચેતી રાખી સાવધાનપણે ડહાપણથી પોતાનું કામ કરી શકે છે; ત્યારે અકુશળ છતાં સત્તાપ્રિય જનો પોતે હાથ ધરેલાં કાર્યને સ્વચ્છંદ આચરણથી ઊલટા બગાડી મૂકે છે. આવાં આચરણથી તેઓ લાભને બદલે તોટો મેળવતા હોય છે.

૧૦. જેમને શાસનની ને સમાજની ઉન્નતિ માટે દિલમાં દાઝ હોય તેમણે પોતાનામાં તથાવિધ યોગ્યતા તપાસી જાતે જ તેવાં કામ નિઃસ્વાર્થપણે કરી સારો દાખલો બેસાડવો અને પોતાનામાં તેવી યોગ્યતા ન હોય તો જેમનામાં તેવી યોગ્યતાની ખાત્રી હોય તેમના જ માથે તેવા પરમાર્થના કામનો કળશ ઢોળવો, જેથી કાર્ય સરલ ને સુંદર થાય.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૧, પૃ. ૨૦૬]

ગુણગ્રાહી સજ્જનો પ્રત્યે થોડીએક સમયોચિત સૂચના.

૧. પર્યુષણ પ્રસંગે તેમ જ બીજા અનેક પ્રસંગે આપણામાં નવકારશી પ્રમુખ બીજા કઇક નાના મોટા જમણવારો થાય છે, તે પ્રસંગે આપણા દયા–અહિંસા ધર્મનો દાવો કરનારને છાજે તેવી સુઘડતા, સ્વચ્છતા, નિયમિતતા અને નિર્દોષ સાત્વિકતાનો સજ્જડ અમલ કરી શકીએ એમ થવું જોઇએ. તેને બદલે ઘણે સ્થળે અને ઘણી વખત એથી ઊલટી સ્થિતિ અનુભવાય છે તે દુઃખની વાત છે. ખાનપાનમાં જોઈતી સઘળી શુદ્ધિ સચવાય તે સાથે જયણા–દયાધર્મ સચવાય તેવી પૂરતી દરકાર રહેવા પામે તો વાસ્તવિક લાભ થાય.

૨. ઢોરને પાણી પીવાના અવેડા જેવું ગંદું (એક બીજાએ બોટેલું–એંઠું કરેલું) જળ આપણા જ ઘરે હરહંમેશ પીવાનો પડેલો ઢાળ તજી તેમાં રાખવી જોઇતી શુદ્ધિની દરકાર ન કરાય ત્યાં સુધી આપણામાં મનુષ્યપણું આવ્યું કેમ લેખાય ? વધારે નહીં તો રસોઇ કરવામાં તો જરૂર અબોટ પાણી જ વપરાય તો સારું. એક બીજાનું બોટેલું એઠું પાણી પેટમાં જવાથી કઈક વખત એક બીજાના ઝેરી રોગનો ચેપ લાગવાનો પણ સંભવ રહે છે. આરોગ્યની દૃષ્ટિથી પણ એવા દોષ ટાળવાની જરૂર છે.

૩. જે કોઇ શુદ્ધિ સાચવતા હોય તેમની પ્રશંસા કરી બીજા પણ તેનું અનુકરણ કરે તેમ વર્તવું; તેમની હાંસી તો ન જ કરવી.

૪. આહાર તેવો ઓડકાર. ખાનપાનની શુદ્ધિથી આપણી બુદ્ધિ સુધરતાં આપણી ભાવના સુધરશે અને આપણે સાચે માર્ગે ચઢશું.

૫. આપણા તન, મન ને વચનની પવિત્રતા સચવાય ને તેમાં વધારો થાય તેવી ચીવટ દરેક સાચા સુખના અર્થી ભાઈ-બહેનોએ જરૂર રાખવી. પોતાની સંતતિને સુધારવાનું ને ઊંચી ગતિ પામવાનું એના જેવું સરલ સાધન બીજું જણાતું નથી.

૬. નાનપણથી બચ્ચાઓમાં સારા બીજ–સંસ્કાર નાખવા, જેથી ભવિષ્યમાં બહુ જ સુંદર પરિણામ થવા પામે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૧, પૃ. ૨૦૭]

શ્રાવક યોગ્ય વ્યવહારુ શિક્ષા.

(૧)

સુગુરુનું આવાગમન, સત્સમાગમ, જિનચૈત્ય, સમાન ધર્મીઓની વસ્તિ, આજીવિકાના અલ્પારંભવાળાં સાધનો, રાજા–પ્રજા વચ્ચે પ્રેમ, પ્રજાને હિતકારી રાજનીતિ, હવા–પાણી અને ધાન્ય વિગેરેની અનુકૂળતા અને શ્રેષ્ઠતા, તથા કુશળ અને નિર્લોભી વૈદ્ય–એટલાં વાનાં જે ગામમાં હોય તે ગામમાં શ્રાવકે વસવું; કેમકે સુગુરુના વંદન અને તેમના ગુણોના બહુમાનથી પાપનો નાશ, સત્સમાગમથી દોષ અને દુર્બુદ્ધિનો નાશ, જિન-ચૈત્યના દર્શન પૂજા વિગેરેથી મિથ્યાત્વનો નાશ, સાધર્મિકની વસ્તિથી સંસારમાં સારભૂત એવું સાધર્મી–વાત્સલ્ય અને સમ્યગ્ દર્શનમાં પરસ્પર સ્થિરીકરણ–વૃદ્ધિકરણ વગેરેનો લાભ, અલ્પારંભવાળી આજીવિકાથી પાપ અને ભવભ્રમણની ઓછાશ, રાજા–પ્રજાના પ્રેમ અને સુરાજનીતિથી નિર્ભયતા અને સુખે ધર્મારાધનનો લાભ, હવા–પાણી વિગેરે સુખાકારીના સાધનોથી

શરીરે નિરોગતા અને ત્રિકરણ યોગની સ્વસ્થતાનો લાભ, યોગ્ય વૈદ્યથી રોગનો નાશ વગેરે અનેક લાભો થાય છે.

(૨)

સ્વસ્થપણે નિર્ભય સ્થાનમાં, અવિષમ ભૂમિ પર, સ્વચ્છ શય્યામાં, પરિમિત નિદ્રા માટે એકલા સૂવું. પરોઢીએ ઊઠવું. શય્યા ત્યાગી પંચપરમેષ્ઠી નમસ્કાર મંત્રનો જાપ કરવો. પોતાની જાતિ, ઉત્પત્તિ, શુદ્ધ સ્વરૂપ, શરીર કુટુંબાદિનો સંબંધ અને ત્યાગ કરવા યોગ્ય તથા ગ્રહણ કરવા યોગ્ય વસ્તુનો એકાગ્રતાથી બરાબર વિચાર કરવો. પૂર્વના પાપનો પશ્ચાત્તાપ અને પ્રતિક્રમણ કરવું. ચૌદ નિયમો ધારવા. આજના દિવસને યોગ્ય કાર્યનો અનુક્રમ મુકરર કરવો. ગત દિવસના અપૂર્ણ રહેલા આવશ્યક કાર્યને આજના કાર્યક્રમમાં મૂકવા. બીજા લાખો કામ મૂકીને પણ હંમેશ ચાર ઘડી સ્વાધ્યાય ધ્યાન કરવું (ભણવું, વાંચવું, વંચાવવું, ભણાવવું વિગેરે અવશ્ય કરવું.) માફકસર કસરત હંમેશ કરવી. આજે પૂરા કરવા યોગ્ય કાર્યો આજે જ કરવાનો દૃઢ સંકલ્પ કરવો. પ્રભાતે ઊઠી મળત્યાગ–પૂર્વક યથાયોગ્ય દેહશુદ્ધિ કરીને જિનમંદિરે જઇ પ્રભુદર્શન, ચૈત્યવંદન પ્રમુખ આનંદ અને ઉત્સાહ સહિત મૂળ ઉદ્દેશને લક્ષ્યમાં રાખી વિધિના ખપી થઈને કરવાં. પછી ગુરુને યથાવિધિ વંદન કરી યથાશક્તિ બાહ્યાભ્યંતર તપનું પ્રત્યાખ્યાન કરવું. અચપળ ભાવે ધર્મોપદેશ સાંભળી, વિચારી (મનન કરી) પોતાની ખામીઓ કમી કરવા બનતું લક્ષ્ય રાખવું.

(૩)

ઘરમાં દશ ઠેકાણે ચન્દ્રુવા, સ્વચ્છ હવા અને સૂર્યના

પ્રકાશનું આવવું, સામાન વિગેરેની સાફસુફ અને સ્વચ્છતા, રસોઈ કરનાર અને પાણી ભરનારની યતના સાથે સુઘડતા, સાત્વિક, ભક્ષ્ય અને નિર્જીવ સ્વચ્છ ભોજનના પદાર્થો, વિશ્વાસ યોગ્ય અને સદાચારી દાસ–દાસીઓ વિગેરે બાબતોની અનુકૂળતા બરાબર કરવી.

(૪)

સુપાત્રે દાન, અતિથિનો સત્કાર, આશ્રિત પ્રાણીઓનું પોષણ, સાધર્મી વાત્સલ્ય, દીન હીનને અનુકંપાદાન એટલું શ્રાવકે અવશ્ય કરી પછી ભોજન કરવા બેસવું.

લોલુપતા વિના, જીભને માટે નહીં પણ ઉદરપૂર્તિ માટે, ભૂખથી કાંઈક ઓછો, દેહ અને બુદ્ધિને હિતકારી, અતિ ઉતાવળે નહીં તેમ અતિ ધીરે નહીં, સારી રીતે ચાવીને, શાંત અને આનંદી ચિત્તે જીવના અણાહારી સ્વભાવને વિચારીને, ન છૂટકે, માત્ર દેહના ભાડા માટે, સાત્વિક અને પથ્ય આહાર કરવો. આહાર પહેલાં પાણી પીવું નહીં. મધ્યમાં પ્રમાણોપેત પાણી પીવું અને આહારને અન્તે મુખશુદ્ધિ જેટલું જ પાણી પીવું. આહારને છાંડવો પડે નહીં, તેમ જ ઊણોદરી થાય એ બન્ને બાબતો ધ્યાનમાં રાખવી. ખાતાં બચબચાટ બોલાવવો નહીં; આંગળીઓ ટાળીને ખાવું નહીં; ખાવાની બાબતમાં કોઇ સાથે સ્પર્ધા કે વાદવિવાદમાં ઉતરવું નહિ; પીવા યોગ્ય પદાર્થ પીતાં હસવું નહીં; બનતાં સુધી જમતાં મૌન રાખવું; થાળી વિગેરે ધોઇને પી જવું; સૂર્યસ્વર ચાલે ત્યારે અને ખરી ભૂખ લાગે ત્યારે ઉપરોક્ત વિધિપૂર્વક ભોજન કરવું. જમતાં મુખનો આકાર બગાડવો નહીં, ખાવાના પદાર્થોને નિંદવા નહીં,

બનતાં સુધી વખાણ પણ ન કરવાં. જમવાને અંતે જરૂર જણાય તો નિર્દોષ અને હિતકારી મુખવાસ ખાવો. ખાઇને ૧૦૦ પગલાં જેટલું જરૂર ફરવું. દોડાદોડ કે બહુ મહેનતનું કામ જમ્યા પછી તરત કરવું નહીં. અજીર્ણ હોય તો ઉપવાસ કરવાથી અને આહાર, વિહાર અને નિહારમાં નિયમિત રહેવાથી નિરોગી થવાય છે.

(૫)

અતિ શીઘ્ર, બહુ શ્વાસ ચઢે તેમ ચાલવું નહીં. સામાન્ય ગતિથી, સાડાત્રણ હાથ સુધી દૂર દૃષ્ટિ રાખીને અન્ય જીવોની યતના થાય તેમ ચાલવું. વાંકા વળી જઈને, હાથ કેડે કે માથે રાખીને, પરની ચેષ્ટા કરતાં, ખાતાંખાતાં, હાથ બહુ જ ડોલાવતાં, પગ ઘસતાં અને બહુ મરોડદાર ચાલમાં ચાલવું નહીં. જરૂર હોય ત્યાં, યોગ્ય સમયે, જરૂરની વસ્તુઓ સાથે રાખીને, જરૂરનું કામ હોય તો જ જવું. પરગૃહે નકામા જવું-આવવું નહીં. મન વિનાના, દ્વેષી, અધર્મી, રાજ્યના કે પ્રજાના ગુન્હેગારને ત્યાં ઘણે ભાગે જવું જ નહીં. સંતાતા કે ડરતા ચાલવું નહી.

(૬)

વાત કરતાં સામા માણસ સાથે કેવા રૂપમાં વાત કરવી તે ધ્યાનમાં રાખવું. કહેવાના મુદ્દા, પૂછવાની બાબતો સ્પષ્ટ અને સરળતાથી કહેવી. મધુર, હિતકારી, સ્વપરને ઉપયોગી, સત્ય, શાસ્ત્રસંમત, સરળતાવાળી, સ્પષ્ટ, પરિમિત અને નિર્દોષ ભાષા બોલવી. સામાનું કહેવાનું બરાબર સાંભળીને, વિચારીને, પોતાને ખબર હોય તેટલો જ, હિતાહિતને ધ્યાનમાં રાખીને જવાબ આપવો. વચમાં જલદીથી વગર વિચાર્યે અશુદ્ધ કે

ગરબડભરેલી ભાષામાં બોલવું નહિ અને મર્મભેદક વચનો બીલકુલ બોલવા નહીં. પળાય તેટલું, પોતાના જાણવામાં હોય તેથી ઓછું, જરૂર પૂરતું અને તે પણ લાભ હોય તો જ બોલવું. કહેવત છે કે "ભાવે એટલું ખાવું નહીં અને આવડે એટલું બોલવું નહીં." બોલેલો બોલ પાછો ગળાતો નથી. બંદુક કે તોપ જેવાનો માર કદી રૂઝાય છે, પણ શબ્દનો ઘા મરણાંતે પણ રૂઝાવો મુશ્કેલ છે; માટે જેટલું બોલો તેટલું તોળી તોળીને પરને કડવું ન લાગે અને ગુણ થાય તેવું બોલો. તેવો સમય ન હોય તો મૌન રહેવું એ વધારે સારું છે. બે કાને સાંભળીને, બે આંખે જોઇને, મગજમાં વિચારીને, એ પાંચવડે નિર્ણય થયા પછી લાભ થાય તેમ હોય તો એક જીભવડે થોડું જ બોલવું. જીભ બત્રીશ દાંતના કિલ્લા વચ્ચે અને બીડેલ મુખમાં હોવાનું એ જ કારણ છે. એ જ જીભવડે જગત આખું મિત્ર થાય છે, એ જ જીભવડે જગત આખું શત્રુ થાય છે. જીભમાં વશીકરણ છે અને જીભમાં ઝેર છે. જગતમાં લોહીની નદીઓ ચાલે તેવા મહાન્ યુદ્ધો અનંતી વખત થયા છે, તેમાં ઘણે ભાગે જીભલડીની કડવાશ જ મુખ્ય કારણ છે, માટે ખાવામાં અને બોલવામાં જીભને તાબે થવું નહીં, પણ આપણે તેને જ તાબે કરી લેવી. મહાપુરુષોના મુખમાંથી અમૃતના ઝરણાઓ ઝરે છે, ત્યારે મિથ્યાભિમાની મૂર્ખ જીવોના મુખમાંથી હળાહળ ઝેર જેવાં વચનોનો પ્રવાહ નીકળે છે. વચનવડે જાતિ, કુળ અને ધર્મની પરીક્ષા થાય છે. જેની હૃદયની તીજોરીમાં જેવું ભર્યું હોય તેવું જ નીકળે છે. કોયલની વાણીમાં મધુરતા અને કાગડાની વાણીમાં કઠોરતા, જેમાં જે હોય તે જ નીકળે છે; માટે શ્રાવકે શ્રાવકધર્મને શોભા આપનારાં વચનો બોલવાં;

દીનતાભરેલાં, હીણપત સૂચવનારાં અને નિર્માલ્ય વચનો કદી પણ બોલવાં નહીં. ભાટ–ચારણો જેવાં ખુશામતભરેલાં અને અસંબંધ વચનોનો ઉપયોગ કદાપિ કરવો નહીં. બને ત્યાં સુધી નિરવદ્ય ભાષા જ બોલવી. વાચાળપણાથી, વારંવાર ટોકવાપણાથી અને સમયને અનુચિત ભાષાથી બોલવા કરતાં મૌન રહેવું વધારે ઉચિત છે. બોલતાં પહેલાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને લાભાલાભનો ખાસ વિચાર કરવો; કારણ કે બોલવાથી ઘણાએ બગાડ્યું છે. કોઇની સાથે વિવાદમાં ઉતરવું નહીં, તેમ જાતે અન્ય ધર્મીઓની સાથે ચર્ચાની ઉદીરણા કરવી નહીં. ધર્મોન્નતિના કારણે પ્રતિપક્ષી સરળ અને જિજ્ઞાસુ હોય તો શાન્તિથી, યુક્તિથી અને પ્રમાણપુરઃસર પોતાના જ્ઞાનના પ્રમાણમાં ધર્મચર્ચા કરવી. સામા પક્ષને તોડવા ખાતર ખોટી યુક્તિઓ કરવી નહીં. સામા પક્ષની જેટલી બાબતો અબાધિત હોય તેને ખુશીથી ગ્રહણ કરવી. ધર્મનીતિને નામે કે સમાજસુધારણાને નામે વાગ્યુદ્ધોના અખાડામાં ઉતરવું નહીં. વચનની ટેક દૃઢ રાખવી. શબ્દમાં કદાચ વિરુદ્ધતા આવતી હોય પણ આશયમાં વિરુદ્ધતા ન હોય તો કદાગ્રહ કરવો નહીં. શબ્દભેદમાં આશયભેદ માનવા જેવી એકાએક ભૂલ કરવી નહીં. રાજકથા, સ્ત્રીકથા, આહારકથા અને દેશકથા–એ ચાર વિકથા શ્રાવકે વર્જવી. ખોટી સાક્ષી પૂરવી નહીં. મ્હોટાથી કે બળવાનથી ક્ષોભ પામી ખોટી બાબતમાં હાએ હા કે નાએ ના ભણવી નહીં. રાજ્યવિરુદ્ધ, સમુદાયવિરુદ્ધ, નીતિવિરુદ્ધ, ધર્મવિરુદ્ધ અને વ્યવહારવિરુદ્ધ કાંઇ પણ બોલવું કે કરવું નહીં.

(૭)

અલ્પારંભવાળી અને ન્યાયધર્મને અનુસરતી આજીવિકા–

વૃત્તિ કરવી. લોભ અને પરિગ્રહની બહુ વિચાર કરીને હદ બાંધવી. કમાણીનો અમુક હિસ્સો ઉત્તમ કામ માટે નિર્માણ કરી, નિર્મિત માર્ગે તેનો વ્યય કરવો. નિશ્ચિંતપણે ધર્મસાધન તીર્થાટન વિગેરે થઇ શકે તેને માટે પોતાની શક્તિને યોગ્ય અને બહુ ઉઘરાણી કરવી ન પડે તેવી રીતે વ્યાપાર કરવો. લેવડદેવડમાં ગમે તેવા સંબંધી સાથે પણ પહેલેથી જ પ્રમાણિકપણે ચોખવટ કરવી. પાછળથી સંબંધ તૂટે તેમ કરવાનો પ્રસંગ ન આવે એવી રીતે લેવડદેવડ કરવી.

શસ્ત્રધારી, ખૂની, નિર્દય, મહામાયાવી, ક્ષુદ્ર જાતિ, ઝનૂની, વ્યભિચારી, જુગારી, દુર્વ્યસની, બદદાનતવાળા, ભાંડ–ભવાયા, યાચક, મિત્ર, કુટુંબી, ગામધણી, રાજાના હલકા નોકર, રાજ્ય કે જ્ઞાતિના ગુન્હેગાર, બહેન, બનેવી–એ વિગેરે સાથે બનતા સુધી વ્યાપારને ખાતર લેવડદેવડ રાખવી નહીં; તેમ છતાં ઉધારે આપવાની ફરજ પડે તો આપતી વખતે જ પાછા નહી આવે એમ ધારીને જ આપવું, પણ તેમની સાથે આપ્યા પછી તકરારમાં ઉતરવું નહીં. કમાવાને ખાતર મોંઘવારી ચિંતવવી નહીં. આપણા થોડા લાભને ખાતર બીજાને ઘણું મોટું નુકશાન થતું હોય તો આપણો લાભ જતો કરવો. મળતો લાભ લઇ લેવો. પ્રાપ્ત ધનવૈભવમાં સંતોષિત રહેવું. ધનની લાભહાનિ વખતે લક્ષ્મીની ચપળતા બરાબર યાદ રાખવી. “ તન, મનના સુખને માટે ધનવૈભવ છે, પણ ધનવૈભવને માટે તન મન નથી. ” એ સૂત્રનું વારંવાર મનન કરવું. સર્વ ધન–વૈભવનો ભોગ આપીને પણ આત્માનું (પોતાપણાનું) યત્નપૂર્વક રક્ષણ કરવું.

વ્યવહાર, પ્રમાણિકતા, ટેક, આબરૂ, હિસાબ, વણિજ-વાણિજ્ય રીતિ, વ્યાપારનો માલ, તોલા, માપ, સોદો–એ વિગેરે બાબતો પહેલેથી છેલ્લે સુધી સારી–ચોખવટભરેલી રાખવી. નોકર મુનિમોને ખર્ચયોગ્ય પગાર આપી, તેમની પાસેથી પ્રેમથી કામ લેવું. વિશ્વાસ રાખવા લાયકને જ નોકર રાખવા અને એવા નોકર મુનિમો પર પછી અવિશ્વાસ રાખવો નહીં. અવિશ્વાસ જેવું જણાયા પછી એક પણ દિવસ રાખવા નહીં. એક ભાવ, નિર્મિત નફો અને વિશ્વાસપાત્ર રીતિ રાખી વ્યાપાર કરવો. સટ્ટો, જુગાર, શરત, કન્યાવિક્રય અને ભડવા-પણાનો ધંધો કદી પણ કરવો નહીં. જિંદગીનું વેચાણ કરવું નહીં. જ્યાં સુધી બને ત્યાં સુધી ગમે તેટલા લાભને ખાતર પણ નોકરી કરવી નહીં. ન ઉપાયે કરવી પડે તો મૂર્ખ, બેકદર, કૃતઘ્ની, શઠ, અપ્રમાણિક, ક્રોધી અને મિથ્યાભિમાની શેઠની નોકરી તો કદી પણ કરવો નહીં અને એવાની આગેવાની નીચે પણ નોકરી કરવી નહીં. જેમ બને તેમ સ્વતંત્ર ધંધો કરવો.

શેઠાઇ, અમલદારી અને મોટાઈ મળે તો ખુશામતનાં ‘ ખાં ’ ન બનવું. ‘ ખોટો દમામ અને દોર ન વાપરવો. ’ મિથ્યાભિમાનમાં અંધ ન બનવું, પરના ભલાને માટે યથાશક્તિ ત્રિકરણ યોગે સહાયક થવું. પોતાની બધી મિલકત વ્યાપારમાં રોકવી નહીં, પણ ઓછામાં ઓછો ત્રીજો ભાગ તો પોતાના ઘરમાં સીલીકે અવશ્ય રાખવો. માલ ગીરો મૂકી વ્યાજ ચઢા-વવા કરતાં માલને વેચી નાણાં કરવાં એ વધારે સારુ છે. કોઇની થાપણ રાખવી નહીં અને તમારી થાપણ કોઈને ત્યાં મૂકવી નહીં. જરૂર પડે તો પ્રમાણિક ગૃહસ્થને ત્યાં લાયક સાક્ષીઓ

રાખી, સામાની સહી લઇ કાયદાને યોગ્ય ચોક્કસ ચોખવટ કરીને જ બીજાને ત્યાં થાપણ મૂકવી.

અભક્ષ્ય, ઝેર, લોહ, દાંત, ચામડું, શસ્ત્ર, કેશ અને ચોપડ (સ્નિગ્ધ) વસ્તુઓનો વ્યાપાર બને ત્યાં સુધી કરવો નહીં. ન ચાલે ત્યારે છેવટે ગમે તે વસ્તુનો વ્યાપાર કે કોઇની સેવા બજાવીને પેટ ભરવું પણ યાચવું નહીં. ઉડાઉ, અતિસુખશીલ કે નામની કીર્તિમાં નિરર્થક નાણાંનો વ્યય કરવો નહિ. સન્માર્ગે કુટુંબી કે આશ્રયી જનોના પોષણાર્થે શક્તિને યોગ્ય ઉદારતાથી ખર્ચ કરવો. આવકથી ખર્ચ ઓછો રાખવો. વેષ અને દેખાવ પોતાની શક્તિ તથા આબરૂને યોગ્ય રાખવો, ઉદ્ભટ વેષ રાખવો નહીં, તેમ જ કંજુસાઇથી ચીંથરેહાલ રહેવું નહીં. કુલણજી થઇ ફરવું નહીં. લોભિયા થઇ ધૂતારાથી ફસાવું નહીં. બહુ વિચાર કરીને બીજાનો વિશ્વાસ કરવો. હંમેશની સાદાઇ છોડવી નહીં, ધનવૈભવના ભરતી કે ઓટ પ્રસંગે ગંભીરતા છોડવી નહીં. અર્થશાસ્ત્રના કરકસરના નિયમો જાણવા. ભલમનસાઇ ત્યજવી નહીં, ભોળા થઇ ગાંડામાં ખપવું નહીં. ખપ પડે ત્યારે ગમે તેવા નર પાસેથી મીઠાશ અને યુક્તિથી કામ કઢાવી લેવું. પૈસાના લોભે અસત્ય પક્ષમાં ઊભા રહેવું નહીં. નોકરી, અમલદારી કે વેઠાઇ કરતાં પોતાની ફરજને ભૂલવી નહિ. દાણચોરી કરવી નહીં. ધનને અર્થે શરીરને જોખમમાં નાખવું નહીં. વ્યાપાર એવી યુક્તિથી કરવો કે જેથી ગ્રાહકો પોતે જ સદા ય ગરજવાળા રહે. લેણદારો પાસે નમ્ર થવું, દેણદારો પાસેથી યુક્તિથી હાથ કાઢી લેવો. શાખ સારી રાખવી. હિંમતે બહાદુર થવું. ઉદ્યમમાં આગળ વધવું, કાર્યમાં કાયરતા ન રાખવી. આજુબાજુના સંયોગો જોઇ વિચારી વ્યાપાર કરવો,

કરેલ વ્યાપાર કે લેણાદેણા વિગેરે બધી બાજુ પર ધ્યાન આપતાં રહેવું. પ્રમાણિક ગુમાસ્તાઓની કદર બુઝવી. છેલ્લી અવસ્થામાં નિવૃત્તિ પમાય તેટલો ધનનો સંચય કરવો.

(૮)

બે ઘડી દિવસ બાકી રહે તે પહેલાં વ્યાપારાદિથી નિવૃત્ત થઈ, ભૂખ હોય તો સાંજનું સાદું ભોજન કરવું. પછી થોડો વખત ખુલ્લી હવામાં ફરવું, જિનચૈત્યે જઈ દર્શન ભાવના કરી દિવસ સંબંધી પાપનું પ્રતિક્રમણ સ્થિર ચિત્તે વિધિપૂર્વક કરવું. નિયમોને વિચારી સંક્ષેપવા અને રાત્રિને યોગ્ય નિયમો ધારવા. રાત્રિભોજન વર્જવું. બની શકે તો ચઉવિહાર પચ્ચખ્ખાણ કરવું, નહીં તો તિવિહાર અને છેવટે દુવિહારનું પચ્ચખ્ખાણ તો જરૂર કરવું. **આત્માના હિતાહિતનું સરવૈયું કાઢવું. જિજ્ઞાસુ સજ્જનો સાથે ધર્મચર્ચા કરવી, વાંચેલું સાંભળેલું પુનઃ પુનઃ વિચારવું. પોતાની ખામીઓ કમી થાય તેમ કરવું.** નિદ્રા પ્રમાદ કે આળસ માટે નહીં પણ નિવૃત્તિ માટે જ જરૂર પૂરતી લેવી; ચાર શરણ, સર્વ જીવો સાથે ખામણા વિગેરે વિધિ કરીને પછી શયન કરવું.

(૯)

બ્રહ્મચર્ય—શીલ અને આચારમાં ત્રિકરણ યોગે મર્યાદા જાળવવી. શૃંગારની વાર્ત્તા, વાંચન અને પરિચય કમી કરવો. પરસ્ત્રીસંગનો અને સૃષ્ટિવિરુદ્ધ વર્તનનો સદાને માટે ત્યાગ કરવો. સ્વસ્ત્રી પરત્વે પણ ઉદીરણા કરીને નહીં પણ સ્વાભાવિક ઉદય વખતે વિષયવિપાકને વિચારીને ન છૂટકે જયણા રાખવી.

મનપરિચારણા, વચનપરિચારણા, સ્પર્શપરિચારણા અને રૂપપરિચારણાને પણ જ્ઞાની પુરુષોએ વિષયમાં ગણાવ્યા છે; માટે જેમ બને તેમ તે ચારથી દૂર રહેવાય તેમ કરવું, જેથી પાંચમા કાયપરિચારણાના વિષયની ભીતિ રહેશે નહીં. જેમ બને તેમ તે વિષય અને વિષયીનો પ્રસંગ કમી કરવો. શરીરનો મુખ્ય રાજા વીર્ય અને પ્રધાન રુધિર છે. તે બંનેના યોગ્ય રીતિથી સંચય અને રક્ષણ માટે બહુ કાળજી રાખવી. શક્તિનો અને શૌર્યનો ખરો આધાર તેના પર રહેલો છે. શરીરનું સૌંદર્ય, પ્રતાપ અને તેજ વીર્યના રક્ષણથી બરાબર ટકી રહે છે. અપકવ ઉમ્મરે વિવાહિત ન થવું, પોતાથી મોટી સ્ત્રી સાથે વિવાહ ન કરવો પોતાના બળાબળનો પુખ્ત વિચાર કરવો. શ્વાનવૃત્તિ રાખવી નહીં. મરદાઇનું લક્ષણ વીર્યનો ક્ષય કરવામાં નથી પણ તેનું રક્ષણ કરવામાં છે. સર્વ ધર્મમાં બ્રહ્મચર્યને પ્રધાન માનવામાં આવ્યું છે. મહાન્ પુરુષોની અલૌકિક શક્તિનો વિકાસ પણ બ્રહ્મચર્યના બરાબર પાલનથી થયો છે. હમેશાં સ્ત્રીથી પૃથક્ શય્યા રાખવી. વિકાર ઉત્પન્ન કરનારા પદાર્થોને ભોગોપભોગમાં જેમ ઓછા લેવાય તેમ કરવું. વિકારના ઉદય વખતે સ્ત્રી–પુરુષોના શરીરમાં ભરેલી અશુચિનો બરાબર ખ્યાલ લાવવો. ક્ષણભંગુર સુખાભાસથી ચિરકાળના દુઃખો વ્હોરી લેવા જેવી ગંભીર ભૂલ વારંવાર ન થાય તેની સંભાળ રાખવી. સંસારપરિભ્રમણની વૃદ્ધિના હેતુરૂપ મુખ્યત્વે વિષયને જ જ્ઞાનીઓએ માન્યો છે. કષાયની વૃદ્ધિ, જડતા અને મંદતા પણ વીર્યના નાશથી થાય છે. આરોગ્યને માટે પણ વીર્યનું ખાસ રક્ષણ કરવું જરૂરનું છે. સુવર્ણ, રૂપું આદિ ધાતુના રક્ષણ

અને સંચય માટે બહુ કાળજી રખાય છે, પણ શરીરની સાતે ધાતુઓના રક્ષણ અને સંચય માટે બેદરકાર રહેવાય છે, એ આપણી અસાધારણ ખામી છે. એ ખામીને દૂર કરવી. શીલવંત સ્ત્રીપુરુષોના ચરિત્રો વારંવાર વાંચવા-વિચારવા ને આપણા મન પર કાબૂ મેળવવો. અલ્પ આહાર અને મર્યાદિત વિહારથી વિકારને રોકી શકાય છે, માટે જેમ બને તેમ **બ્રહ્મચર્યના રક્ષણ માટે સદા સાવચેત રહેવું.**

शिवमस्तु सर्व्वजगतः, परहितनिरता भवंतु भूतगणाः ॥
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखीभवंतु लोकाः ॥ १ ॥

परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ॥
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥ २ ॥

૧. વિશ્વત્રયમાં અખંડ શાંતિ પ્રસરો! સમસ્ત પ્રાણીવર્ગ પરોપકારરસિક બનો! દોષ માત્ર નિર્મૂળ થાઓ! અને સર્વત્ર સહુ કોઈ લોકો સુખી થાઓ!

૨. અન્ય જીવોનું હિત-શ્રેય-કલ્યાણ થાય એવી અંતરમાં લાગણી રાખવી તે **મૈત્રી,** અન્ય જીવોના દુઃખનો અંત આવે એવી ઊંડી લાગણીથી યથાશક્તિ યત્ન કરવો તે **કરુણા,** અન્ય જીવોની સુખ-સમૃદ્ધિ અથવા ગુણ-ગૌરવ દેખી દિલમાં પ્રમુદિત (રાજી રાજી) થવું તે **મુદિતા** અને અન્ય જીવોના (અત્યંત કઠોરતા, નિર્દયતા, ઈર્ષ્યા, નિંદા પ્રમુખ) અનિવાર્ય દોષો તરફ ઉપેક્ષા કરી તેમના ઉપર રાગદ્વેષ નહિ લાવતાં, તેમને કર્મવશવર્તી જાણી **સમભાવે** રહેવું તે **ઉપેક્ષા** ભાવના છે.

सर्वेऽपि सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् पापमाचरेत् ॥

સર્વ કોઈ સુખી થાઓ ! સર્વ કોઈ રોગ-આતંક રહિત થાઓ ! સર્વ કોઈ કલ્યાણ પામો અને પાપાચરણ મ કરો !

[જૈ. ધ. પ્ર. પુ. ૪૦, પૃ. ૩૬૬]

આત્માર્થી સજ્જનોને ખાસ ઉપયોગી હિતશિક્ષા.

૧. ચિત્તની ચંચળતા-અસ્થિરતા ને મલિનતા પેદા કરનારા વિક્ષેપ મટે [શાન્ત થાય] અને પ્રસન્નતા જાગે તેમજ જળવાઇ રહે તેમ લક્ષ્યપૂર્વક પ્રવર્તવું.

૨. ગુણીજનોમાંથી તો ગુણ ગ્રહણ કરવા જ, પરંતુ દુષિત દુર્ગુણીમાંથી પણ હંસની પેઠે ગુણ તારવી લેવાની કળા શીખી લેતાં આવડે તો ઘણો લાભ થઇ શકે.

૩. ઉપગારી ઉપર તો ઉપકાર કરવો જ એ કૃતજ્ઞતાની નિશાની લેખાય; પરંતુ અપકારીનું પણ હિત જ ઇચ્છી તેનું હિત કરવાની તક સાધવી એ સજ્જનતાનું લક્ષણ છે.

૪. મોરના ઈંડાંને ચીતરવું ન જ પડે, તેમ સજ્જનોને ગમે તેવા સમવિષમ પ્રસંગે સજ્જનતા દાખવવાનું કહેવું-શિખવવું ન જ પડે. તે તો તેનો સહજ સ્વભાવ જ હોય છે.

૫. જેમને દેખી વગરનિમિત્તે આપણને આનંદ-પ્રમોદ પ્રગટે તેમની સાથે પૂર્વનો પ્રેમસંબંધ જ હોવો ઘટે છે.

૬. જેમને દેખી વગરકારણે આપણને ખેદ, દ્વેષ કે અભાવ પેદા થાય તેમની સાથે પૂર્વનો વૈરસંબંધ હોવો ઘટે છે. ફક્ત અજ્ઞાની જીવો તેનો મર્મ જાણતા નથી.

૭. અજ્ઞાની જીવ તેવા પ્રસંગે દુઃખની પરંપરા વધ્યા કરે એવું આચરણ સેવી વધારે વધારે દુઃખી થાય છે.

૮. જ્ઞાની જનો તેવે પ્રસંગે જ્ઞાનપ્રકાશથી વૈરસંબંધને ખાળવા–મટાડવા પોતાથી બનતું કરે છે.

૯. જ્ઞાની જનો પરિણામદર્શી હોવાથી કૃત્રિમ પ્રેમમાં મુંઝાઇ જતા નથી. તેઓ નિઃસ્વાર્થ પ્રેમ આદરી જન્મ–મરણની ઉપાધિથી છૂટવામાં જ તેની સાર્થકતા લેખે છે. અજ્ઞાની જનો ઉપાધિથી છૂટી શકતા નથી.

૧૦. ગુણી જનો ગુણને જાણી શકે છે, તેમ નિર્ગુણી જાણી શકતા નથી; વળી સહિષ્ણુતા ન હોવાથી તે સામા ગુણી જનોના ગુણની કદર પણ કરી શકતા નથી.

૧૧. જે પોતે ગુણી હોય છતાં બીજા ગુણી જનોની પૂજા-પ્રતિષ્ઠાને જીરવી શકે છે–જોઇને રાજી થાય છે તેમની યશ–કીર્તિ સર્વત્ર ગાજી રહે છે.

૧૨. સદ્‌ગુણાનુરાગી થયા વગર મોક્ષનો માર્ગ હાથ લાગતો નથી.

૧૩. ગુણદ્વેષીપણાથી કરેલી ધર્મકરણી પણ નિષ્ફળ થાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૮૧]

કલ્યાણાર્થી જીવને બોધવચનો.

૧. જેને શુદ્ધ તત્ત્વ સાથે પ્રીતિ જોડવા તીવ્ર ઈચ્છા થઈ હોય તેને અશુદ્ધ તત્ત્વરૂપ દેહાદિક જડ વસ્તુમાં લાગી રહેલી પાર વગરની પ્રીતિ–આસક્તિ તોડ્યે જ છૂટકો.

૨. પ્રથમ શુદ્ધ તત્ત્વને પામેલા એવા ખરા જ્ઞાની ગુરુની સેવા–ઉપાસના કરવી.

૩. તેવા તત્ત્વજ્ઞાની ગુરુ આપણી યોગ્યતા પ્રમાણે માર્ગ બતાવે તે અવધારી લેવો.

૪. ગ્રહણ કરેલા સન્માર્ગની રક્ષા ને પુષ્ટિ થાય તેવી સત્સંગતિ સદા ય સેવ્યા કરવી.

૫. જરૂર પડે ત્યારે પણ સભ્યતાપૂર્વક પ્રિય વચન બોલવું, પણ સંતાપકારી કઠોર વચન વર્જવું.

૬. જેથી કંકાસ કે ક્રોધાદિક કષાય ઉપજે ને વધે તેવી અનર્થકારી તકરારોથી દૂર રહેવું.

૭. તેવા અનિષ્ટ પ્રસંગે **ગમ** ખાવાની ટેવ પાડવાથી તેવો અનર્થ થતો અટકે છે.

૮. ક્રોધાદિક કષાય પેદા થાય ને વધે તેવાં કારણ તજવાં ને શાન્તિ પ્રગટે તેવાં કારણો સેવવાં.

૯. મહાત્માઓનાં પવિત્ર ચરિત્ર યાદ કરી લઘુતા–નમ્રતા–મૃદુતા આદરવાથી અભિમાનવૃત્તિ ગળી જાય છે.

૧૦. માયા–મમતા–મૂર્ચ્છા તજવાથી રાગદ્વેષનાં બંધન મોળાં પડી જાય છે.

૧૧. ગુણાનુરાગી થવું એટલે હંસની જેમ સાર તત્ત્વ આદરી લેવું ને અસાર તત્ત્વ તજી દેવું.

૧૨. ઉન્માર્ગગામી ઇન્દ્રિયોને અને મનને અંકુશમાં રાખવા બનતી ચીવટ રાખવી.

૧૩. પારકી આશા-તૃષ્ણાના પાશમાંથી છૂટવા જેમ બને તેમ સંતોષવૃત્તિ ધારવી.

૧૪. આપઆપણા અધિકાર મુજબ કર્તવ્ય-ધર્મનું પાલન સહુ કોઇએ પ્રેમપૂર્વક કરવું.

૧૫. ધીરજ ને ખંતથી ઉદ્યમ સેવતાં ગમે તેવી મુશીબતોને પણ વટાવી શકાશે.

૧૬. ચંચળ મનને બોધવચનવડે સમજાવી સ્થિર-શાન્ત કરવાથી ઘણા લાભ થઇ શકશે.

૧૭. અનિત્ય ને અશુચિવાળી દેહાદિક જડ વસ્તુ પર મમતા અજ્ઞાનયોગે થવા પામે છે, આત્મજ્ઞાન-તત્ત્વજ્ઞાન યોગે તેવો ભ્રમ દૂર થાય છે અને વસ્તુને વસ્તુગતે જેવી હોય તેવા રૂપે સમજી શકાય છે, એટલે મમતાભાવ દૂર થવા પામે છે.

૧૮. પરોપકાર સમું કોઈ પુન્ય-કાર્ય નથી અને પરપીડા-હિંસા સમાન કોઇ પાપ નથી.

૧૯. દીન-દુઃખી જીવને યથાશક્તિ જરૂરી વસ્તુ આપી શીતળ વચનથી ઠારવા.

૨૦. સુકૃત્યો પરમાર્થબુદ્ધિથી કરનારની સુયશરૂપ ખુશબો ચારે તરફ પ્રસરે છે.

૨૧. દુષ્ટ કાર્ય છાનાં કે છતરાયાં કરનારની અપકીર્તિ પણ તેવી જ રીતે પ્રસરે છે.

૨૨. હંસની પેઠે સારભૂત આત્મ–તત્ત્વનું શોધન કરી સ્વબુદ્ધિની સાર્થકતા કરવી જોઇએ.

૨૩. ક્ષણિક એવા શરીર યૌવનાદિકની સાર્થકતા ઉત્તમ પ્રકારના તપ, જપ, વ્રત–નિયમાદિકનું આરાધન--ઉપાસના કરવા-વડે કલ્યાણઅર્થી જનોએ કરી લેવી જોઇએ.

૨૪. આપણને પોતાને જે ન રુચે તેવી પ્રતિકૂળતા કોઇપણ જીવને ઉપજાવવી ન જોઇએ.

૨૫ સમાન પ્રત્યે **મૈત્રી**, દુ:ખી પ્રત્યે **કરુણા**, સુખી પ્રત્યે **પ્રમોદ**, પાપી પ્રત્યે **ઉદાસીન ભાવ** રાખવો ઘટે છે.

૨૬. સર્વ કોઇને આત્મ સમાન લેખનાર પાપભીરુ શાન્ત દાન્ત મહાત્મા સહેજે ભવસાગર તરી જાય છે.

૨૭. આવા સંત પુરુષને ઓળખી એકનિષ્ઠાથી તેમના પવિત્ર માર્ગને અનુસરી ચાલનારનું અવશ્ય શ્રેય થાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૮૨]

જીભને તમે શું સમજો છો?

‘ જીભમાં અમૃત અને જીભમાં વિષ રહેલું છે. ’

૧. જેને જીભ વશ (કબજે) નથી તેને સર્વત્ર વેર–વિરોધ વર્તે છે અને જેની જીભમાં અમૃત વસે છે, તેને ત્રણે જગત વશ થઇ રહે છે. એથી જીભને મોકળી નહીં મૂકતાં કબજે રાખવી ઘટે છે.

૨. જીભના અગ્રે સરસ્વતી વસે છે, જીભના અગ્રમાં મિત્રો અને બાંધવો હાજર રહે છે (સાચી અને મીઠી જીભનું એ પરિણામ છે.) જીભને મોકળી મૂકવાથી કહો કે કબજે નહીં રાખવાથી રાગદ્વેષનું બંધન થાય છે, પણ તેને સદ્‌વિવેકથી કબજે રાખવાવડે ઉક્ત બંધનથી મુક્ત થઇ શકાય છે. પરમાર્થ દાવે જીભનો સદુપયોગ કરવાથી પ્રિય, પથ્ય (હિતકર) એવું સત્ય પરમાર્થ દાવે (સર્વથા સ્વાર્થત્યાગરૂપે) વદવાથી પરમપદ-મોક્ષની પણ પ્રાપ્તિ થઇ શકે છે. ટૂંકમાં કહીએ તો જીભમાં સઘળું રહેલું છે. તેના દુરુપયોગથી મિત્રો પણ શત્રુ બની જાય છે અને તેને સારી રીતે કેળવી સદુપયોગ કરતા રહેવાથી દુનિયા બધી વશ થઈ જાય છે. આપણે સહુએ તેનો દુરુપયોગ નહીં કરતાં કેવળ સદુપયોગ જ કરતાં શીખવું જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૩૫૭]

અંતરથી બોધ લેવા જેવું.

૧. મનુષ્યનું જીવન વર્ષોથી નહીં પણ કર્મો(Duties)થી માપવાનું છે.

૨. વર્ષો મહિનાઓથી નહીં પણ વચનો [બોલ] ઉપરથી માપવાના છે.

૩. મહિના દિવસોથી નહીં પણ વિચારોથી માપવાના છે.

૪. દિવસો કલાકોથી નહીં પણ સામર્થ્યથી માપવાના છે.

સાર—નિઃસ્વાર્થપણે (ફળની આશંસા વગર) કરાતાં કર્મો (કર્તવ્યો), પરોપકાર અર્થે વદાતા વચનો, અંતરની

શુદ્ધિથી થતા સદ્વિચારો–એમ અનેક રીતે બળ–વીર્યના થતા સતત સદુપયોગથી જ સ્વ સ્વ મનુષ્ય જીવનના વર્ષો, માસો કે દિવસો સફળ લેખી શકાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૩૫૭]

શુદ્ધ બ્રહ્મચર્ય પાલનથી થતાં અદ્ભુત લાભ

શાસ્ત્રકાર વર્ણવે છે તે વાતનો શ્રદ્ધામાત્રથી સંતોષ માની લેવા કરતાં તે ઉપયોગી લાગતા તત્ત્વને આચરણ દ્વારા સ્વજીવનમાં ઉતારવા ઉદ્યમ સેવવો જોઇએ. બ્રહ્મચર્યને યથાર્થ પાળવાથી, મન–વચન–કાયાની પવિત્રતા જળવાયાથી આત્મ–શાન્તિ વિગેરે અનેક અદ્ભુત લાભો મળી શકે છે, તેની ખાત્રી–પ્રતીતિ સુજ્ઞ જનોએ સ્વાનુભવથી કરી લેવી જોઇએ.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૩૫૭]

પ્રસ્તાવિક સદ્બોધ.

૧ સ્ત્રી પીયર નર સાસરે, સંજમિયા સહવાસ,
પગ પગ હોય અળખામણાં, જો મંડે થિર વાસ.

२ अविदितपरमानंदो, वदति जनो ह्येतदेव रमणीयम् ।
तिलतैलमेव मिष्टं, येन न दृष्टं घृतं क्वापि ॥

(જેણે કદાપિ ઘી જોયું કે ખાધું ન હોય તેને તલનું તેલ જ મીઠું લાગે છે; તેમ પરમાનંદ–તત્ત્વનો અજાણ હોય તે જ એમ વદે છે કે આ નજરે દેખાતી વસ્તુ જ રમણિક છે.)

૩ દુર્ગતિના દ્વારનું ઢાંકણુ, સકળ સંપદાનું નિધાન અને મોક્ષ–સુખનું નિદાન એવું (એકાન્ત સુખદાયક) સમ્યક્ત્વ (સમકિત રત્ન) ઘણા પુન્યયોગે પ્રાપ્ત થઈ શકે છે.

૪ ધર્મસેવનથી ભોગ–સામગ્રી મળે છે, સુખ–સંપદા પ્રાપ્ત થાય છે, યાવત્ સ્વર્ગ અને મોક્ષ મળે છે તેથી ધર્મ કલ્પ-વૃક્ષ સમાન છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૩૫૬]

થોડા હિતવચનો

(પ્રશ્નોત્તરરૂપે)

પ્ર૦–જાગતો કોણ ?

ઉ૦–જેના અંતરચક્ષુ ઉઘડ્યાં છે તે, અર્થાત્ **વિવેકી.**

પ્ર૦–અંધ કોણ ?

ઉ૦–જે ન કરવાનાં કામ કરતો રહે છે–અકાર્યમાં રક્ત રહે છે તે.

પ્ર૦–મૂંગો કોણ ?

ઉ૦–ખરી તકે બોલવા યોગ્ય પ્રિય બોલી ન જાણે તે.

પ્ર૦–બહેરો કોણ ?

ઉ૦–જે હિત વચનને હૈયે ધરતો નથી તે.

પ્ર૦–નિદ્રા કઇ ?

ઉ૦–જે જીવને મોહવશ વિકળ બનાવી મૂકે છે તે **મૂઢતા.**

પ્ર૦–ગુરુ કોણ ?

ઉ૦–તત્ત્વ પામેલા અને સદા ય સ્વપરહિત કરવા સાવધાન હોય તે.

પ્ર૦–ધન કયું ?

ઉ૦–જે ખરી તકે ફળની ઇચ્છા વગર દેવામાં આવે તે, તેમ જ પ્રિય વચન સાથે અપાય તે.

પ્ર૦–મરતાં સુધી શું સાલે ?

ઉ૦–છાનું કરેલું અકાર્ય (અનાચરણ).

પ્ર૦–જીવિત સાર્થક કયું ?

ઉ૦–પાપ રહિત (નિષ્પાપ-નિષ્કલંક) આચરણવાળું હોય તે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૧૫૦.]

થોડાંક સૂક્ત વચનો

૧. જેનાથી અંતરમાં શાન્તિ–શીતળતા ઉપજે એવા વીતરાગ પરમાત્માની તથા શાંત, દાન્ત, મહન્ત સાધુજનોની અને ઉત્તમ બ્રહ્મવ્રતધારક સતાસતીઓની પવિત્ર મુખમુદ્રા પ્રસન્ન ચિત્તે નીહાળી પાવન થવું એ નેત્રની સાર્થકતા છે.

૨. ત્રિવિધ પાપતાપને ઉપશમાવે એવા એકાન્ત હિતવચનામૃતનું પ્રેમપૂર્વક પાન કરી પાવન થવું એ પ્રાપ્ત થયેલ કર્ણ ને હૃદયની સાર્થકતા છે.

૩. શુદ્ધ દેવ, ગુરુ અને સંઘ–સાધર્મિજનોને વિનય–બહુમાનપૂર્વક સ્તવવા અને તેમની સાથે નિઃસ્વાર્થ પ્રેમ જોડવો એ મન ને વાચા પામ્યાની સાર્થકતા છે.

૪. સહુ કોઇ પ્રાણીવર્ગને આત્મ સમાન લેખી, તેની અનુકૂળતા સાચવવી તે તન, મન ને વચન પામ્યાની સાર્થકતા છે. ધનથી બને તેટલી નિઃસ્વાર્થ સેવા કરવી તે લક્ષ્મી પામ્યાની સાર્થકતા છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૧૪૮]

સદ્ધર્મ–સાધનમાર્ગમાં આ રીતે આદર કરવો.

૧. દયાળુ–માયાળુ સ્વભાવ રાખવો.
૨. કોપાટોપ કરવાની ટેવ તજવી.
૩. જૂઠું બોલવાની ટેવ તજવી.
૪. પરાયું છીનવી લેવાની બુદ્ધિ ન રાખવી.
૫. પરસ્ત્રીની ઇચ્છા–લાલસા નીવારવી.
૬. દુઃખીજનોને દુઃખમુક્ત કરવા ઇચ્છા રાખવી.
૭. દેવ અને સંઘ(અથવા દેવ–સમૂહ)ને વંદન કરવું.
૮. પરિજનોને યોગ્ય સંતોષ ઉપજાવવો.
૯. મિત્રવર્ગને અનુસરીને ચાલવું.
૧૦. પરના ગુણ ગ્રહણ કરવા.
૧૧. કોઇએ કરેલો થોડો પણ ઉપકાર સંભારવો.
૧૨. મહાજન–મોટા માણસનો યોગ્ય સત્કાર કરવો.
૧૩. પરના મર્મ ઊઘાડવા નહિ.
૧૪. કોઇનો તિરસ્કાર કરવો નહિ.

૧૫. દુર્જનના સંસર્ગથી દૂર રહેવુ.

૧૬. ગુણાનુરાગ વધારવો.

૧૭. મિથ્યાભિમાનનો ત્યાગ કરવો.

૧૮. ધન વગેરેનો ગર્વ ન કરવો.

૧૯. ગુરુજનોનો યોગ્ય સત્કાર કરવો.

૨૦. સ્નેહીવર્ગના મનનું સમાધાન કરવું.

૨૧. પરના અવર્ણવાદ ન બોલવા.

૨૨. નિજ ગુણપ્રશંસા કરતાં સંકોચ ધારવો.

૨૩. પરોપકાર કરવા લક્ષ રાખવું.

૨૪. ધાર્મિક જનોના ગુણોનું અનુમોદન કરવું.

૨૫. સારો વેષ અને આચાર રાખતાં રહેવું.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૩૮૯]

ખરૂં તત્ત્વ શોધી લેવાથી જ સાચું સુખ સાંપડશે.

૧ ખરો સુધરેલો તે છે જેણે પોતાની જાતને સુધારી મન અને ઇન્દ્રિયોને વશ કરેલ છે.

૨. ખરો સુજાત (સફળ જન્મ) તે છે જેનાવડે વંશ ભારે ઉન્નતિને પામે છે.

૩. ખરો સહૃદય–વિવેકી તે છે જે વસ્તુનું ખરું તત્ત્વ–રહસ્ય તારવી લે છે.

૪. ખરો સચક્ષુ તે છે જે સ્વકર્તવ્યનો નિશ્ચય કરી લઈ તેમાં સદા સાવધાન રહે છે.

૫. ખરો સકર્ણ તે છે જે સાચા જ્ઞાનીની સેવા કરી, શુદ્ધ તત્ત્વને સમજી, નિશ્ચય કરી લે છે.

૬. વાચા પામી તેની લેખે છે જે સમયોચિત હિતમિત વચનવડે અન્યને સંતોષે છે.

૭. ખરો શૂરવીર તે છે જે ઇન્દ્રિય–ચોરોથી સ્વચારિત્રધન સુરક્ષિત રાખી શકે છે.

૮. ખરો જાગેલો તે છે જેનામાં સાચો વિવેક પ્રગટ્યો છે.

૯. ખરો ઊંઘતો તે છે જેનાં જ્ઞાનચક્ષુ બંધ થયાં છે, જે મૂઢ–અજ્ઞાન છે.

૧૦. ખરો તત્ત્વવેતા પંડિત તે છે જે મદ–અભિમાન–અહંકારથી દૂર રહે છે.

૧૧. ખરા સંત–સાધુ તે છે જે પોતાની શાંત મુદ્રાવડે અન્યનો તાપ સમાવે છે.

૧૨. ખરો દાનેશ્વરી તે છે જે નિઃસ્વાર્થપણે (કશા સ્વાર્થ વગર) જ દાન દે છે.

૧૩. ખરું દાન તે છે જે ખરી તકે ટગાવ્યા વગર વિનાસંકોચે અપાય છે.

૧૪. ખરી વિદ્યા તે છે જે જન્મમરણનાં બંધન કાપી મુક્તિસાધક બને છે.

૧૫. ખરો કલ્યાણમિત્ર તે છે જે પાપપંકમાં ખૂંચતા આપણને બચાવી લે છે.

૧૬. ખરો સજ્જન તે છે જે અપકાર કરનારનો પણ ઉપકાર કરી છૂટે છે.

૧૭. ખરો નિર્ધન તે છે જે છતે પૈસે **મમ્મણ** શેઠની પેઠે કૃપણતા સેવે છે.

૧૮. ખરો સુખી તે છે જે યથાપ્રાપ્તમાં (જેટલું મળે તેમાં) સંતોષ માની લે છે.

૧૯. ખરો દુઃખી તે છે જે લોભ–તૃષ્ણાને વશ પડી ધર્મથી વિમુખ બને છે.

૨૦. ખરો ગુરુ તે છે જે વસ્તુતત્ત્વનો જાણ સતો પ્રાણીહિત માટે સદા તત્પર રહે છે.

૨૧. છતી આંખે અંધ તે છે જે હિંસા, અસત્ય, ચોરી, જારી પ્રમુખ અકાર્યમાં રક્ત રહે છે.

૨૨. છતે કાને બહેરો તે છે જે હિતવચનોને સાંભળી હૈયે ધરતો નથી.

૨૩. છતે મુખે મૂંગો તે છે જે ખરી તકે પ્રિય ને હિતવચન બોલી જાણતો નથી.

૨૪. ખરું અમૃત તે છે જેથી જન્મ–જરા–મરણરૂપી મહા-વ્યાધિનો અંત આવે.

૨૫. ખરું વિષ તે છે જેથી જન્મમરણના ફેરામાં અનંતી વાર ફર્યા કરવું પડે.

૨૬. ખરું પુણ્ય તે છે જેથી ઉત્તરોત્તર અધિક આત્મોન્નતિ સાધી આત્મા પવિત્ર બને.

૨૭. ખરું પાપ તે છે જેથી ઉત્તરોત્તર અધિક અધોગતિ પામી આત્મા અપવિત્ર બને.

૨૮. ખરો ત્યાગી તે છે જે છતી ભોગ–સામગ્રીનો અનાદર કરે છે ને પરમાર્થ સાધે છે.

૨૯. ખરો મુનિ તે છે જે નકામી પરપ્રવૃત્તિથી પરાઙ્મુખ રહી સ્વપરહિત સદા સાધ્યા કરે છે અને હિતોપદેશના કારણ વિના મૌન સેવે છે.

૩૦. ખરા પાઠક–ઉપાધ્યાય તે છે જે જડ જેવા શિષ્યવર્ગને પણ સુધારી નવપલ્લવિત કરે છે.

૩૧. ખરા આચાર્ય તે છે જે પંચાચાર પાળવા સદા સાવધાન રહી શિષ્યવર્ગને તેમાં કુશળ કરે છે.

૩૨. ખરા સિદ્ધ–બુદ્ધ તે છે જે સકળ કર્મબંધનને છેદી, નિરુપાધક અનંતગુણસમૃદ્ધિ પામેલા છે.

૩૩. ખરો જૈન તે છે જે મોહાદિક સમસ્ત કર્મરિપુઓના નેતા જિનેશ્વર પ્રભુના પવિત્ર માર્ગે જ ચાલે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૯૮]

‘ હું અને મારું ’ અથવા ‘ અહંતા ને મમતા ’ આશ્રયી વિવેક.

‘ હું અને મારું ’ એ મોહનો મહામંત્ર આખી દુનિયાને અંધ બનાવી દેનાર છે અને એ જ મંત્રની પૂર્વે નકાર મૂકવાથી ‘ નહિ હું ને નહિ મારું ’ એ રૂપ બનેલો પ્રતિમંત્ર મોહનો પણ જય–પરાભવ કરનાર નીવડે છે. અનુભવથી તેની ખાત્રી થઇ શકે છે. શુદ્ધ આત્મદ્રવ્યરૂપ જ ‘ હું ’ છું અને શુદ્ધ જ્ઞાનગુણ જ ‘ મારું ’ અક્ષય ધન છે; એ સિવાય બીજો કોઇ

દેહાદિક જડ વસ્તુરૂપ ' હું કે મારું ' નથી એવી સાચી સમજ, મોહને જીતી પરાસ્ત કરવા પ્રબળ શસ્ત્ર સમાન નીવડે છે.

જે મહાનુભાવ પૂર્વકૃત કર્મના વિપાકવડે પ્રાપ્ત થતાં સુખ-દુઃખમાં લગારે મુંઝાયા વગર સમભાવે રહે છે–રહી શકે છે તે આકાશની પેઠે પાપકર્મથી લેપાતા નથી. તત્ત્વવેત્તા મહાશય સંસારચક્રમાં ઠેકાણે ઠેકાણે થતું–થઇ રહેલું વિવિધ કર્મજન્ય નાટક કેવળ સાક્ષીભાવે જોતો છતો લગારે ખેદ પામતો નથી. બાકી ખોટા સંકલ્પ–વિકલ્પોને સેવી મોહાન્ધ થયેલો મૂઢ આત્મા વારંવાર ચોરાશીના ફેરામાં ફરતો ફરતો દુઃખી દુઃખી થઇ જાય છે.

આત્માનું સહજ સ્વાભાવિક સ્વરૂપ તો શુદ્ધ સ્ફટિક રત્ન જેવું નિર્મળ છે; છતાં સાથે લાગેલા કર્મરૂપ ઉપાધિ સંબંધ-યોગે જીવ મૂઢ બન્યો છતો તેમાં મુંઝાય છે. મોહ–મમતાને તજવાથી સહજ સ્વાભાવિક આત્મિક સુખનો સાક્ષાત્ અનુભવ પોતાને થયા છતાં તેના બીનઅધિકારી મૂઢ અજ્ઞાની જીવોની આગળ તે કહી શકતો નથી–વર્ણવવા તેનું મન જ વધતું નથી. આંધળાની આગળ આરસી ધરવા જેવા તે કાર્યથી તેમને કશો લાભ થતો નથી, પરંતુ જેમને હાથકંકણ ને આરીસાની જેમ વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાયું છે તે મહાશયો નિરુપયોગી જડ-ભાવમાં મુંઝાતા જ નથી. પૂર્વે ભારતવર્ષમાં એવા અનેક ઉત્તમ તત્ત્વવેત્તા મહાપુરુષોનો સુયોગ મળતો, જેથી તેમના પુણ્ય-સમાગમનો લાભ પામી, આત્માર્થી જનો સુખી થતા. આજ-કાલ ઉત્તમ તત્ત્વવેત્તા જનો બહુ જ વિરલ માલૂમ પડે છે, અને તત્ત્વજ્ઞાનાદિક સદ્ગુણોની ખામી દૂર કરવા માટે પ્રયત્ન કરનારા

પણ ભાગ્યે જ જણાય છે. મોહ અજ્ઞાનાદિક દોષો દૂર કરવાથી જ તે બની શકે એમ છે, તેથી જ તેવી અંતરની લાગણી ધરાવનાર દિલસોજ મહાશયે ઠીક જણાવ્યું છે કે–' રાગ–દ્વેષ, અહંતા–મમતાથી રહિત થયેલા મનુષ્યો જ જગતને ઉપકારક થઇ શકે. તેમના જ કાર્ય ઉચ્ચ અને દિવ્ય બની શકે. તેમનાથી જ સંસારને સ્થાયી અને સંગીન લાભ પહોંચી શકે. ' વળી જે સુધારો કે શિક્ષણ એવા (ખરા) મનુષ્યોને ઉત્પન્ન કરી શકતા નથી તે નકામા છે. વખતે ક્ષણિક લાભ તેનાથી થશે પણ અંતે તો હાનિ જ છે. ડાળી–ડાંખળાને પોષવા કરતાં મૂળને જ જળસિંચન કરવાની કેટલી અગત્ય છે ? તે વિચારી સાચી દીક્ષા લેવાય તો નિઃસંશય ભારે લાભ થાય, એવી સદ્‌બુદ્ધિ સૌને જાગો.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૯૯]

વખતની કિંમત.

આપણે કઇક વખત ગુરુમુખથી પણ સાંભળ્યું હોય છે કે ' મનુષ્યજન્મ દશ દૃષ્ટાન્તે દુર્લભ છે, અરે ! દેવને પણ દુર્લભ છે અને ફરી ફરી મળવો દુર્લભ છે. ' અતઃ બને તેટલો તેનો સદુપયોગ ચીવટ રાખીને કરી લેવો; પરંતુ એ તો વખતની કિંમત બરાબર સમજાય ત્યારે જ બને, અર્થાત્ વખતને નકામો **પ્રમાદમાં વેડફી** ન દઇએ અને દરેક ક્ષણનો સારો લાભ લઇને તેને સાર્થક કરીએ. શિષ્યે ગુરુશ્રીને સવિનય પૂછ્યું કે–' હે પ્રભો ! મનુષ્યજન્મની સાર્થકતા શી ? ' તેનો પ્રત્યુત્તર ગુરુશ્રીએ આ રીતે આપ્યો

કે–'**સ્વપરહિત કરવા સાવચેત રહેવું.** આવો અમૂલ્ય વખત નકામાં ટાયલાં કરવામાં કે મદ, વિષય, કષાય, નિદ્રા ને વિકથામાં વેડફી નહીં દેતાં અભિનવ ગુણની પ્રાપ્તિ થાય તેમ જ તેની રક્ષા અને પુષ્ટિ થાય એવાં **સદાચરણમાં જ** તેનો ઉપયોગ કરવો. જેથી ઉત્તરોત્તર આપણી આત્મોન્નતિ થવા પામે. **પ્રમાદ પંચક**–જેથી સ્વભાન ભૂલાય, કર્તવ્યથી ચૂકાય ને આપણી પાયમાલી થાય તેવા સ્વચ્છંદી આચરણને જ્ઞાનીજનો પ્રમાદ કહે છે. **મદ, વિષય, કષાય, નિદ્રા ને વિકથા** એ મુખ્ય **પાંચ પ્રમાદ** કહ્યા છે, તેમજ અજ્ઞાન, મિથ્યાત્વ ને અવિરતિ (સાવ મોકળી વૃત્તિ) મળીને આઠ પ્રમાદ પણ કહેલા છે. તેમાં માદક પદાર્થનું સેવન કરવાથી થતી ઉન્મત્તતા–(ઉન્માદ)ને **મદ** (Intoxication) કહે છે. પાંચે ઇન્દ્રિયોના વિષયભૂત શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શમાં લંપટ થવું તે **વિષય પ્રમાદ** કહેવાય છે, ક્રોધ, માન, માયા ને લોભને વશ રહેવું તે **કષાય પ્રમાદ,** વગર જરૂરે નિદ્રા–તંદ્રાને વશ થઇ આળસ કરવું તે **નિદ્રા પ્રમાદ** અને સ્વપરહિતબાધક નકામી કુથલી કરવી તે **વિકથા પ્રમાદ** કહ્યો છે. તે ઉપરાન્ત જ્ઞાન, દર્શન ને ચારિત્રને બાધ કરનારા **અજ્ઞાન, મિથ્યાત્વ ને અવિરતિ** મળી અષ્ટવિધ પ્રમાદ આત્માર્થી જનોએ અવશ્ય ટાળવા યોગ્ય છે.'

[જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૧૦૦]

એક ભલા સમ્રાટે ફરમાવેલી આજ્ઞામાંથી લેવાનો બોધ

૧. મારી નિંદા કરનાર કોઈ માણસને શિક્ષા કરવી નહીં; કારણ કે જો તે મજાકમાં કરી હોય તો તેને હસી કાઢવી જોઇએ, જો તે વિરોધભાવે કરી હોય તો ક્ષમા આપવી જોઇએ અને જો તે સત્ય જ હોય તો તે માટે તે બોલનારનો આભાર માનવો જોઈએ.

૨. બીજાઓ પર ટીકા કરતી વખતે આપણે જેટલી કાળજીથી તેમના દોષો અને એબો પ્રગટ કરતા હોઇએ તેટલી જ કાળજીથી આપણે તેમના સદ્‌ગુણો અને સુંદરતાઓ પણ પ્રકાશિત કરવી જોઈએ. જે પુરુષ અથવા સ્ત્રી બીજાઓની ઊંચામાં ઊંચી કિંમત આંકે છે તે પોતે જ ઉચ્ચમાં ઉચ્ચ હોય છે એમ સમજવું.

૩. પારકી નિંદા કરવી નહીં, કરવી તો આપણા જ દુર્ગુણોની કરવી જેથી કંઇક છૂટકબારો થવા પામે. પરનિંદાથી વિરોધ પેદા થઇ તેમાં વધારો થાય છે અને સ્વપરને કશો તાત્ત્વિક લાભ થવા પામતો નથી.

૪. પારકા દોષમાત્રને ગાયા કરવાથી આપણે જાતે જ કેટલા બધા દોષિત બનતા જઈએ છીએ તેનું નિંદાખોરને કશું ભાન હોતું નથી. પરિણામે નિંદકનું હ્રદય અત્યન્ત કઠોર બની જાય છે; તેથી જ શાસ્ત્રકાર એવા નિંદાખોરને **ચોથા ચંડાળ**ની કોટીમાં મૂકે છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૨. પૃ. ૨૭૯]

સારા બોધદાયક ગ્રંથોનો પ્રભાવ.

૧. ગમ્મત મેળવવાનું કોઈ પણ સાધન વાંચનના જેટલું સસ્તું નથી, તેમ જ કોઈ આનંદ એના જેટલો ટકતો નથી.

૨. સારા ગ્રંથો ચારિત્રને ઉન્નત કરે છે, રુચિને શુદ્ધ કરે છે, હલકી પંક્તિના આનંદોનો મોહ નષ્ટ કરે છે અને આપણુને ઊંચકીને વિચાર અને જીવનની ઉચ્ચતર ભૂમિકા પર મૂકી દે છે.

૩. પોતાનાં સાધન ગમે એટલાં સંકુચિત હોય તો પણ દરેક તરુણે કોઈ એક બાબતમાં અસાધારણ નિવડવાની મહત્ત્વાકાંક્ષા રાખવી જોઇએ.

૪. એકાદ ગ્રંથ વાંચ્યા પછી કે એકાદ વ્યાખ્યાન અથવા ધર્મોપદેશ સાંભળ્યા પછી તેની સંક્ષિપ્ત નોંધ લેવી એ અતિ અગત્યનું કામ છે.

૫. જે માણુસ દિવસનું કામ પૂરું કરીને, વર્તમાન અને ભૂતકાળના મહાબુદ્ધિમાન પુરુષોની સાથે સંભાષણ કરીને તેમજ પુસ્તકો વાંચીને શાંતિ અને આનંદ પ્રાપ્ત કરે છે તે માણુસ ખરું સુખ ભોગવે છે. કામ અને મહેનતથી શ્રમિત થઇ કંટાળેલા શરીર અને મનને માટે ઉક્ત બૌદ્ધિક આનંદ જેવો કોઇપણુ આનંદ, કોઇપણુ શાન્તિ કે કોઇપણુ નવી કાર્યશક્તિ પૃથ્વીપટ પર વિદ્યમાન નથી. ગ્રંથ એ ઉત્તમ સોબતી છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૨૭૯]

પૈસા વિના પણ શ્રીમંત થઈ શકાય છે.

૧. '**निःस्पृहस्य तृणं जगत्**'—નિઃસ્પૃહીને કોઇની પરવા હોતી નથી. આખું જગત તેને મન તૃણ સમાન છે.

૨. સહૃદયતા, આત્મિક ભાવ, આશા, આનંદ અને પ્રેમ એ જ સાચું દ્રવ્ય છે. અંતરનો ઉદાર ભાવ એ જ ખરી સંપત્તિ છે.

૩. જે માણસ થોડામાં થોડી સંપત્તિથી સંતુષ્ટ થાય છે તે સૌથી વિશેષ શ્રીમંત છે, કારણ કે સંતોષ એ સર્વશ્રેષ્ઠ કુદરતી દ્રવ્ય છે.

૪. ઘણા માણસો પૈસા વિના શ્રીમંતાઇ ભોગવે છે. હજારો માણસો પોતાના ગજવામાં પૈસા વિના અને ગજવાવાળાની મદદ વિના શ્રીમંત હોય છે.

૫. સશક્ત શરીર, સારી પાચનશક્તિ, સારું અંતઃકરણ અને આરોગ્ય ધરાવનાર માણસ મોટામાં મોટો શ્રીમંત છે.

૬. સશક્ત શરીર એ પૈસા કરતાં મોટી સંપત્તિ છે અને નિર્વિષયી આત્મસુખ એ બીજા સર્વ વિષયજન્ય આનંદો કરતાં મોટો આનંદ છે.

૭. આપણી પાસે જે હોય તેથી સંતુષ્ટ રહેવું એ મોટામાં મોટી અને સૌથી વિશેષ સુરક્ષિત સંપત્તિ છે. સંતોષી માણસ ઉમરાવ સમાન છે અને અસંતોષી માણસ ગમે તેટલો સધન હોય પણ ભિખારી સમાન છે!

૮. શરીરનું આરોગ્ય એ ઉત્તમ ધન છે. એ વડે ચિત્તની પ્રસન્નતા રહેવાથી પરભવનું સાધન થઇ શકે છે તેમ જ પરોપકારનાં કાર્ય યથાયોગ્ય થઇ શકે છે.

૯. આપણી શક્તિઓ નાહક આડે રસ્તે ખર્ચી નહીં નાખતાં તેનો બની શકે તેવો ને તેટલો સારામાં સારો ઉપયોગ કરવો.

૧૦. તમે સુવર્ણનો બોજો ઉચકનાર પશુ છો કે એક નિશ્ચિત ઉદ્દેશ ધરાવનાર મનુષ્ય છો ? તે વિચારો ! અતિલોભી માણસ પશુ સમાન ગણાય છે.

૧૧. જે માણસ ઉચ્ચ કોટિનું ચારિત્ર ધરાવે છે અને જેના વિચાર લોકોની બુદ્ધિમાં વૃદ્ધિ કરે છે તે જ માણસ ખરો સંપત્તિવાન લેખાય છે.

૧૨. સદાચરણહીન માણસ ગમે તેટલો વિદ્વાન કે ધનવાન હોય તો પણ તેને જોવાથી આપણને ગ્લાનિ જ ઉપજે છે.

૧૩. જે વિનાશી દ્રવ્યનો તમે ઉપયોગ કરી શકતા નથી તેને તમે એકઠું કરી રાખો છો અને જે વડે સઘળું મેળવી શકાય તે જ્ઞાન-વિવેકરૂપ દ્રવ્યને તમે નકામું ગણો છો. એ તો તમે ભૂસાને ભરી રાખો છો અને અનાજને તજી દો છો. અહો કેવી વિવેકશૂન્યતા !

૧૪. સદ્‌ગુણી માણસ સાચો શ્રીમંત છે અને નિર્ગુણી–ગુણહીન માણસ ખરો ભિખારી છે, તે બાહ્ય સંપત્તિના માપથી નહીં પણ અંતરની સંપત્તિના માપથી ગણાય છે.

૧૫. જે જીવનું ખરું રહસ્ય સમજી તેને વિવેકકળાવડે સાર્થક કરે છે તે જ ખરા સદ્‌ભાગી શ્રીમંત છે, તે વગરના જીવો નિર્ભાગી લેખાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૨૮૦]

ત્રેવડ ત્રીજો ભાઇ અથવા ખરી કરકસર.

૧. કરકસર એ પ્રમાણિકતા, સ્વતંત્રતા અને સુખની માતા છે, તેમ જ મિતાહાર, આનંદ તે આરોગ્યની સુંદર બહેન છે.

૨. થોડી જરૂરિયાતો હોય અને પોતાની જાતે જ પૂરી પાડીએ એના જેવું શોભાભર્યું બીજું કયું કાર્ય છે ?

૩. રાજતંત્ર ચલાવવામાં જેટલા ડહાપણની જરૂર છે તેટલું જ ડહાપણ ઘરસંસાર ચલાવવામાં પણ જરૂરનું છે.

૪. તમારી પાસેના દ્રવ્યનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાથી તમને જે લાભ થાય છે તેના જેવો નિશ્ચિત લાભ બીજો કોઇ પણ હોતો નથી.

૫. અકારણ નાની નાની રકમ ઉડાવી દેતાં સાવધ રહેજો. એક નાનું સરખું ગાબડું પડવાથી એક મોટું વહાણ પણ ડૂબી જાય છે.

૬. ઋણમાં પેઠા બાદ તેમાંથી છૂટવું ઘણું મુશ્કેલ થઇ પડે છે. જો કરકસરની કળા હાથ આવે તો દીર્ઘદર્શી માણસ ઋણ કરે જ કેમ ?

૭. કરકસરથી ગરીબ માણસ પણ ઘણું સારું બચાવી શકે છે.

૮. જેની સ્થિતિ સુધરતી જતી હોય તે બચેલા પૈસા સારા ઠેકાણે વાપરી શકે છે અને એ રીતે પારમાર્થિક કાર્ય કરવાનો રુડો પ્રસંગ હાથ આવી શકે છે.

૯. બે પૈસાનો સારો બચાવ થયો હોય તેમણે પણ પ્રાપ્ત

થયેલા પૈસા જેમ તેમ વેડફી નહીં નાખતાં તેનો વિવેકથી સદુપયોગ કરવો.

૧૦. વધારે નહીં તો શોખની ખાતર કે દેખાદેખી જનરંજનની ખાતર ચા, બીડી, સોપારી, પાન જેવી નકામી અને પરિણામે દુઃખદાયક બાબતમાં જે ખર્ચ વ્યક્તિગત થતું હોય તે મન ઉપર અંકુશ મૂકીને બચાવી લેવાય અને તેનો સારા જરૂરી કામમાં અથવા સાત્ત્વિક ખાનપાનમાં ઉપયોગ કરવા લક્ષ્ય રખાય તો કેટલી બધી હાનિ થતી બચે અને પરિણામે કેટલો બધો ફાયદો થવા પામે ?

૧૧. ઉડાઉપણું અને કંજુસાઈ એ બંનેની વચ્ચેનો માર્ગ જ કરકસર છે, જેથી ગૃહવ્યવહાર ચલાવતા છતાં સ્વપ્રતિષ્ઠા સુખે સાચવી શકાય છે.

૧૨. તમારી જાત અને તમારા કુટુંબનાં માન તથા સગવડનો ભોગ આપીને પૈસા બચાવશો નહીં, પણ ફેશનના શોખમાં કે નકામાં દુર્વ્યસનમાં થતો ખર્ચ જરૂર બચાવશો.

૧૩ આપણી જાત સુખી ને નિરોગી રહે તેવી સાદાઈ ને સંયમનું પાલન થઈ શકે તો બચતા પૈસાથી બીજો પરમાર્થ પણ સાધી શકાય, એટલે તેવા પૈસાનો યથેષ્ટ સદુપયોગ પણ કરી શકાય.

૧૪. અજ્ઞાનવશ દુર્વ્યસનોથી પ્રજા કેટલી બધી પાયમાલ થઇ છે અને થતી જાય છે ? તેવી થતી પાયમાલી અટકે એવે સારે રસ્તે તેવી અજ્ઞાન પ્રજાને લાવવામાં પૈસાનો સદુપયોગ કરી શકાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૨૮૧]

સંગ્રહીત હિતવચનો.

૧. 'કેટલાક લોકો બોલે છે ઓછું પણ પોતાનું કામ મૂંગા મૂંગા કર્યે જાય છે' તેની અસર લોકહૃદય પર ઘણી ઊંડી પડે છે એ સત્ય છે.

૨. 'કેટલાક લોક કરે છે ઓછું પણ ગાઇ બતાવે છે ઘણું વધારે.' તેની ખરાબ અસરથી લોકમાં તેનું માન સચવાતું નથી.

૩. ખાવાની બજારુ લલચાવનારી વસ્તુનો મોહ તજવામાં જ સાર છે. ઘરમાં બનાવેલી વસ્તુથી જ સંતોષ માનવો.

૪. વધારે ખાવાનો આગ્રહ રાખવો તેના કરતાં ખાઇએ તેટલું પચીને લોહી થાય તેવો આગ્રહ રાખવો તે વધારે સારો (હિતકારક) માર્ગ છે.

૫. વધારે બોલવાનો આગ્રહ રાખવો તેના કરતાં જેટલું બોલીએ તેટલું પાળવાનો આગ્રહ રાખવો તે વધારે સારો ને સલાહકારક છે.

૬. વધારે વાંચવાનો આગ્રહ રાખવો તેના કરતાં જેટલું વાંચીએ તેટલું જીવનમાં ઉતારવાનો આગ્રહ રાખવો તે વધારે સારો છે.

૭. લોભ–તૃષ્ણા એ બૂરી–મેલી વસ્તુ છે. ઉડાઉપણું એ ઉપરથી રૂડી–રૂપાળી છતાં એટલી જ બૂરી વસ્તુ છે. કરકસર બહુ રૂપાળી નથી છતાં અત્યંત નિર્મળ ને જરૂરી વસ્તુ છે. કરકસર પાઇ પાઇનો પણ વિચાર કરી શકે છે, તેમ છતાં પ્રસંગ આવ્યે પુષ્કળ રૂપિયા ખરચી નાખતાં રૂંવાડું સરખું થડકતું નથી.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૨૮૨.]

ગૃહસ્થ શ્રાવકને પાળવા યોગ્ય પવિત્ર નિયમોની યાદી

૧. સુશ્રાવક જનોએ ન્યાય–નીતિવાળા ગમે તે શુભ વ્યાપારપ્રમુખ વ્યવસાયવડે દ્રવ્ય ઉપાર્જન કરીને આજીવિકા ચલાવવી, સ્વકુટુંબનું પોષણ કરવું, માતપિતાદિકની સેવા–ભક્તિ કરવી, નમ્રતા રાખવી, કૃતજ્ઞ અને પરોપકારી થવું તથા લજ્જાળુ, દયાળુ, ગંભીર અને નિષ્પક્ષપાતી બનવું. એથી પોતાનો ગૃહસ્થ ધર્મ ઉજ્જવળ થઇ શકશે.

૨. આવકના પ્રમાણમાં જ ખર્ચ રાખવું. સ્વસ્થિતિ પ્રમાણે જ સંભાળીને ચાલવું. ઇન્દ્રિયદમન અને કષાયનિગ્રહ કરવામાં વધારે લક્ષ રાખવું. શિષ્ટ–સદાચારી–જ્ઞાતિજનોના પગલે ચાલવું.

૩. સુખ–દુ:ખ સમયે હર્ષ–ખેદ રહિત ઉદાર સિંહવૃત્તિ ધારણ કરવી. નીચ–ક્ષુદ્રવૃત્તિ કદાપિ આદરવી નહીં. શ્વાન જેવી હલકી ટેવ રાખવી નહિ.

૪. મદ–નશો ચડે એવું કંઇ ખાવું–પીવું નહીં, સુસ્ત થઇને બેસી રહેવું નહીં તથા નકામા તડાકા મારી કે પારકી કુથલી કરી કિંમતી વખત ગાળવો નહીં.

૫. શુદ્ધ દેવ–ગુરુ–ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા રાખી તેમની યથાશક્તિ સેવા કરવી.

૬. જિનપૂજા પ્રસંગે શરીર, વસ્ત્ર, મન પ્રમુખ સાત પ્રકારની શુદ્ધિ સાચવવી.

૭. ઉક્ત સેવા–ભક્તિ તેમની પવિત્ર આજ્ઞાને અનુસરવાથી

ફળે છે એમ સમજી કોઈ પણ પ્રકારના કુવ્યસનથી સદંતર દૂર જ રહેવું, કારણ કે તેમની તેવી આજ્ઞા છે.

૮. માંસ, દારુ, ચોરી, જુગાર, શિકાર, પરસ્ત્રીગમન અને વેશ્યાગમન એ સાતે કુવ્યસનો અતિ નિંદ્ય, અપયશકારી, ક્લેશકારક અને દુર્ગતિદાયક, ઉભય લોકવિરુદ્ધ હોવાથી સદાસર્વદા વર્જ્ય છે.

૯. જ્ઞાની જનોનો સુયોગ પામી, સાદર હિતોપદેશ સાંભળી, તે હૈયે ધારીને કોઈ જીવને દુ:ખ કે અસમાધિ ઉપજે એવું અનિષ્ટ આચરણ ન કરતાં, જેથી સુખસમાધિ ઉપજે એવા સદાચરણ સેવવામાં જ સદા લક્ષ રાખવું

૧૦. રાત્રિભોજન, જમી કંદ, રિંગણ-વેંગણ, તુચ્છ અને અજાણ્યા ફળ, બોળ અથાણું, વાસી ભોજન, કાચા ગોરસ-દૂધ, દહીં કે છાશ સાથે કઠોળ ખાવું, લગભગ વેળાએ-સૂર્યાસ્ત સમયે વાળુ કરવું, દિવસ વિણઊગ્યા શિરાવવું-એ સઘળાં વાનાં વર્જ્ય છે; તેમ જ જીવાકુળ વસ્તુ, ચલિતરસ-બગડી ગયેલ ઘી, દૂધ, મેવો, મીઠાઈ વિગેરે પદાર્થ, બે રાત્રિ ઉપરાંત રાખેલું દહીં, ત્રણ દિવસ ઉપરાંતની છાશ, કાચું મીઠું, ગળ્યા વગરનું (અણગળ) પાણી વગેરે વસ્તુઓ હાનિકારક જાણીને ધર્મના અર્થીજનોએ ખાસ વર્જવા યોગ્ય છે.

૧૧. ફાગણ ચોમાસાથી માંડી કાર્તિક ચોમાસી પર્યન્ત ખજૂર, ખારેક પ્રમુખ જીવાકુલ મેવો, આદ્રા નક્ષત્ર પછી કેરી, કાચી ને વિદેશી ભ્રષ્ટ ખાંડ વિગેરે વસ્તુઓ દયાળુ સજ્જનોને ભક્ષણ કરવા યોગ્ય નથી.

૧૨. આખા દિવસમાંથી બને તેટલો વખત બચાવીને

અપૂર્વ શાસ્ત્રાભ્યાસ, શાસ્ત્રવાંચન-શ્રવણ-મનન પ્રમુખ અવશ્ય કરવું તેમ જ પાપપ્રવૃત્તિ તજી, સામાયિક-પ્રતિક્રમણાદિક શુભ કરણી જરૂર કરવી.

૧૩. પરનિંદા, ચાડી-ચુગલી, કજીયા-કંકાસ અને પરને અછતા આળ દેવા પ્રમુખ દુષ્ટ આચરણથી આત્માર્થી જીવોએ સદંતર દૂર રહેવું. કુદેવ, કુગુરુ અને કુધર્મના ફંદમાં કદાપિ ફસાવું નહીં.

૧૪. *વિદ્યાદાન પ્રમુખ સારા પારમાર્થિક કામ કરી સ્વજીવન સફળ કરવું.*

૧૫. ફરી ફરી સુદુર્લભ માનવદેહાદિક શુભ સામગ્રી સાંપડવી બહુ કઠણ છે તેથી દરેક રીતે તેની સાર્થકતા કરી લેવા ન ચૂકાય તો જ તે પામી લેખે ગણાય.

[જૈ. ધ. પ્ર. પુ. પર, પૃ. ૨૮૨]

સદુપદેશક વાકયો.

૧ અહો ! મૃત્યુવશ પ્રાણી !

આજે પૂર બહારમાં ખીલતું પુષ્પ કાલે કરમાઇને ખરી પડે છે. પ્રભાતમાં પૂર બહારમાં ઊગતો સૂર્ય પણ સંધ્યા કાળે અસ્ત થાય છે, પૂર્ણ બહારમાં પ્રકાશતો પૂર્ણિમાનો ચાંદ પણ દિવસે-દિવસે ક્ષીણ થતો જાય છે, તો હે મૃત્યુવશ પ્રાણી ! તું કેમ ફૂલે છે ? અભિમાનમાં શીદ અકળાય છે ? કાળનો ઝપાટો વાગતાં તારી શી પરિસ્થિતિ થશે તેનો વિચાર કર ! પ્રભુનું ધ્યાન કર ! સત્કર્મ કરી સુખી થા !

૨. સુખ તથા શાંતિની શોધ.

અપકાર ઉપર ઉપકાર કર, અવગુણ ઉપર ગુણ કર, ક્રોધીને શાંતિથી વશ કર, કડવું બોલનારને મીઠાશથી જીત, વેર લેનાર પ્રત્યે ક્ષમા દાખવ, હિંસા તથા નિંદા કરનાર તરફ દયા બતાવ, દુઃખ દેનારને પણ ધન્યવાદ આપતાં શીખ, અખંડ સુખ તથા શાંતિની પ્રાપ્તિ માટે સદા આ સદ્‌ગુણો ધારણ કર !

૩. પ્રેમ, પ્રેમ, શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ !

તમારાથી વિરોધી થયેલા સંબંધીને અનુકૂળ કરવા ઇચ્છા છે ? હોય તો તેને માટે એક જ સરલમાં સરલ ઇલાજ છે, અને તે એ જ કે તમે તેના ઉપર પ્રેમનો પ્રવાહ વહેવરાવો. ભલે તે તમારો દ્વેષ કરતો હોય પરંતુ તમે તો પ્રેમ જ કરો. (હૃદયથી તેનું ભલું જ ચાહો) પ્રેમનું સામર્થ્ય એટલું બધું અપરિમિત છે કે તે ધારે તે કરી શકે છે.

૪. પ્રાયશ્ચિત્ત.

જાણતાં કે અજાણતાં પણ આપણાથી થયેલ પાપમય કૃત્યનો સાચા દિલથી અને શુદ્ધ ભાવથી પસ્તાવો કરવો એ જ પાપનું પ્રાયશ્ચિત્ત છે. (તે પાપમય કૃત્ય ફરી ન જ કરવું જોઇએ.) આપણા સુખ કે આનંદને ખાતર બીજાને જરાપણ દુઃખ આપવું કે લાગણી દુખવવી તે મોટામાં મોટું પાપ છે. આપણી અંશમાત્ર સેવા કે ભોગથી બીજાને સુખ કે આનંદ મળતો હોય તો તેથી વધારે સુખ કે આનંદ દુનિયામાં બીજાં કોઇ નથી.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૧૬]

બ્રહ્મચર્ય

જૈન દૃષ્ટિએ 'બ્રહ્મચર્ય વિચાર'માંથી વાનકી દાખલ મનન કરવા યોગ્ય કંઇક **વ્યાખ્યા–**

જૈન શાસ્ત્રમાં બ્રહ્મચર્ય શબ્દની બે વ્યાખ્યાઓ મળે છે. પહેલી વ્યાખ્યા બહુ વિશાળ અને સંપૂર્ણ છે. એ વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે **જીવનસ્પર્શી સંપૂર્ણ સંયમ.** આ સંયમમાં માત્ર પાપવૃત્તિઓ ઉપર અંકુશ મૂકવાનો જ યા આશ્રવનિરોધનો જ સમાવેશ નથી થતો, પણ તેવા સંપૂર્ણ સંયમમાં શ્રદ્ધા, જ્ઞાન, ક્ષમાદિ સ્વાભાવિક સદ્‌વૃત્તિઓના વિકાસનો પણ સમાવેશ થઇ જાય છે. તેથી પહેલી વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે કામ–ક્રોધાદિક દરેક અસદ્‌વૃત્તિને જીવનમાં ઉદ્‌ભવતી અટકાવી શ્રદ્ધા, ચેતના, નિર્ભયતા આદિ સદ્‌વૃત્તિઓ–ઊર્ધ્વગામી ધર્મોને જીવનમાં પ્રગટાવી તેમાં તન્મય થવું તે. સાધારણ લોકોમાં બ્રહ્મચર્ય શબ્દનો જે અર્થ જાણીતો છે અને જે ઉપર વર્ણવેલ સંપૂર્ણ સંયમનો માત્ર એક અંશ જ છે તે અર્થ બ્રહ્મચર્ય શબ્દની બીજી વ્યાખ્યામાં જૈન શાસ્ત્રોએ પણ સ્વીકારેલ છે. તે વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે મૈથુનવિરમણ અર્થાત્ કામસંગ–કામાચાર–અબ્રહ્મનો ત્યાગ, મૈથુનસેવનથી દૂર રહેવું તે બ્રહ્મચર્ય લેખાય છે.

અધિકારી એવા વિશિષ્ટ સ્ત્રી–પુરુષો:—સ્ત્રી કે પુરુષ જાતિનો જરાયે ભેદ રાખ્યા સિવાય બન્નેને એક સરખી રીતે બ્રહ્મચર્ય માટે અધિકારી માનવામાં આવ્યા છે. તે માટે ઉમ્મર, દેશ, કાળ વિગેરેનો કશો જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. બ્રહ્મચર્ય માટે જોઇતું આત્મબળ સ્ત્રી અને પુરુષ બન્ને એક સરખી રીતે પ્રગટ કરી શકે છે, એ બાબતમાં જૈન શાસ્ત્ર અને

બૌધ શાસ્ત્રનો મત એક છે. આ જ કારણથી વિશુદ્ધ બ્રહ્મચર્યને પાલન કરનારી અનેક સ્ત્રીઓમાંથી સોળ સ્ત્રીઓ મહાસતી તરીકે જૈનોમાં જાણીતી છે અને પ્રાતઃકાળમાં આબાળવૃદ્ધ દરેક જૈન કેટલાક વિશિષ્ટ સત્પુરુષોનાં નામોની સાથે એ મહાસતીઓનાં નામોનો પણ પાઠ કરે છે અને તેઓના સ્મરણને પરમ મંગળ માને છે.

બ્રહ્મચર્યનું ધ્યેય અને તેના ઉપાયોઃ—જૈન ધર્મમાં અન્ય તમામ વ્રત–નિયમોની પેઠે બ્રહ્મચર્યનું ધ્યેય (સાધ્ય) પણ માત્ર મોક્ષ છે. જગતની દૃષ્ટિએ મહત્ત્વની ગણાતી ગમે તે બાબત બ્રહ્મચર્યથી સિદ્ધ થઇ શકતી હોય, પણ જો તેનાથી મોક્ષ સાધવામાં ન આવે તો જૈનદૃષ્ટિ પ્રમાણે એ બ્રહ્મચર્ય લોકોત્તર (તાત્ત્વિક–વાસ્તવિક) નથી. જૈનદૃષ્ટિ પ્રમાણે મોક્ષમાં ઉપયોગી થતી વસ્તુ જ સાચું મહત્ત્વ ધરાવે છે. શરીરસ્વાસ્થ્ય, સમાજબળ આદિ ઉદ્દેશો ખરા મોક્ષસાધક આદર્શ બ્રહ્મચર્યમાંથી સ્વતઃ સિદ્ધ થઈ જાય છે.

બ્રહ્મચર્યને સંપૂર્ણપણે સિદ્ધ કરવા બે માર્ગો નક્કી કરવામાં આવ્યા છે. પહેલો ક્રિયામાર્ગ અને બીજો જ્ઞાનમાર્ગ. ક્રિયામાર્ગ વિરોધી કામસંસ્કારને ઉત્તેજિત થતો અટકાવી તેના સ્થૂલ વિકારવિષને બ્રહ્મચર્યજીવનમાં પ્રવેશવા નથી દેતો અર્થાત્ તેની નિષેધબાજુ સિદ્ધ કરે છે; પણ તેનાથી કામસંસ્કાર નિર્મૂળ થતો નથી. જ્ઞાનમાર્ગ એ કામસંસ્કારને નિર્મૂળ કરી બ્રહ્મચર્ય સર્વથા અને સર્વદા સ્વાભાવિક જેવું કરી મૂકે છે અર્થાત્ તેની વિધિબાજુ સિદ્ધ કરે છે. ક્રિયામાર્ગથી જાણે ઔપશમિક ભાવે અને જ્ઞાનમાર્ગથી ક્ષાયિક ભાવે સિદ્ધ થાય છે. ક્રિયામાર્ગનું કાર્ય જ્ઞાનમાર્ગની મહત્ત્વની ભૂમિકા તૈયાર કરવાનું હોવાથી તે માર્ગ વસ્તુતઃ અપૂર્ણ છતાં

પણ બહુ ઉપયોગી મનાયો છે અને દરેક સાધક માટે પ્રથમ આવશ્યક હોવાથી તેના ઉપર જૈનશાસ્ત્રમાં બહુ જ ભાર મૂકવામાં આવ્યો છે. એ ક્રિયામાર્ગમાં બાહ્ય નિયમોનો સમાવેશ થાય છે. એ નિયમોનું નામ ગુપ્તિ છે. ગુપ્તિ એટલે રક્ષાનું સાધન અર્થાત્ વાડ. એવી નવ ગુપ્તિઓમાં એક વધુ નિયમ ઉમેરી બ્રહ્મચર્યનાં દશ સમાધિ-સ્થાન વર્ણવવામાં આવ્યાં છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૧૩૭]

આરોગ્ય વધારનાર પરિમિત ભોજન (ખાનપાન).

૧. વિદ્વાન ડોકટરોનો આ અભિપ્રાય છે કે મનુષ્યોને થતા વ્યાધિઓમાંથી સેંકડે નવાણું ટકા વ્યાધિઓ અયોગ્ય ખાનપાન ગ્રહણ કરવાથી અને જેટલું ખાવું જોઈએ તેથી વધારે પડતું ખાવાથી થાય છે.

૨. રોગ શાથી પેદા થાય છે? તેનું સામાન્ય જ્ઞાન મનુષ્ય માત્રને થાય તો તે સુખ-શાન્તિપૂર્વક લાંબું આયુષ્ય ભોગવી શકે.

૩. રસગૃદ્ધિથી અકરાંતિયા થઇ અતિ ઘણું ખાવાથી અનેક રોગો પેદા થાય છે.

૪. પ્રથમનું ખાધેલું-પીધેલું પચ્યા પછી જ નવું ભોજન કરવું જોઇએ.

૫. પ્રથમનું ખાધેલું પચ્યા પહેલાં રુચિ વગર ખાધેલું-પીધેલું કુપથ્ય જેવી ખરાબ અસર કરે છે.

૬. પડી ગયેલી ખાવાપીવાની ખરાબ ટેવો છોડી, જીભને અંકુશમાં રાખવાથી ફરી પાછી શરીર-સંપત્તિ મેળવી લાંબો વખત જીવી શકાય છે.

૭. આ બાબત ‘ દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત કરવાની કળા ’ એ નામનું પુસ્તક અને તેમાંના મુખ્યત્વે **મિત આહાર** સંબંધી પ્રકરણો વાંચવા ઘટે છે.

૮. થોડું અને પથ્ય ખાન-પાન કરનાર દીર્ઘાયુષી થઈ શકે છે.

૯. નિરોગી મનુષ્ય જે શાન્તિ અને સુખ ભોગવી શકે છે તે જોઈને તેવી સ્થિતિમાં જીવવાનો કોને કંટાળો આવે ? તેને જીવન રમણીય જ લાગે.

૧૦. બનતા સુધી એક જ ટંક થોડી એક યોગ્ય વસ્તુ લોલુપતા વગર ખાવાપીવાની ટેવ પડે તો તે ઘણી સારી છે.

૧૧. ‘ **भोगे रोगभयं** ’ એ શબ્દનો અર્થ બરાબર સમજી સંતોષવૃત્તિ સેવવામાં આવે તો તે જ સારભૂત છે.

૧૨. જો દરેક મનુષ્ય મિતાહાર સેવે તો ઘણા રોગો ઓછા થાય અને નિર્ધનતા પણ મટે.

૧૩. માત્ર જીભને રાજી કરવા માટે જમવા કરતાં શરીરને પોષણ પૂરતું જમવાનું પસંદ કરાય તો મંદવાડ આવતો નથી અને બીજી પણ ઘણી વાતનો બચાવ થવા પામે છે.

૧૪. હાલ મનુષ્યો ખાવા માટે જીવે છે તેને બદલે જીવવા માટે ખાય તો આત્મશ્રેય કે આત્મહિત સાધવા તેમને ઠીક સહાય મળે અને સ્વપરહિતના કાર્યમાં વધારો પણ થઇ શકે.

૧૫. આરોગ્ય, સંપત્તિ અને સૌન્દર્ય સર્વ મિતાહારથી પ્રાપ્ત થઇ શકે છે. સુંદર અને નિરોગી રહેવા માટે પ્રથમ જીભને વશ કરવી જોઇએ. જેણે જીભને વશ કરી છે તે ખરા જિતેન્દ્રિય છે, અન્યથા જિતેન્દ્રિય હોઇ ન શકે.

૧૬. પૂરેપૂરું જમ્યા પછી બીજી મનગમતી ખાવાપીવાની વસ્તુ મળતાં તેમાં લલચાઈને તે ખાઇને દુઃખી થવું નહી.

૧૭. વારંવાર જીભને વશ થયા કરવાથી, રોગાક્રાન્ત બની જઇ બહુ દુઃખી થવું પડે છે.

૧૮. તેથી જ આ અમૂલ્ય માનવદેહાદિ સામગ્રીને સફળ કરવા ઇચ્છનારે સ્વચ્છંદ આચરણવડે તેનો દુરુપયોગ નહીં કરતાં પરિમિત ખાનપાનવડે તેનો બને તેટલો સદુપયોગ જ કરતા રહેવું અને નિરોગીપણે મનની પ્રસન્નતાપૂર્વક આત્મહિત સાધી લેવા ભૂલવું નહીં.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૧૩૮.]

મનન કરવા યોગ્ય સહૃદય–નિઃસ્વાર્થપ્રેમી બંધુના અંતર ઉદ્ગાર.

૧. મન અને ઇન્દ્રિયોને તથા ક્રોધાદિ કષાયોને જે વશ કરે છે તે સારાયે જગતને વશ કરી શકે છે. જે તેને વશ થઇ રહે છે તે સારી જિંદગી ગુલામી ભોગવે છે.

૨. નાનાં નાનાં વ્યસનો પણ લાંબે વખતે મનને જકડી રાખી પરવશ કરી મૂકે છે. પછી જીવને તેમાંથી છટકવું–છૂટવું

મુશ્કેલીભર્યું લાગે છે. તેથી જેમ બને તેમ જલ્દી કોઇ પણ કુવ્યસન (ચા, બીડી, સીગારેટ પ્રમુખથી) થી દૂર થઇ જવું.

૩. જે એક મોહરિપુને જીતે છે–નમાવે છે તે બહાદુર સર્વ રિપુઓને નમાવે છે.

૪. આરોગ્યતાના મુખ્ય મુખ્ય નિયમોથી આપણે જાતે વાકેફ બની, તેનો સારો અનુભવ મેળવી, કેવળ હિતબુદ્ધિથી તેવા નિયમો, આપણી આસપાસ વસતા આપણા સ્વજનમિત્રાદિક સહુકોઇને સારી રીતે સમજાવવા અને તે મુજબ વર્તન કરી સારું આરોગ્ય મેળવે તેવો પ્રયત્ન કરવો.

૫. લંઘન (ભોજનનો ત્યાગ) કરવાથી અજીર્ણ અને જ્વરાદિક રોગોનો જલ્દી અંત આવે છે, રોગની શરૂઆતમાં જ લંઘન કરવાથી વધારે લાંબો વખત હેરાન થવું પડતું નથી.

૬. જરૂરપૂરતી અંગકસરત કર્યા વગર લોઢા જેવી કાયા પણ ખરાબ (રોગી) થઇ પાયમાલ થાય છે, તે વાત આરોગ્ય ઇચ્છનારે ભૂલવી ન ઘટે.

૭. કસરત ઉપરાન્ત સ્વચ્છ–ચોખ્ખી હવા, નિર્મળ જળ અને ભેજવગરના અજવાળાવાળા સ્વચ્છ નિવાસસ્થાનનો ખૂબ કાળજીથી સારો ઉપયોગ કરનાર શરીર–આરોગ્ય ઠીક જાળવી શકે છે.

૮. ગમે તેવા રોગ પ્રસંગે વિદેશી દવાઓનો ઉપયોગ નહીં કરતાં બને ત્યાં સુધી કુદરતી ઇલાજોનો જ અને ધીરજ ટકી ન શકે તો શુદ્ધ સ્વદેશી દવાનો જ આશ્રય જાતે કરવા અને અન્ય સ્વજનાદિકને તેમ વર્તાવવા લક્ષ રાખવું, જેથી નવા નવા અનેક પ્રકારના ભયંકર રોગોના ભોગ થવાનો પ્રસંગ ઓછો આવે.

૯. આપણા જીવનનું ધ્યેય નક્કી કરી તેવી યોગ્યતા મેળવી લેવા પ્રયત્ન કરતા રહેવાથી છેવટે આપણે નિશ્ચિત ધ્યેય-સિદ્ધિને મેળવી શકીએ છીએ.

૧૦. મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થતારૂપી ઉદાર ભાવનાથી સદા ય આપણે આપણા દિલને વાસિત (તરબોળ) કરી રાખવું જોઇએ.

૧૧. પરહિત ચિન્તવનરૂપ **મૈત્રી**, પરદુઃખને ફેડવાના પ્રયત્ન વાળી **કરુણા**, પરનું સુખ–સૌભાગ્ય ને ગુણગૌરવ જાણી–દેખી પ્રમુદિત થવારૂપ **પ્રમોદ** યા **મુદિતા** અને પરના અનિવાર્ય દોષો ટળી ન શકે ત્યાં રાગદ્વેષરહિત પરિણતિવાળી **મધ્યસ્થતા** ધારી રાખવામાં જ શ્રેય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૧૩૯.]

સદ્બોધ મંત્રી.

ચારિત્રધર્મ મહારાજાનો આ બુદ્ધિશાળી પ્રધાન છે. તે એવો જ્ઞાની છે કે આ વિશ્વની અંદર પુરુષાર્થથી સિદ્ધ થઇ શકે તેવી કોઇ બાબત એવી નથી કે તે ન જાણતો હોય. વિશ્વમાં ભૂતકાળમાં થઇ ગયેલા, વર્તમાનકાળમાં થતાં અને ભવિષ્યકાળમાં થવાવાળા પદાર્થો જે સ્થૂલ હોય કે સૂક્ષ્મ હોય, નજીક હોય કે દૂર રહેલા હોય તે સર્વ પદાર્થોને તે જાણવાને સમર્થ છે. વધારે શું કહું ? આ અનંત દ્રવ્યપર્યાયવાળા ચરાચર વિશ્વને તે નિર્મળ નેત્રથી જુવે છે. નીતિના માર્ગમાં તે નિપુણ છે. ચારિત્રધર્મ મહારાજાનો તે પરમ હિતસ્વી છે. રાજ્યના સર્વ કાર્યની ચિન્તા રાખનારો અને પોતાના બળ ઉપર

શ્રદ્ધા રાખનારો છે. સમ્યગ્દર્શન સેનાપતિને તે બહુ પ્રિય છે. તેને સ્થિર રહેવામાં મદદ કરનારો છે. ખરી વાત એ છે કે જ્ઞાન વિના સમ્યગ્દર્શનમાં દૃઢતા થતી નથી અને ટકતી પણ નથી. આ વિશ્વમાં તેના જેવો જ્ઞાની કોઇ અન્ય પ્રધાન નથી. જ્ઞાનાવરણ રાજાનો તે કટ્ટો દુશ્મન છે. આ પ્રધાનની જ્યાં હાજરી હોય છે ત્યાંથી જ્ઞાનાવરણને મુઠીઓ વાળીને નાસી જવું પડે છે. તે ક્ષયોપશમ અને ક્ષાયક એમ બે પ્રકારે તેનો નાશ કરે છે અર્થાત્ ક્ષયોપશમ નામની શક્તિવડે જ્ઞાનાવરણના થોડા ભાગને દબાવે છે તથા થોડા ભાગનો નાશ કરે છે; અને ક્ષાયક ભાવની શક્તિવડે તો તેનો સર્વથા નાશ કરે છે. ક્ષયોપશમભાવનું જ્ઞાન અને ક્ષાયક-ભાવનું જ્ઞાન એમ બે પ્રકારના બળ તે પ્રધાન–મંત્રી ધરાવે છે.

'**અવગતિ સ્ત્રી**':–નિર્મળ અંગ, ચળકતા નેત્ર અને સુંદર મુખવાળી આ સદ્બોધ મંત્રીને **અવગતિ** નામની સ્ત્રી છે. અવગતિ એ વસ્તુત્ત્વના બોધનું નામ હોવાથી આ સ્ત્રી તે પ્રધાનનું સ્વરૂપ, જીવિત, પ્રાણ અને સર્વસ્વ રૂપ છે. આ સ્ત્રી શરીર વિનાની અર્થાત્ અરૂપી છે. જ્ઞાન અરૂપી છે એટલે અવગતિને શરીર વિનાની કહી છે. જીવોના જીવનમાં તે સત્ય વસ્તુનો પ્રકાશ રેડે છે. મહામોહના વિવિધ સ્વરૂપોથી દરેક જીવને તે જાગૃતિ આપે છે–તેમાં ન ફસાવાને ચેતવે છે.

'**સદ્બોધના પાંચ મિત્રો**':–મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન (યા સદાગમ), અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન–એ સદ્બોધ મંત્રીના પાંચ મિત્રો છે. સદાગમને મુખ્ય મંત્રીપણે સ્થાપન કરેલ છે. બીજા ચાર શક્તિવાળા છે પરંતુ મૂંગા છે.

[જૈ. ધ. પ્ર. પૃ. ૪૯, પૃ. ૧૩૬]

છૂટક મહાવાકય–સંગ્રહ.

૧. પુરુષમાં શિરોમણિ પુરુષ તે જ કે જે ધર્મનું સારી રીતે આરાધન કરે, તેમાં પ્રમાદ–ગફલત ન જ કરે.

૨. દરેક ધર્મક્રિયામાં શુભ ભાવનારૂપ અમૃતના બિંદુઓનું ક્ષેપન કરતા રહેશો, તો જ તમને ક્રિયા યથાર્થ ફળ દેનાર થશે. શુદ્ધ ભાવ વગરની ક્રિયા બોજારૂપ જ જણાશે.

૩. સર્પ જેમ કાંચળી છોડી જવાથી નિર્વિષ થતો નથી તેમ તમે પણ ઉપરનો જ વિકાર છોડી કર્મરૂપ વિષથી નિર્વિષ થવા ચાહશો તો તે થઇ શકશે નહિ.

૪. આપણે જેનાથી પ્રથમની મુલાકાતમાં જ અપમાન પામ્યા હોઇએ તેનાથી ફરી માન પામવું દુર્લભ છે.

૫. જયાં સુધી અસ્થિ–મજ્જામાં (હાડની અંદર મજ્જામાં) ધર્મ સ્પર્શ્યો નથી ત્યાં સુધી ધર્મનો સ્વાદ કેવો છે તે તમે ખરી રીતે જાણી શકવાના નથી.

૬. તમે ગમે તેટલા રૂપાળા હશો તો પણ વિદ્યા વિના સભાનું ભૂષણ થઈ શકશો નહિં.

૭. મધુર અને કોમળ વચન વૈરીના અંતઃકરણને પણ કુમળું કરી નાખે છે.

૮. અમે ઘણી ચોકસી કરી જોયું છે કે જેનો અપરાધ કર્યા છતાં પણ કોપે નહિ એવા પુણ્યપુરુષ દુનિયામાં વિરલ જ હોય છે.

૯. દષ્ટિરાગી થવા કરતાં ગુણાનુરાગી થવું વધારે સારું છે.

૧૦. આ વાતની તો ખાત્રી જ રાખજો કે પુણ્યોદય વિના દુનિયામાં જશ મળતો નથી.

૧૧. જશ–કીર્તિના ખપી થવા કરતાં આત્મહિત ઉત્પન્ન કરવાના ખપી થવું એ વધારે શ્રેષ્ઠ છે.

૧૨. અરે ! જે કુટુંબાદિને માટે તમે ઘોર પાપ કરવા ઉદ્યુક્ત થાઓ છો તે તમને કષ્ટ પડે છોડાવવાનાં નથી.

૧૩. આ એક લઘુ પ્રશ્નનો ઉત્તર આપશો કે કયા મનુષ્યે સંસારમાં સર્વ પ્રકારે સુખ ભોગવ્યું ? અને દુર્નિવાર્ય કાળથી કોને વિટમ્બના થઇ નહિં ?

૧૪. જો તમને દુઃખથી કંપારો છૂટતો હોય અને સુખની ઇચ્છા થતી હોય તો ધર્મરૂપી કલ્પવૃક્ષની સેવના કરો.

૧૫. જો તમે અધ્યાત્મપણું સંપાદન કરવાને ચાહતા હો તો પહેલાં સ્તુતિ અને નિંદામાં સમપરિણામ રાખતાં શીખો.

૧૬. નમ્રતા, નયજ્ઞતા, નિર્દંભતા અને નિરાગતા એ ઉત્તમ પુરુષોમાં જ હોય છે.

૧૭. ધૃતિ, ધાર્મિકતા અને ધારણા શક્તિ એ ત્રણ મનુષ્યોને શુભ ગતિનું સૂચવન કરાવે છે.

૧૮. જો તમારે વાદ જ કરવો હોય તો ધર્મવાદ જ કરજો, પરંતુ શુષ્કવાદ અને વિવાદ કરશો નહિં.

૧૯. જેઓએ કામરૂપી મહામલ્લથી વિજય મેળવ્યો તે જ ખરો મલ્લ છે એમ કહેવામાં ખોટું નથી.

૨૦. હું એ અવસ્થાને બહુ પસંદ કરું છું કે જ્યારે આપણે શૂન્ય અરણ્યમાં–અટવીમાં જઇ પર્યંકાસનથી ધ્યાનારૂઢ થયા હોઇએ, જે વખતે આપણાં ખોળામાં હરણીઓનાં નાનાં નાનાં બચ્ચાં આવી આવીને નિ:શંકપણે બેસતાં હોય અથવા તો વૃદ્ધ હરિણો આપણને ઝાડનાં ઠુંઠા જેવાં જાણી આપણું શરીર ખાજ કરવાના (ખણવાના) ઉપયોગમાં લેતા હોય છતાં આપણને જરા પણ અરુચિ આવે નહિં.

૨૧. આ તે કઇ જાતનો સ્નેહ કે પર્વતો કરતાં અધિક ભોજન અને સમુદ્રો કરતાં અધિક પાણી, આપણે ભવાંતરથી ખાતા અને પીતા આવ્યા છતાં આપણને તેના પર અરુચિ જ આવતી નથી ?

૨૨. જો તમે તમારી મહત્ત્વતા અખંડિત રાખવા ચાહતા હો તો કોઇ પાસે જઇ કોઇપણ વસ્તુની માગણી–યાચના કરશો નહીં.

૨૩. ધર્મક્રિયા અધિકાર (યોગ્યતા) પ્રમાણે કરતાં રહેવાથી પરિણામે તે બહુ સુખદાયક બને છે, તેના પડેલા સંસ્કાર અન્ય જન્મમાં કામ આવે છે.

૨૪. આ જન્મમાં સદ્‌ગુરુઓએ અમૂલ્ય જ્ઞાન આપી મારા ઉપર પરમ ઉપગાર કર્યો છે, તેનો બદલો વારંવાર તાબેદાર થઇને હું ક્યારે વાળી શકીશ ?

૨૫. જેમ દૂધમાં ઘી, તલમાં તેલ અને કાષ્ઠમાં અગ્નિ સત્તારૂપે ગુપ્ત રહેલાં છે તેમ શરીરમાં પણ આત્મા સત્તારૂપે ગુપ્ત રહેલો છે તે ખાત્રીથી માનો.

૨૬. જ્યાંસુધી જરા (ઘડપણ) અને વ્યાધિઓ આવ્યા નથી

અને ઈન્દ્રિયો અવિકળ-અખંડ-અક્ષીણ બની રહી છે ત્યાં સુધી આત્મહિત પ્રમાદ રહિતપણે સાધી લ્યો.

૨૭. ધર્મનું મૂળ વિનય અને પાપનું મૂળ વ્યસન એ કોટિ ગ્રંથોનો સાર છે.

૨૮. અસજ્ઝાયના વખતે સ્વાધ્યાય કરવાથી બુદ્ધિની ન્યૂનતા થવા પામે છે.

૨૯. જેમ ધર્મ કરતી વખતે વધારે ધર્મ કરનાર તરફ ખ્યાલ કરવો ઉચિત છે, તેમ પાપ કરતી વખતે વધારે પાપ કરનાર તરફ ખ્યાલ કરવો ઉચિત નથી.

૩૦. જેમાં પાછળથી દુઃખ પેદા થાય તે વાસ્તવિક રીતે સુખ નથી.

૩૧. વૈરીને પણ થતું દુઃખ દેખી દિલમાં રાજી થશો નહીં.

૩૨. જેમ ઉત્તમ-કુશળ વૈદ્યના કહેવા પ્રમાણે વર્તવાથી વ્યાધિનો જલ્દી અંત આવે છે તેમ સદ્ગુરુનાં એકાંત હિત-વચનને અનુસરવાથી જન્મ-મરણ, કહો કે સર્વ દુઃખનો જલ્દી અંત આવે છે.

૩૩. અંતઃકરણથી સર્વે પ્રાણી ઉપર અનુકંપા, વિનય-બહુમાનથી સદ્ગુરુની સેવા અને શુદ્ધ પ્રકારે શીલવ્રતની રક્ષા-એ આત્મોન્નતિ સાધનાર મહામંત્ર છે.

૩૪. મન વિષમ થવાથી ધાતુ વિષમ થાય છે અને ધાતુ વિષમ થવાથી શરીર વિષમ-રોગિષ્ટ થાય છે, માટે નઠારા વિકલ્પો કરી મનને વિષમ કરશો નહીં.

૩૫. જેમ મન સ્થિર શાન્ત–અવિકારી બને તેમ ખાસ લક્ષ રાખવું ઘટે.

૩૬. નાયક વિનાની સેનાની જેમ પતિ વિનાની સ્ત્રીથી ખૂબ સાવધાન રહેવું.

૩૭. જે એક વિદ્યામાં કેળવણી લઇ નિપુણ થાય છે તેને બીજી વિદ્યામાં નિપુણતા મેળવતાં વાર લાગતી નથી.

૩૮. ક્ષમારૂપી ખડ્ગ સદા સાથે રાખશો તો ક્રોધરૂપી દુર્જન કંઈ કરી શકનાર નથી.

૩૯. '**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું**' એ સાચું પણ તે પ્રમાણે કરવું ઘણું અઘરું કામ સમજજો.

૪૦. '**પારકી આશા સદા નિરાશા**' સમજી જેમ બને તેમ પરસ્પૃહા તજજો.

૪૧. અનિષ્ટ શોકને વધારે વખત સેવશો તો બુદ્ધિ, હિંમત અને ધર્મને ઘણી હાનિ પહોંચશે.

૪૨. મહાપુરુષો કેવળ સંસર્ગદોષથી વિકાર પામતા નથી. જુઓ! ચંદનના વૃક્ષને ઝેરી સર્પોનો સંસર્ગ હોવા છતાં પણ તે ઝેરી થતા નથી–મૂળ સ્વભાવને તજતા કે બદલાવતા નથી.

૪૩. સમુદ્ર સમા ગંભીર સજ્જન પુરુષો ગમે તેવા અનિષ્ટ સંયોગમાં પણ સજ્જનતા સાચવી રાખે છે.

૪૪. દરેક વખતે પોતાનામાં અનુકંપા ગુણ સાવચેતીથી સાચવી રાખવો.

૪૫. અનુકંપાદાનનો ક્યાંય શાસ્ત્રકારોએ નિષેધ કર્યો નથી. મહાવીર પ્રભુએ સંયમયોગ ગ્રહ્યા પછી પણ દરિદ્ર બ્રાહ્મણની દેવદૂષ્ય વસ્ત્ર માટે યાચના જાણીને તે સ્વીકારી.

૪૬. હિંસાદિક આશ્રવો તજી જેમ સમતા–સામાયિકાદિક સંવરનું સેવન અધિક અધિક કરાય તેમ તેમ આત્માનું અધિકાધિક શ્રેય સાધી શકાય.

૪૭. રાગદ્વેષાદિક ભાવરોગ સમ્યગ્ જ્ઞાન યોગે દૂર થાય છે અને ચિત્તની શુદ્ધિ ને પુષ્ટિ સમ્યગ્ક્રિયા–ચારિત્રથી થાય છે, તેથી જ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ક્રિયા આદરવા યોગ્ય કહ્યાં છે.

૪૮. કદાચ સમકિતધારી પૂર્વકર્મયોગે આશ્રવ–કાર્યમાં જોડાઈ જાય તો પણ તેમાં તેઓ ભાવથી શૂન્ય જ રહે છે, કેમકે જેવા તેઓ ધર્મક્રિયામાં આસક્ત હોય છે એવા પાપક્રિયામાં આસક્ત હોતા નથી. આ હેતુથી જ તેઓની મુક્તિ અટકતી નથી–જલ્દી થવા પામે છે.

૪૯. જ્યાં તમારો આદર સત્કાર થતો ન હોય, ગુજરાન ચાલતું ન હોય અને વિદ્યાની લેશ માત્ર પ્રાપ્તિ થતી ન હોય ત્યાં એક રાત્રિ પણ વાસ કરવો નહિં. તે સ્થાન તજી દેવું જ ઘટે.

૫૦. જે દિવસથી તમને નેત્રનો અને ખાંસીનો રોગ શરૂ થાય તે દિવસથી જ તમે મૈથુન સેવવું બંધ રાખી બ્રહ્મચર્યનું પાલન શરૂ કરશો તો તમારો રોગ અસાધ્ય થવા પામશે નહીં.

૫૧. અગ્નિ, પાણી, સ્ત્રી, સર્પ, મૂર્ખ અને રાજકુળ–આ છ

વસ્તુને નિરંતર નિકટ રાખશો તો તેનાથી તમારા પ્રાણ રહેવા મુશ્કેલ થઇ પડશે.

૫૨. જો તમે તમારામાં લુબ્ધતા ને લંપટતાની વૃદ્ધિ થતી દેખો તો લઘુતા પામવાનો સમય નિકટ આવેલો સમજજો, પરંતુ જો તેનાથી ચેતીને ચાલવા માંડશો તો સારા ભાગ્યે બચી જવા પામશો.

૫૩. જો તમે તમારા હિતમિત્રો સાથે સ્નેહ રાખવા ચાહતા હો તો જ્યારે તે કોઇ કાર્યપ્રસંગે કોપિત થાય ત્યારે તમે શાન્ત રહેજો–શાન્તિ જાળવજો.

૫૪. ચંચળ મનને સમજાવી ધીમે ધીમે વશ કરી લેવાય તો તે ભારે લાભદાયક થવા પામે.

૫૫. અરે ! તે સુખોને શું કરવા કે જેને સેવ્યાથી પાછળ દુ:ખનો પર્વત ખડો થઈ જાય.

૫૬. તમારું દુ:ખ મટાડવા સમર્થ હોય તેની જ પાસે જઇ તમારું દુ:ખ નિવેદન કરજો.

૫૭. દરેક વખત પોતાના સાત્ત્વિક ગુણને બહુ સંભાળથી સાચવી રાખતા રહેજો.

૫૮. નિર્દંભપણે ધર્મસેવન કરનારને ત્રણ ભુવનમાં કાંઈ પણ વસ્તુ અસાધ્ય નથી.

૫૯. શ્રવણમાં જે નિરાદર હોય, તત્ત્વરસનો સ્વાદ લેવામાં જેને અરુચિ રહેતી હોય અને વગર કારણે ધાર્મિક પુરુષ ઉપર જે કોપિત રહેતો હોય તેના તે દુર્ગતિ જવાના ચિહ્ન સમજવા.

૬૦. ભાગ્યના ઉદય સાથે તમારામાં રહેલા વિદ્યા અને ધૈર્યાદિક ગુણો પ્રકાશિત થતાં વાર નહીં લાગે.

૬૧. જો શાસ્ત્રના બહુમાન સાથે સદાચરણ સેવતા રહેશો તો સર્વત્ર યથેષ્ટ લાભ મેળવી શકશો.

૬૨. શ્રી વીતરાગ દેવ સમી શાન્ત-નિર્વિકારી-મનહર મુદ્રા ક્યાંય ઉપલબ્ધ થઇ શકવાની નથી.

૬૩. કડવું વચન, કુમતિ, કૃપણતા ને કુટિલતા દૂર થશે ત્યારે જ ખરેખરી રીતે ધર્મની પ્રાપ્તિ થઈ શકશે.

૬૪. ઉત્તમ પુરુષોમાં જિતેન્દ્રિયાદિક ગુણો સદા રહે છે. ખરા ખપી જનો જ તેનો લાભ મેળવી શકે છે.

૬૫. મારે વીર ઉપર પક્ષપાત નથી તેમ કપિલાદિકના દર્શનો ઉપર દ્વેષ નથી. પરીક્ષા કરતાં જેનું વચન યુક્તિયુક્ત લાગે તેનો સ્વીકાર કરવો જોઇએ. આ પ્રમાણે વિચારતા વીર-આગમના વચનો મને ઠીક યુક્તિયુક્ત જણાય છે.

૬૬. પ્રભુતા, લોકપ્રિયતા, પરોપકાર અને પંડિતતા એ સઘળાં પુણ્યોદયથી સાંપડે છે.

૬૭. સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગ પ્રભુથી કશું છાનું નથી.

૬૮. કામ-વિષય ઇન્દ્રિયને જીતે-સ્વવશ કરે તેણે સઘળું જીત્યું જાણવું. તેને દુ:ખ નથી રહેતું.

૬૯. જે દોષને તદ્દન તજવા ચાહીએ છતાં તે તજી ન શકાય તો તેમાં કર્મનો પ્રબળ ઉદય સમજવો.

૭૦. સમકિતરત્નદાતા જ્ઞાની ગુરુનો ઉપગાર-પ્રત્યુપકાર ગમે તેમ કરવા છતાં વાળી શકાતો નથી.

૭૧. બીજી બધી સાહ્યબી કદાચ સાંપડે પણ શુદ્ધ સમકિતરત્ન સાંપડવું અત્યંત દુર્લભ છે.

૭૨. મોક્ષાભિલાષીને સમકિતરત્ન, જિનભકિત, સદ્ગુરુસેવા, સત્ક્રિયા, સામાયિક, પૌષધ, કરુણાભાવ, પરોપકારવૃત્તિ, તત્ત્વચિન્તવન, સ્વાધ્યાય, વિનય, ઈંદ્રિયદમન, સુશીલવ્રત અને યથાશકિત તપસ્યામાં સદા આદર કરવો ઘટે. જેમ આત્મગુણમાં વૃદ્ધિ થાય તેમ સદ્ગુરુયોગે સદા ઉદ્યમ કરવો જોઇએ.

૭૩. કંઇ કષ્ટ આવી પડે ત્યારે ચિન્તા નહીં કરતાં ધૈર્ય ધારી સિંહવત્ શૂરવીર બની તેની સામે થવું ઘટે.

૭૪. સંયોગ-વિયોગ, સંપદા-વિપદા, ભોગ-ભોગાંતરાય તેમ જ સુખ-દુઃખ શુભાશુભ કર્મના ઉદયથી જ થવા પામે છે એમ જ્ઞાની ગુરુદ્વારા વારંવાર સાંભળ્યા છતાં તેવે પ્રસંગે હર્ષ-શોક કરી ફોગટ કર્મબંધન કરાય છે.

૭૫. જેને દેખી આંખમાં અમી આવે તે પૂર્વજન્મનો સ્નેહી અને જેને દેખી આંખમાંથી ખૂન વરસે તે પૂર્વજન્મનો વિરોધી હોવો જોઇએ.

૭૬. મુમુક્ષુ જનોએ અતિ ઉત્કટ શૃંગાર રસનું શ્રવણ પ્રથમથી જ વર્જવું સારું છે કેમકે તેથી વિકાર થવો સંભવે છે.

૭૭. જો તમારે સારી દુનિયાને વશ કરવી હોય તો પરના

દોષ સામું ન જોતાં ગુણ ગ્રહણ કરો, હિત ને મિષ્ટ વચન બોલો, તથા ઉદારતામાં વધારો કરતા રહો.

૭૮. જયાં સુધી શરીર સ્વસ્થ છે ત્યાં સુધી તેનાથી જે સુકૃત સાધી લેવાય તે સાધી લેવા ચૂકવું ન જોઈએ.

૭૯. ઇન્ધનથી આગની જેમ વિષયભોગોથી તૃપ્તિ થવાની નથી એમ સમજી સંતોષવૃત્તિ સેવવી યોગ્ય છે.

૮૦. વિષયાસકત જીવ પણ નિરાગી જ્ઞાનીનાં હિતવચનથી ઠેકાણે આવી શકે તો અન્યનું કહેવું જ શું ?

૮૧. જેમ સોનાની પરીક્ષા કષ–છેદ–તાપાદિ ચાર પ્રકારે કરાય છે તેમ ધર્મના વચનો સાંભળવાથી, તેનો અનુભવ મેળવવાથી, તેના તપતેજથી અને તેના દયા–ગાંભીર્યાદિક ગુણોથી તેની ઉત્તમતાની ખાત્રી થાય છે.

૮૨. વિકરાળ કાળથી કોઇ બચતું નથી. તેનો ખરો ઉપાય શુદ્ધ ધર્મનું પ્રમાદ રહિત યથાશકિત સેવન કરવું એ છે.

૮૩. ખરા ત્યાગી મુનિજનો ભિક્ષા–ગ્રહણ સમયે પણ શુદ્ધ નિર્દોષ–પ્રાસુક આહારની જ ગવેષણા કરે છે.

૮૪. ખરા સજ્જનો વિપદા સમયે પણ અનુચિત કાર્ય આરંભતા નથી. તે વિપદાને કસોટીરૂપ સમજી પસાર કરે છે.

૮૫. અન્યની ભવાંતરની પ્રીતિને જોઇ અદેખાઇથી તેને તોડવા મિથ્યા પ્રયત્ન કરશો તો તમે હાનિ પામશો.

૮૬. હસતાં હસતાં પણ કોઇને કઠોર વચનો કહીને દુભાવશો તો તેનો હિસાબ દેવો જ પડશે તે ભૂલશો નહિ.

૮૭. મનુષ્યો સૂઇ રહે છે પણ તેનો પુણ્યરૂપી દીપક સૂઈ રહેતો નથી. તે તો અખંડ તેજથી બળ્યા જ કરે છે.

૮૮. માતા–જનની, જન્મભૂમિ, પ્રભાતની મીઠી નિદ્રા, કોમળ વચનથી બંધાયેલી મિત્રતા અને પ્રિય જન એ પાંચ બહુ મુશ્કેલીથી તજી શકાય છે. ખરા ત્યાગી–વૈરાગી જનો તેમાં નિઃસ્પૃહભાવે વર્તે છે.

૮૯. આ સંસારરૂપી નાટકમાં નટની પેઠે આપણે અનેક પ્રકારના વેષ લઈ થાકયા જ હોઈએ તો હવે એવો એક વેષ લાવીને ભજવવો જોઈએ કે જેથી મુક્તિરૂપ સ્ત્રીના વલ્લભ થઇએ.

૯૦. જીવ ! તને પ્રાપ્ત થયેલી ઊંચી–નીચી અવસ્થા જોઇ, હર્ષ–શોક કેમ કરે છે ? ગાડીના પૈડા તરફ જ્ઞાનદૃષ્ટિથી જોઈ, વિચારી, મધ્યસ્થતા રાખી, આત્મહિત સંપાદન કરી લે, જેથી ભવોભવનું દુઃખ ભાંગે ને સુખ થાય.

૯૧. ગમે ત્યાં જાઓ અને ગમે તેટલાં વલખાં મારો પણ તમે પેદા કરેલું શુભાશુભ કર્મ તમને છોડશે નહી.

૯૨. કર્મ જ્યાંસુધી તેનો વિપાક પૂરો દેખાડી રહે ત્યાંસુધી ગાયના વચ્છની જેમ તેના કર્ત્તાને અનુસરે છે.

૯૩. સમાધિના અર્થીજનોએ આત્મસાધન માટે નિરાકુળ સ્થળ પસંદ કરી લેવું જોઇએ.

૯૪. ભાગ્યહીન જનો અવસર આવે છતે તેનો લાભ થઇ શક્તા નથી. કહ્યું છે કે—“ **ભાગ્યહીનકો ના મીલે,**

બડી બાતકો ભોગ; દ્રાક્ષ પાક જબ ફાગમાં, તબ કાગનકો રોગ." એ સાચું જ છે.

૯૫. જે બુદ્ધિમાન થઇ પૈસાદારથી દબાય, તેની મિથ્યા સ્તુતિ કરે તે સરસ્વતીનો ખરો પુત્ર નથી.

૯૬. આપણને ભગવાન મહાવીર કે વિષ્ણુ વિગેરે કોઇપણ પ્રત્યક્ષ નજરે પડતા નથી પણ તેઓના ગુણ, તેમના ચરિત્ર અને તેમની પ્રતિમાદિકથી તેમની સર્વજ્ઞતાદિકની ખાત્રી કરી શકાય છે.

૯૭. ગુણો જ પૂજાપાત્ર છે, કેવળ લિંગ (વેષ) કે વય પૂજાપાત્ર નથી; માટે ગુણનો જ વિશેષતયા આદર કરવો તે યુક્ત છે.

૯૮. 'રાગાદિ દોષ માત્રથી મુક્ત અરિહંત મારા દેવ, સુસાધુ મારા ગુરુ અને સર્વજ્ઞકથિત તત્ત્વ-રહસ્ય મારે પ્રમાણ છે' એવો શુભ-શુદ્ધ ભાવ અંતરમાં પેદા થાય તેનું નામ સમ્યક્ત્વ.

૯૯. સમ્યક્ત્વ પામ્યા પછી ઘણો થોડો જ કાળ સંસારભ્રમણ કરવાનું રહે છે, પરિમિત કાળમાં મુક્તિ થાય છે.

૧૦૦. સમકિત અવસ્થામાં કરાતી સત્‌ક્રિયા જ જીવને મુક્તિ દેનારી થાય છે; બીજી નહીં.

૧૦૧. અતિચારાદિ દોષ ટાળવાના ખપી જનો ધીમેધીમે નિરતિ-ચાર કરણી કરી શકે છે.

૧૦૨. સામાયિક લઇને બેસનાર ભાઇ-બહેનો સ્વજન-પરજનમાં,

માન–અપમાનમાં અને નિંદા–પ્રશંસામાં સમભાવ રાખશે તો જ તેનું સામાયિક મોક્ષના હેતુરૂપ થઈ શકશે.

૧૦૩. તમારું મન સામાયિકમાં ટકતું ન હોય તો મગજને કંટાળો ન આવે અને મનને લોભાવી સ્થિર કરે એવું રસિક ધર્મશાસ્ત્ર વાંચવું કે સાંભળવું શરૂ કરો.

૧૦૪. ગમે તેટલું સુવર્ણદાન દેવા કરતાં જે ભાઈ–બહેનો શુદ્ધ ભાવથી યથાવિધિ સામાયિક કરે છે તે ઘણો આત્મલાભ મેળવવા ભાગ્યશાળી થઈ શકે છે.

૧૦૫. પ્રભુની આજ્ઞા આરાધવાથી અજબ આત્મલાભ થાય છે અને વિરાધવાથી પારાવાર નુકશાન થાય છે.

૧૦૬. મૃતક શરીરને શૃંગારવું અને અરણ્ય–અટવીમાં જઈને રૂદન કરવું એ બંને જેમ નિષ્ફળ છે, તેમ વીતરાગ પ્રભુની આજ્ઞા વિરુદ્ધ કરાતું સર્વે અનુષ્ઠાન નિષ્ફળ જાણવું.

૧૦૭. લૌકિકમાં પણ રાજાદિકની આજ્ઞા વિરુદ્ધ વર્તનારને સખ્ત શિક્ષા થવા પામે છે તો વીતરાગની આજ્ઞાનું ખંડન કરનાર અને સ્વચ્છંદે ચાલનાર શી રીતે બચી શકશે?

૧૦૮. કદાચ પર્વત ચલાયમાન થાય પણ સર્વજ્ઞ–વીતરાગનું વચન મિથ્યા ન થાય.

૧૦૯. નિશ્ચય નયથી આત્મા નિર્લેપ છે અને વ્યવહાર નયથી આત્મા સલેપ છે–કર્મના લેપવાળો છે.

૧૧૦. નિશ્ચય દૃષ્ટિને હૃદયમાં ધારી રાખી જે ભવિક જીવો

સ્વ અધિકાર (પાત્રતા) મુજબ વ્યવહારથી ધર્મકરણી કરે છે તે પુણ્યવંતો ભવસમુદ્રનો પાર પામી શકે છે.

૧૧૧. જે કામ-ક્રોધાદિક દોષો તારે જીતવાના છે તેણે તને જીતી લીધો છે, માટે સાવધાન થઈ જા અને તેને જીતવાનો પ્રયત્ન કર.

૧૧૨. આપમતિથી શાસ્ત્રવિરુદ્ધ અર્થ કરનારને અને વિરુદ્ધ માર્ગે ચાલનારને ભારે અનર્થ પ્રાપ્ત થાય છે.

૧૧૩. કોઈની હાંસી, નિંદા-ખિંસા કરશો નહીં, તેમ કરવાથી મહામાઠું પરિણામ આવે છે.

૧૧૪. નિર્મળ ધ્યાન કરવા માટે પ્રાતઃકાળ(પ્રભાત)નો સમય બહુ અનુકૂળ ગણાય છે.

૧૧૫. જો તમારે જ્ઞાનનું ખરેખરી રીતે આરાધન કરવું જ હોય તો બનતે પ્રસંગે ખરી તક પામીને જ્ઞાન અને જ્ઞાની પુરુષોની વિનયભક્તિ સાવધાનપણે કરતા રહેશો જેથી કલ્યાણ સધાશે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૦-પૃ. ૪૧૩, પુ. ૫૧, પૃ. ૧૦૧]

વીર્યોત્કર્ષ.

૧. જીવનને મહાન્ ઉન્નત–બનાવવા સારુ વિમળ સંયમ-દ્વારા વીર્યોત્કર્ષ માટે તત્પર થા.

૨. ભવપ્રપંચ વસ્તુત: નિસ્સાર છે. તેમાં મોહિત થવું દુ:ખદાયક છે. સંયમરક્ષાપૂર્વક સર્વત્ર અમૂઢપણે વિહર.

૩. જે યોગ્ય પ્રકારે મન:સંયમ કરી પોતાના વીર્યને સંભાળી રાખે છે તે માનસિક અને શારીરિક વિકાસદ્વારા મહાન્ સુખનો ભોક્તા બને છે.

૪. **બ્રહ્મચર્ય** એ બધા તપમાં **શ્રેષ્ઠ તપ** છે. તેનાથી સર્વ ક્લેશો તરી જવાય છે. એ મહાન્ વ્રતની પ્રાપ્તિને મહાન્ ભાગ્ય સમજી હમેશાં યત્નપૂર્વક સાચવી રાખવું.

૫. બ્રહ્મચર્યસેવનના[1] ફળરૂપે ચિત્તની શાન્તિ, બુદ્ધિની દીપ્તિ, આત્માની પ્રસન્નતા અને શરીરની સ્ફૂર્તિ મેળવાય છે.

૬. મનુષ્યને જો સુખની આકાંક્ષા હોય (હોય જ) તો તેણે બ્રહ્મચર્ય જે સુખસંપત્તિનું મંદિર છે તેના રક્ષણમાં નિરન્તર સાવધ રહેવું.

૭. રૂપનો બાહ્ય આકાર જોઇ માણસ મોહિત થાય છે,

---

૧. બ્રહ્મચર્ય સંબંધી વધારે માહિતી મેળવવા માટે બ્રહ્મચર્ય-વિચારાદિ અનેક પ્રસિદ્ધ ગ્રંથોમાંના ઉત્તમ લેખો લક્ષપૂર્વક વાંચવા–વિચારવા અને સ્વજીવનને સાર્થક કરવા માટે બની શકે તેટલો તેમાં આદર કરવો જરૂરનો છે. બ્રહ્મચર્યનો મહિમા-પ્રભાવ સંપૂર્ણપણે વર્ણવી ન શકાય તેવો અપરંપાર છે.

પરન્તુ તેના અન્તર્ભાગનું જો ચિન્તન કરાય તો જરૂર (તે પરથી) વૈરાગ્ય જ થાય.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ. ૧૩૬]

સર્વ ધર્મ સમભાવ

૧. અન્ય ધર્મના અનુયાયી તરફ અનુદાર ન બનો. મૂળભૂત સિદ્ધાંતો તો બધે ઉપદેશવામાં આવ્યા છે. (ધર્મના મૂળ સિદ્ધાંતો તો બધા ધર્મોમાં વર્ણવાયા છે.)+

૨. કર્મકાંડ એ ધર્મતત્ત્વ નથી, ધર્મ તો જીવનનું શોધન કરવું એ છે અર્થાત્ ધર્મ જીવનશોધનમાં છે; માટે જુદી જુદી જાતનાં કર્મકાંડો (ક્રિયાકાંડો) હોય ત્યાં પણ તે સંભવે છે.

૩. ધર્મને માટે કોઇ ચોક્કસ ક્રિયાકાંડનો આગ્રહ રાખવો શ્રેયસ્કર નથી. ધર્મની પ્રતિષ્ઠા કયાં છે એ સમજવું જોઇએ. એ છે સત્ચિત્તમાં. પછી ક્રિયાભેદ કેમ બાધક હોઇ શકે ? ક્રિયાભેદથી ધાર્મિકતામાં વાંધો ન હોય.

૪. અનેક માણસો એવા છે કે દૃષ્ટિભેદથી યા પ્રમાદથી ધર્મનુ અથવા સામ્પ્રદાયિક નિયમોનું આચરણ કરતા નથી, પણ

+ આ આખો વિષય શાન્તિપૂર્વક વાંચી મનન કરવાથી તેની ખૂબી (રહસ્ય) સમજાશે અને પરમતસહિષ્ણુતાનો મોટો લાભ મળશે. દૃષ્ટિ ઉદાર અને વિશાળ થશે. વળી ભાવકરૂણાવડે અનેક જીવોને સત્ય તરફ આકર્ષી શકાશે. ' મારું એ જ સારું ' એની ખેંચતાણ મૂકી ' સારું તે મારું ' એવી સુંદર બુદ્ધિ જાગૃત કરી તેને ટકાવી રાખતાં સુંદર પરિણામ આવશે.

એથી કરી એઓ, મનુષ્યસુલભ મૈત્રીને અયોગ્ય ઠરતા નથી. અર્થાત્ મનુષ્યોએ એકબીજા સાથે જે મનુષ્યોચિત શિષ્ટાચરણ રાખવાનું છે તેને માટે તેઓ અપાત્ર બનતા નથી.

૫. ' જે જેવું કરશે તેવું તે પામશે ' પરન્તુ માણસે માણસ સાથેની પોતાની મનુષ્ય-શિષ્ટતા ન છોડવી જોઇએ.

૬. આપણે જો બીજા સાથે તેના જાતિભેદ યા મતભેદને કારણે મનોભેદ કરીએ તો ક્યાંય પણ-બે માણસોમાં પણ-બે સગા ભાઈઓ કે મિત્રોમાં પણ ઐક્ય નહિ થઈ શકે. (અને મનમાં નકામો ખેદ રહ્યા કરશે.)

૭. મતભેદના કારણે મનોભેદ કરવો એ સૌજન્ય ન ગણાય. મતભિન્નતાવાળા સાથે પણ સૌમનસ્ય રાખવું એ જ વિવેકોચિત આચરણ છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ ૧૩૬]

ઇશ્વરભક્તિ.

૧. પરમેશ્વર પ્રસન્ન થતાં બધી લક્ષ્મી પ્રસન્ન થાય છે, જ્યારે તેની અપ્રસન્ન દશામાં જગત્ અંધકારમય બને છે. **ચારીસંજીવની**[૧] ન્યાયે બાળજીવોને આવો ઉપદેશ હિતકર છે.

૨. તમામ ચિન્તાને દૂર કર. તું એ પરમ પ્રભુને એના સ્મરણથી અને સદાચરણથી પ્રસન્ન કરી શકે છે.

૩. અન્ય ઋદ્ધિવાનોને આરાધવામાં તું જેમ હમેશાં તત્પર રહે છે તેમ ઇશ્વરના આરાધનમાં જો તત્પર બને તો શું બાકી રહે ?

૧ આ ન્યાય સુગુરુ મુખે સમજવા યોગ્ય છે.

૪. બીજાનો આશરો મૂકી દે. એ મહાન્ પ્રભુનોજ આશ્રય લે. એ સમર્થ આત્મા પ્રાર્થિત થતાં તારાં સઘળાં દુઃખોને હણી નાંખશે.

૫. પરમાત્માને વિસરી જઇ માણસના કિંકર થવું એમાં ચોખ્ખું તારું મતિદૌર્બલ્ય જાહેર થાય છે.

[જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ. ૧૩૭]

પ્રાર્થના.

૧. હે દેવ! તું દારિદ્રને નિવારણ કરનારો નિધિ છે, રોગીઓનું અમૃત છે, અનાથોનો નાથ છે અને દુઃખિયાઓનું સુખ છે.

૨. હે ભગવન્! તારા આલમ્બન વગર પ્રાણી દુઃખોમાંથી છૂટી શકતો નથી, માટે જગતના આધારભૂત હે પ્રભુ! હું તારું શરણ સ્વીકારું છું.

૩. હે પ્રભો! તું જગતનો નાથ છે અને દયાનો સાગર છે, તને હાથ જોડી વિનંતિ કરું છું કે મારા સઘળા ઉદ્વેગોને કાપી નાંખ અને મારા ચિત્તને આનંદિત બનાવ.

૪. જીવનના અમૃતભૂત મહાન્ સુન્દર પવિત્ર માર્ગ પર હું હમેશાં સ્થિર રહું એ જ હે ઇશ! તારી આગળ મારી પ્રાર્થના છે. તે સફળ થાઓ! અને સર્વ જીવો સર્વત્ર શાસનરસિક બનો!

[જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ. ૧૩૮]

શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ બીજાના વિષયોની અકારાદિ અનુક્રમણિકા.

સૂક્તમુક્તાવળી લેખસંગ્રહ.

		પૃષ્ઠ
૧	અઢાર હજાર શીલાંગ રથની સમજ.	૭૫
૨	અનિત્ય ભાવના.	૧૭૮
૩	અન્યત્વ ભાવના.	૧૮૪
૪	અર્થ—દ્રવ્ય વિષે.	૧૧૨
૫	**અર્થ વર્ગ.**	૨૦૬
૬	અર્થ વર્ગ અધિકારો.	૧૧૧
૭	અર્થ વર્ગ સમાપ્ત.	૧૫૦
૮	અવિશ્વાસ.	૧૩૦
૯	અશરણ ભાવના.	૧૭૯
૧૦	અશુચિ ભાવના.	૧૮૬
૧૧	અસ્તેય.	૯૨
૧૨	અહિંસા ધર્મ.	૮૮
૧૩	આત્મબોધ વિષે.	૨૦૩
૧૪	આશ્રવ ભાવના.	૧૮૭
૧૫	ઇંદ્રિય પરાજય.	૧૦૨
૧૬	ઉત્તમ કુળ.	૬૧
૧૭	ઉદ્યમ.	૬૯
૧૮	ઉપકાર.	૬૭
૧૯	ઉપશમ.	૫૦
૨૦	એકત્વ ભાવના.	૧૮૨
૨૧	અંતિમ વચન.	૨૦૯
૨૨	કર્મ વિષે.	૧૭૨
૨૩	કળા	૧૪૫

પૃષ્ઠ

૨૪ કામ વર્ગ. ૨૦૮

૨૫ કામ વર્ગ અધિકારો. ૧૫૧

૨૬ કામ વર્ગ સમાપ્ત. ૧૬૮

૨૭ કામ વિષે ૧૫૨

૨૮ કીર્ત્તિ ૧૪૨

૨૯ કૃપણતા ત્યાગ. ૧૧૯

૩૦ ક્રોધ ત્યાગ. ૮૦

૩૧ ગુણરાગી. ૩૪

૩૨ ગુરુ તત્ત્વ. ૬

૩૩ ગ્રંથકારની ગુરુપરંપરા. ૨૧૦

૩૪ તપ ધર્મ. ૭૬

૩૫ ત્રિકરણ શુદ્ધિ. ૫૯

૩૬ દયા-અહિંસા ધર્મ. ૮૮

૩૭ દાન ધર્મ. ૭૧

૩૮ દુર્જનતા. ૧૨૭

૩૯ દેવ તત્ત્વ. ૨

૪૦ દ્વાદશ ભાવના વિષે. ૧૭૮

૪૧ ધર્મ તત્ત્વ. ૯

૪૨ ધર્મ ભાવના. ૧૯૪

૪૩ ધર્મ વર્ગ. ૨, ૨૦૫

૪૪ ધર્મ વર્ગ અધિકારો. ૨

૪૫ ધર્મ વર્ગ સમાપ્ત. ૧૧૦

૪૬ ધર્માદિ ચારે પુરુષાર્થનું સંક્ષિપ્ત સ્વરૂપ. ૨૦૫

૪૭ નિર્જરા ભાવના. ૧૯૦

૪૮ ન્યાયસંપન્ન વિભવ. ૩૮

૪૯ પરિગ્રહ-મમતાત્યાગ. ૯૬

	પૃષ્ઠ
૫૦ પારકી આશા.	૧૨૧
૫૧ પિતા-વાત્સલ્યતા.	૧૬૫
૫૨ પુરૂષ ગુણ વર્ણન.	૧૫૫
૫૩ પુરૂષ દોષ વર્ણન.	૧૫૬
૫૪ પુરૂષ સ્ત્રીના ગુણદોષ.	૧૫૫
૫૫ પ્રતિજ્ઞા પાલન.	૪૨
૫૬ પ્રમાદ ત્યાગ.	૧૦૪
૫૭ બાર ભાવના વિષે.	૧૭૮
૫૮ બોધિદુર્લભ ભાવના.	૧૯૭
૫૯ ભાવ ધર્મ.	૭૮
૬૦ મનુષ્ય જન્મ.	૨૮
૬૧ મમતા ત્યાગ.	૮૪
૬૨ માતા પ્રત્યે કર્તવ્ય.	૧૬૩
૬૩ માન ત્યાગ.	૮૨
૬૪ માયા ત્યાગ.	૮૪
૬૫ મિત્રતા.	૧૩૪
૬૬ મુખ્ય પ્રધાન.	૧૪૩
૬૭ મૂર્ખતા.	૧૪૬
૬૮ **મોક્ષ વર્ગ.**	૨૦૮
૬૯ મોક્ષ વર્ગ અધિકારો.	૧૬૯
૭૦ મોક્ષ વર્ગ સમાપ્ત.	૨૦૪
૭૧ મોક્ષાર્થ વિષે.	૧૭૦
૭૨ યશ-કીર્ત્તિ.	૧૪૨
૭૩ રાગ-દ્વેષ.	૧૯૬
૭૪ રાજસેવા.	૧૨૫
૭૫ લજ્જા.	૧૪૮

		પૃષ્ઠ
૭૬	લક્ષ્મી વિષે.	૧૧૫
૭૭	લોકસ્વરૂપ ભાવના.	૧૯૨
૭૮	લોભ ત્યાગ.	૮૬
૭૯	વિદ્યા.	૬૬
૮૦	વિનય.	૬૩
૮૧	વિવેક.	૬૪
૮૨	વિવેક વિષે.	૧૯૯
૮૩	વિષયતૃષ્ણા.	૧૦૦
૮૪	વૈરાગ્ય વિષે.	૨૦૧
૮૫	શીલ ધર્મ.	૭૪
૮૬	શીલ વ્રત.	૯૪
૮૭	શ્રાવક ધર્મ.	૧૭
૮૮	શ્રાવક ધર્મ.	૧૦૮
૮૯	શ્રાવક ધર્મના ૨૧ ગુણો.	૧૯
૯૦	સજ્જનતા.	૩૧
૯૧	સત્ય વાણી.	૯૦
૯૨	સદુપાયથી દ્રવ્ય પ્રાપ્તિ.	૧૨૩
૯૩	સપ્ત વ્યસન.	૧૩૭
૯૪	સમ્યગ્જ્ઞાન.	૨૪
૯૫	સાત વ્યસનના ઉદાહરણો.	૧૪૦
૯૬	સાધુ ધર્મ.	૧૬, ૧૦૬
૯૭	સુપુત્ર વર્ણન.	૧૬૭
૯૮	સુલક્ષણી સ્ત્રી વર્ણન.	૧૫૯
૯૯	સૂક્તમુક્તાવલી સમાપ્ત.	૨૧૧
૧૦૦	સૂક્તમુક્તાવલી સમાપ્તિ વિષે.	૨૦૯
૧૦૧	સંતોષ.	૯૮

		પૃષ્ઠ
૧૦૨	સંતોષ વિષે.	૧૭૬
૧૦૩	સંયમ વિષે.	૧૭૬
૧૦૪	સંયોગ વિયોગ વિષે.	૧૬૧
૧૦૫	સંવર ભાવના.	૧૮૯
૧૦૬	સંસાર ભાવના.	૧૮૧
૧૦૭	સ્ત્રી-ગુણ વર્ણન.	૧૫૭
૧૦૮	સ્ત્રી-દોષ વર્ણન.	૧૫૮
૧૦૯	હિતવચન.	૧૧૪
૧૧૦	ક્ષમા વિષે.	૧૭૪
૧૧૧	જ્ઞાન.	૨૪

ઉપદેશક વાક્યામૃત સંગ્રહ.

૧	અભણ બંધુઓ પ્રત્યે કર્તવ્ય ભાવના.	૨૨૨
૨	અમૂલ્ય બોધવચનો.	૨૫૭
૩	"અહંતા" અને "મમતા" આશ્રી વિવેક.	૨૮૮
૪	આત્માર્થી સજ્જનોને હિતશિક્ષા.	૨૭૫
૫	આદર્શ જીવન.	૨૪૪
૬	આપણી આધુનિક સ્થિતિ સુધારવા સજ્જનોને બે બોલ.	૨૧૮
૭	આપણી સામાજિક સ્થિતિનું નિરાકરણ.	૨૩૮
૮	આરાધક ભાવની દશા.	૨૫૦
૯	આરોગ્ય વધારનાર પરિમિત ભોજન	૩૦૫
૧૦	ઈશ્વરભક્તિ.	૩૨૭
૧૧	ઉત્સાહી જૈન યુવકો પ્રત્યે પ્રેરક વચન.	૨૧૬
૧૨	ઉત્સાહી જૈનોનું હિતકર્તવ્ય.	૨૩૯
૧૩	ઉપદેશ વાક્યામૃત સંગ્રહ.	૨૧૨
૧૪	એક ભલા સમ્રાટે કહેલી આજ્ઞામાંથી લેવાનો બોધ.	૨૯૨
૧૫	અંતરથી બોધ લેવા જેવું.	૨૮૦

પૃષ્ઠ
૧૬ કર્મ–ચંડાલ કોને કહે છે ! ૨૫૨
૧૭ કલ્યાણાર્થી જીવોને બોધવચનો. ૨૭૭
૧૮ કલ્યાણાર્થીને સ્થાયી મકાન માટે. ૨૪૪
૧૯ ખરું તત્ત્વ શોધી લેવાથી સાચું સુખ મળશે. ૨૮૫
૨૦ ખરું સુખ. ૨૫૧
૨૧ ગુણગ્રાહી સજ્જનોને સમયોચિત સૂચના. ૨૬૨
૨૨ ગૃહસ્થ શ્રાવકને પાળવાનાં નિયમો. ૧૯૯
૨૩ ચાર પ્રકારના કર્મ–ચંડાળ કોને કહે છે ? ૨૫૨
૨૪ છૂટક મહાવાકય સંગ્રહ. ૩૧૧
૨૫ જીભને તમે શું સમજો છો ? ૨૭૯
૨૬ જીવનને સરળ અને સફળ કરવા દિશાસૂચન ૨૨૦
૨૭ જૈન યુવકોને ઉદ્દેશીને ઉપદેશ. ૨૧૩
૨૮ ત્રેવડ ત્રીજો ભાઇ અથવા ખરી કરકસર. ૨૯૬
૨૯ થોડાંએક વચનામૃતો. ૨૨૪
૩૦ થોડાંક સૂક્ત વચનો. ૨૮૩
૩૧ થોડા હિતવચનો. ૨૮૨
૩૨ ધર્મ અથવા શાંત આત્માર્પણ. ૨૫૮
૩૩ પૈસા વિના પણ શ્રીમંત્ થઈ શકાય છે. ૨૯૪
૩૪ પ્રકીર્ણ બોધ. ૨૫૪
૩૫ પ્રશ્નોત્તર રૂપે સદ્બોધ. ૨૪૬
૩૬ પ્રસ્તાવિક સદ્બોધ. ૨૫૪
૩૭ પ્રાર્થના. ૩૨૮
૩૮ બોધદાયક ગ્રંથોનો પ્રભાવ. ૨૯૩
૩૯ બોધવચનો. ૨૨૮, ૨૪૧, ૨૫૭, ૨૫૯, ૨૭૭,
૪૦ બ્રહ્મચર્ય. ૩૦૩
૪૧ મનન કરવા યોગ્ય નિઃસ્વાર્થ પ્રેમીના અંતર ઉદ્ગાર. ૩૦૭

	પૃષ્ઠ
૪૨ મૂંગું સમર્પણ.	૨૫૮
૪૩ વખતની કિંમત.	૨૯૦
૪૪ વચનામૃતો.	૨૨૪
૪૫ વીર્યોત્કર્ષ.	૩૨૫
૪૬ વ્યવહારશુદ્ધિ સાચવવા રાખવું જોઈતું લક્ષ્ય.	૨૬૦
૪૭ શાસ્ત્ર શબ્દનો અર્થ.	૨૪૯
૪૮ શુદ્ધ બ્રહ્મચર્યના અદ્ભુત લાભો.	૨૮૧
૪૯ શ્રાવકને પાળવાના નિયમો.	૨૯૯
૫૦ શ્રાવક યોગ્ય વ્યવહારુ શિક્ષા.	૨૬૩
૫૧ સદ્બોધ.	૨૪૬
૫૨ સદ્બોધ મંત્રી.	૩૦૯
૫૩ સદુપદેશક વાક્યો.	૩૦૧
૫૪ સધર્મ–સાધન માર્ગમાં આદર કરવો.	૨૮૪
૫૫ સર્વ ધર્મ સમભાવ.	૩૨૬
૫૬ સારા બોધદાયક ગ્રંથોનો પ્રભાવ.	૨૯૩
૫૭ સુપુત્રીને કરિયાવરની દશ હિતશિક્ષા.	૨૪૫
૫૮ સુભાષિત વચનામૃતો.	૨૩૩
૫૯ સુભાષિતો.	૨૩૬
૬૦ સૂક્તવચનો.	૨૩૦
૬૧ સૂક્તવચનો.	૨૮૩
૬૨ સંગ્રહીત હિતવચનો.	૨૯૮
૬૩ સંતોષ	૨૫૩
૬૪ સ્વાર્થ–અંધતા તજી સ્વપર હિતકારી માર્ગ આદરવો	૨૫૮
૬૫ હાલની આપણી સામાજિક સ્થિતિનું નિરાકરણ.	૨૩૮
૬૬ હિત બોધવચનો.	૨૪૧
૬૭ હિતવચનો.	૨૮૨, ૨૯૮
૬૮ 'હું' અને 'મારું' 'અહંતા' અને 'મમતા' આશ્રી વિવેક	૨૮૮

મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજની સ્તુતિ

(રાગ—મેરે મૌલા બુલાલો મદીને મુઝે)

ગુરુ કર્પૂરવિજય ગુણવાન સદા;
શોભે શાંત મુદ્રા સ્મિતની સુખદા—**ગુરુ૦** (ટેક)

" જ્ઞાન-ક્રિયા મોક્ષ દે ", એ સૂત્ર જગને શીખવ્યું;
બોધ દેતા ક્લેશ હરતા, જીવન જ્ઞાને ખીલવ્યું.
સદા ભવ્યોતણી શંકા હરતા—**ગુરુ૦** (૧)

પાઠશાળાઓ સ્થપાવી, કાર્ય ઉત્તમ આદર્યા;
જ્ઞાન ગ્રંથો બહુ છપાવ્યા, જ્ઞાન પર્વો આચર્યા.
મુખે મહાવીર નામ સદા સ્મરતા—**ગુરુ૦** (૨)

સિદ્ધગિરિની છાંયમાં, દિન ગાળીયા શુદ્ધ ભાવથી;
દેશ દેશે વિચર્યા, જન રીઝતા સુપ્રભાવથી.
ગુરુ ચારિત્રવંત પ્રભા ધરતા—**ગુરુ૦** (૩)

ગુણપૂજન ને સ્મરણથી, હર્ષ હૃદયે ઉછળે;
ગુરુસ્મરણથી સૌ સત્ય માનો, ભવતણા સંકટ ટળે.
ગાયે ગુરુ ગુણો તે શિવપદ વરતા—**ગુરુ૦** (૪)

પ્રાપ્ત થાવા **અજિત**પદ, **બુદ્ધિ** ગુરુમાં રાખજો;
મિષ્ટ અમૃતના સમા, ઉત્તમ ફળો સહુ ચાખજો.
મુનિ **હેમેન્દ્ર** ગુરુચરણો ભજતાં—**ગુરુ૦** (૫)

મુનિશ્રી હેમેન્દ્રસાગરજી.